II/1907

श्रीजगदम्बा विजयते

# श्री देवी गीता

ભાષાન્તર કર્ત્તા

**શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈ ( રાયકવાલ )**

ભગવદ્ગીતાનું ભાષાન્તર કર્તા--

પ્રસિદ્ધ કર્ત્તા

**શેઠ શ્રી મગનલાલ હરગોવિંદદાસ**


મુંબઈ

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસમાં મુદ્રાંકિત

સંવત્ ૧૯૬૩ સન ૧૯૦૭


મૂલ્ય. રૂ. ૧

# પ્રસ્તાવના.

ॐ सर्वचैतन्यरूपां तामाद्यां च धीमहि। बुद्धिं या नः प्रचोदयात् ॥
ब्रह्मविद्या जगद्धात्री सर्वेषां जननी तथा। यया सर्वमिदं व्याप्तं त्रैलोक्यं सचराचरम् ॥
सैव सेव्या च पूज्या च नान्यद्वै देवतान्तरम्।

---

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः।
हसन्ति दुर्जनास्तत्र समादधति साधवः ॥

"ચાલનાર પુરુષનું પ્રમાદથી કોઇ જગાએ પડવું અવશ્ય થાય છે, તેમાં દુર્જન પુરુષો હસે છે અને સાધુ પુરુષો તેનું સમાધાન કરે છે." એ ન્યાયનો આશ્રય કરી મ્હારા ભાષાંતરમાં કોઇ જગાએ ભ્રમપ્રમાદાદિ દોષોથી સ્ખલન થયું હોય તો વાંચનારે સુધારી લેવું એવી મ્હારી નમ્ર વિનતિ છે.

સર્વ મનુષ્યોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ સંપાદન કરવા એ તેમનું મુખ્ય કર્તવ્ય છે. ચાર પુરુષાર્થમાં પ્રધાન જે ધર્મ છે તેનું સ્વરૂપ જાણવા માટે ધર્મશાસ્ત્રના ગ્રંથોનું સારી રીતે અવલોકન કરવું જોઇએ; કારણ કે ધર્મશાસ્ત્રોની અંદર મહર્ષિઓએ પોતાના તપોમાહાત્મ્યથી ધર્મનું સ્વરૂપ યથાર્થ રીતે વર્ણવ્યું છે અને તે ધર્મશાસ્ત્રોનું પઠન પાઠન આજકાલ સારી રીતે જોવામાં આવતું નથી, તેથી આર્યપ્રજાનો મ્હોટો ભાગ યથાર્થ ધર્મના સ્વરૂપથી તદ્દન અનભિજ્ઞ છે એમ કહેવામાં મને કંઇ પણ અડચણ નથી.

પ્રિય વાંચનાર તારા મનમાં ખાત્રી કરવી હોય તો કોઇ નિષ્પક્ષપાતી અને આસ્તિક ધર્મશાસ્ત્રને જાણનાર વિદ્વાન્ પુરુષની પાસેથી તું ધર્મશાસ્ત્રનું સારી રીતે શ્રવણ કર, જેથી ધર્મને ખાને ચાલનારી પેઢીઓનું પોકળ તારા મનમાં આવી જશે. અને સત્ય ધર્મ આર્યાવર્તમાં કેવો હતો અને જે સત્યધર્મના પ્રભાવથી આર્યાવર્તની કેવી ઉચ્ચ સારી સ્થિતિ હતી એ સર્વનું સ્પષ્ટ રીતે તારા મનમાં ભાન થશે. તું તારા પોતાના અજ્ઞાનથી કોઇનાં ધર્માભાસ વચનો ઉપર ખોટો વિશ્વાસ મુકી ઠગાઇશ નહીં; કારણ કે આજકાલ

યુગના પ્રભાવથી અને સાક્ષર વર્ગમાં પણ એક બીજાના સંપના અભાવથી તેમ જ રાગદ્વેષાદિ દોષોથી ધર્મના સંબંધમાં મ્હોટો કોલાહલ થયા કરે છે, પરંતુ જ્યાંસૂધી પોતાના મનમાં ઉદાર ભાવનાના અંકુરો ફુટયા નથી ત્યાંસૂધી સાક્ષર માણસ જાણતાં છતાં સ્પષ્ટ રીતે જનસમૂહમાં નહીં બોલી શકે અને કદાપિ કોઈ બોલશે તોપણ ઢઢ્ઢાપંથીઓ તેના માથે સંસ્કાર કરવામાં બાકી નહી રાખે એટલું જ નહિ પણ વંચક વૃત્તિથી જીવનારો ભિક્ષુક વર્ગ પણ તેનું જેમ બને તેમ અનિષ્ટ કરવામાં બદ્ધપરિકર થશે, માટે મારી સૂચના ધ્યાનમાં લઇ ઋષિ મુનિઓના ગ્રંથોનું તું અવલોકન કર અને તેમાંથી તને સત્ય ધર્મનું સ્વરૂપ મળી આવશે. ધર્મને બાને પૂજાતા ગાદીધારી આચાર્યો પાસેથી તને ધર્મનું સ્વરૂપ માલમ નહી પડી આવે; કારણ કે તેમાં મ્હોટો ભાગ તો વિદ્યા દેવીની સાથે સદાને માટે વૈર કરનારો છે અને નિરક્ષર માણસો પાસેથી પૂજાવનારો છે માટે તે તરફ ધ્યાન નહી આપતાં ધર્મશાસ્ત્રનું તું સારી રીતે અવલોકન કર.

કારણ કે ધર્મ જ આ લોકમાં અને પરલોકમાં સુખ સંપાદન કરવાનું પ્રધાન સાધન છે. અર્થ (પઇસો) પણ ધર્મને રસ્તેથી મેળવેલો હોય તો તે પણ ધર્મનાં સત્કાર્યોમાં ઉપયોગી થાય છે એટલું જ નહી પરંતુ ત્રીજો પુરુષાર્થ જે કામ (ઇચ્છાધીન સુખ) તે પણ સિદ્ધ થાય છે. અર્થ અને કામ એ બે ધર્મને અધીન છે, પૂર્વભવ (જન્મ)માં અથવા આ જ ભવ (જન્મ)માં ઉત્કટ કરેલા ધર્મનું ફલ અર્થરૂપ અથવા કામરૂપ જેવી પોતાની વાસના હોય તદનુસાર ધર્મકર્તાને પ્રાપ્ત થાય છે એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી, ધર્મ, અર્થ, કામ એ ત્રણેનો પરસ્પર સંબંધ છે, અને ચતુર્થ પદાર્થ જે મોક્ષ તે તો ઘણો જ દુર્ઘટ છે તેનો વિચાર હાલમાં કરતા નથી.

ઉપર વર્ણન કરેલા ત્રણ પુરુષાર્થોમાં જગન્નિયંતા પરમેશ્વરની શક્તિનો વિલાસ જોવામાં આવે છે, જેવી રીતે અગ્નિની દાહક શક્તિ અગ્નિથી ભિન્ન નથી તેમ જ પરમાત્માની શક્તિ પરમાત્માથી ભિન્ન નથી પરંતુ અભિન્ન જ છે. તે પરમાત્માની શક્તિનો વિલાસ યાવત્ જગત્માં મહાલક્ષ્મીરૂપે મહાસરસ્વતીરૂપે અને મહાકાલીરૂપે

પ્રસરેલો છે, અને તેને જ આધારે આખા વિશ્વની ઘટના ચાલ્યા કરે છે. જગન્નિયંતા પરમેશ્વરની ઇચ્છાથી આ ત્રણે શક્તિમાંથી કોઇનો હ્રાસ તો કોઇની વૃદ્ધિ એવી રીતે પરિવર્તન જોવામાં આવે છે. પરમાત્માની શક્તિનો વિલાસ ગૌરી, લક્ષ્મી, સરસ્વતી, હૈમવતી, ચંડી, નારાયણી, એવાં અનેક નામોથી શાસ્ત્રોની અંદર જોવામાં આવે છે, એટલુંજ નહી પરંતુ વેદની અંદર પણ ભગવતીની મૂર્તિનો પ્રાદુર્ભાવ સ્પષ્ટ રીતે મળી આવે છે.

સામવેદની તલવકાર શાખાના કેન નામના ઉપનિષદ્‌ના ત્રીજા ખંડમાં નીચે પ્રમાણે વર્ણન જોવામાં આવ્યું છે. દેવતાઓના અને અસુરોના રણસંગ્રામમાં દેવતાઓનો વિજય થયો અને અસુરોનો પરાભવ થયો, ત્યારે દેવતાઓને પોતાના મનમાં પોતાના મહિમાનો અભિમાનાવેશ થયો અને તેઓ એમ જ બોલવા લાગ્યા કે, આ અમારો જ વિજય છે, અમે જ પ્રબલ છીએ, અમારા શિવાય બીજો કોઈ પણ નથી, એવા અભિમાનથી જગન્નિયંતા પરમેશ્વને ભુલી જઇ પોતાના પરાક્રમનાં વખાણ કરવા લાગ્યા. પરમાત્માએ જાણ્યું કે દેવતાઓના મનમાં અભિમાન અને મહત્ત્વ આવી ગઇ છે. મારી સત્તાથી તેમનો વિજય થયો છે એમ તેઓ જાણતા નથી, પરંતુ પોતાના પરાક્રમની પ્રશંસા કરે છે; એવું જાણી તેમનું અભિમાન ઉતારવા પરમાત્માએ તે દેવતાઓને એક યક્ષનું રૂપ બતાવ્યું. તેને જોઈને બધા દેવતાઓ પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા કે અરે આ કોણ છે? અકસ્માત્ આવું રૂપ ક્યાંથી આવીને ઉભુ રહ્યું, એવો વિચાર કરી અગ્નિ આદિ બધા દેવતાઓ તેની પાસે ગયા. આ યક્ષ છે એવો નિશ્ચય કરીને સર્વમાં પ્રધાન અગ્નિને કહેવા લાગ્યા કે આ યક્ષ છે તેની પાસે તમે જાવ. પછી અગ્નિ તે યક્ષની પાસે ગયો. તેને જોઇ યક્ષે પુછ્યું કે તું કોણ છે? અગ્નિએ ઉત્તર આપ્યો કે હું અગ્નિ છું ને મારું બીજું નામ જાતવેદસ્ છે. પછી યક્ષ બોલ્યો કે તારામાં શું સામર્થ્ય છે? ત્યારે અગ્નિએ કહ્યું કે આ જગત્‌ની અંદર જેટલી વસ્તુઓ જોવામાં આવે છે તેને બાળીને ભસ્મ કરી નાખું એવું મારું સામર્થ્ય છે. અહો! તારું એવું સામર્થ્ય છે, એમ કહી પેલા યક્ષે અગ્નિના સન્મુખ એક ઘાસનું તૃણ લાવીને

મૂકયું અને કહ્યું કે આને બાળ જોઇએ. અગ્નિદેવ તૃણની પાસે ગયો પરંતુ કોઇ પણ રીતે તે ઘાસના તૃણને બાળી શકયો નહી ત્યારે તે ત્યાંથી પાછો ફર્યો અને કહેવા લાગ્યો કે હું જાણી શકતો નથી કે આ એક યક્ષ છે. પછી દેવતાઓ વાયુને પૂછવા લાગ્યા કે હે વાયુ! આ કોણ છે એ તમે જાણો છો? વાયુએ કહ્યું હા, એ યક્ષ છે. એમ કહી યક્ષની પાસે આવ્યો એટલે યક્ષે તેને પૂછ્યું કે તું કોણ છે? ત્યારે ઉત્તર આપ્યો કે હું વાયુ છું અને મારું બીજું નામ માતરિશ્વા (આકાશમાં ગતિ કરનાર) છે. ત્યારે યક્ષે પૂછ્યું કે અહો! તારામાં શું પરાક્રમ છે? વાયુએ કહ્યું આ પૃથ્વીમાં જે કાંઇ દેખાય છે તેને હું ગ્રહણ કરી શકું છું અર્થાત્ સર્વને ચલાવી શકું છું. યક્ષે તેની પાસે ઘાસનું તૃણ મુકયું અને કહ્યું કે આને ચલાયમાન કર. વાયુ કોઈ પણ રીતે તેને ચલાવી શકયો નહી અને પાછો ફરી કહેવા લાગ્યો કે હું જાણી શકતો નથી કે આ યક્ષ છે. પછી બધા દેવતાઓ મળી સ્વર્ગના રાજા ઇંદ્રને પૂછવા લાગ્યા કે હે મઘવન્ (ઇંદ્ર)! આ કોણ છે તેને તમે જાણોછો? ઇંદ્રે કહ્યું હા, આ એક યક્ષ છે. એમ બોલી ઇંદ્ર તેની પાસે જાય છે તેટલામાં તે યક્ષનું સ્વરૂપ તિરોધાન થઇ ગયું અને જે આકાશના અંતરિક્ષ ભાગમાં યક્ષનું સ્વરૂપ દેખાયું હતું તે ભાગમાં ભગવતીની મૂર્તિ આવીને ઉભી રહી તેનું વર્ણન નીચે પ્રમાણે છે.

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमां
हैमवतीं ताꣳहोवाच किमेतद्यक्षमिति ॥ २६ ॥ १२ ॥

તે જ આકાશમાં ઘણી જ રૂપાળી અને ઉમા એટલે બાલ્યાવસ્થામાં માતાએ તપશ્ચર્યા કરવાની મનાઇ કરી તેથી ઉમા અને હૈમવતી એટલે હિમાલયની પુત્રી, ઉમા હૈમવતી એવાં જેનાં નામો છે એવી સ્ત્રી આવીને ઉભી રહી અને તેને જોઇ બધા દેવતાઓ તેની પાસે ગયા અને કહેવા લાગ્યા કે જે યક્ષ હતો તેના સ્થાનાપન્ન આ એક સ્ત્રી આવીને ઉભી છે એવો ઇતિહાસ વેદની અંદર છે તેથી આપણે સ્પષ્ટ રીતે જાણી શકીએ છીએ કે ભગવતીનો પ્રાદુર્ભાવ વેદમાં વર્ણવ્યો છે અને તે જ ભગવતીને મહિષાસુર, ચંડ, મુંડ, શુંભ, નિશુંભ, રક્તબીજ વગેરે મહા પ્રબલ અસુરોનો સંહાર

કરવા તે તે અવતારો ધારણ કરવા પડયા છે અને અવતારો ધારણ કરી ભગવતીએ જે જે પોતાનું પરાક્રમ તેમ ચરિત્ર લોકોની અંદર બતાવ્યું છે તેનું વર્ણન શ્રીદેવીભાગવતમાં સારી રીતે કરવામાં આવ્યું છે. દેવીભાગવતના સંબંધમાં મ્હોટો વિવાદ ચાલે છે કે શ્રીમદ્ભાગવત વ્યાસ મુનિનું રચેલું નથી પરંતુ બોપદેવ નામના મહાપંડિતનું બનાવેલું છે અને દેવીભાગવત વ્યાસજીનું બનાવેલું છે. વૈષ્ણવ સંપ્રદાયના પંડિતોનું એવું માનવું છે કે દેવીભાગવત બોપદેવ પંડિતનું બનાવેલું છે અને શ્રીમદ્ભાગવત વ્યાસજીનું બનાવેલું છે. આમ પરસ્પર વિવાદનો નીવેડો હજી સૂધી સ્પષ્ટ રીતે થયો નથી. ભલે ગમે તેમ હોય અને ગમે તેણે બનાવેલું હોય પરંતુ તત્ત્વદર્શિઓએ બંને ભાગવતમાંથી સાર લેવો એજ ઉત્તમ માર્ગ છે. મેં યથામતિ બંને ભાગવતો જોયેલાં છે અને બંનેમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરેના સારા બોધદાયક ઈતિહાસો ગુંથવામાં આવ્યા છે અને જેના સાંભળવાથી કોઇ પણ મનુષ્ય અવળે માર્ગે ચઢે તેવો સંભવ નથી; માત્ર આ સ્થળે મારે એટલું તો સ્પષ્ટ રીતે કહેવું પડશે કે બંને ભાગવતોમાં અસલ શ્રીવેદવ્યાસની કૃતિ કરતાં પાછળના ભાગમાં સંપ્રદાય પ્રવર્તકોએ ઘાલમેલ સારીરીતે કરી છે તોપણ બંને પુસ્તકો મંદાધિકારીઓને માટે સારાં જ છે અને હાલ તેનો પ્રચાર પણ છે. શ્રી દેવીભાગવતના સપ્તમ સ્કંધમાં દેવીગીતા છે અને તેના દશ અધ્યાય છે, હિમાલય અને જગદંબાનો સંવાદ છે, જગદંબાએ પોતાના સ્વરૂપનું વર્ણન કરીને બતાવ્યું છે, તે ઉપરાંત પોતાની પૂજાનો વિધિ યથાર્થ રીતે બતાવ્યો છે. પ્રિય વાંચનાર! આ પુસ્તક વાંચવાથી તારો પ્રયાસ નિષ્ફળ નહિ થાય અને તને કાંઇ પણ અપૂર્વ વસ્તુનો લાભ થશે કે જે વસ્તુ તારા જાણવામાં કોઇ પણ દિવસ આવી નહિ હોય એવી કેટલીક વસ્તુઓનો પ્રસંગોપાત સમાવેશ કરવામાં આવ્યો છે અને તે પ્રસંગ વાંચતી વખતે જણાઇ આવશે. વધારે લખવું એ અતિશયોક્તિ જેવું છે. જગદંબાની આરાધના કરનારા ભકતોએ તો આ પુસ્તક અવશ્ય મનન કરવા જેવું છે; કારણ કે આ પુસ્તકની અંદર જગદંબાએ પોતે જ શ્રી મુખથી પોતાનાં વ્રતો, ઉત્સવો, પીઠસ્થાનો,

બીજ મંત્રો વગેરેનું સ્પષ્ટીકરણ કરેલું છે, શિવાય ભગવતીનું ધ્યાન કરવામાં ચિત્તની એકાગ્રતા થાય માટે યોગનો પ્રકાર પણ સારી રીતે વર્ણન કરવામાં આવ્યો છે અને યોગમાર્ગમાં જે હઠયોગ અને રાજયોગ એ બે પ્રકાર છે તે પણ યથાર્થ રીતે બતાવ્યા છે જે યોગમાર્ગ જ્ઞાન મેળવવામાં એક પરમ સાધનભૂત ગણેલો છે. જોકે આજકાલના કેટલાક વેદાંતની વાતો કરનારા શુષ્ક વેદાંતિઓનો તો યોગના ઉપર અનાદર હોય છે, પરંતુ યથાર્થ બ્રહ્મવિદ્યાના અભ્યાસકો તો અવશ્યમેવ યોગભ્યાસીઓ હોય છે કારણ કે યોગ શિવાય ચિત્તની એકાગ્રતા થતી જ નથી અને આહાર વિહારના નિયમો પણ રહી શકતા નથી માટે જ્ઞાનીઓએ તેમ જ ઉપાસના માર્ગમાં પ્રવૃત્ત પુરુષોએ થોડો ઘણો અવશ્યમેવ યોગાભ્યાસ કરવો જોઇએ અને તે યોગનું સ્વરૂપ સારી રીતે આ પુસ્તકની અંદર વર્ણન કરવામાં આવ્યું છે. યોગથી ચિત્તની શુદ્ધિ થાય છે અને શુદ્ધચિત્તની અંદર પડેલું જ્ઞાન લાંબા વખત સુધી ટકી રહે છે અને અંત કાલે પણ તેજ જ્ઞાન મોક્ષનું પરમ સાધન થઇ પડે છે, જેઓ બિલકુલ પણ યોગનો અભ્યાસ કરતા નથી તેઓ જ્ઞાનની વાતો કરનારા છતાં પણ તેમનાં અંતઃકરણ સર્વથા મલિન જ હોય છે અને મલિન અંતઃકરણમાં પડેલું જ્ઞાન જેમ ધકધકતા તપાવેલા લોઢા ઉપર પાણીનું બિંદુ તરત જ નાશ પામે છે તેમ નાશ પામે છે. માટે વિદ્વાનોએ અંતઃકરણની વૃત્તિઓને સમેટી લેવામાં પરમ સાધન યોગનું સેવન કરવું જોઇએ.

દ્વિજોની પરમ ઉપાસ્ય દેવતા ગાયત્રી છે અને તે મંત્રમાં એવો પ્રભાવ છે કે તેનો વિશેષ જપ કરવાથી વિશ્વામિત્ર જેવા રાજર્ષિ પણ બ્રહ્મર્ષિપદને પ્રાપ્ત થયા હતા. તે ગાયત્રી પણ એક પરાંબાની વિભૂતિ છે અને તેનું સેવન કરનારાઓમાં કેવો પ્રભાવ આવી જાય છે એ સર્વ આસ્તિક મુમુક્ષુઓના જાણવામાં છે, માટે ગાયત્રીનું યથાર્થ સ્વરૂપ જાણવાનું સાધન આ ગ્રંથ થઈ પડે તેમ છે, એમ જાણીને પરાંબાના ઉપાસકોએ આ ગ્રંથનું સારી રીતે અવલોકન કરવું જોઇએ.

**શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈ.**

# દેવીગીતાની અનુક્રમણિકા.

# अथ

# श्री देवी गीता.

## गुजराती भाषान्तर.

### अध्याय १ लो.

॥ जनमेजय उवाच ॥

धराधराधीशमौलावाविरासीत्परं महः ॥
यदुक्तं भवता पूर्वं विस्तरात्तद्वदस्व मे ॥ १ ॥

જનમેજય રાજા પૂછે છે કે-હે મહારાજ! હે વેદવ્યાસજી! પૂર્વે તમે મને એમ કહ્યું હતું કે પર્વતોના રાજા હિમાલય પર્વતના શિખર ઉપર ભગવતી પાર્વતીની અત્યંત તેજોમય મૂર્તિ પ્રકટ થઇ હતી. હે ભગવન્! આપ એ કથા મને વિસ્તારથી વર્ણન કરીને કહો. ૧

को विरज्येत मतिमान्पिबञ्छक्तिकथामृतम् ॥
सुधां तु पिबतां मृत्युः स नैतच्छृण्वतो भवेत् ॥ २ ॥

ભગવતીની કથારૂપી અમૃતનું પાન કરનાર બુદ્ધિમાન્ કોણ પુરુષ નિવૃત્તિ પામે? અર્થાત્ આવી ઉત્તમ કથારૂપી અમૃતનું પાન કરનાર કોઈ પણ નિવૃત્તિ પામે નહિ. અમૃતનું પાન કરવાવાળા જે દેવતાઓ તેમનું જે મૃત્યુ છે તે ભગવતીની કથારૂપી અમૃતનું શ્રવણ કરનારાઓનું થતું જ નથી. અર્થાત્ સ્વર્ગમાં રહેવાવાળા જે દેવતાઓ તેમનું જ્યાં સુધી પુણ્ય હોય છે ત્યાં સુધીજ સ્વર્ગમાં અમૃતપાન કરી નાના પ્રકારના સુખનો અનુભવ કરે છે, અને જ્યારે પુણ્યનો ક્ષય હોય છે ત્યારે તરતજ તેઓ પાછા મૃત્યુલોકમાં આવી પુનરપિ જન્મમરણને પ્રાપ્ત થાય છે. પરંતુ ભગવતીની

કથારૂપી અમૃતનું પાન કરનારા મહાત્માઓ ફરીને જન્મમરણને પામતા નથી એ આ શ્લોકમાં જણાવ્યું છે. ૨

॥ व्यास उवाच ॥

धन्योऽसि कृतकृत्योऽसि शिक्षितोऽसि महात्मभिः ॥
भाग्यवानसि यद्देव्यां निर्व्याजा भक्तिरस्ति ते ॥ ३ ॥

આ પ્રકારનું રાજા જનમેજયનું વચન સાંભળી વેદવ્યાસ મહારાજ બોલ્યા કે હે રાજન્! તું ધન્ય છે, કૃતકૃત્ય છે, મહાત્મા પુરુષોએ તને સારો ઉપદેશ આપેલો છે, તું ભાગ્યવાન્ છે, જેથી તારી ભગવતીના ચરણ કમલમાં નિષ્કામ ભક્તિ છે અર્થાત્ કામના (મતલબ)થી તો બધાઓ ભક્તિ કરે છે. પરંતુ નિષ્કામથી (કોઈ પણ પ્રકારની આશા નહિ રાખી) જે ભક્તિ કરવી એજ ઉત્તમ ભક્તિ કહેવાય છે અને તે ભક્તિનું ચિન્હ તારામાં દેખાઈ આવે છે તેથી તને ધન્ય છે. ૩

शृणु राजन्पुरा वृत्तं सतीदेहेऽग्निभर्जिते ॥
भ्रान्तः शिवस्तु बभ्राम क्वचिद्देशे स्थिरोऽभवत् ॥ ४ ॥

હે રાજન્! જનમેજય! આગળ થઇ ગએલું વૃત્તાંત સાંભળ. *સતીએ પોતાનો દેહ જયારે અગ્નિમાં પડી બાળી મુકયો ત્યારે પછી શિવજી બાવરા થઈને પૃથ્વી ઉપર ભટકવા લાગ્યા, અને આખરે કોઇ એક સ્થાનમાં સ્થિર થઇને બેઠા. ૪

प्रपञ्चभानरहितः समाधिगतमानसः ॥
ध्यायन्देवीस्वरूपं तु कालं निन्ये स आत्मवान् ॥ ५ ॥

પ્રપંચનું જેમણે બિલકુલ ભાન નથી અને સમાધિમાં જેમનું મન લાગેલું છે અને દેવીના સ્વરૂપનું ધ્યાન કરનાર જ્ઞાની તે શિવજી પોતાનો કાળક્ષેપ કરવા લાગ્યા અર્થાત્ દક્ષપ્રજાપતિના યજ્ઞમાં જયારે સતીએ પોતાનું શરીર બાળીને ભસ્મ કર્યું ત્યારે

* દક્ષ પ્રજાપતિને ઘેર પહેલાવેહેલો જ્યારે ભગવતીનો જન્મ થયો ત્યારે તેમનું નામ સતી હતું અને હિમાલયને ત્યાં ઉત્પત્તિ થવાથી બીજીવાર પાર્વતી એવું નામ પડયું.

શિવજીના મનમાં ઘણી જ ઉદાસીનતા આવી અને એકાંત સ્થલમાં બેસી ભગવતીના સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. ૫

**सौभाग्यरहितं जातं त्रैलोक्यं सचराचरम् ॥**
**शक्तिहीनं जगत्सर्वं साब्धिद्वीपं सपर्वतम् ॥ ६ ॥**

જ્યારે સતીએ દક્ષપ્રજાપતિના યજ્ઞમાં બળીને પોતાના દેહનો ત્યાગ કર્યો અને તે જગતનું મંગલરૂપ સ્વરૂપ આ જગત્માંથી નાશ પામ્યું ત્યારે આ સચરાચર ત્રણે લોક મંગલરહિત થયા, અર્થાત્ બધી જગાએથી મંગલનો અભાવ થયો અને પર્વતસહિત તથા સમુદ્રસહિત આ બધું જગત્ શક્તિહીન થયું. ૬

**आनन्दः शुष्कतां यातः सर्वेषां हृदयान्तरे ॥**
**उदासीनाः सर्वलोकाश्चिन्ताजर्जरचेतसः ॥ ७ ॥**

દેવતાઓ મનુષ્યો વગેરે સર્વના હૃદયમાં રહેલો આનંદ નાશ થઇ ગયો, અને ચિંતાથી જેમનું ચિત્ત જર્જર થયું છે એવા બધા લોકો ઉદાસીન થઈ ગયા, અર્થાત્ જ્યારે સતીએ અગ્નિમાં પ્રવેશ કરી પોતાના પ્રાણ છોડી દીધા ત્યારે સર્વના મનમાં એક જાતની ચિંતા ઉત્પન્ન થઈ કે હવે આ જગત્માં શું શું થશે. ૭

**सदा दुःखोदधौ मग्ना रोगग्रस्तास्तदाऽभवन् ॥**
**ग्रहाणां देवतानां च वैपरीत्येन वर्तनम् ॥ ८ ॥**

સતીના ચરણારવિંદ જ્યારથી આ પૃથ્વીને છોડી નિજધામ ગયા ત્યારથી નિરંતર દુઃખરૂપી સમુદ્રમાં આ બધા લોકો ડુબાવા લાગ્યા અને બધાઓના શરીરમાં રોગની ઉત્પત્તિ થઈ, સૂર્ય ચંદ્ર વગેરે આકાશમાં રહેલા ગ્રહોની ગતિ અવળી થવા લાગી કારણ કે તેમનું શાસન કરવાવાળું કોઈ રહ્યું નહિ. ૮

**अधिभूताधिदैवानां सत्यभावान्नृपाभवन् ॥**
**अथास्मिन्नेव काले तु तारकाख्यो महासुरः ॥ ९ ॥**

હે રાજન્! આ પૃથ્વીમાં સતી (ભગવતી) ના અભાવને લીધે આધિભૌતિક આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણ પ્રકારના તાપ

લોકોને થવા લાગ્યા. આ બધું અનિષ્ટ તો સર્વને થાય છે એટલામાં તો તારક નામનો મહાસુર ઉત્પન્ન થયો. ૯

**ब्रह्मदत्तवरो दैत्योऽभवत्त्रैलोक्यनायकः ॥**
**शिवौरसस्तु यः पुत्रः स ते हन्ता भविष्यति ॥ १० ॥**

બ્રહ્માએ જેને વરદાન આપ્યું છે એવો તે તારકાસુર દૈત્ય ત્રણ લોકનો નાયક થયો અર્થાત્ ત્રણ લોકનું રાજ્ય કરવા લાગ્યો. અને દેવતાઓએ તેને એમ પણ કહ્યું કે શિવજીનો ઔરસ પુત્ર (શિવજીના વીર્યથી પોતાની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર) તારો હણવાવાળો થશે. ૧૦

**इति कल्पितमृत्युः स देवदेवैर्महासुरः ॥**
**शिवौरससुताभावाज्जगर्ज च ननन्द च ॥ ११ ॥**

આ પ્રકારે દેવતાઓએ જેના મૃત્યુની કલ્પના કરી છે એવો તે તારકાસુર પોતાના મનમાં આનંદ પામવા લાગ્યો કે શિવજીની સ્ત્રી જે સતી તેણે તો પોતાનો દેહ અગ્નિમાં બાળી નાંખ્યો છે અને બીજી સ્ત્રી તો છે જ નહિ તો તેમનો ઔરસ પુત્ર થવાનો જ નથી અને મારું મૃત્યુ પણ નહિ થાય એમ જાણી તે દૈત્ય પોતાના મનમાં આનંદ પામી ગર્જના કરવા લાગ્યો. ૧૧

**तेन चोपद्रुताः सर्वे स्वस्थानात्प्रच्युताः सुराः ॥**
**शिवौरससुताभावाच्चिन्तामापुर्दुरत्ययाम् ॥ १२ ॥**

તે તારકાસુરે ઉપદ્રવ કરેલા સંપૂર્ણ દેવતાઓ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયા અર્થાત્ પોતાનાં સ્થાનોને છોડી બીજી જગાએ ચાલ્યા ગયા. અને શિવજીનો ઔરસ પુત્ર તો થવાનો નથી એમ જાણી પોતાના મનમાં ઘણી જ ચિંતા કરવા લાગ્યા અર્થાત્ શિવજીની સ્ત્રી જે સતી તેણે પોતાનો દેહ અગ્નિમાં પડી બાળી નાખ્યો છે, હવે શિવજીનો પુત્ર કેવી રીતે ઉત્પન્ન થાય અને તે આ તારકાસુરને મારે એવી ચિંતા કરવા લાગ્યા. ૧૨

**नाङ्गना शङ्करस्यास्ति कथं तत्सुतसंभवः ॥**
**अस्माकं भाग्यहीनानां कथं कार्यं भविष्यति ॥ १३ ॥**

દેવતાઓ પોતાનાં સ્થાનો છોડીને ચાલ્યા ગયા એટલું જ નહિ પરંતુ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે શંકરને સ્ત્રી તો છે જ નહિ; કારણ કે શંકરની સ્ત્રી સતીએ દક્ષપ્રજાપતિના યજ્ઞમાં પોતાનો દેહ અગ્નિમાં પડી બાળી મુકયો છે. પછી શંકરથી પુત્રની ઉત્પત્તિ થવાનો સંભવ જ નથી. ભાગ્યહીન એવા જે અમે તે અમારું કાર્ય કેવી રીતે સિદ્ધ થશે. અર્થાત્ હાલમાં શિવજી સ્ત્રીરહિત છે તો તેમનાથી પુત્રની ઉત્પત્તિ થવાનો સંભવ જ નથી અને તારકાસુરનો વધ પણ થાય તેમ નથી. ૧૩

**इति चिन्तातुराः सर्वे जग्मुर्वैकुण्ठमण्डले ॥**
**शशंसुर्हरिमेकान्ते स चोपायं जगाद ह ॥ १४ ॥**

એ પ્રકારે અત્યંત ચિંતાતુર એવા તે સમગ્ર દેવતાઓ એકઠા મળીને વૈકુંઠમાં ગયા, ત્યાં જઇને એકાંતમાં બેઠેલા શ્રીહરિને જોઇને સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ કર્યા પછી ભગવાને તેમનું આગમનનું કારણ પૂછ્યું અને દેવતાઓએ બધું વૃત્તાંત કહી બતાવ્યું પછી ભગવાન્ તારકાસુરના વધનો ઉપાય કહેવા લાગ્યા. ૧૪

**कुतश्चिन्तातुराः सर्वे कामकल्पद्रुमा शिवा ॥**
**जागर्ति भुवनेशानी मणिद्वीपाधिवासिनी ॥ १५ ॥**

હે દેવતાઓ! તમે શું કરવાને અત્યંત ચિંતા કરો છો કારણ કે સંપૂર્ણ ભુવનની ઈશ્વરી, મણિદ્વીપમાં નિવાસ કરનારી અને કલ્પવૃક્ષ સમાન મનોરથને પરિપૂર્ણ કરનારી ભગવતી (શિવા) આ ભૂમંડલમાં જાગે છે. અર્થાત્ જેણે આ ભૂમંડલની રચના કરી છે એવી ભગવતી જાગે છે સુઈ રહી નથી, તેથી તમારે ચિંતા કરવાનું કારણ નથી. ૧૫

**अस्माकमनया देव तदुपेक्षास्ति नान्यथा ॥**
**शिक्षैवेयं जगन्मात्रा कृताऽस्मच्छिक्षणाय च ॥ १६ ॥**

હે દેવતાઓ! તમે કદાચિત્ એવી શંકા કરશો કે જો ભગવતી જાગૃત છે તો આવા સમયમાં ઉપેક્ષા કેમ કરીને બેઠાં છે તેનું સમાધાન કરે છે કે—અમારા અપરાધથી જ ભગવતીએ ઉપેક્ષા કરી

છે તે ઉપેક્ષા અમારા નાશને સારુ નથી પરંતુ શિક્ષા કરવાને લાયક જે અમે તે અમને શિક્ષણ આપવા સારુ ભગવતીએ આ શિક્ષા કરી છે કે ફરીથી મારો આવો અપરાધ તમે કરો નહિ. અર્થાત્ દક્ષપ્રજાપતિએ શિવજીનું અપમાન કરવા યજ્ઞનો આરંભ કર્યો તે યજ્ઞમાં શિવજીને જે રુદ્રભાગ આપવો જોઈએ તે કલ્પ્યો ન હતો તેમજ શિવજીને યજ્ઞમાં નિમંત્રણ પણ ન કર્યું. સતી ભગવતીએ પોતાના પિતાને ઘેર યજ્ઞનો સમારંભ સાંભળ્યો અને વગર નિમંત્રણે યજ્ઞમાં ગયાં, ત્યાં તેમનું અપમાન થયું, આખરે સતીને બળી મરવું પડયું. જ્યારે આ જગત્‌ની અધિષ્ઠાત્રી સતી બળી મર્યાં ત્યારે હે દેવતાઓ! તમારે ઉચિત હતું કે દક્ષના યજ્ઞમાંથી તમારે ચાલ્યું જવું હતું પરંતુ તમે ચાલ્યા ગયા નહિ તેથી સતીના મનમાં ઘણો જ રોષ આવ્યો કે દેવતાઓને પણ કોઈ રીતે શિક્ષા કરવી? કે જેથી તેમનો મદ ઉતરે એમ જાણી તમારો મદ ઉતારવા માટે ભગવતી હાલ ઉદાસીન છે પરંતુ તમે ચિંતા કરશો નહિ તે જ દયાલુ ભગવતી આપણી સર્વની ચિંતા દૂર કરશે. એવો શ્રીહરિનો કહેવાનો અભિપ્રાય છે. ૧૬

लालने ताडने मातुर्नाकारुण्यं यथाऽर्भके ॥
तद्वदेव जगन्मातुर्नियन्त्र्या गुणदोषयोः ॥ १७ ॥

જેવી રીતે પોતાની માતા પુત્રના ગુણદોષને જોઇ વખત પ્રમાણે લાલન પણ કરે છે અને તાડન પણ કરે છે પરંતુ સર્વથા પુત્ર ઉપર દયાદૃષ્ટિથીજ જુવે છે તેમ જ આ જગત્‌ની નિયંત્રી જે જગન્માતા તે પણ આપણા ગુણ દોષ પ્રમાણે લાલન પાલન કરે છે પરંતુ સર્વથા આપણા ઉપર દયાદૃષ્ટિથી જ જુવે છે. ૧૭

अपराधो भवत्येव तनयस्य पदेपदे ॥
कोपरः सहते लोके केवलं मातरं विना ॥ १८ ॥

પુત્રનો અપરાધ પગલે પગલે થયા જ કરે છે, અને તે અપરાધને એક પોતાની માતા શિવાય આ લોકમાં બીજું કોણ સહન કરે છે અર્થાત્ કોઈ જ નહિ. ૧૮

तस्माद्यूयं परामम्बां तां शरणं यात मा चिरम् ॥
निर्व्याजया चित्तवृत्त्या सा वः कार्यं विधास्यति ॥ १९ ॥

તેથી હે દેવતાઓ! તમે બધાએ પરા અંબા (આદ્ય શક્તિ)ને શરણે જાઓ એમાં વિલંબ કરશો નહિ. તે ભગવતી પરમ દયાળુ હોવાથી ઉદાર ચિત્તની વૃત્તિવડે તમારું કાર્ય સિદ્ધ કરશે. ૧૯

इत्यादिश्य सुरान्सर्वान्महाविष्णुः स्वजायया ॥
संयुतो निर्जगामाशु देवैः सह सुराधिपः ॥ २० ॥

એ પ્રકારે સમગ્ર દેવતાઓને આજ્ઞા કરી પોતાની સ્ત્રી લક્ષ્મી સહિત મહાવિષ્ણુ અને દેવોએ સહિત દેવનો રાજા જે ઇંદ્ર તે બધાઓ મળી પરા અંબાનું આરાધન કરવા નિકળ્યા ૨૦

आजगाम महाशैलं हिमवन्तं नगाधिपम् ॥
अभवंश्च सुराः सर्वे पुरश्चरणकर्मिणः ॥ २१ ॥

સર્વ દેવતાઓ મળીને પર્વતોના અધિપતિ મહાશૈલ હિમાલય પ્રતિ આવ્યા અને અંબાપ્રીત્યર્થે તે સર્વે દેવતાઓએ પુરશ્ચરણ ક્રિયાનો આરંભ કર્યો. અર્થાત્ વિષ્ણુસહિત સર્વ દેવતાઓ પરા અંબાની પ્રીતિસારુ પુરશ્ચરણ કરવા લાગ્યા. ૨૧

अम्बायज्ञविधानज्ञा अम्बायज्ञं च चक्रिरे ॥
तृतीयादिव्रतान्याशु चक्रुः सर्वे सुरा नृप ॥ २२ ॥

જગદંબાનો યજ્ઞ કેવી રીતે કરવો તેના વિધિને યથાર્થ જાણનારા તે સર્વ દેવતાઓ ભગવતીનો યજ્ઞ કરતા હવા અર્થાત્ યજ્ઞ કરવાથી દેવતાઓ જલદી પ્રસન્ન થાય છે એમ જાણી તેમણે ભગવતીનો યજ્ઞ કર્યો. હે રાજન્! તે સર્વ દેવતાઓ તૃતીયાને આદિ લઇ વ્રતો પણ જલદી કરવા લાગ્યા. અર્થાત્ તૃતીયાદિ વ્રતો ભગવતી પોતે જ હિમાલય પ્રતિ આગળ વર્ણન કરીને કહેશે તે વ્રતોનું પણ આચરણ કરવા લાગ્યા. ૨૨

केचित्समाधिनिष्णाताः केचिन्नामपरायणाः ॥
केचित्सूक्तपराः केचिन्नामपारायणोत्सुकाः ॥ २३ ॥

કેટલાએક દેવતાઓ સમાધિ લગાવી ભગવતીનું ધ્યાન કરવા લાગ્યા, કેટલાએક નામનો જપ કરવા લાગ્યા, કેટલાએક રાત્રિસૂક્ત દેવીસૂક્ત વગેરેનો પાઠ કરવા લાગ્યા, કેટલાએક નામનું પારાયણ કરવા લાગ્યા. ૨૩

**मन्त्रपारायणपराः केचित्कृच्छ्रादिकारिणः ॥**
**अन्तर्यागपराः केचित्केचिन्न्यासपरायणाः ॥ २४ ॥**

કેટલાએક દેવતાઓ ભગવતીના મંત્રનું પારાયણ કરવા લાગ્યા, કેટલાએક કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ વ્રતો કરવા લાગ્યા, કેટલાએક પોતાના મનમાં માનસિક સમાધિવડે યજ્ઞ કરવા લાગ્યા, અને કેટલાએક અંગન્યાસ કરન્યાસ કરવા લાગ્યા. ૨૪

**हृल्लेखया पराशक्तेः पूजां चक्रुरतन्द्रिताः ॥**
**इत्येवं बहुवर्षाणि कालोऽगाज्जनमेजय ॥ २५ ॥**

કેટલાએક દેવતાઓ આલસ્યરહિત થઇને હૃલ્લેખા એટલે માયાબીજમંત્ર–ભુવનેશ્વરીમંત્રવડે પરા અંબાનું પૂજન કરતા હવા. હે જનમેજય! એ પ્રકારે યજ્ઞ પાઠ જપ ધ્યાન કરતાં કરતાં ઘણાં વર્ષો વીતિ ગયાં. ૨૫

**अकस्माच्चैत्रमासीयनवम्यां च भृगोर्दिने ॥**
**प्रादुर्बभूव पुरतस्तन्महः श्रुतिबोधितम् ॥ २६ ॥**

એમ કરતાં કરતાં અકસ્માત્ ચૈત્રમાસની શુકલપક્ષની નવમીને ભૃગુવારને દિવસે વેદની શ્રુતિમાં જેનું વર્ણન છે એવું તેજોમય સ્વરૂપ દેવતાઓના સમક્ષ પ્રાદુર્ભૂત થયું. સામવેદના કેન નામના ઉપનિષદ્‌માં કહ્યું છે કે "**स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहु शोभमानामुमां हैमवतीं ताम्" खण्ड ३ । १२ ।** તે આકાશમાં અત્યંત શોભતી હિમાલયનો આશ્રય કરનારી ઉમા નામની સ્રી આવીને ઉભી રહી." આ વેદની શ્રુતિમાં બોધન કરેલું શક્તિરૂપ તેજ દેવતાઓના સન્મુખ પ્રાદુર્ભાવ પામ્યું. ૨૬

**चतुर्दिक्षु चतुर्वेदैर्मूर्तिमद्भिरभिष्टुतम् ॥**
**कोटिसूर्यप्रतीकाशं चन्द्रकोटिसुशीतलम् ॥ २७ ॥**

દેવતાઓના સન્મુખ તે તેજોમય ભગવતીનું સ્વરૂપ તે સમયમાં કેવું હતું કે મૂર્તિમાન્ ચારે વેદો ચોતરફ ઉભા રહીને જેની સ્તુતિ કરતા હતા, કોટિ સૂર્યના જેવો જેનો પ્રકાશ હતો, કોટિ ચંદ્રમા સમાન શીતલ, અર્થાત્ અમૃતદૃષ્ટિવાળું તે ભગવતીનું તેજોમય સ્વરૂપ હતું. ૨૭

**विद्युत्कोटिसमानाभमरुणं तत्परं महः ॥**
**नैव चोर्ध्वं न तिर्यक्च न मध्ये परिजग्रभत् ॥ २८ ॥**

કોટિ વીજળીના સમાન કાંતિવાળું અને ભકતોના ઉપર અનુગ્રહ કરવા માટે રજોગુણનો સ્વીકાર કર્યો છે તેથી જ અત્યંત લાલ, તેમજ ઉંચું પણ નહિ અને વાંકું ચુંકું પણ નહિ, કિંતુ સરલ તે ઉત્કૃષ્ટ તેજ સ્વર્ગ મૃત્યુ અને પાતાલ એ ત્રણે સ્થાનમાં પણ માપ વગરનું હતું. અર્થાત્ ત્રણે લોકમાં કોઈ પણ જેની બરોબરી કરી શકે નહિ એવું તે તેજ હતું. ૨૮

**आद्यन्तरहितं तत्तु न हस्ताद्यङ्गसंयुतम् ॥**
**न च स्त्रीरूपमथवा न पुंरूपमथोभयम् ॥ २९ ॥**

જે તેજ આદિ અને અંતથી રહિત હતું. તેને હાથ પગ વગેરે અંગો કાંઈ પણ હતાં નહિ. તે તેજ સ્ત્રીરૂપ પણ નહિ હતું તેમ જ પુરુષરૂપ પણ નહિ હતું તથા નપુંસકરૂપ નહિ હતું અર્થાત્ જેનું વર્ણન ન કરી સકીએ એવું તે અનિર્વચનીય તેજ હતું. ૨૯

**दीप्त्यापिधानं नेत्राणां तेषामासीन्महीपते ॥**
**पुनश्च धैर्यमालम्ब्य यावत्ते ददृशुः सुराः ॥ ३० ॥**

હે રાજન્! જનમેજય! જે વખતે તે તેજનો આવિર્ભાવ થયો તે સમયે તે તેજના અત્યંત પ્રભાવવડે દેવતાઓનાં નેત્રોને પડદા આવી ગયા અર્થાત્ દેવતાઓ તે તેજને પોતાની આંખોવડે જોઈ શકયા નહિ. પછી ધીરે ધીરે ધૈર્યને ધારણ કરી તે દેવતાઓ બારીકાઈથી જોવા લાગ્યા અર્થાત્ તેજ તેજોરૂપ જ્યારે સ્ત્રીરૂપને પામ્યું ત્યારે દેવતાઓની દૃષ્ટિ સ્થિર થઇ. ૩૦

तावत्तदेव स्त्रीरूपेणाऽऽभाद्दिव्यं मनोहरम् ॥
अतीव रमणीयाङ्गीं कुमारीं नवयौवनाम् ॥ ३१ ॥

તેટલામાં તેજ દિવ્ય મનોહર તેજોરૂપ સ્ત્રીરૂપે શોભવા લાગ્યું. અત્યંત સુંદર જેનાં અંગો છે, નવીન યૌવન જેના શરીરમાં ખીલી રહ્યું છે એવી કુમારી સ્ત્રીને દેવતાઓએ જોઈ. ૩૧

उन्नत्पीनकुचद्वन्द्वनिन्दिताम्भोजकुड्मलाम् ॥
रणत्किङ्किणिकाजालसिञ्जन्मञ्जीरमेखलाम् ॥ ३२ ॥

વગર ખીલેલા કમલના ડોડાને પણ તિરસ્કાર કરે એવાં ઉન્નત (ઉંચા) અને કઠીણ બે સ્તનવડે શોભતી અને કેડમાં પહેરેલી જે કંદની તેમજ પગમાં પહેરેલાં જે ઝાંઝર તેમાં જડેલી જે ઘુંઘરીઓ તેના શબ્દવડે મનોહર એવી સ્ત્રીને જોઈ. ૩૨

कनकाङ्गदकेयूरग्रैवेयकविभूषिताम् ॥
अनर्घ्यमणिसंभिन्नगलबन्धविराजिताम् ॥ ३३ ॥

સોનાની પોંચી, સોનાનો બાજુબંધ અને સોનાનો હાર તેણે કરી શોભતી અને અમૂલ્ય મણિઓથી જડેલો હાર જેના ગળામાં પહેરેલો છે એવી તે સ્ત્રીને દેવતાઓએ જોઈ. ૩૩

तनुकेतकसंराजन्नीलभ्रमरकुन्तलाम् ॥
नितम्बबिम्बसुभगां रोमराजिविराजिताम् ॥ ३४ ॥

બાલ (કોમલ) શ્વેત કેવડાની અંદર શોભતો એવો જે કાળો ભમરો તેના સરખા કાળા કેશ જેના છે, જેના કટિપશ્ચાત્ ભાગ અત્યંત સુંદર છે, રોમની પંક્તિઓ જેના શરીર ઉપર વિરાજમાન છે, એવી સુંદર સ્ત્રીને જોઈ. ૩૪

कर्पूरशकलोन्मिश्रताम्बूलपूरिताननाम् ॥
कनत्कनकताटङ्कविटङ्कवदनाम्बुजाम् ॥ ३५ ॥

કર્પૂર ઇલાયચી લવંગ વગેરેથી બનાવેલું પાનનું બીડું જેના મુખને વિષે શોભી રહ્યું છે, દેદીપ્યમાન જે સોનાના ઝુમણાં તેણે કરી સુંદર છે મુખકમલ જેનું એવી તે સ્ત્રીને દેવતાઓએ જોઈ. ૩૫

अष्टमीचन्द्रबिम्बाभललाटामायतभ्रुवम् ॥
रक्तारविन्दनयनामुन्नसां मधुराधराम् ॥ ३६ ॥

ટીંડુરીના ફુલ જેવું જે ઉંચું કપાળ તેમાં અર્ધચંદ્ર શોભી રહ્યો છે, જેના ઉંચી જેની ભ્રૂકુટી છે, લાલ કમળના સરખાં જેનાં નેત્ર છે, ઉન્નત જેની નાસિકા છે, સુંદર જેના હોઠ છે એવી તે સ્ત્રીને જોઈ. ૩૬

कुन्दकुड्मलदन्ताग्रां मुक्ताहारविराजिताम् ॥
रत्नसंभिन्नमुकुटां चन्द्ररेखावतंसिनीम् ॥ ३७ ॥

કુંદની કળી જેવા જેના દાંતના અગ્ર છે. અને મુક્તા (મોતી) ને હાર જેણે પહેરેલો છે, જેના મુકુટને વિષે રત્ન જડેલાં છે, ચંદ્રની રેખાની કલગી જેના મસ્તકમાં વિરાજમાન છે, એવી તે સ્ત્રીને દેવતાઓએ જોઈ. ૩૭

मल्लिकामालतीमालाकेशपाशविराजिताम् ॥
काश्मीरबिन्दुनिटिलां नेत्रत्रयविलासिनीम् ॥ ३८ ॥

મલ્લિકા અને માલતીના પુષ્પોની માલાઓ જેના કેશપાશમાં શોભી રહી છે, જેણે લલાટની અંદર કેસરની બિંદી (ચાંદલો) કરી છે, સૂર્ય ચંદ્ર અને અગ્નિ એ ત્રણ નેત્રવડે શોભતી એવી સ્ત્રીને જોઈ. ૩૮

पाशाङ्कुशवराभीतिचतुर्बाहुं त्रिलोचनाम् ॥
रक्तवस्त्रपरीधानां दाडिमीकुसुमप्रभाम् ॥ ३९ ॥

એક હસ્તમાં પાશ બીજા હસ્તમાં અંકુશ ત્રીજા હસ્તમાં વરદાનમુદ્રા અને ચોથા હસ્તમાં અભયમુદ્રા છે એમ ચાર જેને ભુજાઓ છે, લાલ વસ્ત્ર જેણે ધારણ કર્યું છે, દાડમના પુષ્પ સમાન જેની કાંતિ છે એવી તે સ્ત્રીને દેવતાઓએ જોઈ. ૩૯

सर्वशृङ्गारवेषाढ्यां सर्वदेवनमस्कृताम् ॥
सर्वाशापूरिकां सर्वमातरं सर्वमोहिनीम् ॥ ४० ॥

શરીરને શોભાવે તેવા યાવત શૃંગારો જેણે ધારણ કર્યાં છે, સર્વ દેવતાઓ જેને નમસ્કાર કરે છે, સર્વની આશાઓને પરિપૂર્ણ કરનારી, સર્વની જનની અને સર્વને મોહ ઉપજાવનારી એવી સ્ત્રીને જોઈ. ૪૦

प्रसादसुमुखीमम्बां मन्दस्मितमुखाम्बुजाम् ॥
अव्याजकरुणामूर्तिं ददृशुः पुरतः सुराः ॥ ४१ ॥

લોકોના ઉપર જે પ્રસન્નતા તેણે કરી સુંદર જેનું મુખારવિંદ છે, જગત્‌ની અંબા, મંદ મંદ હાસ્યવડે શોભતું જેનું મુખકમલ છે, કપટ રહિત દયાની મૂર્તિ એવી તે સ્ત્રીને દેવતાઓએ પોતાના સન્મુખ જોઈ. ૪૧

दृष्ट्वा तां करुणामूर्तिं प्रणेमुः सकलाः सुराः ॥
वक्तुं नाशक्नुवन्किंचिद्बाष्पसंरुद्धनिःस्वनाः ॥ ४२ ॥

કરુણામૂર્તિ તે જગદંબાને જોઈ સર્વ દેવતાઓએ સાષ્ટાંગ નમસ્કાર કર્યો અને પ્રેમના ઉભરાથી અશ્રુપાતવડે ગદગદકંઠ થએલા તે દેવતાઓ કાંઈ પણ બોલવાને સમર્થ થયા નહિ. અર્થાત્ હવે શું કરવું એવો વિચાર નહિ આવવાથી મૂઢની માફક બાવરા બની ભગવતીની મૂર્તિ સામું ટક ટક જોઈજ રહ્યા. ૪૨

कथंचित्स्थैर्यमालम्ब्य भक्त्या चानतकन्धराः ॥
प्रेमाश्रुपूर्णनयनास्तुष्टुवुर्जगदम्बिकाम् ॥ ४३ ॥

કોઈ પણ રીતે પોતાના મનમાં સ્થિરતા લાવીને ભક્તિવડે નમાવ્યાં છે મસ્તક જેમણે એવા અને પ્રેમનાં અશ્રુથી જેમનાં નેત્ર પરિપૂર્ણ થયાં છે એવા તે દેવતાઓ જગદંબાની સ્તુતિ કરવા લાગ્યા. ૪૩

॥ देवा ऊचुः ॥

नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः ॥
नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥ ४४ ॥

દેવતાઓ ભગવતીની સ્તુતિ કરે છે. સર્વ જગત્‌ની ક્રીડારૂપ મહાપ્રકાશરૂપ મંગલસ્વરૂપ ભગવતીને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ, માયાની ઉપાધિવાળી તે બ્રહ્મરૂપિણી પ્રકૃતિને અને સકલના કલ્યાણરૂપી ગુણોની ખાણરૂપ તે ભગવતીને નિરંતર અમે નમસ્કાર કરીએ છીએ ૪૪

**तामग्निवर्णां तपसा ज्वलन्तीं वैरोचनीं कर्मफलेषु जुष्टाम् ॥**
**दुर्गां देवीं शरणमहं प्रपद्ये सुतरासि तरसे नमः ॥ ४५ ॥**

અગ્નિ સમાન જેનું વર્ણ છે એવી, જ્ઞાનવડે દેદીપ્યમાન અર્થાત્ સર્વજ્ઞ, સર્વથી વિશેષ પ્રકાશવાળી, બ્રાહ્મણોએ કર્મનું ફલ અમને મળે એવા હેતુથી સેવેલી અને અષ્ટાંગ યોગના પરિશ્રમવડે પ્રાપ્ત થવાને યોગ્ય, તરવાને યોગ્ય એવો જે સંસાર તેને તારવાને યોગ્ય એવી તે દુર્ગાદેવીને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૫

**देवीं वाचमजनयन्त देवास्तां विश्वरूपाः पशवो वदन्ति ॥**
**सा नो मन्द्रेषमूर्जं दुहाना धेनुर्वागस्मानुपसुष्टुतैतु ॥ ४६ ॥**

દેવ એટલે પ્રાણો જે પ્રકાશવાળી વૈખરી વાણીને ઉત્પન્ન કરવાવાળા છે. અર્થાત્ નાભિમાંથી જે શબ્દરૂપ વાણી ઉત્પન્ન થઈ તેનું નામ પરા છે પછી હૃદયસ્થાનમાં તે વાણી આવે ત્યારે તેનું નામ પશ્યંતી છે અને તે વાણી જ્યારે કંઠસ્થાનમાં આવે છે ત્યારે તેનું નામ મધ્યમા પડે છે અને મુખમાં આવીને જ્યારે સ્પષ્ટ રીતે બોલાય છે ત્યારે તેનું નામ વૈખરી વાણી કહેવાય છે. તેને ઉત્પન્ન કરવાવાળો પ્રાણ વાયુ છે. વ્યવહારની સિદ્ધિસારુ તે વાણીને અમે સર્વે ઘણા રૂપવાળા પશુ (દેવતાઓ) બોલીએ છીએ. અર્થાત્ જે વાણી વ્યવહારમાં સાક્ષાત્ કામધેનુ જેવી છે. માન દાન વગેરેને આપવાવાળી તેમજ અન્ન બળને આપનારી તે વાણીરૂપા કામધેનુ સારી રીતે સ્તુતિ કરે સતે અમને પ્રાપ્ત થાવ અર્થાત્ અમારા સર્વ મનોરથને પરિપૂર્ણ કરનારી તે વાણીરૂપ સરસ્વતી અમને પ્રસન્ન થાવ જેથી અમારામાં અપૂર્વ શક્તિ આવે અને અમારા કાર્યની જલદી સિદ્ધિ થાય. ૪૬

**कालरात्रीं ब्रह्मस्तुतां वैष्णवीं स्कन्दमातरम् ॥**
**सरस्वतीमदितिं दक्षदुहितरं नमामः पावनां शिवाम् ॥ ४७॥**

સર્વનો નાશ કરવાવાળો જે કાલ તેનો પણ નાશ કરવાવાળી તેથી કાલરાત્રી અર્થાત્ પ્રલયકાલમાં કાલનો પણ નાશ થઈ પ્રકૃતિમાં મળી જાય છે, મધુ કૈટભ દૈત્યના વધ સમયે બ્રહ્માએ સ્તવન કરેલી તેથી બ્રહ્મસ્તુતા, અથવા બ્રહ્મ એટલે વેદ તેણે સ્તુતિ કરેલી તેથી બ્રહ્મસ્તુત વિષ્ણુની શક્તિ લક્ષ્મી તેથી વૈષ્ણવી, સ્કંદ જે કાર્તિક સ્વામી તેમની માતા અર્થાત્ પાર્વતી શિવશક્તિ, સરસ્વતી બ્રહ્માની શક્તિ, દેવોની માતા તેથી અદિતિ, દક્ષ પ્રજાપતિની દુહિતા (પુત્રી) સતી નામ્ની નાના પ્રકારનાં રૂપોને ધારણ કરનારી પવિત્ર મૂર્તિ તે ભુવનેશ્વરીને અમે સર્વ દેવતાઓ નમસ્કાર કરીએ છીએ. ૪૭

**महालक्ष्म्यै च विद्महे सर्वशक्त्यै च धीमहि ॥**
**तन्नो देवी प्रचोदयात् ॥ ४८ ॥**

તે દેવીને અમે મહાલક્ષ્મીરૂપે જાણીએ છીએ, સર્વની શક્તિ-રૂપ તે દેવીનું ધ્યાન કરીએ છીએ, તે દેવી અમારા જ્ઞાનની તથા ધ્યાનની પ્રેરણા કરો. ૪૮

**नमो विराट्स्वरूपिण्यै नमः सूत्रात्ममूर्तये ॥**
**नमो व्याकृतरूपिण्यै नमः श्रीब्रह्ममूर्तये ॥ ४९ ॥**

વિરાટ્રૂપ તેમજ સર્વમાં ઓતપ્રોતરૂપ તે દેવીને અમે નમસ્કાર કરીએ છીએ, આ જગત્માં નાના પ્રકારનાં નામરૂપ ધારણ કરી વ્યાપ્ત પામેલી તેમજ શ્રી બ્રહ્મમૂર્તિ જગદંબાને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૯

**यदज्ञानाज्जगद्भाति रज्जुसर्पस्रगादिवत् ॥**
**यज्ज्ञानाल्लयमाप्नोति नुमस्तां भुवनेश्वरीम् ॥ ५० ॥**

જેમ રજ્જુ ( દોરડી ) માં, દોરડીનું યથાર્થ સ્વરૂપ નહિ જાણ-વાથી તેમાં સર્પની માલાની પાણીના રેલાની લાકડીની પૃથ્વીની ફાટની એવી અનેક પ્રકારની ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, તેમજ ભગવતીનું

યથાર્થ સ્વરૂપ નહિ જાણવાથી આ જગત્ મિથ્યા છતાં પણ સત્ય ભાસે છે. પરંતુ જેમ રજ્જુ (દોરડી) નું યથાર્થ સ્વરૂપ જાણ્યું એટલે સર્પાદિક એની મેળે મિથ્યા થઈ જાય છે તેમજ ભગવતીનું યથાર્થ સ્વરૂપ જાણવાથી જગત્નો યાવત્ પ્રપંચ કલ્પિત છે એમ સિદ્ધ થાય છે તે ભુવનની ઈશ્વરી એવી જગદંબાને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૦

**नुमस्तत्पदलक्ष्यार्थां चिदेकरसरूपिणीम् ॥**
**अखण्डानन्दरूपां तां वेदतात्पर्यभूमिकाम् ॥ ५१ ॥**

"**तत्त्वमसि**" તે તું છે. અર્થાત્ તત્ પદનો વાચ્યાર્થ ઈશ્વર અને ત્વં પદનો વાચ્યાર્થ જીવ. ઈશ્વરને કારણની ઉપાધિ અને જીવને કાર્યની ઉપાધિ છે એ બંનેની ઉપાધિ જ્યારે દૂર કરીએ ત્યારે લક્ષ્યાર્થ પરબ્રહ્મ સ્વરૂપ એક થઈ પડે, તે શુદ્ધ બ્રહ્મ સ્વરૂપાને અમે નમસ્કાર કરીએ છીએ. ચૈતન્ય અદ્વિતીય રસરૂપ તેમજ અખંડ આનંદરૂપ વેદના રહસ્યરૂપ તે જગદંબાને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૧

**पञ्चकोशातिरिक्तां तामवस्थात्रयसाक्षिणीम् ॥**
**पुनस्त्वंपदलक्ष्यार्थां प्रत्यगात्मस्वरूपिणीम् ॥ ५२ ॥**

અન્નમય પ્રાણમય મનોમય વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ પ્રકારના જે કોશ તેથી અતિરિક્ત જેનું સ્વરૂપ છે. કોશ એ મીયાનનું નામ છે. જેમ તરવારના ઉપર મીયાન આવવાથી તરવારનું સ્વરૂપ આચ્છાદિત થાય છે તેમજ આ શરીરમાં પણ એકના પછી એક એવી રીતે પાંચ પડદા છે તેમાંથી પરાંબાનું સ્વરૂપ પૃથક્ કરીને જાણવું. જાગૃત સ્વપ્ન સુષુપ્તિ એ ત્રણે અવસ્થાની સાક્ષી અને ત્વંપદનો વાચ્યાર્થ જે જીવ જેને કાર્યની ઉપાધિ વળગેલી છે અને તેનો લક્ષ્યાર્થ જે બ્રહ્મસ્વરૂપ અર્થાત્ વ્યાપક આત્મસ્વરૂપ એવી તે જગદંબાને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૨

**नमः प्रणवरूपायै नमो ह्रींकारमूर्तये ॥**
**नानामन्त्रात्मिकायै ते करुणायै नमोनमः ॥ ५३ ॥**

પ્રણવ એટલે ઓંકારરૂપ, મહાલક્ષ્મીનું બીજ જે હ્રીં તેરૂપ, નાના પ્રકારના મંત્રરૂપ અર્થાત્ સર્વ મંત્રના આધારરૂપ અને કરુણાની સાક્ષાત્ મૂર્તિ તે ભગવતીને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૩

**इति स्तुता तदा देवैर्मणिद्वीपाधिवासिनी ॥**
**प्राह वाचा मधुरया मत्तकोकिलनिःस्वना ॥ ५४ ॥**

એ પ્રકારે દેવતાઓએ ભગવતીની સ્તુતિ કરી. બાદ મણિદ્વીપમાં વાસ કરીને રહેનારી તે ભગવતી મદોન્મત્ત કોકિલાના જેવા મધુર શબ્દ વડે દેવતાઓના પ્રતિ અત્યંત પ્રીતિથી બોલી. ૫૪

**॥ श्रीदेव्युवाच ॥**

**वदन्तु विबुधाः कार्यं यदर्थमिह संगताः ॥**
**वरदाहं सदा भक्तकामकल्पद्रुमाऽस्मि च ॥ ५५ ॥**

હે દેવતાઓ! જે કાર્યને માટે તમે એકઠા મળી અહીં આવ્યા છો તે કાર્ય કહો. ભકતોના મનોરથ પરિપૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન એવી હું સદા વરને આપવાવાળી છું અર્થાત્ તમે ખુશીથી વરદાન માગો હું આપવાને તૈયાર છું. ૫૫

**तिष्ठन्त्यां मयि का चिन्ता युष्माकं भक्तिशालिनाम् ॥**
**समुद्धरामि मद्भक्तान्दुःखसंसारसागरात् ॥ ५६ ॥**

હું જ્યાં સુધી બેઠેલી છું ત્યાં સુધી ભક્તિવડે શોભતા એવા જે તમે તે તમારે શી ચિંતા છે. અર્થાત્ મારે બેઠે તમારે કોઈ પણ પ્રકારની ચિંતા કરવી નહિ. મારી એવી પ્રતિજ્ઞા છે કે મારા ભકતોનો હું દુઃખરૂપી સંસારસાગરથી ઉદ્ધાર કરું છું. ૫૬

**इति प्रतिज्ञां मे सत्यां जानीथ विबुधोत्तमाः ॥**
**इति प्रेमाकुलां वाणीं श्रुत्वा संतुष्टमानसाः ॥ ५७ ॥**

હે ઉત્તમ દેવતાઓ! આ મારી સત્ય પ્રતિજ્ઞા છે એમ તમે નિશ્ચય જાણો. એ પ્રકારે પ્રેમથી ભરેલી વાણીને સાંભળી દેવતાઓ પોતાના મનમાં સંતુષ્ટ થયા. ૫૭

निर्भया निर्जरा राजन्नूचुर्दुःखं स्वकीयकम् ॥
॥ देवा ऊचुः ॥
नाऽज्ञातं किंचिदप्यत्र भवत्याऽस्ति जगत्रये ॥ ५८ ॥

હે રાજન્ જનમેજય! દેવીના વાકયથી નિર્ભય થયેલા તે દેવતાઓ પોતાનું દુઃખ કહેવા લાગ્યા. હે દેવિ! સ્વર્ગ મૃત્યુ અને પાતાલ એ ત્રણે લોકમાં શું તમારું અજાણ્યું છે અર્થાત્ તમે બધું જાણો છો અમે શું વધારે કહીએ. ૫૮

सर्वज्ञया सर्वसाक्षिरूपिण्या परमेश्वरि ॥
तारकेणासुरेन्द्रेण पीडिताः स्मो दिवानिशम् ॥ ५९ ॥

હે પરમેશ્વરિ! તમે સર્વનાં સાક્ષી છો તેમજ સર્વ હકીકતને જાણનારાં છો તો પછી અમારે વિશેષ શું કહેવું. તારક નામના અસુરથી રાત દિવસ અમે પીડિત છીએ. અર્થાત્ તમારે બેઠે અમને તારકાસુરની બાધા થાય એ ઠીક નહિ તેથી તેનો ઉપાય જલદી કરવો જોઇએ. ૫૯

शिवाङ्गजाद्वधस्तस्य निर्मितो ब्रह्मणा शिवे ॥
शिवाङ्गना तु नैवास्ति जानासि त्वं महेश्वरि ॥ ६० ॥

હે મંગલરૂપ ભગવતિ! બ્રહ્માએ તે તારકાસુરને વરદાન આપ્યું છે કે શિવજીના વીર્યથી ઉત્પન્ન થયેલો ઔરસ પુત્ર તારો વધ કરશે. પરંતુ હે મહેશ્વરિ! તમે સર્વજ્ઞ છો માટે જાણો છો કે શિવજીને સ્ત્રી નથી. અર્થાત્ શિવજીની સ્ત્રી સતી દક્ષપ્રજાપતિના યજ્ઞમાં બળીને ભસ્મ થયાં છે. ૬૦

सर्वज्ञपुरतः किं वा वक्तव्यं पामरैर्जनैः ॥
एतदुद्देशतः प्रोक्तमपरं तर्कयाम्बिके ॥ ६१ ॥

સર્વને જાણનારના આગળ પામર જનોએ શું કહેવું જોઇએ અર્થાત્ તમે સર્વજ્ઞ છો તો તમારા આગળ અમે પામર દેવતાઓ શું કહી શકીએ. આજે તમને અમે કહ્યું છે તે તો કેવલ સૂચના

જેવું છે બાકી તો હે અંબિકે! બીજું જે કાંઈ છે તે તમે તમારી મેળે જ જાણી લ્યો. ૬૧

सर्वदाचरणाम्भोजे भक्तिः स्यात्तव निश्चला ॥
प्रार्थनीयमिदं मुख्यमपरं देहहेतवे ॥ ६२ ॥

હે જગદંબિકે! તમારા ચરણારવિંદમાં અમારી દૃઢ ભક્તિ થાય એજ અમે વારંવાર માગીએ છીએ. અને એજ અમારે મુખ્ય પ્રાર્થના કરવાને લાયક છે. બાકી બીજું બધું જે અમે કહીએ છીએ તે તો કેવળ દેહના નિર્વાહને માટે છે. અર્થાત્ મુખ્ય તો અમારે તમારા ચરણની ભક્તિ જ માગવાની છે. ૬૨

इति तेषां वचः श्रुत्वा प्रोवाच परमेश्वरी ॥
मम शक्तिस्तु या गौरी भविष्यति हिमालये ॥ ६३ ॥
शिवाय सा प्रदेया स्यात्सा वः कार्यं विधास्यति ॥
भक्तिर्मच्चरणाम्भोजे भूयाद्युष्माकमादरात् ॥ ६४ ॥

એ પ્રકારે તે દેવતાઓનું વચન સાંભળીને પરમેશ્વરી બોલ્યાં કે હે દેવતાઓ! હિમાલય પર્વતમાં જે મારી ગૌરી નામની શક્તિ ઉત્પન્ન થશે તે ગૌરી શિવજીને તમે આપજો અર્થાત્ તે ગૌરીનો વિવાહ શિવજી સાથે કરજો. અને તે ગૌરી તમારું કાર્ય સિદ્ધ કરશે અર્થાત્ તે ગૌરીનો પુત્ર ઉત્પન્ન થશે અને તારકાસુરનો વધ કરશે એટલે તમારું કાર્ય સિદ્ધ થયું. અને મારા ચરણકમલમાં ઘણા જ આદરભાવથી તમારી ભક્તિ થાવ એવું ભગવતીએ દેવતાઓને કહ્યું. ૬૩-૬૪

हिमालयो हि मनसा मामुपास्तेऽतिभक्तितः ॥
ततस्तस्य गृहे जन्म मम प्रियकरं मतम् ॥ ६५ ॥

“કદાચિત્ કોઈ એવી શંકા કરે કે ભગવતીનો જન્મ હિમાલયને ત્યાં જ શું કરવા થયો બીજાને ઘેર કેમ થયો નહિ તેનું સમાધાન આ શ્લોકમાં કરે છે.” હિમાલય પર્વત અત્યંત ભક્તિથી મનવડે મારી ઉપાસના કરે છે તેથી તેના ઘરમાં મારો જન્મ થવો એ મને

અત્યંત પ્રિય છે. અર્થાત્ હું સર્વની માતા છું પરંતુ જેઓ મારું અનન્યભાવથી ભજન કરે છે તેને ઘેર હું પુત્રીરૂપે જન્મી તેના મનના મનોરથ પરિપૂર્ણ કરું છું એટલુંજ નહિ પરંતુ એ બહાને બીજાઓના મનોરથ પણ પરિપૂર્ણ કરું છું. કોઈ એવી શંકા કરે કે હિમાલય તો પાષાણનો પહાડ છે. કાંઇ મનુષ્યના જેવી તેની આકૃતિ નથી તો તેને ઘેર જન્મ કેમ સંભવે? એ શંકા સર્વથા ખોટી છે, કારણ કે હિમાલયનાં બે સ્વરૂપ છે. એક સ્થૂલ અને બીજું સૂક્ષ્મ. સ્થૂલ સ્વરૂપ જે પાહાડ પાષાણ વગેરે આપણે જોઈએ છીએ તે અને બીજું તેનું સૂક્ષ્મ દેવસ્વરૂપ કે જે આકૃતિવાળું છે તેનાથી સર્વ વ્યવહાર મનુષ્યના જેવોજ થાય છે એવું શાસ્ત્રમાં જોવામાં આવ્યું છે તેથી તેને ઘેર ભગવતીનો જન્મ સંભવે છે. ૬૫

॥ व्यास उवाच ॥

हिमालयोऽपि तच्छ्रुत्वाऽत्यनुग्रहकरं वचः ॥
बाष्पैः संरुद्धकण्ठाक्षो महाराज्ञीं वचोऽब्रवीत् ॥६६ ॥

વ્યાસજી જનમેજયના પ્રતિ કહે છે આ પ્રકારનું વચન દેવતાઓએજ સાંભળ્યું એમ નહિ પરંતુ હિમાલયે પણ સાંભળ્યું. અત્યંત અનુગ્રહ કરવાવાળું તે વચનને સાંભળી પ્રેમનાં આંસુથી કંઠ અને નેત્ર જેનાં ભરાઈ આવ્યાં છે એવો તે હિમાલય મહારાણી ભુવનેશ્વરીના પ્રતિ આ પ્રકારે વચન બોલ્યો. ૬૬

महत्तरं तं कुरुषे यस्यानुग्रहमिच्छसि ॥
नोचेत्काहं जडः स्थाणुः क त्वं सच्चित्स्वरूपिणी ॥ ६७ ॥

મારી ભક્તિવડે પ્રસન્ન થએલાં તમે મારે ઘેર અવતાર લેસો તે તો કેવલ હું તમારાં લાડ લડાવું એટલાજ માટે; બાકી તો જેના ઉપર તમે અનુગ્રહની ઇચ્છા કરો છો તેનેજ સર્વથી મહોટો કરો છો. જો એમ ન હોય તો હું એક થાંભલા જેવો જડ પાહાડ કયાં અને ચૈતન્યસ્વરૂપિણી તમે કયાં. અર્થાત્ કયાં તો હું એક પાહાડ અને કયાં તમે ભુવનની ઈશ્વરી. મારે ઘેર તમારો જન્મ કેમ સંભવે. તેથી એમ સિદ્ધ થાય છે કે જેના ઉપર તમારી કૃપા થઈ તે માણસ ત્રણે લોકમાં એક મહારત્ન થાય છે. ૬૭

**असंभाव्यं जन्मशतैस्त्वत्पितृत्वं ममानघे ॥**
**अश्वमेधादिपुण्यैर्वा पुण्यैर्वा तत्समाधिजैः॥ ६८ ॥**

હે નિર્મલ ભગવતિ! તમે સાક્ષાત્ ચૈતન્યરૂપ છો એથી મારા સેકડો જન્મમાં પણ હું તમારો જનક (પિતા) થાઉં એ તો કોઈ કાલમાં પણ સંભવે નહિ તો પણ તમે મારે ઘેર જન્મ ધારણ કરી મને પિતા કરવા ધારો છો તેમાં તમારી ઇચ્છાજ કેવલ કારણ છે. અથવા તો મે જે અશ્વમેધાદિ યજ્ઞો કર્યા તેના પુણ્યથી અથવા સમાધિથી ઉત્પન્ન થએલા ઉગ્ર પુણ્યના પ્રભાવથી તમે મને પિતારૂપ કરવા ઇચ્છો છો. ૬૮

**अद्य प्रपञ्चे कीर्तिः स्याज्जगन्माता सुताऽभवत् ॥**
**अहो हिमालयस्यास्य धन्योसौ भाग्यवानिति ॥ ६९ ॥**

હિમાલય પોતાના ભાગ્યનું વર્ણન કરે છે. અહો આ હિમાલય પર્વતને ત્યાં જગત્‌ની માતા કન્યારૂપે અવતર્યાં એને ધન્ય છે, તે ભાગ્યવાન્ છે, એવી રીતે આ દુનીયામાં આજથી લઇને મારી કીર્તિ અચલ થશે. અર્થાત્ તમારો મારા ઘરમાં જન્મ થવાથી આ દુનિયામાં મારો યશ અમર થશે અને હું કૃતકૃત્ય ગણાઇશ. ૬૯

**यस्यास्तु जठरे सन्ति ब्रह्माण्डानां च कोटयः ॥**
**सैव यस्य सुता जाता को वा स्यात्तत्समो भुवि ॥ ७० ॥**

હે માતઃ! જેના ઉદરમાં અનંત કોટિ બ્રહ્માંડ રહ્યાં છે તે જગદંબા જેની પુત્રીરૂપ ઉત્પન્ન થયાં તેના સમાન આ જગત્‌માં બીજો કોણ છે. અર્થાત્ જે જગત્‌ની આદ્યશક્તિ માયારૂપ કારણ થઇને તે જ પોતે ભક્તના હિત માટે આ જગત્‌ના કાર્યરૂપ મારે ઘેર ઉત્પન્ન થયાં આ કેવો મારા ભાગ્યનો ઉદય સમજવો. ૭૦

**न जानेस्मत्पितॄणां किं स्थानं स्यान्निर्मितं परम् ॥**
**एतादृशानां वासाय येषां वंशेस्ति मादृशः ॥ ७१ ॥**

જેમના વંશમાં મારા જેવો ભાગ્યવાન્ પુરુષ છે તે મારા પિતૃઓનું કીયું એવું બ્રહ્મલોકથી પણ અધિક સ્થાન ઉત્તમ નિર્માણ

કર્યું છે કે તેમનો ત્યાં વાસ થાય અર્થાત્ મૃત્યુલોકમાં તો મારી કીર્તિ અચલ થશે એમાં સંશય નથી પરંતુ મારા પિતૃઓ કે જેમના વંશમાં હું ઉત્પન્ન થયો છું તેઓ સ્વર્ગમાંથી બ્રહ્મલોકમાં જશે અને એથી પણ બીજું કોયું ઉત્તમ સ્થાન કે જેની મને પણ ખબર નથી તેવા સ્થાનમાં તેઓ જશે. એવો તમારા જન્મનો પ્રભાવ છે એમ હું માનું છું. ૭૧

**इदं यथा च दत्तं मे कृपया प्रेमपूर्णया ॥**
**सर्ववेदान्तसिद्धं च त्वद्रूपं ब्रूहि मे तथा ॥ ७२ ॥**

જેવી રીતે અત્યંત પ્રેમના ઉમલકાથી તમે મને પિતાનું સ્થાન આપ્યું અર્થાત્ મારા ઘરમાં જન્મ લઈ મને કૃતાર્થ કરવાનું વચન આપ્યું. તેવીજ રીતે હે માતઃ! સર્વ વેદાંત (સંપૂર્ણ વેદોનો અંત એટલે શિરોભાગ–ઉપનિષદ્‌ભાગ) તેમાં વર્ણન કરેલું તમારું સ્વરૂપ મને કૃપા કરીને કહો. અર્થાત્ વેદાંતની અંદર તમારું સ્વરૂપ કેવી રીતે વર્ણવ્યું છે એ તમે મને કૃપા કરીને કહો એવો પ્રશ્ન હિમાલયે ભગવતીને પૂછયો. ૭૨

**योगं च भक्तिसहितं ज्ञानं च श्रुतिसंमतम् ॥**
**वदस्व परमेशानि त्वमेवाहं यतो भवेः ॥ ७३ ॥**

હે સર્વની અધિષ્ઠાત્રિ! ભક્તિસહિત યોગ અને વેદમાં સંમત જ્ઞાન એ બેને કહો, જે જ્ઞાનવડે તમારો અને મારો અભેદ બોધ થાય એવું જ્ઞાન કહો. અર્થાત્ જે યોગાભ્યાસ કરવાથી તમારા ચરણકમલમાં ભક્તિ ઉત્પન્ન થાય એવો યોગ કહો અને વેદના અનુકૂળ જ્ઞાન કહો જે જ્ઞાનવડે મને અભેદ બોધ થાય, એવું પુછયું. ૭૩

**॥ व्यास उवाच ॥**

**इति तस्य वचः श्रुत्वा प्रसन्नमुखपंकजा ॥**
**वक्तुमारभताम्बा सा रहस्यं श्रुतिगूहितम् ॥ ७४ ॥**

**॥ इतिश्री दे० म० सप्तमस्कंधे देवीगीतायां प्रथमोऽध्यायः ॥ १ ॥**

વ્યાસજી જનમેજયના પ્રતિ કહે છે કે એ પ્રકારે હિમાલયનું વચન સાંભળી પ્રસન્ન જેનું મુખકમલ છે એવાં જગદંબા, શ્રુતિ એટલે વેદમાં ગુપ્ત રહેલું જ્ઞાનરૂપી રહસ્ય કહેવાને આરંભ કરતાં હવાં. અર્થાત્ હિમાલયને સંપૂર્ણ રીતે અધિકારી જાણી પોતાનું રહસ્ય જ્ઞાન કહેવા લાગ્યાં. ૭૪

॥ इति श्रीदेवीभागवतमां सप्तमस्कन्धमां देवीगीतामां पेहेलो अध्याय समाप्त ॥१॥

## अध्याय २ जो.

આ બીજા અધ્યાયના પચાસ શ્લોકોવડે જગદંબા પોતે આત્મતત્ત્વનું નિરૂપણ હિમાલય પ્રતિ કરશે.

॥ श्रीदेव्युवाच ॥

शृण्वन्तु निर्जराः सर्वे व्याहरन्त्या वचो मम ॥
यस्य श्रवणमात्रेण मद्रूपत्वं प्रपद्यते ॥ १ ॥

દેવી દેવતાઓના પ્રતિ કહે છે કે હે દેવો! જે હું કથન કરું છું તે મારું વચન તમે સાંભળો. જેના શ્રવણથી તમે મારા રૂપને પામશો. અર્થાત્ હિમાલયને આગળ કરી ભગવતી આત્મતત્ત્વનું નિરૂપણ દેવતાઓના આગળ કરે છે. ૧

अहमेवाऽऽस पूर्वं तु नान्यत्किंचिन्नगाधिप ॥
तदात्मरूपं चित्संवित्परब्रह्मैकनामकम् ॥ २ ॥

હે પર્વતોના અધિપતિ હિમાલય! આ સૃષ્ટિના પૂર્વે એટલે આદિ કાલમાં હું આત્મસ્વરૂપિણી જ હતી, આ બધું દેખાતું નામરૂપવાળું જગત્ કાંઇ પણ નહિ હતું. અર્થાત્ સજાતીય[1]

[1] સજાતીય એટલે જેમ વૃક્ષનું સજાતીય બીજું વૃક્ષ છે તેમ આત્માનો સજાતીય બીજો આત્મા સૃષ્ટિના આદિકાળમાં નથી.

વિજાતીય[1] અને સ્વગતભેદ[2] રહિત આત્મતત્ત્વરૂપે જ હતું બીજું કાંઇ પણ ન હતું. વેદની શ્રુતિ પણ ઉપરના અર્થને બોધન કરે છે **"आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत् किंचित्"** સૃષ્ટિના આદિકાલમાં આત્મા શિવાય બીજું કાંઈ પણ હતું નહિ. તે આત્મસ્વરૂપ ચિત્–ચૈતન્ય સ્વરૂપ, સંવિત્–જ્ઞાનસ્વરૂપ, પરબ્રહ્મ–વ્યાપક સ્વરૂપ, એક–અદ્વિતીય નામ હતું. ૨

**अप्रतर्क्यमनिर्देश्यमनौपम्यमनामयम् ॥**

**तस्य काचित्स्वतः सिद्धा शक्तिर्मायेति विश्रुता ॥ ३ ॥**

તે આત્મસ્વરૂપ કેવું છે કે અપ્રતર્ક્ય–તર્ક એટલે અનુમાન તે અનુમાનમાં કોઈ પણ રીતે આવી શકે નહિ તેથી અપ્રતર્ક્ય અર્થાત્ કેવલ વેદની શ્રુતિઓથી જ જાણી શકાતું, અને વળી તે આત્મસ્વરૂપ અનિર્દેશ્ય એટલે જેમકે જાતિ ગુણ ક્રિયા અને નામ એવડે કોઈ પણ પદાર્થને આપણે આંગળીવડે બતાવી શકીએ છીએ તેમ શ્રુતિવડે પણ તે આત્મસ્વરૂપ જાતિ ગુણ ક્રિયા અને નામવડે દેખાતું નથી. તે આત્મસ્વરૂપ અનૌપમ્ય એટલે જેમ કે આપણે કોઇને ઉપમા આપીએ કે આનું મુખ ચંદ્રમા જેવું છે કારણ કે ચંદ્રમામાં જે આલ્હાદકત્વાદિ ગુણો છે તે મુખની અંદર મળી આવે છે તેથી મુખને ચંદ્રની ઉપમા આપી શકીએ છીએ પરંતુ આત્મામાં જે ગુણો છે તે ગુણવાળું પદાર્થ આ જગત્માં નહિ મળવાથી આત્મસ્વરૂપ અનૌપમ્ય છે. વળી તે આત્મસ્વરૂપ અનામય એટલે જેમ બધા પદાર્થોની અંદર અસ્તિ એટલે છે, જાયતે એટલે ઉત્પન્ન થાય છે, વર્દ્ધતે એટલે વૃદ્ધિ પામે છે, વિપરિણમતે એટલે વિપરિણામ પામે છે, અપક્ષીયતે એટલે દિવસે દિવસે ઘટતું જાય છે, નશ્યતિ એટલે નાશ પામે છે, એ છ પ્રકારના વિકારો જોવામાં આવે છે તેમજ આત્મસ્વરૂપમાં જોવામાં આવતા નથી તેથી આત્મસ્વરૂપ અનામય છે. અર્થાત્ ઉપરના છ વિકારો દેહમાં

---

૧ વિજાતીય એટલે જેમ વૃક્ષનું વિજાતીય પદાર્થ પાષાણ છે તેમજ સૃષ્ટિના આદિકાલમાં બીજું કોઇ પણ પદાર્થ ન હતું.

૨ સ્વગત એટલે વૃક્ષના જેમ ડાલાં પાંદડાં વગેરે છે તેમજ સૃષ્ટિના આદિકાલમાં બીજું કાંઈ પણ ન હતું. એથી આત્મતત્ત્વ સજાતીય વિજાતીય સ્વગતભેદરહિત છે.

જોવામાં આવે છે અને આત્માનો દેહ તો છે જ નહિ તેથી તે આત્મા અનામય છે. જ્યારે તે આત્મા આવો નિર્ગુણ છે તો પછી જગત્નું કારણ કેમ સંભવે? કારણ કે જેમ આંબાના ઝાડનું કારણ આંબાની ગોટલી છે અને તેમાં જેવા ગુણો હોય છે તેવાજ ગુણવાળાં ફલો થાય છે. કારણ અને કાર્યનો અભેદ લોકમાં જોવામાં આવે છે. આત્મા જો નિર્ગુણ હોય તો આ જગતનું કારણ સંભવે નહિ. કારણ કે જગત્ કાર્ય છે અને તે સગુણ છે એટલે સગુણનું કારણ નિર્ગુણ સંભવે નહિ તેનું સમાધાન અર્દ્ધ શ્લોકમાં કરે છે કે તે આત્મ સ્વરૂપની કોઇ એક અનિર્વચનીય એટલે જેનું આપણે વિવેચન ન કરી શકીએ એવી પોતાની મેળે રહેલી શક્તિ છે, જે શકિતનું બીજું નામ માયા છે. અર્થાત્ આત્માની સત્તાથી તે માયા જ આ જગતનું કારણ છે નિર્ગુણ આત્મા કારણ નથી. ૩

**न सती सा नासती सा नोभयात्मा विरोधतः ॥**

**एतद्विलक्षणा काचिद्वस्तुभूताऽस्ति सर्वदा ॥ ४ ॥**

તે માયા કેવી છે કે ત્રણે કાલમાં બાધ થવાને યોગ્ય જે ન હોય તે સદ્રૂપ કહેવાય અને બ્રહ્મજ્ઞાનથી માયાનો બાધ થાય છે તેથી માયા સતી નથી અર્થાત્ સદ્રૂપા નથી. તેમ જ વંધ્યાપુત્ર (વાંઝણીનો પુત્ર), શશવિષાણ (શશલાનું શીંગડુ), ખપુષ્પ (આકાશનું પુષ્પ) એની માફક અત્યંત અસતી નથી અર્થાત્ અસદ્રૂપા નથી, કારણ કે માયાના પદાર્થોનો વ્યવહાર કરવામાં આવે છે. આ બધું દેખાતું જગત્ માયાકલ્પિત છે. તેમ જ તે માયા સદ્રૂપા અને અને અસદ્રૂપા એ ઉભયાત્મિકા પણ નથી. કારણ કે સદ્ હોય ત્યાં અસદ્ રહી શકે નહિ અને અસદ્ હોય ત્યાં સદ્ રહી શકે નહિ; સદ્ અને અસદ્નો તમઃપ્રકાશની માફક વિરોધ છે. તેથી સદ્રૂપ, અસદ્રૂપ અને સદસદ્રૂપ એ ત્રણેથી વિલક્ષણ કોઈ પણ અનિર્વચનીયા (જેનું કોઈ પણ રીતે કથન ન કરી શકીએ તેવી) અસ્તિરૂપ અનાદિ અર્થાત્ મોક્ષ પર્યંત રહેનારી તે માયા છે. ૪

**पावकस्योष्णतेवेयमुष्णांशोरिव दीधितिः ॥**

**चन्द्रस्य चन्द्रिकेवेयं ममेयं सहजा ध्रुवा ॥ ५ ॥**

હવે દૃષ્ટાંત આપી આ શ્લોકમાં સમજાવે છે કે જેમ અગ્નિની ઉષ્ણતા અગ્નિથી જુદી નથી, જેમ સૂર્યનાં કિરણો સૂર્યથી જુદાં નથી, જેમ ચંદ્રની ચાંદની ચંદ્રથી જુદી નથી, તેમ જ આ મારી માયા સહજા એટલે અનાદિ અને ધ્રુવા એટલે મોક્ષ પર્યંત રહેનારી મારી શક્તિરૂપા છે. અર્થાત્ આથી એ બોધન કર્યું કે માયાશક્તિ સહિત શબલબ્રહ્મ આ સંપૂર્ણ જગતનું કારણ છે એમ સિદ્ધ થયું. પ્રથમ જે શંકા કરી હતી કે સૃષ્ટિના આદિકાલમાં સજાતીય વિજાતીય સ્વગત ભેદરહિત શુદ્ધબ્રહ્મ જગત્‌નું કારણ કેવી રીતે બની શકે તેનું સમાધાન આ શ્લોકમાં કર્યું. ૫

**तस्यां कर्माणि जीवानां जीवाः कालाश्च संचरे ॥**
**अभेदेन विलीनाः स्युः सुषुप्तौ व्यवहारवत् ॥ ६ ॥**

“ જ્યારે સકલ ભુવનનું કારણ સત્ ચિત્ આનંદરૂપ તમે જ છો ત્યારે એક શંકા એવી ઉત્પન્ન થાય છે કે તમે જગત્‌નાં માતા છો તો તમારે બધાએ જીવો સમાન ઉત્પન્ન કરવા હતા એક ઉંચ બીજો નીચ, એક સુખી બીજો દુઃખી, એવી સૃષ્ટિ શું કરવા નિર્માણ કરી? એથી વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય એ બે દોષ તમારામાં આવશે એ શંકાનું સમાધાન આ શ્લોકમાં કરે છે.” જેવી રીતે સુષુપ્તિ દશામાં પ્રતિદિન જીવોના બધા વ્યવહારો અભેદરૂપવડે લીન થઈ જાય છે અને જ્યારે જાગે છે ત્યારે પાછા એની મેળે જ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે સંચરે એટલે મહાપ્રલયના વખતે તે જીવો તેમનાં કર્મ કાલ એ સર્વે અનાદિ માયામાં અભેદરૂપે લીન થઇને રહે છે. જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિનો સમય આવે છે ત્યારે તેજ માયા પોતાની શક્તિવડે જે જીવનું જેવું કર્મ હોય છે તે જીવને તેવું ફલ આપે છે, તેથી હે દેવતાઓ! તમે મારામાં વૈષમ્ય નૈર્ઘૃણ્ય દોષની સંભાવના કરી તે દોષો છે જ નહિ. હું તો માત્ર પ્રાણિઓનાં જેવાં કર્મો હોય છે તદનુસાર ફલ આપવાવાળી છું. ૬

**स्वशक्तेश्च समायोगादहं बीजात्मतां गता ॥**
**स्वाधारावरणात्तस्या दोषत्वं च समागतम् ॥ ७ ॥**

જો કે સત્ ચિત્ આનંદરૂપા અને નિર્ગુણા છું તો પણ મારી શક્તિ જે માયા છે કે જેનામાં યાવત્ જીવો તેમનાં કર્મો કાલ વગેરે અભેદરૂપે લીન થઈને રહ્યાં છે તે માયાશક્તિસહિત મારું બીજું રૂપ હોવાથી આ જગત્‌નું બીજ એટલે કારણ સગુણરૂપે હું થઈ. આ ઠેકાણે એવી શંકા ઉત્પન્ન થાય છે કે જેમ તમારી શક્તિ એટલે માયા તમારામાં રહી છે અને જેવી રીતે તમને મોહ પામાડતી નથી તેવી જ રીતે જીવમાં રહેલી જીવની શક્તિ પણ જીવને મોહ પામાડવાની નથી તો જીવોમાં અજ્ઞાનનો સંભવ જ નથી અને બધા જીવો મુક્ત જ થવાના તો પછી જીવ સૃષ્ટિ બધી નિરર્થક જ છે. આવી દેવતાઓની શંકા બરોબર છે. તેનું સમાધાન ભગવતી અર્દ્ધશ્લોકમાં આપે છે કે સ્વ એટલે માયા અને તેનો આધાર આત્મા તેનું આચ્છાદન હોવાથી આ માયાનું દોષપણું પ્રાપ્ત થયું અર્થાત્ માયાનું બે પ્રકારનું રૂપ છે એક માયારૂપ અને બીજું અવિદ્યારૂપ. વેદની શ્રુતિ પણ બે પ્રકારનું રૂપ બતાવે છે. "**माया चाविद्या च स्वयमेव भवति**" માયારૂપ અને અવિદ્યારૂપ એ પોતાની મેળે જ થાય છે." તે બે પ્રકારનાં રૂપમાં પ્રથમા જે મારી શકિત માયા છે તે જેને આશ્રય કરીને રહી છે તેને વ્યામોહ કરી શકતી નથી અર્થાત્ મારી માયા મને મોહ પમાડી શકતી નથી કારણ કે મારી માયા મારે અધીન ( તાબામાં ) છે હું તેના અધીન નથી. પરંતુ બીજી જે અવિદ્યારૂપ શકિત છે કે જે જીવને આશ્રય કરી રહી છે તે અવિદ્યારૂપ શક્તિ તે જીવને મોહ પામાડે છે જ અને જીવાત્મા જ્યારે મોહમાં એટલે અજ્ઞાનમાં પડયો ત્યારે તેના મોક્ષ સારુ આ સૃષ્ટિ કરવી જ જોઈએ કે જેમાં આવીને જીવાત્મા પોતાનું સ્વરૂપ ઓળખી મુક્ત થાય. ૭

**चैतन्यस्य समायोगान्निमित्तत्वं च कथ्यते ॥**
**प्रपञ्चपरिणामाच्च समवायित्वमुच्यते ॥ ८ ॥**

"વળી દેવતાઓ શંકા કરે છે કે જેવી રીતે ઘટનું ઉપાદાન કારણ મૃત્તિકા છે અને નિમિત્ત કારણ કુંભાર, તેનો ચાકડો, તેને ફેરવવાનો દંડ વગેરે છે તેમ જ યાવત્ કાર્યોનાં ઉપાદાન અને

નિમિત્ત એ બે કારણો લોકમાં જોવામાં આવે છે તેવી જ રીતે જગત્ કાર્ય છે અને તેનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ તમે એક જ છો બીજું કારણ તો જોવામાં આવતું નથી? આ શંકાનું સમાધાન આ શ્લોકમાં કરે છે." મારું જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેનો માયાની સાથે સંબંધ થવાથી અર્થાત્ માયામાં પ્રતિબિંબ પડવાથી નિમિત્ત કારણ કહીએ છીએ. ભાવાર્થ–માયામાં પ્રતિબિંબિત જે ચિદાભાસ તે જ આ જગત્નું નિમિત્ત કારણ છે. જેમ દુધ દહીરૂપે પરિણામ પામે છે તેમ જ માયા પ્રપંચરૂપે એટલે જગતરૂપે પરિણામ પામે છે, તેથી સમવાયિત્વ એટલે ઉપાદાન કારણરૂપ કહેવાઈ. (જેને નૈયાયિકો સમવાયિકારણ કહે છે તેને જ વેદાંતીઓ ઉપાદાન કારણ કહે છે) સમવાયિકારણ અને ઉપાદાન કારણ એ બેનો ભેદ નથી. અર્થાત્ ચિદાભાસનિમિત્ત કારણ અને માયા ઉપાદાન કારણ એમ જગત્રૂપ કાર્યનાં બે કારણો સિદ્ધ થયાં અને સર્વનું અધિષ્ઠાન શુદ્ધ બિંબભૂત થયું અર્થાત્ વિવર્તોપાદાન ચૈતન્ય સિદ્ધ થયું, એવી રીતે દેવતાઓની શંકાનું સમાધાન થયું. ૮

**केचित्तां तप इत्याहुस्तमः केचिज्जडं परे ॥**
**ज्ञानं मायाप्रधानं च प्रकृतिं शक्तिमप्यजाम् ॥ ९ ॥**

"ઉપરના શ્લોકમાં માયા બતાવી પરંતુ તે માયા અસ્તિરૂપે છે એમાં શું પ્રમાણ છે તે આ શ્લોકમાં બતાવે છે." કેટલાએક વેદની શાખાવાળા તે માયાને તપ એ પ્રકારે કહે છે. અથર્વવેદના મુંડક નામના ઉપનિષદ્માં શ્રુતિ પણ છે કે "**तपसा चीयते ब्रह्म**" શુદ્ધ ચૈતન્યરૂપ બ્રહ્મ તપ એટલે માયાવડે નાનારૂપે થયું. આ વેદની શ્રુતિમાં માયાનો તપ એવા શબ્દથી વ્યવહાર કર્યો છે. કેટલાએક માયાને તમ એ પ્રકારે કહે છે. અને તેમાં નીચેની શ્રુતિનું પ્રમાણ આપે છે. "**नासदासीन्नो सदासीत्—तम आसीत्**" અસદ્રૂપ નથી તેમ સદ્રૂપ પણ નથી કિંતુ તમોરૂપ છે. આ શ્રુતિમાં તમશબ્દથી માયાનું ગ્રહણ કર્યું છે. તેમ જ કેટલાએક માયાનો જડ એવા શબ્દથી વ્યવહાર કરે છે. અને કૃષ્ણયજુર્વેદના શ્વેતાશ્વતર નામના ઉપનિષદ્માં જ્ઞાન, માયા, પ્રધાન, પ્રકૃતિ, શક્તિ,

અજ, એવા નામોથી માયા શબ્દનો વ્યવહાર જોવામાં આવે છે. અર્થાત્ એક જ માયાનાં જુદાં જુદાં નામો આપી તેનો વ્યવહાર તે તે વેદમાં કર્યો છે એથી એમ માલમ પડી આવે છે કે આ માયા સર્વ વેદમાં સંમત છે. ૯

विमर्श इति तां प्राहुः शैवशास्त्रविशारदाः ॥
अविद्यामितरे प्राहुर्वेदतत्त्वार्थचिन्तकाः ॥ १० ॥

શૈવ આગમમાં કુશલ એવા કેટલાએક વિદ્વાનો તે માયાનો વિમર્શ એવા શબ્દથી વ્યવહાર કરે છે. અને વેદના તત્ત્વાર્થનો વિચાર કરનારા કેટલાએક વિદ્વાનો તે માયાને અવિદ્યા એવા શબ્દથી કહે છે. ૧૦

एवं नानाविधानि स्युर्नामानि निगमादिषु ॥
तस्या जडत्वं दृश्यत्वाज्ज्ञाननाशात्ततोऽसती ॥ ११ ॥

એ પ્રકારે વેદોમાં અને શાસ્ત્રોમાં માયાનાં નાના પ્રકારનાં નામો જોવામાં આવે છે. જો કે બધા શાસ્ત્રકારોએ તેનો વ્યવહાર કર્યો છે ખરો પરંતુ તે માયાનું જડપણું માન્યું છે. શાથી તે માયા જડ છે તેમાં કારણ આપ્યું છે કે તે દૃશ્ય છે. જે જે દૃશ્ય વસ્તુ હોય તે તે બધી જડ હોય છે; જેમ કે ઘટ. ઘડો દૃશ્ય છે તેથી જડ છે અને તે માયાનું મિથ્યાપણું પણ માન્યું છે તેમાં કારણ એવું આપ્યું કે જ્ઞાનનો નાશ થાય છે તેથી અર્થાત્ જ્ઞાનની ઉત્પત્તિ થયા પછી માયારૂપી અજ્ઞાનનો નાશ થાય છે તેથી માયા મિથ્યા છે. ૧૧

चैतन्यस्य न दृश्यत्वं दृश्यत्वे जडमेव तत् ॥
स्वप्रकाशं च चैतन्यं न परेण प्रकाशितम् ॥ १२ ॥

अनवस्थादोषसत्त्वान्न स्वेनापि प्रकाशितम् ॥
कर्मकर्तृविरोधः स्यात्तस्मात्तद्दीपवत्स्वयम् ॥ १३ ॥

प्रकाशमानमन्येषां भासकं विद्धि पर्वत ॥
अतएव च नित्यत्वं सिद्धं संवित्तनोर्मम ॥ १४ ॥

"એ પ્રકારે માયાનું જડપણું અને મિથ્યાપણું પ્રતિપાદન કર્યું હવે આત્મામાં જડત્વ અને મિથ્યાત્વ એ બંને નથી તે આ શ્લોકોમાં પ્રતિપાદન કરે છે." જો શુદ્ધ ચૈતન્યને તમે દૃશ્ય માનશો તો ઘટની માફક ચૈતન્ય પણ જડજ થશે, કારણ કે લોકમાં એવો સાહચર્યનિયમ જોવામાં આવે છે કે જે જે દૃશ્ય વસ્તુ હોય તે તે જડ હોય છે. જેમ કે ઘટ. જો એમ માનશો તો સર્વને જડપણું થશે અને પ્રકાશક કોઈ પણ રહેશે નહિ તો પછી આખા જગત્‌માં અંધપણાનો પ્રસંગ આવશે તેથી ચૈતન્યને દૃશ્યપણું નથી અને જો દૃશ્યપણું માનશો તો ચૈતન્ય પણ ઘટની માફક જડજ કહેવાશે. આ ઠેકાણે એવી શંકા થાય છે કે જો ચૈતન્યને દૃશ્યપણું નહિ માનીએ તો પછી ચૈતન્યના અસ્તિપણા વિષે શું પ્રમાણ છે? જેમ કે ઘટ દૃશ્ય છે તો તેનો આપણે અસ્તિરૂપે વ્યવહાર કરીએ છીએ. તેનું સમાધાન અર્દ્ધ શ્લોકમાં કરે છે. ચૈતન્ય સ્વપ્રકાશ (પોતાની મેળે પ્રકાશનારું) છે બીજાવડે તેનો પ્રકાશ થતો નથી. અર્થાત્ ચૈતન્ય યાવત્ પદાર્થોને પ્રકાશ કરનારું હોવાથી એક અસ્તિરૂપે તત્ત્વ છે એમ માન્યા શિવાય ગતિ જ નથી. આ પ્રમાણે ઉપરની શંકાનું સમાધાન થઈ ગયું. જો ચૈતન્યને પણ અન્યના પ્રકાશથી પ્રકાશનારું માનશો તો પછી તેને પણ ત્રીજું પ્રકાશ કરનારું માનવું પડશે અને ત્રીજાને ચોથું, ચોથાને પાંચમું, એમ અનવસ્થા દોષ આવી પડશે એટલા માટે ચૈતન્યને સ્વપ્રકાશ (પોતાની મેળે પ્રકાશનારું) એમજ માનવું જોઇએ, બીજાના પ્રકાશથી પોતે પ્રકાશે છે એમ માનવું નહિ. જેમ હું ઘટને જોઉં છું એ વાક્યમાં હું એ કર્તા, અને ઘટ એ કર્મ જોઉં છું એ ક્રિયા, એ ત્રણે પદાર્થો જુદાં જુદાં છે. અને વિરુદ્ધ ધર્મવાળાં છે તેથી એકમાં સંભવે નહિ. તેમ જ ચૈતન્ય પોતે પોતાવડે પ્રકાશિત નથી; કારણ કે કર્તાનો અને કર્મનો વિરોધ આવે છે પોતેજ કર્તા અને પોતેજ કર્મ એમ લોકમાં જોવામાં આવતું નથી તેથી જેમ દીપ (દીવો) સ્વયંપ્રકાશ (પોતે પ્રકાશ સ્વરૂપ) છે અને બીજાં જે પદાર્થો છે તેનો પણ પ્રકાશક છે. હે હિમાલય! તેવી જ રીતે મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વયં ભાસમાન છે અને

બીજા જે સૂર્ય ચંદ્ર અગ્નિ વગેરે પદાર્થો છે તેનું ભાસક છે. ઉપરના અર્થને ટેકો આપનારી વેદની શ્રુતિઓ પણ છે. "**न तत्र सूर्यो न चन्द्रतारके नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः**" તે સ્વયંપ્રકાશ ચૈતન્યસ્વરૂપમાં સૂર્ય, ચંદ્ર, તારાઓ, વિજળી વગેરે પ્રકાશ કરી શકતાં નથી તો અગ્નિ કયાંથી પ્રકાશ કરી શકે. અર્થાત્ સૂર્ય, ચંદ્ર, તારાઓ, વિજળી, એ દિવ્ય આકાશનાં તેજો પ્રકાશ કરી શકતાં નથી તો પૃથ્વી ઉપર રહેલો અગ્નિ કેવી રીતે પ્રકાશ કરી શકે. "**तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति**" સંપૂર્ણ પ્રકાશવાળું તે ચૈતન્યરૂપ જ પ્રકાશિત છે અને તેના પ્રકાશવડે આ સંપૂર્ણ જગત્ પ્રકાશિત ભાસે છે. "**येन सूर्यस्तपति तेजसेद्धः**" જે ચૈતન્યના તેજવડે જાજવલ્યમાન સૂર્ય તપી રહ્યો છે. ઇત્યાદિ વેદની શ્રુતિઓ પણ ચૈતન્યના સ્વયંપ્રકાશમાં પ્રમાણ છે. ૧૨-૧૩-૧૪.

**जाग्रत्स्वप्नसुषुप्त्यादौ दृश्यस्य व्यभिचारतः ॥**
**संविदो व्यभिचारश्च नानुभूतोऽस्ति कर्हिचित् ॥ १५ ॥**

"જે કારણથી જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનું નિત્યપણું પ્રતિપાદન કર્યું તે કારણ આ શ્લોકમાં પ્રતિપાદન કરે છે." જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં દૃશ્ય જે ઘટપટ આદિ પદાર્થો છે તેનો વ્યભિચાર જોવામાં આવે છે અર્થાત જાગ્રત્ અવસ્થામાં જે પદાર્થોનો આપણે અનુભવ કરીએ છીએ તે પદાર્થોનો સ્વપ્નાવસ્થામાં અભાવ હોય છે અને સ્વપ્નાવસ્થામાં જે પદાર્થોનો આપણે અનુભવ કરીએ છીએ તેનો સુષુપ્તિ અવસ્થામાં અભાવ હોય છે. પરંતુ એ ત્રણે અવસ્થામાં સંવિત્ એટલે જ્ઞાનનો વ્યભિચાર ( અભાવ ) જોવામાં આવતો નથી. કારણ કે લોકોનો અનુભવજ એમાં પ્રત્યક્ષ છે. લોકો એમ બોલે છે કે જે હું જાગ્રત્ અવસ્થામાં જોઉં છું તેજ હું સ્વપ્નાવસ્થામાં પણ જોઉં છું અને સુષુપ્તિમાં પણ જોઉં છું એ અનુભવમાં જેમ ત્રણે અવસ્થાનો અભાવ અનુભવમાં આવે છે તેમ કોઇ પણ સમયમાં સંવિત્ એટલે જ્ઞાનના અભાવનો અનુભવ હોતો નથી. અર્થાત્ ત્રણે અવસ્થામાં કોઇ એમ નથી બોલતું કે હું નથી (હું તો ત્રણે અવસ્થામાં છુંજ) તેથી જ્ઞાન સ્વરૂપ ચૈતન્યનું નિત્યપણું સિદ્ધ થયું. ૧૫

**यदि तस्याप्यनुभवस्तर्ह्ययं येन साक्षिणा ॥**
**अनुभूतः स एवात्र शिष्टः संविद्वपुः पुरा ॥ १६ ॥**

"ઉપરના શ્લોકમાં એમ કહ્યું કે જ્ઞાનસ્વરૂપ નિત્ય છે પરંતુ બૌદ્ધ મતવાળાઓને જ્ઞાનનો અભાવ પણ અનુભવમાં આવે છે એથીજ તે બૌદ્ધો એમ માને છે કે જે સત્ વસ્તુ હોય છે તે ક્ષણિક હોય છે એવો સાહચર્યનિયમ માની જ્ઞાનને પણ અનિત્ય માને છે તો તમે જ્ઞાનને નિત્ય કેવી રીતે માનો છો? એ શંકાનું સમાધાન આ શ્લોકમાં કરે છે." જો તમને તે જ્ઞાનના અભાવનો અનુભવ થતો હોય તો જે સાક્ષી આત્માવડે જ્ઞાનના અભાવનો અનુભવ કરે છે તેજ સાક્ષી આત્મા જ્ઞાનસ્વરૂપ અવશિષ્ટ એટલે શેષ રહ્યો, તો જ્ઞાનસ્વરૂપને પુનરપિ નિત્યપણું જ સિદ્ધ થાય છે. અને સાક્ષી આત્માનું જ્ઞાન નિત્ય છે એમ તો સર્વને માનવું જ જોઇશે એથી બૌદ્ધમતવાળાઓની શંકા બરોબર નથી. ૧૬.

**अतएव च नित्यत्वं प्रोक्तं सच्छास्त्रकोविदैः ॥**
**आनन्दरूपता चास्याः परप्रेमास्पदत्वतः ॥ १७ ॥**

આત્મા જ્ઞાનસ્વરૂપ નિત્ય છે એમાં શાસ્ત્રને જાણનારાઓનો અનુભવ પણ પ્રમાણમાં આવે છે. કે શાસ્ત્રને જાણનારા પંડિતો જ્ઞાનસ્વરૂપ આત્માને નિત્ય કહે છે. આ જ્ઞાનસ્વરૂપ આત્માનું જેથી બીજાના પ્રેમનું સ્થાનપણું અનુભવાય છે તેથી આ જ્ઞાનસ્વરૂપ આત્મા સુખરૂપ છે. અર્થાત્ જે સુખરૂપ છે તેજ બીજાના પ્રેમનું સ્થાન હોઇ શકે છે, અસુખરૂપ બીજાના પ્રેમનું સ્થાન સંભવે નહિ. એવું સૂતસંહિતામાં કહ્યું પણ છે કે **असुखस्य नहि प्रेमास्पदत्वं परिदृश्यते** જે સુખરહિત છે તે બીજાના પ્રેમનું સ્થાન જોવામાં આવ્યું નથી. આથી ચૈતન્યસ્વરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ, નિત્યસ્વરૂપ અને આનંદસ્વરૂપ સિદ્ધ થાય છે. ૧૭

**मा न भूवं हि भूयासमिति प्रेमात्मनि स्थितम् ॥**
**सर्वस्यान्यस्य मिथ्यात्वादसंगत्वं स्फुटं मम ॥ १८ ॥**

આત્મા સુખરૂપ છે એમાં પોતાનો પણ અનુભવ બતાવે છે કે અરે ભાઇઓ! હું નથી એમ નહિ પરંતુ હું તો છુંજ એમ

પોતાની છાતી ઉપર હાથ મુકીને બધાએ બોલે છે, કારણ કે સર્વ લોકોનો પ્રેમ પોતાના આત્મામાં રહ્યો જ છે એથી પોતાના મનમાં ઉમલકો લાવીને લોકો બોલે છે કે હું છું જ નથી એમ નહિ હવે આત્મામાં સંસારના માયિક પદાર્થોનો બિલકુલ સંબંધ નથી એ અર્દ્ધ શ્લોકથી પ્રતિપાદન કરે છે. આ સર્વ પ્રપંચ માયાનો નિર્માણ કરેલો છે તેથી મિથ્યા છે એમ જાણી જેમ અંધારામાં પડેલી દોરડીમાં મિથ્યા કલ્પિત સર્પનો બિલકુલ સંબંધ નથી તેમજ માયાકલ્પિત મિથ્યા પ્રપંચનો આત્માની સાથે બિલકુલ સંબંધ નથી. એથી આત્મા સદા અસંગ એટલે સંસારનાં માયિક પદાર્થોની સાથે સંબંધ રહિત છે એમ સિદ્ધ થયું. ૧૮

**अपरिच्छिन्नताप्येवमतएव मता मम ॥**
**तच्च ज्ञानं नात्मधर्मो धर्मत्वे जडतात्मनः ॥ १९ ॥**

ભગવતી હિમાલય પ્રતિ કહે છે કે નામરૂપવાળી યાવત્ વસ્તુઓ દેશ કાલ દ્રવ્યથી પરિચ્છેદક એટલે માપમાં આવેલી છે અને જે વસ્તુનું માપ થયું તે વસ્તુ હમેશાં અનિત્ય જ હોય છે અને મિથ્યા પણ હોય છે. આ સર્વ જગત્ મિથ્યા હોવાથી આત્મસ્વરૂપિણી એવી જે હું તે મારી અપરિછિન્નતા એટલે દેશ કાલ દ્રવ્યથી માપ વગરની સ્થિતિ છે. અર્થાત્ જે વસ્તુ ઉત્પન્ન થઇ હોય તેમાં જ ઘટાડો વધારો થાય છે અને તેજ માપમાં આવે છે. આત્મા સદા અજ અમર હોવાથી તેમાં ઉપર કહેલા ધર્મનો સંબંધજ નથી. નૈયાયિક (ન્યાયશાસ્ત્રને જાણનારા) પંડિતો એમ બોલે છે કે જ્ઞાનસ્વરૂપ આત્મા નથી પરંતુ જ્ઞાન એ આત્માનો ગુણ છે અને આત્મા ગુણી છે એમ ગુણગુણીભાવ માની આત્મામાં રહેલું નિર્ગુણપણું દૂષિત કરે છે. તેમના મતનું ખંડન અર્દ્ધ શ્લોકમાં કરે છે કે જો તમે જ્ઞાનસ્વરૂપ આત્મા નહિ માનો અને જ્ઞાન આત્માનો ગુણ માનશો તો આત્માને જડપણું પ્રાપ્ત થશે. જેમ કે ગંધ ગુણ પૃથ્વીનો છે અને પૃથ્વી જડ છે તેમ આત્મા પણ જડ થશે; કારણ કે જ્ઞાન શિવાય યાવત્ વસ્તુઓ જડ છે તેથી જ્ઞાન એ આત્માનો ગુણ નથી પરંતુ જ્ઞાનસ્વરૂપજ આત્મા માનવો જોઈએ. ૧૯

**ज्ञानस्य जडशेषत्वं न दृष्टं न च संभवि ॥**
**चिद्धर्मत्वं तथा नास्ति चितश्चिन्नहि भिद्यते ॥ २० ॥**

"વળી ઉપરનો જ અર્થ આ શ્લોકમાં પણ પ્રતિપાદન કરે છે." જ્ઞાનનું જડ પદાર્થની સાથે સંબંધપણું કોઇ જગાએ જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી અને ઘટ પટ આદિ જડ પદાર્થોમાં તેનો સંભવ પણ નથી. "આ ઠેકાણે એક એવી શંકા ઉત્પન્ન થાય છે કે આત્મા જડ નથી કિંતુ ચૈતન્યરૂપ જ છે, પરંતુ જ્ઞાનને ચૈતન્યધર્મપણું સંભવે છે? એ શંકાનું સમાધાન અર્દ્ધ શ્લોકમાં કરે છે." જ્ઞાન અને ચૈતન્ય એ બે એક જ છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ અને ચૈતન્યસ્વરૂપ જ છે તેથી જ્ઞાનનું ચૈતન્યધર્મપણું નથી. અર્થાત્ જ્ઞાન ચૈતન્યનો ગુણ નથી. જ્ઞાન પણ ચૈતન્યરૂપ અને ચૈતન્ય પણ ચૈતન્યસ્વરૂપ છે વાસ્તે ચૈતન્યનું ચૈતન્ય હોય નહિ. ચૈતન્ય અને જ્ઞાન એ બે જ્યારે એક છે તો પછી ગુણગુણીભાવ કેવી રીતે સંભવે; કારણ કે જ્યાં ભેદ હોય છે ત્યાંજ ગુણગુણીભાવ સંભવે છે. જો તમે જ્ઞાનને ચૈતન્યરૂપ આત્માથી જુદું જ સ્વીકાર કરશો તો તે જ્ઞાન ચૈતન્યથી ભિન્ન અચૈતન્ય અર્થાત્ જડરૂપ જ થવાનું અને જ્ઞાન જડ જોવામાં આવતું નથી એથી જ્ઞાન અને ચૈતન્ય એ બે એક જ છે. ૨૦

**तस्मादात्मा ज्ञानरूपः सुखरूपश्च सर्वदा ॥**
**सत्यः पूर्णोप्यसंगश्च द्वैतजालविवर्जितः ॥ २१ ॥**

ઉપરના વાદનો ઉપસંહાર કરે છે કે પાછળ દર્શાવેલાં અનેક કારણોથી આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે જ્ઞાન આત્માનો ગુણ નથી. અને તે આત્મા સર્વદા સુખરૂપ જ છે એથી જ ખરેખરા આત્મજ્ઞાનીઓ પોતાની પાસે રહેલા સુખરૂપ આત્માથી જ સુખી રહે છે બહારના નાશવાન્ પદાર્થોથી સુખી રહેતા નથી. તે આત્મા સત્ય એટલે ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલમાં જેનો બાધ થાય નહિ તેવો છે. પૂર્ણ એટલે સર્વ ઠેકાણે અખંડ એકરસ છે. માયાથી કલ્પિત જે જગત્ તેના પ્રપંચથી વર્જિત છે એથી જ અસંગ છે. અર્થાત્ દ્વૈતપ્રપંચનો લેશ પણ નથી. ૨૧

**स पुनः कामकर्मादियुक्तया स्वीयमायया ॥**
**पूर्वानुभूतसंस्कारात्कालकर्मविपाकतः ॥ २२ ॥**
**अविवेकाच्च तत्त्वस्य सिसृक्षावान्प्रजायते ॥**
**अबुद्धिपूर्वः सर्गोऽयं कथितस्ते नगाधिप ॥ २३ ॥**

"એ પ્રકારે સૃષ્ટિના આદિ કાલમાં પોતાનો ચૈતન્યસ્વરૂપ જે આત્મા તેની સ્થિતિ વર્ણન કરીને કહી. હવે ભગવતી પોતે જ હિમાલયના પ્રતિ તે આત્મસ્વરૂપ જે ચૈતન્ય છે તેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થાય છે એ આ બે શ્લોકોમાં વર્ણન કરીને કહે છે." તે આત્મા જ પોતાની જે માયાશક્તિ કે જે કામ એટલે ઇચ્છા, કર્મ એટલે અનેક પ્રકારનું અદૃષ્ટ, આદિ શબ્દથી બધા જીવો, ઇત્યાદિ પદાર્થોથી યુક્ત છે તે માયાશક્તિવડે પ્રથમ જે સૃષ્ટિનો અનુભવ અને તેનાથી ઉત્પન્ન થયેલો જે સંસ્કાર તેથી અર્થાત્ અનેક વખત સૃષ્ટિનો સંહાર થાય છે અને ઉત્પત્તિ પણ થાય છે તો ઉત્પત્તિ સમયમાં પ્રથમની સૃષ્ટિમાં જે જે અનુભવ કર્યો હોય અને તેનાથી જે જે સંસ્કારો ઉત્પન્ન થયા હોય તેથી અને કાળે કરેલો જે કર્મનો વિપાક (પરિણામ) તેથી અર્થાત્ સમય આવે ત્યારે જ કરેલા કર્મનું ફલ મળે છે તત્કાલ મળતું નથી એમ જાણી તે તે જીવોએ કરેલાં જે પૂર્વભવ (પૂર્વજન્મ)માં કર્મ તેનો પરિપાક એટલે ફલ આપવાનો સમય પ્રાપ્ત થવાથી; અને તત્ત્વોના અવિવેકથી અર્થાત્ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, એ પંચમહાભૂતો અને શ્રોત્ર એટલે કાન, ત્વક્ એટલે ચામડી, ચક્ષુષ્ એટલે આંખ, જીહ્વા એટલે જીભ, ઘ્રાણ એટલે નાસિકા, એ પંચ જ્ઞાનેંદ્રિયો અને વાક્ એટલે વાચા, પાણી એટલે હાથ, પાદ એટલે પગ, પાયુ એટલે ગુદા, ઉપસ્થ એટલે મૂત્રની ઇંદ્રિય, એ પંચ કર્મેંદ્રિયો અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પંચ તન્માત્રાઓ મૂલ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, મન, એ ચોવીશ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી, તે ચોવીશ તત્ત્વોનું પૃથક્ પૃથક્ જ્ઞાન થાય એટલા સારુ તે આત્મા પોતેજ પોતાની માયાશક્તિવડે સૃષ્ટિની ઉત્પત્તિની ઇચ્છાવાળો થાય છે. તાત્પર્ય જેમ પૃથ્વીમાં રોપેલું બીજ વખત આવે ત્યારે પોતાની મેળે જ ઉગીને વૃક્ષરૂપ થઈ ફલ આપ-

વાને સમર્થ થાય છે તેમ જ પરમાત્મા પણ પોતાની માયાશક્તિ-વડે કાલ કર્મ અને સંસ્કારના વશથી તે તે પ્રાણિઓના તે તે કર્મોનાં ફલો આપવા જગત્‌ની ઉત્પત્તિની ઇચ્છાવાળા થાય છે. જેમ સુતેલો પુરુષ પૂર્વના સંસ્કારવશથી જાગે છે તેમ જ પરમાત્મા પણ પ્રલયરૂપ જે નિદ્રાવસ્થા તેથી જાગે છે. પ્રલયનો સમય એજ પર-માત્માની નિદ્રાવસ્થા છે. ભગવતી હિમાલયના પ્રતિ કહે છે કે હે હિમાલય! જે આ નિદ્રાવસ્થાથી જાગૃતાવસ્થા તે બુદ્ધિથી કરેલી નથી કારણ કે તે સમયમાં બુદ્ધિ છે જ નહિ કિંતુ પ્રાણિઓના સંસ્કારથી કરેલી તે જાગૃતાવસ્થા છે. અને આ જે સૃષ્ટિની ઉત્પત્તિ છે તે તો બુદ્ધિથી કરેલી જ જાણવી એવું નીલકંઠસ્વામીનું કહેવું છે. ૨૨–૨૩

एतद्धि यन्मया प्रोक्तं मम रूपमलौकिकम् ॥
अव्याकृतं तदव्यक्तं मायाशबलमित्यपि ॥ २४ ॥
प्रोच्यते सर्वशास्त्रेषु सर्वकारणकारणम् ॥
तत्त्वानामादिभूतं च सच्चिदानन्दविग्रहम् ॥ २५ ॥

હે હિમાલય! આ જે મે તને મારું અલૌકિક રૂપ કહ્યું તેને કેટલાએક અવ્યાકૃત એટલે નામરૂપથી રહિત તેમ જ અવ્યક્ત માયાશબલ (માયાશક્તિરહિત) સર્વ કારણોનું પણ કારણ ચોવીશ તત્ત્વોના આદિભૂત સત્ ચિત્ આનંદસ્વરૂપ એવા નામોથી સર્વ-શાસ્ત્રોમાં કહે છે. અર્થાત્ જુદા જુદા શાસ્ત્રકારોએ જુદાં જુદાં નામો આપ્યાં છે વાસ્તવિક તે મારું એક જ સ્વરૂપ છે. ૨૪–૨૫

सर्वकर्मघनीभूतमिच्छाज्ञानक्रियाश्रयम् ॥
ह्रींकारमन्त्रवाच्यं तदादितत्त्वं तदुच्यते ॥ २६ ॥

સર્વ પ્રાણિઓના કર્મ જેમાં ઘનીભૂત એટલે એકઠાં મળ્યાં છે એવું અર્થાત્ સર્વ પ્રાણિઓનાં કર્મનું સાક્ષિરૂપ અને ઇચ્છા જ્ઞાન ક્રિયા એ ત્રણેનું આશ્રય અર્થાત્ જેમાં ઇચ્છા જ્ઞાન અને ક્રિયા એ ત્રણે વાનાં રહ્યાં છે, એવું અને હ્રીંકાર એ પ્રકારના મંત્રનું વાચ્ય અર્થાત્ તે મારું સ્વરૂપ હ્રીંકાર એવા મંત્રને બોધન કરનારું તે

આદિતત્ત્વ કહેવાય છે. કૃષ્ણયજુર્વેદના શ્વેતાશ્વતર નામના ઉપનિષદમાં કહ્યું પણ છે કે "**न तस्य कार्यं करणं च विद्यते न तत्सम-श्चाभ्यधिकश्च दृश्यते ॥ परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च** ॥૬।૮॥ તે જે મારું સ્વરૂપ છે તેનું કાર્ય અને કારણ એ બંને નથી. અને તેના તુલ્ય બીજું કોઇ પણ અધિક નથી. આ સ્વરૂપની પરા એવી શક્તિ નાના પ્રકારની સાંભળવામાં આવે છે. જ્ઞાન તેજ ક્રિયા એ સર્વે સ્વાભાવિકી શક્તિરૂપ જ છે." બીજા પુરાણની અંદર પણ એ જ પ્રકારે કહ્યું છે કે "**इच्छा ज्ञानं क्रिया चैव रौद्री ब्राह्मी तु वैष्णवी । त्रिधा शक्तिः स्थिता यत्र तत्परं ज्योतिरोमिति**" ઇચ્છા જ્ઞાન ક્રિયા એ ત્રણે વાનાં જેમાં રહેલાં છે. અને રૌદ્રી એટલે રુદ્ર સંબંધી, બ્રાહ્મી એટલે બ્રહ્મા સંબંધી, વૈષ્ણવી એટલે વિષ્ણુ સંબંધી, અર્થાત્ ઉત્પન્ન કરવાની શક્તિ, પાલન કરવાની શક્તિ અને સંહાર કરવાની શક્તિ એ ત્રણ પ્રકારની શક્તિ જેમાં રહેલી છે એવું તે પરમ જ્યોતિઃસ્વરૂપ ઓં એવું છે." ઉપરની વેદની શ્રુતિ અને આ પુરાણાંતરનો શ્લોક પણ ઉપરના અર્થને ટેકો આપે છે. ૨૬

**तस्मादाकाश उत्पन्नः शब्दतन्मात्ररूपकः ॥**
**भवेत्स्पर्शात्मको वायुस्तेजोरूपात्मकं पुनः ॥ २७ ॥**

"એ પ્રકારે પોતાનું જે આદ્ય સ્વરૂપ તેનો મહિમા વર્ણવ્યો હવે તે હ્રીંકાર મંત્રનું વાચ્ય જે આદિ તત્ત્વ ચૈતન્ય આત્મસ્વરૂપ તેથી આકાશના આદિ લઈ પંચમહાભૂતની સૃષ્ટિ આ શ્લોકમાં કહે છે." તે ચૈતન્યસ્વરૂપ આદિ તત્ત્વથી શબ્દતન્માત્રરૂપક એટલે કેવલ શબ્દ જ જેનો પ્રધાન ગુણ છે એવું આકાશ ઉત્પન્ન થયું, તે આકાશથી સ્પર્શાત્મક એટલે સ્પર્શ જેનો પ્રધાન ગુણ છે એવો વાયુ ઉત્પન્ન થયો. અને તે વાયુથી રૂપ જેનો પ્રધાન ગુણ છે એવું તેજ ઉત્પન્ન થયું. ૨૭

**जलं रसात्मकं पश्चात्ततो गन्धात्मिका धरा ॥**
**शब्दैकगुण आकाशो वायुः स्पर्शरवान्वितः ॥ २८ ॥**

તે તેજથી રસ જેનો પ્રધાન ગુણ છે એવું જલ ઉત્પન્ન થયું અને તે જલથી ગંધ જેનો પ્રધાન ગુણ છે એવી ધરા એટલે પૃથ્વી ઉત્પન્ન થઈ. આકાશ ફક્ત એક શબ્દગુણવાળું છે, વાયુ શબ્દ અને સ્પર્શ એ બે ગુણવાળો છે અર્થાત્ વાયુનો પોતાનો સ્પર્શ ગુણ અને આકાશનો શબ્દ ગુણ એમાં જોડાયો એથી વાયુમાં બે ગુણો છે. ૨૮

**शब्दस्पर्शरूपगुणं तेज इत्युच्यते बुधैः ॥**
**शब्दस्पर्शरूपरसैरापो वेदगुणाः स्मृताः ॥ २९ ॥**

શબ્દ સ્પર્શ રૂપ એ ત્રણ ગુણવાળું તેજ છે. અર્થાત્ તેજનો પોતાનો પ્રધાન ગુણ રૂપ અને તેની સાથે આકાશનો શબ્દ ગુણ અને વાયુનો સ્પર્શ ગુણ એ બંને જોડવાથી તેજમાં ત્રણ ગુણો છે, એમ પંડિતો કહે છે. શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણવાળું આપ એટલે જલ છે. અર્થાત્ જલનો પ્રધાન ગુણ રસ છે અને તેની સાથે આકાશનો શબ્દ ગુણ, વાયુનો સ્પર્શ ગુણ, તેજનો રૂપ ગુણ એ ત્રણે જોડાવાથી જલમાં ચાર ગુણો રહ્યા છે. ૨૯

**शब्दस्पर्शरूपरसगन्धैः पञ्चगुणा धरा ॥**
**तेभ्योऽभवन्महत्सूत्रं यल्लिङ्गं परिचक्षते ॥ ३० ॥**

શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એ પાંચ ગુણવાળી ધરા એટલે પૃથ્વી છે. અર્થાત્ પૃથ્વીનો પ્રધાન ગુણ ગંધ છે અને તેની સાથે આકાશનો ગુણ શબ્દ, વાયુનો ગુણ સ્પર્શ, તેજનો ગુણ રૂપ, જલનો ગુણ રસ, એ ચારે જોડવાથી પૃથ્વીમાં પાંચ ગુણો સિદ્ધ થાય છે. અવ્યક્ત જે ચૈતન્ય તેથી જે આ પંચમહાભૂતની સૃષ્ટિ ઉત્પન્ન થઈ તે અપંચીકૃત એટલે પંચમહાભૂતના પરસ્પર સંબંધ વિના ઉત્પન્ન થઈ તેથી અપંચીકૃતભૂત સૃષ્ટિ કહેવાય છે. અને એ પાંચેનો જેમાં પરસ્પર સંબંધ છે એવી જે સૃષ્ટિ તે પંચીકૃતભૂતની સૃષ્ટિ સમજવી. એ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. તે જે આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી, એ પંચ સૂક્ષ્મ ભૂતોથી મહત્ એટલે વ્યાપક એક સૂત્રરૂપ ઉત્પન્ન થયું, જેનું બીજું નામ લિંગરૂપ એવું કહેવામાં આવે છે. અર્થાત્ ઉપર કહેલાં સૂક્ષ્મ ભૂતોથી આગળ જે ક્રમ બતાવીશું તે ક્રમથી સૂક્ષ્મદેહ ઉત્પન્ન થયો. ૩૦

**सर्वात्मकं तत्संप्रोक्तं सूक्ष्मदेहोऽयमात्मनः ॥**
**अव्यक्तं कारणो देहः स चोक्तः पूर्वमेव हि ॥ ३१ ॥**

ઉપરના શ્લોકમાં જે સૂત્રરૂપ કહ્યું તે ઠેકાણે સૂત્રશબ્દથી વાયુ ગ્રહણ કરવો કારણ કે વેદની શ્રુતિમાં કહ્યું છે. "**वायुर्वै सूत्रं वयुना वै सूत्रेण सर्वाणि भूतानि संदब्धानि**" સૂત્રશબ્દનો અર્થ વાયુ છે તે વાયુરૂપ સૂત્રથી સર્વ ભૂતો ઓતપ્રોત છે, વાયુરૂપ સૂત્ર સર્વનું પ્રાણરૂપ છે અને તેજ સૂત્ર આત્માનો સૂક્ષ્મ દેહ છે એમ નીલકંઠસ્વામીનું માનવું છે. જે આત્માનો અવ્યક્ત કારણ દેહ છે તે તો પ્રથમ કહી ગયા છીએ એટલે અહીં કહેવાની જરૂર નથી. ૩૧

**यस्मिञ्जगद्बीजरूपं स्थितं लिङ्गोद्भवो यतः ॥**
**ततः स्थूलानि भूतानि पञ्चीकरणमार्गतः ॥ ३२ ॥**

જે અવ્યક્ત કારણ દેહને વિષે આ બધું જગત્ બીજરૂપે રહેલું છે, અને જેનાથી લિંગદેહની ઉત્પત્તિ છે તે અવ્યક્ત પરમાત્માનું સ્વરૂપ જાણવું. એ પ્રકારે પરમાત્માથી અપંચીકૃત ભૂત એટલે પંચભૂતનો જેમાં પરસ્પર સંબંધ નથી પરંતુ આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એ પાંચે અનુક્રમથી ઉત્પન્ન થએલાં તેથી પંચ મહાભૂતની સૃષ્ટિ અપંચીકૃતભૂતસૃષ્ટિ કહેવાય છે. તેની ઉત્પત્તિ કહી બતાવી. "જે અપંચીકૃત ભૂતો છે તેનું જ બીજું નામ સૂક્ષ્મભૂત છે. તે સૂક્ષ્મભૂતની ઉત્પત્તિપ્રસંગમાં વચમાં લિંગદેહની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ પણ કહી બતાવ્યું. હવે અર્દ્ધ શ્લોકથી ઉપર કહેલાં સૂક્ષ્મ અપંચીકૃત ભૂતોથી સ્થૂલ પંચીકૃત ભૂતોની ઉત્પત્તિ કહે છે." તે અપંચીકૃત સૂક્ષ્મ ભૂતોથી પંચીકરણના માર્ગવડે સ્થૂલ ભૂતો ઉત્પન્ન થયાં. ૩૨

**पञ्चसंख्यानि जायन्ते तत्प्रकारस्त्वथोच्यते ॥**
**पूर्वोक्तानि च भूतानि प्रत्येकं विभजेद्द्विधा ॥ ३३ ॥**
**एकैकं भागमेकस्य चतुर्धा विभजेद्द्विरे ॥**
**स्वस्वेतरद्वितीयांशे योजनात्पञ्चपञ्च ते ॥ ३४ ॥**

"પંચીકરણનો માર્ગ આ બે શ્લોકમાં બતાવે છે કે પંચીકરણ કેવી રીતે સમજવું જોઇએ. હવે જે પ્રકારે પંચીકરણ થાય તે પ્રકાર આ શ્લોકમાં કહીએ છીએ." જે આગળ આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એ અપંચીકૃત ભૂતો કહ્યાં તેમના એક એકના બે બે ભાગ કરવા અને તેમાંથી પાછા એક એકના ચાર ચાર ભાગ કરવા અર્થાત્ પ્રત્યેક ભૂતોનો અર્દ્ધ ભાગ બાકી રાખવો અને અર્દ્ધ ભાગનાં ચાર ભાગ કરવા. અને પોતાથી જે બીજાં ચાર ભૂતો છે તેમાં પોતાનો એક એક ભાગ જોડી દેવો અને પોતાનામાં ચારે ભૂતોનો એક એક અંશ ઉમેરવો એટલે પંચ પંચ પૂરાં થશે. અર્થાત્ આકાશના બે ભાગ કરવા અને એક અર્દ્ધો રાખવો અને અર્દ્ધના ચાર ભાગ કરવા તેમ જ વાયુના પણ બે ભાગ કરવા એક અર્દ્ધો રાખવો અને એકના ચાર ભાગ કરવા તેવી જ રીતે અગ્નિ જલ અને પૃથ્વીના પણ બે બે ભાગો કરવા એક એક અર્દ્ધો રાખવો અને બીજા અર્દ્ધના ચાર ચાર ભાગ કરવા પછી પોતાના શિવાયના ભૂતોમાં એક એક ભાગ (બે આનાનો એક ભાગ) જોડી દેવો જેમ કે અર્દ્ધ ભાગ આકાશનો અને વાયુ અગ્નિ જલ પૃથ્વી એ ચારેનો એક એક અંશ આવવાથી અર્દ્ધ ભાગ તે થયો બંને મળી આકાશ તત્ત્વ પૂરું થયું. તે આકાશમાં અર્દ્ધ ભાગ પોતાનો અને અર્દ્ધ ભાગમાં ચારે બીજા ભૂતોનાં અંશો આવવાથી આકાશ તત્ત્વ પૂરું થયું એમ સમજવું. તેમ જ વાયુનો અર્દ્ધ ભાગ અને અર્દ્ધ ભાગમાં આકાશ અગ્નિ જલ પૃથ્વી એ ચારેનો એક એક અંશ આવવાથી વાયુ તત્ત્વ પૂરું થયું, એવી રીતે યોજના કરવાથી પંચી કરણ થાય છે ૩૩–૩૪

**तत्कार्यं च विराड् देहः स्थूलदेहोऽयमात्मनः ॥**
**पञ्चभूतस्थसत्त्वांशैः श्रोत्रादीनां समुद्भवः ॥ ३५ ॥**
**ज्ञानेन्द्रियाणां राजेन्द्र प्रत्येकं मिलितैस्तु तैः ॥**
**अन्तःकरणमेकं स्याद्वृत्तिभेदाच्चतुर्विधम् ॥ ३६ ॥**

એ પ્રકારે પંચીકૃત ભૂતોનું જે એકઠાપણું થઇને જે કાર્ય ઉત્પન્ન થયું તે વિરાટ્ સ્વરૂપ કહેવાય છે અને તે જે વિરાટ્ સ્વરૂપ છે તેજ મારું સ્થૂલ સ્વરૂપ છે. "પાછળના શ્લોકોમાં જે લિંગ

દેહ કહ્યો તેના અંતર્ગત જે ઇંદ્રિયો અંતઃકરણ પ્રાણ વગેરે છે તેઓની ઉત્પત્તિ હવે કહે છે.” આકાશ વાયુ અગ્નિ જલ પૃથ્વી એ પાંચે ભૂતોનો જે સત્ત્વગુણનો અંશ છે તેથી શ્રોત્રના આદિ લઈ પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થઈ. અર્થાત્ આકાશના સત્ત્વગુણના અંશથી શ્રોત્ર એટલે કાન, વાયુના સત્ત્વગુણના અંશથી ત્વક્ એટલે ચામડી, અગ્નિના સત્ત્વગુણના અંશથી ચક્ષુષ્–નેત્ર, જલના સત્ત્વગુણના અંશથી રસના એટલે જીભ અને પૃથ્વીના સત્ત્વ ગુણના અંશથી ઘ્રાણ એટલે નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થઇ. જ્ઞાનેન્દ્રિયો એટલે એનો અર્થ એવો સમજવો કે ઉપર ગણાવેલી પાંચે ઇંદ્રિયોથી દુનિયાની વસ્તુનું આપણને જ્ઞાન થાય છે એમ જાણી જ્ઞાનને અર્થે જે ઇંદ્રિયો તે જ્ઞાનેંદ્રિયો કહેવાય એવું વિવેચન શાસ્ત્રકારોએ કર્યું છે. વ્યાસજી રાજા જનમેજયના પ્રતિ કહે છે કે હે રાજેન્દ્ર! ઉપર ગણાવેલાં પંચ મહાભૂતોનો સત્ત્વગુણ એકઠો મળીને એક અંતઃકરણ થાય છે અર્થાત્ અંતઃકરણ પંચ મહાભૂતોના સત્ત્વગુણનું કાર્ય છે. તે અંતઃકરણ વૃત્તિના ભેદથી ચાર પ્રકારનું છે. ૩૫–૩૬

> यदा तु संकल्पविकल्पकृत्यं तदा भवेत्तन्मनइत्यभिख्यम् ॥
> स्याद्बुद्धिसंज्ञं च यदा प्रवेत्ति सुनिश्चितं संशयहीनरूपम् ॥ ३७ ॥
> अनुसंधानरूपं तच्चित्तं च परिकीर्तितम् ॥
> अहंकृत्यात्मवृत्त्या तु तदहंकारतां गतम् ॥ ३८ ॥

“તે ચાર પ્રકારો આ બે શ્લોકોમાં વર્ણન કરીને કહે છે.” જ્યારે તેજ અંતઃકરણ નાના પ્રકારના સંકલ્પ વિકલ્પરૂપ ક્રિયા કરવાવાળું થાય ત્યારે તેનું નામ મન એવું આપવામાં આવે છે. જ્યારે તેજ અંતઃકરણ કોઈ પણ પ્રકારના સંશયરહિત થઈ વસ્તુના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરે ત્યારે તેનું બુદ્ધિ એવું નામ આપવામાં આવે છે. જ્યારે તેજ અંતઃકરણ કોઇપણ પદાર્થનું પૂર્વપરનું અનુસંધાન કરે ત્યારે તેનું નામ ચિત્ત એવું કહેવામાં આવે છે. જ્યારે તે અંતઃકરણ અહંવૃત્તિવાળું અર્થાત્ હું હું એવી વૃત્તિને આશ્રય કરે છે ત્યારે અહંકાર એવા નામને પામે છે. અર્થાત્ અંતઃકરણ

પોતે એક છે પરંતુ તેમાં જુદા જુદા ધર્મોનો આવિર્ભાવ થવાથી તેનાં જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. ૩૭–૩૮

**तेषां रजोंऽशैर्जातानि क्रमात्कर्मेन्द्रियाणि च ॥**
**प्रत्येकं मिलितैस्तैस्तु प्राणो भवति पञ्चधा ॥ ३९ ॥**

"ઉપરના શ્લોકોમાં પાંચ જ્ઞાનેંદ્રિયોની અને ચાર અંતઃકરણોની ઉત્પત્તિ કહી, હવે આ શ્લોકમાં પાંચ કર્મેંદ્રિયની ઉત્પત્તિ કહે છે." આગળ વર્ણન કરેલાં પંચભૂતોના રજોગુણના અંશથી ક્રમવડે પાંચ કર્મેંદ્રિયો ઉત્પન્ન થઈ. અર્થાત્ આકાશના રજોગુણના અંશથી વાક્ એટલે વાણી, વાયુના રજોગુણના અંશથી પાણી એટલે હાથ, અગ્નિના રજોગુણના અંશથી પાદ, જલના રજોગુણના અંશથી પાયુ એટલે ગુદા, અને પૃથ્વીના રજોગુણના અંશથી ઉપસ્થ, એવી રીતે પાંચ કર્મેંદ્રિયો ક્રમથી ઉત્પન્ન થઈ. અને તે પંચમહાભૂતોના રજોગુણ એકઠા મળીને પાંચ પ્રકારનો પ્રાણવાયુ ઉત્પન્ન થયો. ૩૯

**हृदि प्राणो गुदेऽपानो नाभिस्थस्तु समानकः ॥**
**कण्ठदेशेप्युदानः स्याद्व्यानः सर्वशरीरगः ॥ ४० ॥**

"જો કે વાયુ એકજ છે પરંતુ જુદાં જુદાં સ્થાનોમાં તેની ગતિ થવાથી જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. તે નામો આ શ્લોકમાં બતાવે છે." હૃદયમાં જે વાયુ ગયો તેનું નામ પ્રાણ છે, ગુદામાં જવાથી અપાન એવું નામ છે, નાભિમાં જવાથી સમાન એવું નામ છે, કંઠ દેશમાં જવાથી ઉદાન એવું નામ છે અને સર્વ શરીરમાં ફરવાથી તે વાયુનું નામ વ્યાન છે. એ પ્રકારે વાયુ એક છતાં પણ તેનાં જુદાં જુદાં નામો પડયાં. ૪૦

**ज्ञानेन्द्रियाणि पञ्चैव पञ्च कर्मेन्द्रियाणि च ॥**
**प्राणादिपञ्चकं चैव धिया च सहितं मनः ॥ ४१ ॥**
**एतत्सूक्ष्मशरीरं स्यान्मम लिङ्गं यदुच्यते ॥**
**तत्र या प्रकृतिः प्रोक्ता सा राजन्द्विविधा स्मृता ॥ ४२ ॥**
**सत्त्वात्मिका तु माया स्यादविद्या गुणमिश्रिता ॥**
**स्वाश्रयं या तु संरक्षेत्सा मायेति निगद्यते ॥ ४३ ॥**

શ્રોત્ર, ત્વક્, ચક્ષુષ્, જીહ્વા, ઘ્રાણ–નાસિકા, એ પાંચ જ્ઞાનેંદ્રિયો અને વાક્, પાણિ–હાથ, પાદ, પાયુ–ગુદા, ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિય, અને પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, એ પાંચ પ્રાણ વાયુ, બુદ્ધિ અને મન, એ સત્તર (૧૭) તત્ત્વોનું મારું સૂક્ષ્મ શરીર છે. જેનું બીજું નામ લિંગશરીર પણ કહેવામાં આવે છે. “એ પ્રકારે સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણે દેહનું સ્વરૂપ હતું તે કહી બતાવ્યું, હવે જીવ અને ઈશ્વરનો વિભાગ શાથી થયો તેનું કારણ અર્ધ શ્લોકમાં બતાવે છે.” હે રાજન્! આગળ જે મેં પ્રકૃતિ કહી તે પ્રકૃતિ બે પ્રકારની છે. એક શુદ્ધ સત્ત્વ જેમાં પ્રધાન છે એવી માયા અને બીજી મલીન સત્ત્વ જેમાં પ્રધાન છે એવી અવિદ્યા. એવી રીતે માયા અને અવિદ્યાનો ભેદ સમજવો. તેમાં પણ જેને પોતાનો આશ્રય છે તેનું રક્ષણ કરે અને તેને આવરણ કરે નહિ તે માયાનું સ્વરૂપ છે. અર્થાત્ માયાનો આશ્રય કરીને રહેલો જે ઈશ્વર તે માયાથી બંધાએલો નથી. પરંતુ માયા તેના અધીન (તાબામાં) છે. ૪૧–૪૨–૪૩

**तस्यां यत्प्रतिबिम्बं स्याद्बिम्बभूतस्य चेशितुः ॥**
**स ईश्वरः समाख्यातः स्वाश्रयज्ञानवान्परः ॥ ४४ ॥**

માયાનો જેને આશ્રય છે તેને અર્થાત્ ઈશ્વરને નહિ વ્યામોહ કરવાવાળી અને સત્ત્વ જેમાં પ્રધાન છે એવી જે માયા તેમાં જે પરમાત્માનું પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબનું નામ જ ઈશ્વર છે અને તે ઈશ્વર વ્યાપક બ્રહ્મના જ્ઞાનવાળો છે. અર્થાત્ ઈશ્વરને પોતાના સ્વરૂપનું જ્ઞાન હોવાથી માયાનું આવરણ તેને બાધ કરી શકતું નથી. ૪૪

**सर्वज्ञः सर्वकर्ता च सर्वानुग्रहकारकः ॥**
**अविद्यायां तु यत्किंचित्प्रतिबिम्बं नगाधिप ॥ ४५ ॥**
**तदेव जीवसंज्ञं स्यात्सर्वदुःखाश्रयं पुनः ॥**
**द्वयोरपीह संप्रोक्तं देहत्रयमविद्यया ॥ ४६ ॥**

અને તે ઈશ્વરનું સ્વરૂપ વ્યાપક હોવાથી કોઈપણ કાલમાં તેના જ્ઞાનમાં આવરણ નહિ આવવાથી ઈશ્વર સર્વજ્ઞ છે અને તે

ઈશ્વર અચિંત્ય માયાશક્તિવાળો છે તેથી સર્વ પદાર્થોનો કર્તા છે, સર્વના ઉપર અનુગ્રહ કરવાવાળો છે અર્થાત્ સમય પ્રમાણે વૃષ્ટિ કરવાથી તેમજ ઋતુ પ્રમાણે ફલ ફૂલ ધાન્ય વગેરેની ઉત્પત્તિ કરવાથી સર્વ પ્રાણિઓના ઉપર અનુગ્રહ કરવાવાળો છે. ભગવતી હિમાલય પ્રતિ કહે કે હે પર્વતોના અધિપતિ! ઉપરના શ્લોકોમાં જે મલિનસત્ત્વ જેમાં પ્રધાન છે એવી અવિદ્યા કહી તેમાં જે પરમાત્માનું પ્રતિબિંબ પડે છે તેનું જ નામ જીવ છે. અને મલિનસત્ત્વ જેમાં પ્રધાન છે એવી તે અવિદ્યાવડે પોતામાં રહેલા આનંદનું આવરણ થવાથી તે જીવ સર્વ દુઃખોનો આશ્રય છે. અર્થાત્ જીવાત્મા અવિદ્યાને અધીન હોવાથી પોતાનું સ્વરૂપ ભૂલી જઈ અહુંકર્તા અહુંભોક્તા અહુંસુખી અહુંદુઃખી એવા અહું-ગ્રહવાળો હોવાથી તે સર્વ દુઃખોનો આશ્રય છે. તે ઈશ્વર અને જીવ એ બેના એ ત્રણ (સ્થૂલ સૂક્ષ્મ અને કારણ) દેહો પાછળ કહી આવ્યા છીએ. આ ત્રણે દેહનું વર્ણન આગળ સારી રીતે કરશે. જો કે ઈશ્વરમાં આવરણ એટલે આચ્છાદન અર્થાત્ અજ્ઞાન શક્તિ નથી પરંતુ વિક્ષેપ એટલે ચંચલ શક્તિ તો છેજ અને જીવમાં આવરણ અને વિક્ષેપ એ બંને શક્તિઓ છે મલ નામની ત્રીજી પણ શક્તિ જીવની અંદર છે. એવું નીલકંઠ સ્વામીનું કહેવું છે. છેતાલીશમા શ્લોકમાં અવિદ્યા પદથી માયા અને અવિદ્યા એ ઉભયનું ગ્રહણ કરવું કેવલ અવિદ્યા જ લેવી નહિ એવું પણ તેમનું કહેવું છે. ૪૫-૪૬

देहत्रयाभिमानाच्चाप्यभून्नामत्रयं पुनः ॥
प्राज्ञस्तु कारणात्मा स्यात्सूक्ष्मदेही तु तैजसः ॥ ४७ ॥
स्थूलदेही तु विश्वाख्यस्त्रिविधः परिकीर्तितः ॥
एवमीशोपि संप्रोक्त ईशसूत्रविराट्पदैः ॥ ४८ ॥
प्रथमो व्यष्टिरूपस्तु समष्ट्यात्मा परः स्मृतः ॥
स हि सर्वेश्वरः साक्षाज्जीवानुग्रहकाम्यया ॥ ४९ ॥

करोति विविधं विश्वं नाना भोगाश्रयं पुनः ॥
मच्छक्तिप्रेरितो नित्यं मयि राजन्प्रकल्पितः ॥ ५० ॥
॥ इतिश्रीदे० म० सप्तमस्कंधे देवीगीतायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

"જીવ અને ઈશ્વર એ બંને પણ કારણ સૂક્ષ્મ અને સ્થૂલ એ ત્રણે દેહના અભિમાની હોવાથી તેમનાં પણ ત્રણ નામ જુદાં જુદાં પડયાં છે. તેમાં જીવનાં ત્રણ નામો આ શ્લોકમાં બતાવે છે." કારણ દેહનો અભિમાની જીવ પ્રાજ્ઞ એ પ્રકારના નામવાળો કહેવાય છે, સૂક્ષ્મ (લિંગ) દેહનો અભિમાની જીવ તૈજસ એવા નામવાળો કહેવાય છે અને સ્થૂલ દેહનો અભિમાની જીવ વિશ્વ એવા નામવાળો કહેવાય છે. "એ પ્રકારે જીવના ત્રણ પ્રકારના ભેદો કહ્યા, હવે ઈશ્વરના ત્રણ પ્રકારના દેહો કહે છે." એ પ્રકારે ઈશ્વર પણ ત્રણ દેહના અભિમાનથી અર્થાત્ કારણ દેહના અભિમાનથી ઈશ, સૂક્ષ્મ (લિંગ) દેહના અભિમાનથી સૂત્ર અથવા હિરણ્યગર્ભ અને સ્થૂલ દેહના વિરાટ્ અથવા વૈશ્વાનર એવા નામવાળો થાય છે. તેમાં પણ પ્રથમ જે જીવ છે તે વ્યષ્ટિરૂપે એટલે વ્યષ્ટિ દેહત્રયનો અભિમાની છે. અને ઈશ્વર સમષ્ટિરૂપે એટલે સમષ્ટિદેહનો અભિમાની છે. સમષ્ટિ અને વ્યષ્ટિ એ બે શબ્દનો ખુલાસો એવો છે કે જેમ વન અને વૃક્ષ. બધાં વૃક્ષોનું નામ નહિ બોલી વન એવું બોલ્યા એટલે બધાં વૃક્ષો આવી ગયાં. તેમજ દુનિયાનાં યાવત્ પદાર્થોનું નામ નહિ બોલી સમષ્ટિ એવું બોલ્યા એટલે દુનિયાનાં યાવત્ પદાર્થો તેમાં આવી ગયાં આથી એમ સમજવું કે સમષ્ટિ એટલે યાવત્ પદાર્થોનું એકઠું જ્ઞાન અને વ્યષ્ટિ એટલે પ્રત્યેક પદાર્થનું ભિન્ન ભિન્ન જ્ઞાન. હવે ઈશ્વરના મહિમાનું વર્ણન કરે છે કે તે ઈશ્વર સાક્ષાત્ સર્વનો ઈશ્વર છે અને પોતાના અનુભવના આનંદવડે નિરંતર નિત્ય તૃપ્ત છે તો પણ કેવલ જીવોનો મોક્ષ થાય એવી ઇચ્છાવડે નાના પ્રકારના ભોગોનું સ્થાન જેમાં છે એવું નાના પ્રકારનું વિશ્વ રચે છે. કારણ કે તે કરુણાસિંધુ છે. વ્યાસજી જનમેજય રાજાના પ્રતિ કહે છે કે હે રાજન્! અને ભગવતી હિમાલય પ્રતિ કહે છે કે હે હિમાલય! તે ઈશ્વર પણ બ્રહ્મસ્વરૂપિણી એવી જે હું તે મારી માયા

શક્તિવડે પ્રેરેલો સતો જ સર્વ કરે છે. એથી તે ઈશ્વર પણ બ્રહ્મસ્વરૂપિણી એવી જે હું તે મારે વિષે અંધારામાં પડેલી દોરડીમાં જેમ કલ્પિત સર્પ મિથ્યા છે તેમ મિથ્યા છે. તેથી તે ઈશ્વર પણ મારી શક્તિને અધીન છે એમ સૂચિત કર્યું. ૪૭-૪૮-૪૯-૫૦

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां

बीजो अध्याय समाप्त ॥ २ ॥

## अध्याय ३ जो.

"બીજા અધ્યાયની અંદર અધ્યારોપ વર્ણન કરીને કહ્યો, અધ્યારોપ એટલે અવસ્તુમાં વસ્તુનો આરોપ કરવો એનું નામ અધ્યારોપ છે, જેમ કે અંધારામાં પડેલી દોરડીમાં સર્પનો આરોપ કરવો તેનું નામજ અધ્યારોપ છે, દોરડી એ સર્પ વસ્તુ નથી પરંતુ તેમાં વસ્તુ સર્પનો આરોપ કરવામાં આવે છે તેમજ જગત્ બ્રહ્મની અંદર કલ્પિત હોવાથી મિથ્યા છે એમ પ્રદિપાદન કર્યું, હવે આ ત્રીજા અધ્યાયના છપ્પન પદો (શ્લોકો)વડે આ બધા વિશ્વનો અપવાદ એટલે બાધ બ્રહ્મસ્વરૂપની અંદર વર્ણન કરવામાં આવશે. અધ્યારોપ અને અપવાદ એ બે શબ્દોનો અર્થ ખાસ કરીને ધ્યાનમાં રાખવો કારણ કે તે વેદાંતના ખાસ પારિભાષિક શબ્દો છે."

॥ देव्युवाच ॥

**मन्मायाशक्तिसंकॢप्तं जगत्सर्वं चराचरम् ॥**
**सापि मत्तः पृथङ्माया नास्त्येव परमार्थतः ॥ १ ॥**

ભવગવતી હિમાલય પ્રતિ કહે છે કે હે હિમાલય! જે મારી માયાશક્તિવડે આ સંપૂર્ણ ચરાચર વિશ્વ કલ્પના કરવામાં આવ્યું તે માયાશક્તિ પણ મારા સ્વરૂપથી પૃકક્ નથી અર્થાત્ મારું જ સ્વરૂપ છે અને તે માયાનું પણ મારે વિષે કલ્પિતપણું હોવાથી મિથ્યાપણું સમજવું. એથી એવું બોધન કર્યું કે હું જ પરમાર્થરૂપે છું બીજી કાંઇ પણ વસ્તુ છેજ નહિ. ૧

**व्यवहारदृशा सेयं विद्या मायेति विश्रुता ॥**
**तत्त्वदृष्ट्या तु नास्त्येवं तत्त्वमेवास्ति केवलम् ॥ २ ॥**

"જ્યારે સર્વથા દ્વૈતનો અભાવ છે ત્યારે આ દ્વૈત જગત્ કેવી રીતે ભાસે છે? એ શંકાનું સમાધાન આ શ્લોકમાં કરે છે." અનાદિ અવિદ્યાવડે ભ્રાંત થયેલા પુરુષોનો જે વ્યવહાર તે વ્યવહારદૃષ્ટિથી માયા અને અવિદ્યા સાંભળવામાં આવી છે. તત્ત્વ-દૃષ્ટિ એટલે બ્રહ્મદૃષ્ટિથી તો તે માયા અને અવિદ્યા એ છે જ નહિ કિંતુ એક અદ્વિતીય બ્રહ્મતત્ત્વ જ છે. જેમ અંધારામાં પડેલી દોર-ડીમાં પાણીનો રેલો, જમીનની ફાટ, લાકડી, સર્પ વગેરેની ભ્રાંતિ થાય છે પરંતુ દોરડીનું યથાર્થ સ્વરૂપ જાણવાથી તે સર્વ વસ્તુઓ એની મેળે જ નિવૃત્ત પામે છે કારણ કે તે સત્ય નથી પરંતુ કલ્પિત (મિથ્યા) છે એટલે એક યથાર્થ વસ્તુ દોરડી જ સત્યસ્વરૂપ રહી જાય છે તેમ જ બ્રહ્મનું સત્યસ્વરૂપ જાણવાથી કલ્પિત યાવત્ જગત્ એની મેળે જ નિવૃત્ત પામે છે. એવી રીતે વેદની શ્રુતિમાં પણ કહ્યું છે "**न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः । न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता**" તે સત્ય સ્વરૂપ બ્રહ્મમાં નિરોધ નથી, ઉત્પત્તિ નથી, બદ્ધ નથી, સાધક નથી, મુમુક્ષુ નથી, મુક્ત નથી, એ જ પરમાર્થ સ્વરૂપ છે. તેમ જ તાપનીય ઉપનિષદ્‌માં પણ કહ્યું છે. "**असत्त्वमरजस्कमतमस्कममायमिति**" સત્ત્વગુણ રજોગુણ તમોગુણ અને માયા એ ત્રણેનો જેમાં સંબંધ નથી એવું તે બ્રહ્મ સ્વરૂપ છે. આ શ્રુતિઓ પણ બ્રહ્મનું અદ્વિતીયપણું પ્રતિપાદન કરે છે. ૨

**साऽहं सर्वं जगत्सृष्ट्वा तदन्तः प्रविशाम्यहम् ॥**
**माया कर्मादिसहिता गिरे प्राणपुरःसरा ॥ ३ ॥**

"આ ઠેકાણે એવી શંકા ઉત્પન્ન થાય છે કે જ્યારે આ બધું જગત્ મિથ્યા છે ત્યારે જગત્‌ની અંદર આવેલો જીવાત્મા પણ મિથ્યા તમારે કહેવો પડશે તો જીવને મિથ્યા કહેવાથી મોક્ષ દશામાં તેની સ્થિતિ ન રહે એમ જાણી તે જીવ કદાપિ પોતાના નાશસારુ યત્ન નહિ કરે તો પછી તમારું મોક્ષશાસ્ત્ર વ્યર્થ થવાનું?

એ શંકાનું સમાધાન આ શ્લોકમાં કરે છે." હે હિમાલય! માયા અને અવિદ્યા તેતે પ્રાણિઓનાં કર્મ નાના પ્રકારના સંસ્કારો સહિત હું જ કૂટસ્થ બ્રહ્મસ્વરૂપ છું, અને પ્રથમથી આ બધું જગત્ સર્જીને જેમ ઘટમાં આકાશ પ્રવેશ કરે છે જેમ દર્પણમાં પ્રતિબિંબ પડેછે તેમ જ ચિદાભાસરૂપવડે તે જગતમાં પ્રવેશ કરું છું. તેમાં પણ પ્રાણવાયુને આગળ કરીને પ્રવેશ કરું છું. અર્થાત્ પ્રથમ પ્રાણવાયુનો પ્રવેશ કરાવી પછી મારો પ્રવેશ થાય છે. ૩

लोकान्तरगतिर्नो चेत्कथं स्यादिति हेतुना ॥
यथा यथा भवन्त्येव मायाभेदास्तथा तथा ॥
उपाधिभेदाद्भिन्नाऽहं घटाकाशादयो यथा ॥ ४ ॥

"જગત્ને ઉત્પન્ન કરીને તેમ પોતે જ પ્રાણસહિત પ્રવેશ કરે છે એવું ઉપરના શ્લોકમાં કહ્યું, જગત્માં પ્રવેશ કરવાનું પ્રયોજન શું તે આ શ્લોકમાં વર્ણન કરીને કહે છે." ભગવતી કહે છે કે જો હું પ્રાણનું અભિમાન કરીને જગત્માં પ્રવેશ ન કરું તો મારું સ્વરૂપ તો વ્યાપક છે તેથી આ લોકમાંથી બીજા લોકમાં જવું તેમ જ પ્રાણિઓનાં જન્મ અને મરણ વગેરે વ્યવહાર કેવી રીતે થાય કારણ કે વ્યાપકનું જવું આવવું, દેહનો સંબંધ, દેહનો ત્યાગ વગેરે કાંઈ પણ બની શકે નહિ તેથી મારે પ્રાણનું અભિમાન ધારણ કરી શરીરમાં પ્રવેશ કરવો પડે છે.તે શરીરમાં પ્રાણનું રૂપ જ્યારે મે સ્વીકારું ત્યારે એક દેહમાંથી બીજા દેહમાં પ્રવેશ (જન્મ અને મરણ) આ લોકમાંથી બીજા લોકમાં ગતિ) એ બધો વ્યવહાર સિદ્ધ થાય છે., આ ઠેકાણે એવો અભિપ્રાય છે કે કેવલ ચિદાભાસની જીવ એવી સંજ્ઞા છે એમ નહિ કિંતુ હું કૂટસ્થરૂપિણી તેમ જ અંતઃકરણસ્વરૂપ અને તદાશ્રય અવિદ્યારૂપ ચિદાભાસ એ ચારે મળીને જીવ એવી સંજ્ઞા છે. અને અવિદ્યઅતઃકરણ ચિદાભાસ એ ત્રણેનો જ્ઞાનવડે નાશ થાય છે પરંતુ કૂટસ્થ બ્રહ્માંશનો મુક્તિદશામાં નાશ થતો નથી અને તે અવશેષ રહે છે, એટલા સારુ જીવાત્માની મોક્ષમાં પ્રવૃત્તિ છે. અને પ્રવૃત્તિ બોધક શાસ્ત્રની પણ જરુર છે. "અહીં એવી શંકા થાય છે કે ભગવતીએ પોતાનું અદ્વિતીય સ્વરૂપ બતાવ્યું અને પોતે એક જ છે

એમ જ્યારે કહ્યું તો પછી જીવાત્મા પણ એક જ ઠરશે અને જીવાત્મા તો નાના પ્રકારના જોવામાં આવે છે તેનું સમાધાન કરે છે." જેમ આકાશનું સ્વરૂપ સર્વત્ર વ્યાપક એક જ છે પરંતુ તેને ઘટની ઉપાધિ લાગવાથી ઘટાકાશ, મઠની ઉપાધિ લાગવાથી મઠાકાશ, એમ જુદી જુદી સંજ્ઞાઓ પડે છે, તેમ જ સત્ ચિત્ આનંદ સ્વરૂપ કૂટસ્થ એક જ છે પરંતુ અવિદ્યા અને અંતઃકરણ એ નાના પ્રકારનાં હોવાથી તેની ઉપાધિ કૂટસ્થને વળગી એટલે કૂટસ્થ પણ નાના પ્રકારનું ભાસવા લાગ્યું એટલે જીવાત્મા નાના છે એમ અજ્ઞાની પુરુષો માનવા લાગ્યા વસ્તુતઃ જ્ઞાનદૃષ્ટિથી ઉપાધિને દૂર કરીએ તો તે કૂટસ્થ એક અદ્વિતીય જ ભાસે છે; વેદની શ્રુતિ પણ ઉપરના અર્થને ટેકો આપે છે. "**इन्द्रो मायाभिः पुरुरूप ईयते**" પ્રકાશસ્વરૂપ આત્મા માયાવડે બહુરૂપને પામે છે. ઈત્યાદિ વેદનાં વાકયોથી જીવાત્માને ઉપાધિકૃત ભેદ સમજવો વસ્તુતઃ ભેદ નથી. ૪

**उच्चनीचादिवस्तूनि भासयन्भास्करः सदा ॥**
**न दुष्यति तथैवाहं दोषैर्लिप्ता कदापि न ॥ ५ ॥**

"જ્યારે તમે પ્રાણરૂપ ધારણ કરી જગત્માં પ્રવેશ કર્યો ત્યારે તમે પણ જગત્ની અંદર આવ્યાં તો જગત્ના જે અનર્થ દોષો છે તેથી તમારું સ્વરૂપ પણ દૂષિત થશે તમે તમારું સચ્ચિદાનંદ સ્વરૂપ કેમ વર્ણવ્યું? એ શંકાનું સમાધાન કરે છે." જેમ સૂર્યનારાયણ પોતાના કિરણોવડે દુનિયાંની સારી માઠી યાવત્ વસ્તુઓને પ્રકાશે છે અને તેના ઉપર પોતાનાં કિરણો પાડે છે પરંતુ તે વસ્તુમાં રહેલા દોષોનો સંબંધ સૂર્યનારાયણની સાથે બિલકુલ નથી એ તો સદા દોષરહિત જ છે, તેમ જ સચ્ચિદાનંદ રૂપે યાવત્ પદાર્થોને પ્રકાશું છું પરંતુ તે પદાર્થોના દોષોથી દૂષિત થતી નથી અને સદા નિર્લેપ જ રહું છું. ૫

**मयि बुद्ध्यादिकर्तृत्वमध्यस्यैवापरे जनाः ॥**
**वदन्ति चात्मा कर्तेति विमूढा न सुबुद्धयः ॥ ६ ॥**

"વળી એક એવી શંકા ઉત્પન્ન થાય છે કે સૂર્યનારાયણ તો તે તે વસ્તુઓથી ભિન્ન સાક્ષિરૂપે આકાશમાં જુદો જ છે તે કાંઈ કોઈ

વસ્તુને ઉત્પન્ન કરતો નથી અને તમે તો સર્વ કાર્યનાં કરવાવાળાં છો અને વળી પ્રાણરૂપે જગત્માં પ્રવેશ કરો છો તો જગતના દોષોથી તમારું સ્વરૂપ પણ દૂષિત થવું જ જોઈએ. એ શંકાનું સમાધાન આ શ્લોકમાં કરે છે.” હે હિમાલય! જે અવિવેકી પુરુષો છે તે બુદ્ધિ અંતઃકરણ વગેરેનાં કરેલાં કાર્યોનું કર્તાપણું હું જે આત્મસ્વરૂપિણી છું તે મારે વિષે અધ્યાસ કરીને એમ કહે છે કે આત્મા જ આ બધું કરે છે એમ બોલે છે પરંતુ જે વિવેકી પુરુષો છે તે એમ બોલતા નથી. તેથી હું પણ સૂર્યનારાયણની માફક સાક્ષિરૂપિણી જ છું કરવાવાળી નથી. જો કરવાવાળી હુઉં તો મને કાર્યના દોષો આવીને વળગે અને મારું સ્વરૂપ દૂષિત થાય. અર્થાત્ મારા યથાર્થ સ્વરૂપને નહિ જાણનારા અવિવેકી મૂઢ પુરુષો બુદ્ધિ અંતઃકરણ વગેરેનાં કરેલાં કાર્યોને એમ માને છે કે આ બધાં આત્મા જ કરે છે એમ મિથ્યા અધ્યાસ માની મારે વિષે કર્તૃત્વ ભોકતૃત્વનો આરોપ કરે છે વસ્તુતઃ હું તો કર્ત્રી ભોકત્રી નથી, પરંતુ સાક્ષિણી છું. ૬

**अज्ञानभेदतस्तद्वन्मायाया भेदतस्तथा ॥**
**जीवेश्वरविभागश्च कल्पितो माययैव तु ॥ ७ ॥**

અજ્ઞાનના ભેદથી અને તદ્રૂપ (અજ્ઞાનરૂપ) માયાના ભેદથી જીવનું બહુપણું જાણવું વસ્તુતઃ જીવનો ભેદ નથી. તેમ જ ઈશ્વરનાં સ્વરૂપો પણ ઘણાં જાણવાં, અર્થાત્ માયાના ભેદથી બ્રહ્મા વિષ્ણુ રુદ્ર વગેરે ભેદોથી ઈશ્વરનાં સ્વરૂપો પણ ઘણાં જાણવાં. જીવ અને ઈશ્વરનો વિભાગ માયાવડે કલ્પિત જાણવો. તાત્પર્ય—અજ્ઞાનના ભેદથી જીવની સિદ્ધિ જાણવી અને માયાના ભેદથી ઈશ્વરની સિદ્ધિ જાણવી. ૭

**घटाकाशमहाकाशविभागः कल्पितो यथा ॥**
**तथैव कल्पितो भेदो जीवात्मपरमात्मनोः ॥ ८ ॥**

દેવી હિમાલયને દૃષ્ટાંત આપીને સમજાવે છે કે જેમ આકાશને ઘટની ઉપાધિ લાગવાથી ઘટાકાશ, મઠની ઉપાધિ લાગવાથી મઠાકાશ, મહત્ની ઉપાધિ લાગવાથી મહાકાશ, એમ જુદાં જુદાં નામો આપવામાં આવે છે વસ્તુતઃ તે આકાશ એક જ છે તેમ જ અજ્ઞાન અને માયા એ બે વડે જીવાત્માપરમાત્માનો ભેદ કલ્પિત છે વસ્તુતઃ ભેદ નથી. ૮

**यथा जीवबहुत्वं च माययैव न च स्वतः ॥**
**तथेश्वरबहुत्वं च मायया न स्वभावतः ॥ ९ ॥**

જેમ જીવનું બહુપણું માયાવડે જ છે સ્વતઃ નથી તેમજ ઈશ્વરનું બહુપણું એટલે બ્રહ્મારૂપે વિષ્ણુરૂપે રુદ્રરૂપે બહુપણું માયાવડે જ જાણવું સ્વતઃ બહુત્વ છે જ નહિ. ૯

**देहेन्द्रियादिसंघातवासनाभेदभेदिता ॥**
**अविद्या जीवभेदस्य हेतुर्नान्यः प्रकीर्तितः ॥ १० ॥**

જીવના ભેદમાં હેતુ બતાવે છે કે દેહ પાંચ કર્મેન્દ્રિયે પાંચ જ્ઞાનેંદ્રિયે ચાર અંતઃકરણો (આ બધાંનાં સ્વરૂપો પાછળના અધ્યાયમાં કહી ગયા છીએ તેથી ત્યાં જોઇ લેવાં) અનાદિકાલની વાસના એ સર્વના ભેદથી ભેદ પામેલી જે અવિદ્યા તે જ જીવના ભેદમાં હેતુ–કારણ છે બીજું કાંઇ પણ કારણ નથી. ૧૦

**गुणानां वासनाभेदभेदिता या धराधर ॥**
**माया सा परभेदस्य हेतुर्नान्यः कदाचन ॥ ११ ॥**

હે–ધરા જે પૃથ્વી તેને ધારણ કરનાર હિમાલય! સત્ત્વગુણ રજોગુણ તમોગુણ એ ત્રણે ગુણોના જે વાસનાના ભેદો અર્થાત સાત્વિક ભેદ રાજસ ભેદ તામસ ભેદ એ ભેદોથી ભેદ પામેલી જે માયા તે જ ઈશ્વરના ભેદમાં કારણ છે. અર્થાત્ બ્રહ્મા વિષ્ણુ રુદ્ર વગેરે જે ઇશ્વરના ભેદો થયા તેમાં પણ કારણ માયા જ છે, માયા શિવાય બીજું કારણ નથી. ૧૧

**मयि सर्वमिदं प्रोतमोतं च धरणीधर ॥ १२ ॥**

હું એક જ સર્વાત્મ ચૈતન્ય સ્વરૂપ છું એથી મારું સ્વરૂપ સર્વાત્મક છે. મારે વિષે આ બધું નામરૂપવાળું જગત્ ઓતપ્રોત એટલ પરોવાયલું છે. હે હિમાલય! એમાં કોઇ પણ પ્રકારને સંશય નથી. ૧૨

**ईश्वरोऽहं च सूत्रात्मा विराडात्माऽहमस्मि च ॥**
**ब्रह्माहं विष्णुरुद्रौ च गौरी ब्राह्मी च वैष्णवी ॥ १३ ॥**

सूर्योऽहं तारकाश्चाहं तारकेशस्तथाऽस्म्यहम् ॥
पशुपक्षिस्वरूपाऽहं चाण्डालोऽहं च तस्करः ॥ १४ ॥
व्याधोऽहं क्रूरकर्माऽहं सत्कर्माऽहं महाजनः ॥
स्त्रीपुन्नपुंसकाकारोऽप्यहमेव न संशयः ॥ १५ ॥

કારણદેહના અભિમાનથી હું ઈશ્વરરૂપિણી છું, અને લિંગ અથવા સૂક્ષ્મ દેહના અભિમાનથી હું સૂત્રાત્મા અથવા હિરણ્યગર્ભ રૂપિણી છું, સ્થૂલ દેહના અભિમાનથી વિરાટ્ સ્વરૂપિણી છું, તેમજ બ્રહ્મારૂપે પણ હું જ છું, વિષ્ણુ અને રુદ્રરૂપે પણ મારું જ સ્વરૂપ છે, બ્રહ્માની પાસે બ્રાહ્મી અને વિષ્ણુની પાસે વૈષ્ણવી રુદ્રની પાસે ગૌરી પણ મારી જ શક્તિઓ છે, તારાઓ અને તારાઓનો ઈશ જે ચંદ્રમા તેરૂપે પણ હું જ છું, પશુપક્ષિરૂપે પણ હું જ છું, ચાંડાલ અને ચોરરૂપે પણ હું જ છું, વ્યાધ એટલે શિકારી, ક્રૂર કર્મ કરનારી, સત્ કર્મ કરનારી, મહાજન એ સર્વરૂપે હું જ છું. સ્ત્રીરૂપે પુરુષરૂપે અને નપુંસકરૂપે પણ હું જ છું એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી. ૧૩-૧૪-૧૫

यच्च किंचित्क्वचिद्वस्तु दृश्यते श्रूयते पि वा ॥
अन्तर्बहिश्च तत्सर्वं व्याप्याहं सर्वदा स्थिता ॥ १६ ॥

જે કાંઇ નામ રૂપવાળી વસ્તુ આ જગત્માં જોવામાં આવે છે અથવા સાંભળવામાં આવે છે તે સર્વ વસ્તુના અંદર અને બહાર વ્યાપીને એક રસરૂપે સર્વદા એટલે ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલમાં હું જ રહી છું. ૧૬

न तदस्ति मया त्यक्तं वस्तु किंचिच्चराचरम् ॥
यद्यस्ति चेत्तच्छून्यं स्याद्वन्ध्यापुत्रोपमं हि तत् ॥ १७ ॥

હે હિમાલય! મારી માયાશક્તિથી ચરાચર વસ્તુ કોઈ પણ છુટેલી નથી. અર્થાત્ સર્વ ઠેકાણે માયાશક્તિનો જ વિલાસ છે. જો મારી માયાશક્તિથી છુટેલી કોઈ પણ વસ્તુ હોય તો તે શૂન્ય સમજવી અથવા વંધ્યાપુત્રની માફક છે જ નહિ એમ સમજવી. ૧૭

रज्जुर्यथा सर्पमालाभेदैरेका विभाति हि ॥
तथैवेशादिरूपेण भाम्यहं नात्र संशयः ॥ १८ ॥

જેમ અંધારામાં પડેલી રજ્જુ એટલે દોરડી સર્પરૂપે, માલા-રૂપે, જમીનની ફાટરૂપે, લાકડીરૂપે, પાણીના રેલારૂપે, એમ અનેક રૂપે ભાસે છે વસ્તુતઃ તે દોરડી એક જ છે, તેમજ ઈશ્વરના આદિ લઈ નાનારૂપે હું જ ભાસું છું એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી. ૧૮

**अधिष्ठानातिरेकेण कल्पितं तन्न भासते ॥**
**तस्मान्मत्सत्तयैवैतत्सत्तावान्नान्यथा भवेत् ॥ १९ ॥**

હે હિમાલય! સર્પ માલા જમીનની ફાટ લાકડી પાણીને રેલો વગેરેનું અધિષ્ઠાન (આધાર) કોણ છે કે અંધારામાં પડેલી દોરડી. જો દોરડી ન હોય તો પછી કોઈપણ વસ્તુની કલ્પના સંભવે નહિ તેથી અધિષ્ઠાન જે દોરડી તેને છોડીને જુદે ઠેકાણે તેમન અસ્તિપણાનો અભાવ છે તેવી જ રીતે મારી સત્તાથી જ આ બધું સચરાચર જગત્ સત્તાવાન્ છે અન્યથા એટલે મારી સત્તા શિવાય પોતાની મેળે સત્તાવાન્ નથી. આથી એમ બોધન કર્યું કે સર્વનું કારણ હું પોતે જ છું. ૧૯

**॥ हिमालय उवाच ॥**

**यथा वदसि देवेशि समष्ट्यात्मवपुस्त्विदम् ॥**
**तथैव द्रष्टुमिच्छामि यदि देवि कृपा मयि ॥ २० ॥**

"આ પ્રકારનું જગદંબાનું વચન સાંભળી હિમાલયના મનમાં જીજ્ઞાસા થઈ અને તે બોલ્યો" હે દેવેશિ! જેવી રીતે તમે આ તમારું સમષ્ટિરૂપ (વિરાટ્ સ્વરૂપ) કહો છે, તેવી જ રીતે હું જોવાને ઇચ્છું છું. હે દેવિ! જો તમારી મારા ઉપર કૃપા હોય તો કૃપા કરીને દેખાડશો. ૨૦

**॥ व्यासउवाच ॥**

**इति तस्य वचः श्रुत्वा सर्वे देवाः सविष्णवः ॥**
**ननन्दुर्मुदितात्मानः पूजयन्तश्च तद्वचः ॥ २१ ॥**

વ્યાસજી જનમેજયના પ્રતિ કહે છે કે હે રાજન્! વિષ્ણુએ સહિત તે સર્વ દેવતાઓ તે હિમાલયનું વચન સાંભળી આનંદ પામતા હવા, એટલું જ નહિ પરંતુ પોતાના મનમાં પ્રસન્ન થઈને

તેના વચનનો સત્કાર કરતા હુવા. ભાવાર્થ–હિમાલયનો આ પ્રકારનો પ્રશ્ન સાંભળી દેવતાઓ ઘણાજ રાજી થયા અને એમ કહેવા લાગ્યા કે અમને જે ઇષ્ટ હતું તેજ આ હિમાલય પુછે છે. ૨૧

**अथ देवमतं ज्ञात्वा भक्तकामदुघा शिवा ॥**
**अदर्शयन्निजं रूपं भक्तकामप्रपूरिणी ॥ २२ ॥**

બાદ ભક્તોની ઇચ્છા પૂર્ણ કરનારી તેમજ ભક્તોના મનોરથને પરિપૂર્ણ કરનારી તે શિવા એટલે મંગલસ્વરૂપિણી જગદંબા, દેવતાઓનો અભિપ્રાય જાણીને પોતાનું સ્વરૂપ દેખાડતાં હુવાં. ભાવાર્થ–દેવતાઓના મુખમાંથી એમ નીકળ્યું કે હિમાલય ઘણુંજ સારું પુછે છે, એ વચન સાંભળી ભગવતી પોતાનું સ્વરૂપ દેખાડતાં હુવાં. ૨૨

**अपश्यंस्ते महादेव्या विराड्रूपं परात्परम् ॥**
**द्यौर्मस्तकं भवेद्यस्य चन्द्रसूर्यौ च चक्षुषी ॥ २३ ॥**

તે સર્વ દેવતાઓ મહાદેવીનું પરથી પણ પર એવું વિરાટ્ સ્વરૂપ જોતા હુવા. કેવું તે દેવતાઓએ જગદંબાનું સ્વરૂપ જોયું તે બતાવે છે કે–જે વિરાટ્ સ્વરૂપનું મસ્તક ઉપરના સાત લોકને ઠેકાણે હતું, સૂર્ય અને ચંદ્રમા નેત્રને ઠેકાણે હતા. ૨૩

**दिशः श्रोत्रे वचो वेदाः प्राणो वायुः प्रकीर्तितः ॥**
**विश्वं हृदयमित्याहुः पृथिवी जघनं स्मृतम् ॥ २४ ॥**

કાનને ઠેકાણે દશ દિશાઓ હતી, વાણીરૂપ વેદો હતા, પ્રાણવાયુને ઠેકાણે વાયુ હતો, હૃદયને ઠેકાણે વિશ્વ હતું, જંઘાઓને ઠેકાણે પૃથિવી હતી. ૨૪

**नभस्तलं नाभिसरो ज्योतिश्चक्रमुरःस्थलम् ॥**
**महर्लोकस्तु ग्रीवा स्याज्जनो लोको मुखं स्मृतम् ॥ २५ ॥**

નાભિચક્રને ઠેકાણે આકાશતલ હતું, છાતીને ઠેકાણે ગ્રહ અને તારાઓનું મંડલ હતું, ગ્રીવા એટલે ડોકને ઠેકાણે મહર્નામનો લોક હતો, મુખને ઠેકાણે જન નામનો લોક હતો. ૨૫

**तपोलोको रराटिस्तु सत्यलोकादधः स्थितः ॥**
**इन्द्रादयो बाहवः स्युः शब्दः श्रोत्रं महेशितुः ॥ २६ ॥**

રરાટિ એટલે લલાટને ઠેકાણે સત્યલોકથી અધોભાગમાં રહેલો તપોલોક હતો, ઇંદ્રાદિ દેવતાઓ બાહુને ઠેકાણે હતા, તે સર્વના નિયંતા વિરાટ્ સ્વરૂપનું શ્રોત્ર એટલે કાનને ઠેકાણે શબ્દ હતો. ભાવાર્થ-જે અમારા શ્રોત્ર-કાનનો વિષય શબ્દ છે તે વિરાટ્ સ્વરૂપનો કાન હતો. ૨૬

**नासत्यदस्रौ नासे स्तो गन्धो घ्राणं स्मृतो बुधैः ॥**
**मुखमग्निः समाख्यातो दिवारात्री च पक्ष्मणी ॥ २७ ॥**

નાસત્ય અને દસ્ર એટલે બે અશ્વિની કુમાર નામના દેવતાઓ આ વિરાટ્ સ્વરૂપની બે નાસિકાને ઠેકાણે હતા, જે ગંધ ગુણ છે તે ઘ્રાણ એટલે નાસિકાને ઠેકાણે વિદ્વાનોએ કહ્યો છે, મુખને ઠેકાણે અગ્નિ કહેવામાં આવ્યો છે, અને દિવસ તથા રાત્રિ રુંવાટાંને ઠેકાણે જાણવાં. ૨૭

**ब्रह्मस्थानं भ्रूविजृम्भोऽप्यापस्तालुः प्रकीर्तिताः ॥**
**रसो जिह्वा समाख्याता यमो दंष्ट्राः प्रकीर्तिताः ॥ २८ ॥**

પ્રજાના પતિ ચતુર્મુખ બ્રહ્માનું જે બ્રહ્મલોક સ્થાન છે તે આ વિરાટ્ સ્વરૂપનો ભ્રુકુટિનો વિલાસ સમજવો એટલે ભ્રુકુટિને ઠેકાણે બ્રહ્મલોક જાણવો, આપ એટલે જલ છે તે તાલુને ઠેકાણે છે, જે રસ છે તે જીભને ઠેકાણે છે અને જે યમરાજ છે તે દાઢોને ઠેકાણે છે. ૨૮

**दन्ताः स्नेहकला यस्य हासो माया प्रकीर्तिता ॥**
**सर्गस्त्वपाङ्गमोक्षः स्याद्व्रीडोर्ध्वोष्ठो महेशितुः ॥ २९ ॥**

સ્ત્રી પુરુષાદિકની જે સ્નેહની કલાઓ છે તે દાંતને ઠેકાણે છે. અને જે માયા છે તે હાસ (ખડખડ હસવું) તેને ઠેકાણે કહેલી છે. વાંકી ભ્રુકુટિથી જે જોવું એજ આ સૃષ્ટિની ઉત્પત્તિ છે. મહાન્ નિયમ કરવાવાળા તે વિરાટ્ સ્વરૂપનો ઉપરનો જે હોઠ તે લજ્જાને ઠેકાણે છે. ૨૯

**लोभः स्यादधरोष्ठोऽस्याधर्ममार्गस्तु पृष्ठभूः ॥**
**प्रजापतिश्च मेढ्रं स्याद्यः स्रष्टा जगतीतले ॥ ३० ॥**

અને આ વિરાટ્ સ્વરૂપના નીચેના હોઠને ઠેકાણે લોભ છે, પૃષ્ઠભાગને ઠેકાણે અધર્મમાર્ગ છે, જે આ પૃથ્વીતલમાં ઉત્પન્ન કરવાવાળા પ્રજાપતિ (બ્રહ્મા) છે તે મેઢ્ર એટલે ગુહ્ય સ્થાનને ઠેકાણે છે. ૩૦

कुक्षिः समुद्रा गिरयोऽस्थीनि देव्या महेशितुः ॥
नद्यो नाड्यः समाख्याता वृक्षाः केशाः प्रकीर्तिताः ॥ ३१ ॥

ભગવતીના વિરાટ્સ્વરૂપની જે કુખો છે તેને ઠેકાણે સમુદ્ર છે. તેમ જ અસ્થિ એટલે હાડકાંને ઠેકાણે પર્વતો છે. નદીઓ જે છે તે નાડીઓને ઠેકાણે છે. અને વૃક્ષો કેશને ઠેકાણે કહ્યા છે. ૩૧

कौमारयौवनजरावयोऽस्य गतिरुत्तमा ॥
बलाहकास्तु केशाः स्युः सन्ध्ये ते वाससी विभोः ॥ ३२ ॥

આ વિરાટ્ સ્વરૂપની કૌમાર યૌવન અને જરા એ ત્રણ પ્રકારની વયની ઉત્તમ ગતિ કહી છે. બલાહક એટલે મેઘ (વાદળાં) કેશને ઠેકાણે છે. અને સમર્થ વિરાટ્ સ્વરૂપનાં વસ્ત્રોને ઠેકાણે બે સંધ્યા છે. અર્થાત્ પ્રાતઃકાલની સંધ્યા અને સાયંકાલની સંધ્યા એ બે વસ્ત્રોને ઠેકાણે છે. ૩૨

राजञ्छ्रीजगदम्बायाश्चन्द्रमास्तु मनः स्मृतः ॥
विज्ञानशक्तिस्तु हरी रुद्रोऽन्तःकरणं स्मृतम् ॥ ३३ ॥

વ્યાસજી જનમેજયના પ્રતિ કહે છે કે હે રાજન્! જગદંબાનું જે મન છે તેને ઠેકાણે ચંદ્રમા છે. અને જે હરિ–વિષ્ણુ છે તે વિજ્ઞાન શક્તિ એટલે બુદ્ધિને ઠેકાણે છે. રુદ્ર–મહાદેવજી અંતઃકરણને ઠેકાણે છે. ૩૩

अश्वादिजातयः सर्वाः श्रोणिदेशे स्थिता विभोः ॥
अतलादिमहालोकाः कट्यधोभागतां गताः ॥ ३४ ॥

સંપૂર્ણ અશ્વ આદિ જાતિઓ આ સમર્થ વિરાટ્ સ્વરૂપના કટિપશ્ચાત્ ભાગને વિષે રહ્યા છે. અતલ વિતલ સુતલ વગેરે જે સાત પાતાલો છે તે કટિભાગથી પણ નીચેના ભાગમાં રહ્યા છે. અર્થાત્ કટિથી લઈને તે પાદના મૂલપર્યંત સાત પાતાલો રહ્યા છે.

ઉપરના અર્થને પ્રતિપાદન કરવાવાળી વેદની શ્રુતિ પણ છે "अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे वाग्विवृताश्च वेदाः ॥ वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्वभूतान्तरात्मा" મુખને ઠેકાણે અગ્નિ, ચંદ્ર અને સૂર્ય એ નેત્રોને ઠેકાણે, એ કાનને ઠેકાણે દિશાઓ, વાણીનો વિકાસને ઠેકાણે વેદ છે, વાયુ પ્રાણને ઠેકાણે છે, આ વિરાટ્ સ્વરૂપનું હૃદય આખું વિશ્વ છે, પૃથ્વી પાદને ઠેકાણે છે, આ સર્વ ભૂતોનો અંતરાત્મા છે." ૩૪

**एतादृशं महारूपं ददृशुः सुरपुङ्गवाः ॥**
**ज्वालामालासहस्राढ्यं लेलिहानं च जिह्वया ॥ ३५ ॥**

આ પ્રકારનું આશ્ચર્યકારક રૂપ મ્હોટા મ્હોટા દેવતાઓ જોતા હુવા. જે સ્વરૂપમાંથી હજારો જ્વાલાની શિખાઓ નીકળતી હતી અને જીભવડે આખા જગતને જાણે ચાટતાં હોયને શું એમ જગદંબાનું વિરાટ્ સ્વરૂપ જોયું. ૩૫

**दंष्ट्राकटकटारावं वमन्तं वह्निमक्षिभिः ॥**
**नानायुधधरं वीरं ब्रह्मक्षत्रौदनं च यत् ॥ ३६ ॥**

જે વિરાટ્ સ્વરૂપની દાઢોમાંથી કડ કડ શબ્દ થતો હતો, નેત્રમાંથી અગ્નિના તણખા નીકળતા હતા, જે સ્વરૂપમાં નાના પ્રકારના આયુધોને ધારણ કરનારા વીર પુરુષો હતા, બ્રાહ્મણ અને ક્ષત્રિય આ બે જાતિ વિરાટ્ સ્વરૂપના ઓદન એટલે ભાતને ઠેકાણે હતા. ૩૬

**सहस्रशीर्षनयनं सहस्रचरणं तथा ॥**
**कोटिसूर्यप्रतीकाशं विद्युत्कोटिसमप्रभम् ॥ ३७ ॥**

જે વિરાટ્ સ્વરૂપનાં હજારો માથાં હતાં, હજારો નેત્રો હતાં, હજારો ચરણ હતા, તેમજ અસંખ્ય સૂર્યનારાયણના સમાન જેનો પ્રકાશ હતો, કોટિ વિજળીના સમાન જેની કાંતિ હતી. અર્થાત્ જેના તેજની કોઇની સાથે પણ તુલના થઇ શકે નહિ એવું આશ્ચર્યકારક તેજ હતું. ૩૭

**भयंकरं महाघोरं हृदक्ष्णोस्त्रासकारकम् ॥**
**ददृशुस्ते सुराः सर्वे हाहाकारं च चक्रिरे ॥ ३८ ॥**

હૃદય અને નેત્રને ત્રાસદાયક તે મહાઘોર ભયંકર રૂપને દેવતાઓ જોતા હુવા અને તે સર્વે દેવતાઓ ભયભીત થયા સતા હાહાકાર એ પ્રકારના ભયંકર શબ્દને કરવા લાગ્યા. ૩૮

**विकम्पमानहृदया मूर्च्छामापुर्दुरत्ययाम् ॥**
**स्मरणं च गतं तेषां जगदम्बेयमित्यपि ॥ ३९ ॥**

ભયથી જેમનું હૃદય કંપાયમાન થયું છે એવા તે દેવતાઓ મ્હોટી મૂર્છાને પામ્યા અને તેમને સ્મરણમાં પણ રહ્યું નહિ કે આ તો જગદંબાનું જ સ્વરૂપ છે બીજા કોઈનું નથી. ૩૯

**अथ ते ये स्थिता वेदाश्चतुर्दिक्षु महाविभोः ॥**
**बोधयामासुरत्युग्रं मूर्च्छातो मूर्च्छितान्सुरान् ॥ ४० ॥**

જ્યારે દેવતાઓને મોટી મૂર્છા આવી ત્યારે મહાદેવીના આસપાસ ચારે દિશાઓમાં જે મૂર્તિમાન્ વેદો હતા તે મૂર્છા પામેલા દેવતાઓને મૂર્છાથી અત્યંત જગાડતા હુવા. અર્થાત્ ભગવતીનું વિરાટ્ સ્વરૂપ જોઈ દેવતાઓ અસાવધ થયા, તેમને વેદોએ સાવધ કર્યા. ૪૦

**अथ ते धैर्यमालम्ब्य लब्ध्वा च श्रुतिमुत्तमाम् ॥**
**प्रेमाश्रुपूर्णनयना रुद्धकण्ठास्तु निर्जराः ॥ ४१ ॥**

**बाष्पगद्गदया वाचा स्तोतुं समुपचक्रिरे ॥**

**॥ देवा ऊचुः ॥**

**अपराधं क्षमस्वाम्ब पाहि दिनांस्त्वदुद्भवान् ॥ ४२ ॥**
**कोपं संहर देवेशि सभया रूपदर्शनात् ॥**
**का ते स्तुतिः प्रकर्तव्या पामरैर्निर्जरैरिह ॥ ४३ ॥**

બાદ તે દેવતાઓ ધૈર્યને આલંબન કરી ઉત્તમ એવી શુદ્ધિને પામ્યા પછી પ્રેમનાં આંસુથી જેમનાં નેત્રો ભરાઈ આવ્યાં છે, જેમના કંઠ રોકાઈ ગયા છે, એવા તે દેવતાઓ આંસુથી ગદ્ગદ વાણીવડે ભગવતીની સ્તુતિ કરતા હુવા. હે અંબ ! (જનનિ!) અમારા અપરાધને ક્ષમા કરો, તમારાથી જ અમારી ઉત્પત્તિ છે. અર્થાત્ અમે તમારા બાળકો છીએ અને તમે અમારી માતા છો તો માતાએ

બાળકોના અપરાધ ક્ષમા કરવા જોઇએ એટલું જ નહિ પરંતુ અમારે કોઇ પણ પ્રકારનું આલંબન (આધાર) નહિ હોવાથી અમે દીન છૈએ અર્થાત્ દીન ઉપર દયા કરવી એ માતાનું કાર્ય છે. હે દેવેશિ! કોપને સમેટી લ્યો આ તમારા વિરાટ્ સ્વરૂપને જોઈ અમે ભય સહિત છૈએ. આ જગત્માં પામર એવા જે અમે તે અમારાથી તમારી સ્તુતિ કેવી રીતે થઇ શકે અર્થાત્ તમારા અદ્દ્ભુતરૂપની સ્તુતિ કરવાને અમારું સામર્થ્ય નથી. ૪૧–૪૨–૪૩

**स्वस्याप्यज्ञेय एवासौ यावान्यश्च स्वविक्रमः ॥**
**तद्‌र्वाग्जायमानानां कथं स विषयो भवेत् ॥ ४४ ॥**

આ જે તમારી માયાશક્તિથી ઉત્પન્ન થએલું સચ્ચિદાનંદથી અન્ય વિરાટ્ સ્વરૂપ તેના પરાક્રમને જાણુવાને તમે પોતે પણ સમર્થ નથી તો તમારા પછી ઉત્પન્ન થએલા જે અમે તે તમારા સ્વરૂપને કેવી રીતે જાણી શકીએ. ભાવાર્થ–આ માયાસહિત તમારા સ્વરૂપને તમે પોતે જાણી શકતાં નથી તો અમે કેવી રીતે જાણી શકીએ. ૪૪

**नमस्ते भुवनेशानि नमस्ते प्रणवात्मके ॥**
**सर्ववेदान्तसंसिद्धे नमो ह्रींकारमूर्तये ॥ ४५ ॥**

હે ભુવનની અધિષ્ઠાત્રિ! તમને નમસ્કાર છે, હે ઓંકારસ્વરૂપિણિ! તમને નમસ્કાર છે. વેદનો અંત એટલે શિરોભાગ તેનું નામ વેદાંત અર્થાત્ ઉપનિષદ્ અને સર્વ વેદનાં ઉપનિષદોમાં જેનું સ્વરૂપ સિદ્ધ છે એવી હે દેવિ! તમને નમસ્કાર છે. હ્રીંકાર બીજરૂપની મૂર્તિ છે એવી હે દેવિ! તમને નમસ્કાર છે. ૪૫

**यस्मादग्निः समुत्पन्नो यस्मात्सूर्यश्च चन्द्रमाः ॥**
**यस्मादोषधयः सर्वास्तस्मै सर्वात्मने नमः ॥ ४६ ॥**

જેનાથી અગ્નિ ઉત્પન્ન થયો છે, જેનાથી સૂર્યનારાયણ અને ચંદ્રમા ઉત્પન્ન થયા છે, જેનાથી સર્વ ઓષધિઓ ઉત્પન્ન થઇ છે, તે સર્વસ્વરૂપિણી ભગવતીને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૬

**यस्माच्च देवाः संभूताः साध्याः पक्षिण एव च ॥**
**पशवश्च मनुष्याश्च तस्मै सर्वात्मने नमः ॥ ४७ ॥**

જેનાથી દેવતાઓ ઉત્પન્ન થયા છે, તેમ જ સાધ્ય નામના દેવ વતાઓ અને પક્ષિઓ જેમનાથી ઉત્પન્ન થયા છે, અને પશુએ- મનુષ્યો પણ જેમનાથી ઉત્પન્ન થયા છે તે સર્વસ્વરૂપિણી ભગવતીનો અમે નમસ્કાર કરીએ છેએ. ૪૭

प्राणापानौ व्रीहियवौ तपः श्रद्धा ऋतं तथा ॥
ब्रह्मचर्यं विधिश्चैव यस्मात्तस्मै नमोनमः ॥ ४८ ॥

પ્રાણવાયુ અપાનવાયુ ડાંગેર જવ તપ શ્રદ્ધા સત્ય બ્રહ્મચર્ય યજ્ઞાદિક ક્રિયાઓનું વિધાન એ સર્વે જેનાથી ઉત્પન્ન થયાં છે તે ભગવતીને અમે વારંવાર નમસ્કાર કરીએ છેએ. ૪૮

सप्तप्राणार्चिषो यस्मात्समिधः सप्त एव च ॥
होमाः सप्त तथा लोकास्तस्मै सर्वात्मने नमः ॥ ४९ ॥

સાત મસ્તકના ઉપરભાગના પ્રાણો છે તે પણ ભગવતીના સ્વરૂપથી જ ઉત્પન્ન થએલા છે અને તે પ્રાણોની સાત દીપ્તિએ. (પ્રકાશની જ્વાલાઓ) અર્થાત્ પોતપોતાના વિષયને પ્રકાશ કર- નારી છે, સાત સમિધાઓ એટલે સાત દીપ્તિઓના વિષયો છે અર્થાત્ જેમ અગ્નિને પોતાનો વિષય કાષ્ઠ મળવાથી તેની વૃદ્ધિ થાય છે તેમ જ મસ્તકના સાત પ્રાણોને પોતાના વિષયો મળવાથી તેઓ પણ જાજ્વલ્યમાન થાય છે. એથી જ યોગીઓ લાંબા વખત સુધી પોતાનું શરીર રાખી શકે છે. અને સાત પ્રકારનો હોમ અર્થાત્ ઉપ- રના સાત મસ્તકના પ્રાણોના વિષયનું જ્ઞાન, તેમ જ સાત લોક એટલે સાત ઇંદ્રિયોનાં સ્થાન એ સર્વે જે સ્વરૂપથી ઉત્પન્ન થયાં છે તે સ્વરૂ- પને અમે નમસ્કાર કરીએ છેએ. તાત્પર્ય—બે આંખો, બે નાસિકાઓ, બે કાન અને એક મુખ એ સાત ઠેકાણે પ્રાણવાયુનો સંચાર થવાથી સાત પ્રકારના મસ્તકના પ્રાણો કહેવામાં આવે છે અને તેમનો પ્રકાશ એટલે આંખથી રૂપનું જોવું, કાનથી શબ્દનું સાંભળવું, નાસિકાથી ગંધનું લેવું, મુખથી બોલવું, એમ સમજવો. અને અગ્નિમાં સમિ- ધાઓ પડવાથી જેમ અગ્નિની શક્તિ વધે છે તેમ જ ઉપરની સાતે ઇંદ્રિયોને પોતપોતાનો વિષય મળવાથી અર્થાત્ આંખને રૂપ જોવાનો, કાનને શબ્દ સાંભળવાનો, નાસિકાને ગંધ લેવાનો, મુખને બોલવાનો,

વિષય મળવાથી તેની શક્તિ વધે છે. જેમ હોમ એટલે બધી વસ્તુઓ એકઠી મળી તેનું યથાર્થ સ્વરૂપ જાણવું, તેમ જ સાત મસ્તકના પ્રાણોનું અને તેમના વિષયનું યથાર્થજ્ઞાન તેનું જ નામ હોમ છે. અને ઉપરની સાતે ઇંદ્રિયોનાં જે સ્થાન તેનું નામ સાત લોક છે એવું રહસ્ય આ ઠેકાણે સમજવું. ૪૯

**यस्मात्समुद्रा गिरयः सिन्धवः प्रचरन्ति च ॥**
**यस्मादोषधयः सर्वा रसास्तस्मै नमोनमः ॥ ५० ॥**

જે સ્વરૂપથી સમુદ્રો પર્વતો નદીઓ વગેરે ઉત્પન્ન થયાં છે. જેનાથી સંપૂર્ણ ઔષધિઓ સંપૂર્ણ રસો ઉત્પન્ન થયા છે તે સ્વરૂપને અમે નમસ્કાર કરીએ છૈએ. ૫૦

**यस्माद्यज्ञः समुद्भूतो दीक्षा यूपश्च दक्षिणाः ॥**
**ऋचो यजूंषि सामानि तस्मै सर्वात्मने नमः ॥ ५१ ॥**

જેનાથી યજ્ઞ ઉત્પન્ન થયો છે. યજ્ઞમાં અપાતી યજ્ઞની દીક્ષા, તેમ જ યૂપ એટલે યજ્ઞમાં વધ કરવાને લાવેલા પશુઓને બાંધવાનો સ્તંભ, દક્ષિણા એટલે યજ્ઞના અંતમાં યજ્ઞમાં વરેલા બ્રાહ્મણોને આપવામાં આવતું દ્રવ્ય, ઋગ્વેદ યજુર્વેદ સામવેદ એ સર્વે જેનાથી ઉત્પન્ન થયાં તે વ્યાપક સ્વરૂપને અમે નમસ્કાર કરીએ છૈએ. ૫૧

**नमः पुरस्तात्पृष्ठे च नमस्ते पार्श्वयोर्द्वयोः ॥**
**अध ऊर्ध्वं चतुर्दिक्षु मातर्भूयो नमोनमः ॥ ५२ ॥**

સન્મુખ જેનું સ્વરૂપ છે, તેમ જ પાછળના ભાગમાં, બંને પડખાઓમાં, નીચે ઉપર ચારે દિશાઓમાં જેનું સ્વરૂપ વ્યાપક છે એવાં હે માતઃ! તમને અમે વારંવાર નમસ્કાર કરીએ છૈએ. ૫૨

**उपसंहर देवेशि रूपमेतदलौकिकम् ॥**
**तदेव दर्शयास्माकं रूपं सुन्दरसुन्दरम् ॥ ५३ ॥**

હે દેવેશિ! આ તમારું અલૌકિક રૂપ સમેટી લ્યો. અર્થાત્ આવું તમારું અદ્ભુત રૂપ જોઇને અમે ભયભીત થયા છૈએ એથી આ તમારું વ્યાપક રૂપ સમેટી લ્યો. અને પ્રથમ જે તમારું

અત્યંત સુંદર રૂપ હતું તે અમને બતાવો. અર્થાત્ તે સુંદર રૂપ જોઈ અમારું મન શાંત થશે. ૫૩

॥ व्यास उवाच ॥

इति भीतान्सुरान्दृष्ट्वा जगदम्बा कृपार्णवा ॥
संहृत्य रूपं घोरं तद्दर्शयामास सुन्दरम् ॥ ५४ ॥

વ્યાસજી જનમેજય રાજાના પ્રતિ કહે છે કે એ પ્રકારે ભય પામેલા દેવતાઓને જોઈ કરુણાસાગર જગદંબાએ પોતાનું ઘોર એવું રૂપ સમેટી લીધું અને પ્રથમનું સુંદર એવું પોતાનું રૂપ બતાવ્યું. ૫૪

पाशाङ्कुशवराभीतिधरं सर्वाङ्गकोमलम् ॥
करुणापूर्णनयनं मन्दस्मितमुखाम्बुजम् ॥ ५५ ॥
दृष्ट्वा तत्सुन्दरं रूपं तदा भीतिविवर्जिताः ॥
शान्तचित्ताः प्रणेमुस्ते हर्षगद्गदनिःस्वनाः ॥ ५६ ॥

इतिश्रीदे० म० सप्तमस्कन्धे देवीगीतायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

"તે ભગવતીનું પ્રથમનું રૂપ કેવું હતું, એ બે શ્લોકવડે વર્ણન કરીને કહે છે." ચાર ભુજાઓની અંદર ચાર પદાર્થો ભગવતીએ ધારણ કર્યા હતા. એક હસ્તમાં પાશ, બીજામાં અંકુશ, ત્રીજો હસ્ત વરદમુદ્રાને અને ચોથો અભય મુદ્રાને ધારણ કરવાવાળો હતો, આખું શરીર ગૌર કોમલ હતું, નેત્રો કરુણારસથી ભરપૂર હતાં, મુખકમલમાંથી મંદ મંદ હાસ્ય થતું હતું, એવું સુંદર રૂપ જોઈને તે સમયમાં ભયથી વર્જિત થયા સતા શાંત જેમનાં ચિત્ત છે એવા તે દેવતાઓ હર્ષથી ગદ્ગદ જેમનો શબ્દ છે એવા સતા ભગવતીને સાષ્ટાંગ પ્રણામ કર્તા હવા. ૫૫-૫૬

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां
त्रीजो अध्याय समाप्त ॥ ३ ॥

## अध्याय ४ थो.

"આ ચોથા અધ્યાયના પચાસ શ્લોકોવડે મોક્ષને સારુ પુરુષોએ જ્ઞાન જ સંપાદન કરવું જોઈએ અને તે જ્ઞાન વૈરાગ્ય શિવાય થતું નથી એમ જાણી પ્રથમ વૈરાગ્યને ઉપદેશ કરવામાં આવશે."

॥ श्रीदेव्युवाच ॥

क्व यूयं मन्दभाग्या वै क्वेदं रूपं महाद्भुतम् ॥
तथापि भक्तवात्सल्यादीदृशं दर्शितं मया ॥ १ ॥

ભગવતી દેવતાઓના પ્રતિ કહે છે કે હે દેવતાઓ! મંદ ભાગ્યવાળા એવા તમે ક્યાં અને આ મારું અદ્ભુત રૂપ ક્યાં તો પણ તમે મારા ભક્તો છો તેથી તમારા ઉપર વાત્સલ્ય (પ્રેમ) હોવાથી મેં તમને આવું મારું અદ્ભુતરૂપ દેખાડ્યું. અર્થાત્ તમને મે જે મારું સ્વરૂપ બતાવ્યું તે તમે અનાયાસે જોયું એમ તમારે ન માનવું પરંતુ મારી કૃપાથી જ તમે જોયું છે. ૧

न वेदाध्ययनैर्योगैर्न दानैस्तपसेज्यया ॥
रूपं द्रष्टुमिदं शक्यं केवलं मत्कृपां विना ॥ २ ॥

રાત દિવસ વેદના અધ્યયનથી (ભણવાથી), યોગાભ્યાસથી, નાના પ્રકારનાં દાનો આપવાથી, ચાંદ્રાયણાદિ તપશ્ચર્યા કરવાથી તેમ જ યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરવાથી આ મારું અદ્ભુત રૂપ જોવાને શકય નથી. ગમે તેટલું કરો પરંતુ કેવળ મારી કૃપા શિવાય મારું રૂપ જોવાને કોઈ પણ સમર્થ નથી. ૨

प्रकृतं शृणु राजेन्द्र परमात्माऽत्र जीवताम् ॥
उपाधियोगात्संप्राप्तः कर्तृत्वादिकमप्युत ॥ ३ ॥

"બ્રહ્મવિદ્યાના ઉપદેશનું પ્રકરણ પ્રથમ ચાલ્યું હતું પરંતુ વચમાં હિમાલયને આગળ કરી દેવતાઓએ વિશ્વરૂપ જોવાની પ્રાર્થના કરી એટલે ભગવતીએ પોતાનું વિશ્વરૂપ બતાવ્યું અને તેને જોઈ

દેવતાઓ અત્યંત ભયભીત થયા તેથી ભગવતીએ પોતાનું વિશ્વરૂપ સમેટી લીધું અને જેવું પ્રથમ સુંદર ચતુર્ભુજવાળું સ્વરૂપ હતું તેવું જ પાછું સ્વરૂપ ધારણ કર્યું અને હિમાલયને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવા લાગ્યાં." વ્યાસજી જનમેજય રાજાના પ્રતિ કહે છે કે હે રાજેંદ્ર! ભગવતીએ હિમાલયને કહ્યું કે હવે જે પ્રકૃત વાત છે તેને સાંભળ કે જે પરમાત્મા છે તે ઉપાધિના યોગથી અર્થાત્ માયાના સંબંધથી જીવપણાને પામ્યો છે તેમજ કર્તાપણાને ભોક્તાપણાને સુખી દુઃખી વગેરે ધર્મોને પણ માયાના સંબંધથી જ પામ્યો છે. વસ્તુતઃ તે પરમાત્મા કર્તા ભોક્તા કાંઈ પણ નથી એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે. વેદની શ્રુતિ પણ ઉપરના અર્થને બોધન કરે છે "**अमूढो मूढो इव व्यवहरन्नास्ते माययैव**" અમૂઢ એટલે જ્ઞાનસ્વરૂપ છે છતાં પણ માયાવડે મૂઢ હોયને શું? ભાવાર્થ–કર્તૃત્વ ભોક્તૃત્વ સુખી દુઃખી ઇત્યાદિ ધર્મવાળો હોયને શું એમ વ્યવહાર કરતો સતો રહે છે. આ વેદની શ્રુતિથી પરમાત્મા સ્વયં સત્ ચિત્ આનંદ સ્વરૂપ છે પરંતુ માયાની ઉપાધિથી ભેદ દશાને પામે છે. ૩

**क्रियाः करोति विविधा धर्माधर्मैकहेतवः ॥**
**नानायोनीस्ततः प्राप्य सुखदुःखैश्च युज्यते ॥ ४ ॥**

તે જીવાત્મા ધર્મ અને અધર્મમાં કારણ જે નાના પ્રકારનાં કર્મો તેને કરે છે. તેથી જ નાના પ્રકારની યોનિઓને પામી સુખ દુઃખને ભોગવે છે. અર્થાત્ જીવાત્મા પોતે સારાં માઠાં કર્મો કરે છે અને તેનાં ફલ ભોગવવા નાના પ્રકારની યોનિઓમાં તેને ભટકવું પડે છે. ૪

**पुनस्तत्संस्कृतिवशान्नानाकर्मरतः सदा ॥**
**नानादेहान्समाप्नोति सुखदुःखैश्च युज्यते ॥ ५ ॥**

અને તે સુખદુઃખના સંસ્કારવશથી જીવાત્મા નાના પ્રકારના કર્મોમાં નિરંતર પ્રીતિવાળો થાય છે. અર્થાત્ જેવા જેવા સંસ્કારો બેઠા હોય તે તે પ્રમાણે કર્મ કરવાવાળો થાય છે. તે જીવાત્મા કર્માનુસાર નાના પ્રકારનાં શરીરોને પામે છે. અને કર્માનુસાર સુખ દુઃખને પણ ભોગવે છે. ૫

**घटीयन्त्रवदेतस्य न विरामः कदापि हि ॥**
**अज्ञानमेव मूलं स्यात्ततः कामः क्रियास्ततः ॥ ६ ॥**

આ જન્મ મરણ પ્રબંધરૂપ સંસારનો વિરામ ત્રણે કાલમાં છેજ નહિ એ તો ઘટીયંત્રની માફક ફર્યાજ કરે છે. હજી સુધી અનંત સૃષ્ટિના પ્રલય થઇ ગયા તો પણ જીવસંસારનો અંત આવ્યો નહિ એ તો વિદ્યમાન જ છે. એ પ્રકારે સંસારની અનાદિ કાલથી પ્રવૃત્તિ ઉપપાદન કરી હવે તેના નાશને સારુ ઉપાય બતાવવા પ્રથમ તેનું મૂલ કારણ કહે છે. તે અનાદિ સંસારનું મૂલ કારણ અવિદ્યા છે. અને તે અવિદ્યાથી કામ એટલે ઇચ્છા ઉત્પન્ન થાય છે. અને તે ઇચ્છાથી ક્રિયા થાય છે. ભાવાર્થ—આ બધા સંસારનું મૂલ અવિદ્યા એટલે અજ્ઞાન છે અને અજ્ઞાનને લીધે માણસની નાના પ્રકારની ઇચ્છાઓ થાય છે અને એ ઇચ્છાઓ પૂરી કરવા નાના પ્રકારનાં કર્મો માણસ કરે છે અને જ્યારે કર્મ કર્યાં ત્યારે તેનું ફલ ભોગવવા અવશ્ય જન્મ લેવો પડે છે. એથી સંસારથી વૃદ્ધિ થાય છે એમ જાણી મહાત્મા પુરુષો આ સંસારનું મૂલ કારણ અજ્ઞાન જ માને છે. ૬

**तस्मादज्ञाननाशाय यतेत नियतं नरः ॥**
**एतद्धि जन्मसाफल्यं यदज्ञानस्य नाशनम् ॥ ७ ॥**

જ્યારે આ સંસારનું મૂલ કારણ અજ્ઞાન છે ત્યારે તેના નાશ સારુ પુરુષે નિરંતર પ્રયાસ કરવો જોઇએ. જે અજ્ઞાનનો નાશ કરવો એજ આ જન્મનું સાફલ્ય છે. વેદની શ્રુતિ પણ કહે છે કે "**यो ह्यविदित्वात्मानमस्माल्लोकात्प्रैति स कृपणः**" જે પુરુષ આ આત્મસ્વરૂપને નહિ જાણી આ લોકથી જાય છે તે કૃપણ જાણવો અર્થાત્ આત્માનું યથાર્થ સ્વરૂપ જાણવાથી અજ્ઞાનનો નાશ થાય છે અને તેનો નાશ કરવો એ જ પરમ પુરુષાર્થ છે. ૭

**पुरुषार्थसमाप्तिश्च जीवन्मुक्तदशापि च ॥**
**अज्ञाननाशने शक्ता विद्यैव तु पटीयसी ॥ ८ ॥**

અજ્ઞાનના નાશનું સાધન બતાવે છે કે અજ્ઞાનના નાશમાં ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સમાપ્તિ સમર્થ છે.

તેમ જ જીવન્મુક્તની દશા પણ અજ્ઞાનના નાશમાં સમર્થ છે. તેમાં પણ જે વિદ્યા એટલે આત્માનું યથાર્થ સ્વરૂપ જાણવું તે જ મુખ્ય અજ્ઞાનના નાશનું સાધન છે. કારણ કે જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થાય છે. જ્ઞાન અને અજ્ઞાનનો અંધકાર અને પ્રકાશની માફક પરસ્પર વિરોધ છે. ૮

**न कर्म तज्जं नोपास्तिर्विरोधाभावतो गिरे ॥**
**प्रत्युताशा ज्ञाननाशे कर्मणा नैव भाव्यताम् ॥ ९ ॥**

ભગવતી કહે છે કે હે હિમાલય! તે અજ્ઞાનથી ઉત્પન્ન થએલું જે કર્મ તે પણ અજ્ઞાનના નાશમાં સમર્થ નથી. તેમ જ ઉપાસના પણ અજ્ઞાનના નાશમાં સમર્થ નથી. કારણ કે તેનો વિરોધ નથી. ભાવાર્થ–અંધકારથી ઉત્પન્ન થએલું બીજું અંધારું અંધારાને નાશ કરે નહિ તેમ જ અજ્ઞાનથી ઉત્પન્ન થએલું જે કર્મ અને ઉપાસના તે અજ્ઞાનને કેવી રીતે નાશ કરી શકે કારણ કે અજ્ઞાનનો અને કર્મનો પરસ્પર વિરોધ નથી કિંતુ કાર્યકારણભાવ છે અજ્ઞાન કારણ છે અને કર્મ કાર્ય છે એથી તેમનો પરસ્પર વિરોધ નથી. તેથી અજ્ઞાનના નાશમાં કર્મ કારણ છે એવી તો આશા રાખવી જ નહિ. ૯

**अनर्थदानि कर्माणि पुनः पुनरुशन्ति हि ॥**
**ततो रागस्ततो दोषस्ततोऽनर्थो महान्भवेत् ॥ १० ॥**

સકામ શુભ કર્મો અને અશુભ કર્મો એ અનર્થને આપનારાં છે એટલું જ નહિ પરંતુ સકામ કર્મો ઉત્તરોત્તર ઇચ્છાને વધારનારાં છે. તેથી માણસોને ભોગમાં પ્રીતિ થાય છે અને તેમાંથી દોષ પણ થાય છે તેથી મ્હોટો અનર્થ પણ થાય છે, એમ જાણી વિદ્વાન્ પુરુષોએ કોઈ પણ કર્મ સકામ કરવું નહિ કારણ કે સકામ કર્મમાં મહાન્ અનર્થ છે. ૧૦

**तस्मात्सर्वप्रयत्नेन ज्ञानं संपादयेन्नरः ॥**
**कुर्वन्नेवेह कर्माणीत्यतः कर्माप्यवश्यकम् ॥ ११ ॥**
**ज्ञानादेव हि कैवल्यमतः स्यात्तत्समुच्चयः ॥**
**सहायतां व्रजेत्कर्म ज्ञानस्य हितकारि च ॥ १२ ॥**

તેથી સર્વ પ્રયત્નવડે મનુષ્યે જ્ઞાન જ સંપાદન કરવું જોઇએ જ્ઞાન વિના અજ્ઞાનનો નાશ થતો નથી. હવે "અર્દ્ધ શ્લોકથી કેવલ જ્ઞાન અજ્ઞાનના નાશમાં કારણ નથી પરંતુ જ્ઞાન અને કર્મ એ બંનેનો સમુચ્ચય એટલે એકઠાપણું અજ્ઞાનના નાશમાં કારણ છે. એ પણ શાસ્ત્રસંમત છે એ આ શ્લોકમાં બતાવે છે. "**कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः**" આ જગત્‌માં અગ્નિહોત્રાદિ કર્મોને કરતો સતો સો વર્ષ સુધી જીવવાની ઇચ્છા રાખ" આ યજુર્વેદની શ્રુતિથી યાવત્ જીવ કર્મ કરવાનું બોધિત કરાય છે. અને "**ज्ञानादेव तु कैवल्यम्**" જ્ઞાનથી જ કૈવલ્ય એટલે મોક્ષ થાય છે. આ વેદની શ્રુતિથી એમ સ્પષ્ટ માલમ પડી આવે છે કે મોક્ષમાં કારણ જ્ઞાન જ છે. આ બંને વેદની શ્રુતિઓને આધારે નિષ્કામ કર્મ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને અંતઃકરણની શુદ્ધિ થવાથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. મલીન અંતઃકરણમાં જ્ઞાન ઉત્પન્ન થતું નથી અને જો કદાપિ થયું તો પણ તત્કાલ નાશ પામે છે અખંડ જ્ઞાન રહેતું નથી એમ જાણી મહાત્મા પુરુષો ઈશ્વરપ્રીત્યર્થ અવશ્ય કર્મ અને ઉપાસના કરે છે જેથી સંસારના પદાર્થોમાં રહેલી પોતાની આસક્તિ દૂર થાય અને નિર્મલ જ્ઞાનથી અખંડ બ્રહ્માકાર દૃષ્ટિ સ્થિર થાય એમ જાણી જ્ઞાન અને કર્મ એ બેનો સમુચ્ચય (એકઠાપણું) અવશ્ય માનવું જોઈએ એવો સમુચ્ચયવાદ પણ વ્યાસજીને ઇષ્ટ હોય એમ માલમ પડે છે અને આ શ્લોકના ટીકાકાર નીલકંઠ સ્વામીએ પણ સમુચ્ચયવાદ આ ઠેકાણે અંગીકાર કર્યો છે એમ સ્પષ્ટ માલમ પડે છે, અને શંકરાચાર્યના પહેલાં જે ભાસ્કરાચાર્ય જેવા સમર્થ વિદ્વાનોએ પણ સમુચ્ચયવાદ સ્વીકાર્યો છે માત્ર નવીન વેદાંતી શંકરાચાર્યે ઉપનિષદ્‌ભાષ્યમાં શાંકરભાષ્યમાં અને ગીતાભાષ્યમાં સમુચ્ચયવાદનું તાણી ખીંચીને ખંડન કર્યું છે પરંતુ વાસ્તવિક રીતે સમુચ્ચયવાદ માનવામાં કોઈ પ્રકારની હાનિ નથી. આ ઠેકાણે કોઈ એવી શંકા કરે કે અજ્ઞાનના નાશમાં જ્યારે જ્ઞાન કારણ છે ત્યારે કર્મ શું કરી શકશે? કર્મ વચમાં માનવું એ નિરર્થક છે તેનું સમાધાન કરે છે કે જ્ઞાનનું હિતકારી કર્મ જ્ઞાનની સહાયતા કરશે, આ પ્રકારે સમુચ્ચયવાદ સ્વીકાર કર્યો. ૧૧-૧૨

**इति केचिद्वदन्त्यत्र तद्विरोधान्न संभवेत् ॥**
**ज्ञानाद्धृद्ग्रन्थिभेदः स्याद्धृद्ग्रन्थौ कर्मसंभवः ॥ १३ ॥**

"કેટલા એક સમુચ્ચયવાદનું ખંડન કરે છે તે ખંડનપ્રકાર આ શ્લોકમાં બતાવે છે કે," જો જ્ઞાન થયા પછી કર્મ સંભવતું હોય તો પછી જ્ઞાન અને કર્મનો સમુચ્ચય (એકઠાપણું) માનવો પરંતુ તે સંભવતો નથી તેથી "**कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः**" આ જગત્‌માં અગ્નિ હોત્રાદિ કર્મોને કરતો સતો સેંકડો વર્ષ સુધી જીવવાની ઇચ્છા કર્ય, એ શ્રુતિમાં એવો સંકોચ કરવો કે જ્ઞાનની ઉત્પત્તિ થાય ત્યાં સુધી કર્મ કર્ય અને જ્યારે જ્ઞાન થયું પછી કર્મની આવશ્યકતા નથી. એજ આ શ્લોકમાં બતાવે છે." કર્મનું જ્ઞાનની સાથે રહેવાપણું કેમ સંભવતું નથી? તેનું સમાધાન કરે છે કે જ્ઞાનથી હૃદયની ગ્રંથિનો ભેદ એટલે નાશ થાય છે તે હૃદય ગ્રંથિમાં કર્મનો સંભવ છે. અર્થાત્ હૃદયની ગ્રંથિ (ગાંઠ) આ ઠેકાણે એવી સમજવી કે અંતઃકરણમાં પડેલું જે આત્માનું પ્રતિબિંબ તેનો દેહની સાથે તાદાત્મ્યાધ્યાસ કરવો એટલે દેહને જ આત્મા માનવો એજ ગ્રંથિ અને જ્યારે જ્ઞાનવડે આત્માનો સાક્ષાત્ કાર થાય છે ત્યારે તે ગ્રંથિનો ભેદ એટલે નાશ થાય છે. તે હૃદયની ગ્રંથિમાં હું મનુષ્ય છું હું બ્રાહ્મણ છું હું પરલોકની ઇચ્છાવાળો છું ઈત્યાદિ અહંભાવ સ્થિતિ હોય છે ત્યારે જ કર્મની સંભાવના કરાય છે. કારણ કે તેવા અધિકારીને ઉદ્દેશીને જ કર્મનું વિધાન કરવામાં આવ્યું છે. તેથી તે જ્ઞાન કર્મનું એકઠાપણું સંભવતું નથી. આવી રીતે કેટલાએક સમુચ્ચયવાદનું ખંડન પણ કરે છે. આ ઠેકાણે જ્ઞાન અને કર્મનો સમુચ્ચય (એકઠાપણું) માનનારાઓનું કહેવું એવું છે કે તમે કર્મ શબ્દનું ઉચ્ચારણ કરી જ્ઞાનની સાથે તેનો વિરોધ બતાવો છો એ તમારી ચૂક છે કારણ કે જેમ જ્ઞાનની પ્રાપ્તિમાં શ્રવણ મનન નિદિધ્યાસન વગેરે અનુકૂળ કર્મોને સાધન રૂપ માની જ્ઞાનની સાથે તેનો વિરોધ માનતા નથી, તેમજ **कुर्वन्नेवेह** એ આગળ કથન કરેલી શ્રુતિમાં કહેલાં અગ્નિહોત્રાદિ કર્મોના ફલનું અનુસંધાન નહિ કરનાર અને ઈશ્વરપ્રીત્યર્થ અંતઃ-

કરણની શુદ્ધિસારુ નિષ્કામ કર્મ કરનાર પુરુષને તે કર્મો જ્ઞાનપ્રાપ્તિમાં સાધનરૂપ થશે બાધક નહિ થાય તો જ્ઞાન અને કર્મનો વિરોધ આવવાનો સંભવ નથી. એમ કહી પોતાનો સશાસ્ત્ર સમુચ્ચયવાદ સિદ્ધ કરે છે અને **कुर्वन्नेवेह** એ શ્રુતિમાં સંકોચ પણ કરવો પડતો નથી કારણ કે મનુષ્યની ઉક્તિમાં સંકોચ હોય પણ વેદની શ્રુતિમાં સંકોચ હોયજ નહિ કારણ કે તે સિદ્ધાંતરૂપ છે એમ કહીને કેવલ જ્ઞાનવાદીઓનું ખંડન કરે છે. ભાસ્કરાચાર્યના ગ્રંથો હાલમાં મળતા નથી પરંતુ તેના સિદ્ધાંતો કોઈ કોઈ ગ્રંથોમાં મળી આવે છે તેથી એમ માલમ પડે છે કે કેવલ જ્ઞાનવાદ માનવામાં એક જાતનું નાસ્તિકત્વ કાલાંતરે આવી જાય છે અને આજકાલના જમાનામાં વેદાંતીઓ મ્હોટે ભાગે અંદરથી શૂન્યજ હોય છે એમ જાણી અમને તો સમુચ્ચયવાદ સર્વથા ઇષ્ટ છે. માત્ર કેવલ જ્ઞાનવાદીઓની અને સમુચ્ચયવાદીઓની તકરાર કેટલા અંશમાં થાય છે કે કેવલ જ્ઞાનીઓ કહે છે કે જ્ઞાન થયા પછી અમારે કર્મની જરૂર નથી ના હક કર્મનાં ચુંથણાં શુંકરવા કરવાં જોઇએ? તેનું ઉત્તર સમુચ્ચયવાદીઓ એવું આપે છે કે "**वृक्ष इव तिष्ठासे छिद्यमानो न कुप्येत न कंप्येत**" મુમુક્ષુ પુરુષે વૃક્ષની સદૃશ રહેવું વૃક્ષને કોઈ કાપે તો તે તેના ઉપર કોપ કરતો નથી અને ચલિત પણ થતો નથી. આ શ્રુતિમાં વર્ણન કરેલી જો મુમુક્ષુની સ્થિતિ હોય તો પછી તેને કર્મ કરવાની જરૂર નથી; પરંતુ મઠ બાંધવા, ચેલાઓ કરવા, પ્રતિષ્ઠા મેળવવી, વાદ કરી બીજાઓનો પરાભવ કરવો, વગેરે અશાસ્ત્રીય કર્મ કરવામાં જ્યારે તમારી પ્રવૃત્તિ થાય છે ત્યારે શ્રુતિ જેમાં સાક્ષાત્ પ્રમાણ છે એવાં શાસ્ત્રીય કર્મો કરવામાં કેવલ જ્ઞાનવાદીઓને શી અડચણ ઇત્યાદિ પ્રકારે ઘણો એવો વાદ શાસ્ત્રોમાં જોવામાં આવે છે. ૧૩

**यौगपद्यं न संभाव्यं विरोधात्तु ततस्तयोः ॥**
**तमःप्रकाशयोर्यद्वद्यौगपद्यं न संभवि ॥ १४ ॥**

જ્ઞાન અને કર્મનો સુમુચ્ચય (એકઠાપણું) સંભવતું નથી કારણ કે તે બેનો અંધકાર અને પ્રકાશની માફક પરસ્પર વિરોધ છે. વિરોધી વસ્તુઓનો સમુચ્ચય (એકઠાપણું) સંભવેજ નહિ. ૧૪

तस्मात्सर्वाणि कर्माणि वैदिकानि महामते ॥
चित्तशुद्ध्यन्तमेव स्युस्तानि कुर्यात्प्रयत्नतः ॥ १५ ॥

"ત્યારે અગ્નિહોત્રાદિ કર્મો કયાં સુધી કરવાં જોઇએ તેનું સમાધાન આ શ્લોકમાં કરે છે." હે બુદ્ધિમાન્ હિમાલય! તેથી સંપૂર્ણ વૈદિક કર્મો ચિત્તની શુદ્ધિ પર્યંત જ છે. અર્થાત્ ચિત્તની શુદ્ધિ થઈ પછી કર્મનો ઉપયોગ નથી. એમ જાણી પ્રયત્નથી તે કર્મો કરવાં જ જોઇએ. ૧૫

शमो दमस्तितिक्षा च वैराग्यं सत्त्वसंभवः ॥
तावत्पर्यन्तमेव स्युः कर्माणि न ततः परम् ॥ १६ ॥

શમ એટલે અંદરની ઇંદ્રિયોનો નિગ્રહ (મન બુદ્ધિ ચિત્ત અને અહુંકાર એ ચાર અંતરિંદ્રિયોનો નિયમન), દમ એટલે બહારની ઇંદ્રિયોનો નિગ્રહ, તિતિક્ષા એટલે શીત ઉષ્ણ, સુખ દુઃખ વગેરે દ્વંદ્વ પદાર્થોની સહિષ્ણુતા, વૈરાગ્ય એટલે આ લોક તથા પરલોકના ભોગની ઇચ્છાનો ત્યાગ, અંતઃકરણની શુદ્ધિ, એ સર્વની જ્યાં સુધી પ્રાપ્તિ થાય ત્યાં સુધી જ કર્મ કરવાં જોઇએ પછી કરવાની જરુર નથી. ૧૬

तदन्ते चैव संन्यस्य संश्रयेद्गुरुमात्मवान् ॥
श्रोत्रियं ब्रह्मनिष्ठं च भक्त्या निर्व्याजया पुनः ॥ १७ ॥

અંતઃકરણની શુદ્ધિ થયા પછી કર્મનો ત્યાગ પણ સંન્યાસાશ્રમ સ્વીકારીને જ કરવો જોઇએ. કારણ કે "વિધિથી સંપાદન કરેલું કર્મ વિધિથી જ છોડવું એવો ન્યાય છે." આત્મવાન્ એટલે મન બુદ્ધિ ચિત્ત અને અહુંકાર એ ચારે જેના સ્વાધિન છે એવા મુમુક્ષુએ નિષ્કપટ ભક્તિવડે બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય એટલે વેદ વેદાંગ જાણનાર ગુરુનોજ આશ્રય કરવો. ૧૭

वेदान्तश्रवणं कुर्यान्नित्यमेवमतन्द्रितः ॥
तत्त्वमस्यादिवाक्यस्य नित्यमर्थं विचारयेत् ॥ १८ ॥

ગુરુની પાસે જઇને નિરંતર આલસરહિત થઈ વેદાંતશાસ્ત્રનું જ શ્રવણ કરવું. "तत्त्वमसि" તે તું છે. " अहं ब्रह्मास्मि" હું બ્રહ્મ છું એવાં જે મહાવાકયો છે તેનો વિચાર નિરંતર કરવો. એટલે એ વાકયોનો અનુભવ સારી રીતે મેળવવો. ૧૮

**तत्त्वमस्यादिवाक्यं तु जीवब्रह्मैक्यबोधकम् ॥**
**ऐक्ये ज्ञाते निर्भयस्तु मद्रूपो हि प्रजायते ॥ १९ ॥**

"તત્ત્વમસ્યાદિ વાકયોથી તેમ જ તેના વિચારથી શું ફળ મળશે તેનું સમાધાન આ શ્લોકમાં કરે છે." "**तत्त्वमसि**" તે તું છે. ઇત્યાદિ જે વાકયો છે તે જીવ અને બ્રહ્મ એ બે એક છે એવું જણાવનારાં છે. અને જ્યારે જીવ અને બ્રહ્મનું એકપણું જાણ્યું ત્યારે ભયરહિત થઈ તે મત્સ્વરૂપ જ થાય છે. "**ब्रह्मविद् ब्रह्मैव भवति**" બ્રહ્મને જાણનાર બ્રહ્મસ્વરૂપ જ થાય છે. એ શ્રુતિ પ્રમાણે તે પુરુષ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ થાય છે. ૧૯

**पदार्थावगतिः पूर्वं वाक्यार्थावगतिस्ततः ॥**
**तत्पदस्य च वाक्यार्थो गिरेऽहं परिकीर्तितः ॥ २० ॥**
**त्वंपदस्य च वाच्यार्थो जीव एव न संशयः ॥**
**उभयोरैक्यमसिना पदेन प्रोच्यते बुधैः ॥ २१ ॥**

વાકયાર્થના જ્ઞાન પ્રતિ પદાર્થજ્ઞાનને કરણતા છે વાસ્તે પ્રથમ પદ અને પદનો અર્થ જાણવો પછી આખા વાકયના અર્થનો વિચાર કરવો, જેમકે આપણે કોઈને કહીએ કે "તું કાલો પાણીનો ઘડો ભરી લાવ" એ આખું વાકય કહેવાય તેમાં જે જે જુદાં જુદાં પદો છે તું, કાલો, પાણીનો, ઘડો, ભરી, લાવ, એ છએ પદનો અર્થ પ્રથમ થવો જોઈએ પછી આખા વાકયનો અર્થ થાય. હે પર્વત હિમાલય! "**तत्त्वमसि**" એ મહાવાકયમાં તત્ ત્વં અને અસિ એવાં ત્રણ પદ છે. તેમાં જે તત્ પદ છે તેનો વાચ્યાર્થ હું સર્વની ઈશ્વરી છું એમ પંડિતોએ કહ્યો છે. અર્થાત્ તત્ પદનો અર્થ ઈશ્વર છે, અને ઉપરના મહાવાકયમાં જે ત્વં પદ છે તેનો અર્થ જીવ એવો જ કરવો એમાં કોઈ પ્રકારનો સંશય નથી. અને ઈશ્વર તથા જીવ એ બેનું એકપણું અસિ પદથી કરાય છે. ૨૦-૨૧

**वाच्यार्थयोर्विरुद्धत्वादैक्यं नैव घटेत ह ॥**
**लक्षणाऽतः प्रकर्तव्या तत्त्वमोः श्रुतिसंस्थयोः ॥ २२ ॥**

"ઈશ્વર સુખદુઃખથી રહિત છે, જન્મમરણથી રહિત છે અને જીવ સુખદુઃખવાળો છે જન્મમરણવાળો છે તો એ બેનું એકપણું કેવી રીતે સંભવે તેનું સમાધાન આ શ્લોકમાં કરે છે." તત્ પદ ઈશ્વરનું વાચક છે ત્વં પદ જીવનું વાચક છે એ બેનું ઐકય ઘટતું જ નથી કારણ કે એ બે પરસ્પર વિરુદ્ધધર્મવાળા છે તો પણ વેદની શ્રુતિમાં સ્થિત જે તત્ પદ અને ત્વં પદ તેમાં ભાગત્યાગ નામની લક્ષણા કરવી અર્થાત્ લક્ષણાથી તે બેનું ઐકય કરવું. ૨૨

**चिन्मात्रं तु तयोर्लक्ष्यं तयोरैक्यस्य संभवः ॥**
**तयोरैक्यं तथा ज्ञात्वा स्वाभेदेनाद्वयो भवेत् ॥ २३ ॥**

ભાગત્યાગ નામની લક્ષણાનો એવો અભિપ્રાય છે કે કાંઈક ભાગનો ત્યાગ કરી જેટલા અંશમાં ઐકય મળે તેટલા અંશથી બંનેનું ઐકય કરવું. જેમ કે સર્વજ્ઞત્વ (સર્વને જાણવાપણું) સર્વેશ્વ-રત્વ ( સર્વનું ઈશ્વરપણું ) ઇત્યાદિ ગુણવિશિષ્ટ બ્રહ્મ ચૈતન્ય ઈશ્વર છે. અને અસર્વજ્ઞત્વ ( સર્વને નહિ જાણવાપણું ) અસર્વેશ્વરત્વ ( સર્વનું ઈશ્વરપણું નહિ. ) ઇત્યાદિ ગુણવિશિષ્ટ બ્રહ્મ ચૈતન્ય જીવ છે. તેમાં ઈશ્વરનો જે ધર્મ અને જીવનો જે ધર્મ એ બે ભાગનો ત્યાગ કરી માત્ર ચૈતન્ય જ એક અવશેષ રહેશે એનું નામ જ ભાગત્યાગ લક્ષણા છે. ઈશ્વરનો વાચ્યાર્થ અને જીવનો વાચ્યાર્થ ભિન્ન ભિન્ન છે પરંતુ એ બેનો ચૈતન્યરૂપ લક્ષ્યાર્થ એકજ છે. એ બેનો એકપણાનો સંભવ છે. એ બેનું એકપણું જાણીને જાણ-નાર પોતે પણ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ જ થાય છે. એ મ્હોટું ફલ સમજવું. ૨૩

**देवदत्तः स एवायमितिवल्लक्षणा स्मृता ॥**
**स्थूलादिदेहरहितो ब्रह्म संपद्यते नरः ॥ २४ ॥**

"ભાગત્યાગ લક્ષણાથી જીવ અને ઈશ્વરની એકતા વર્ણન કરીને કહી પરંતુ ભાગત્યાગ લક્ષણાનું ઉદાહરણ લોકમાં કેવી રીતે બને છે તે આ શ્લોકમાં પ્રતિપાદન કરે છે." જેમકે લોકમાં આપણે બોલીએ છીએ કે "**सोऽयं देवदत्तः**" તે જ આ દેવદત્ત નામનો માણસ છે. ભાવાર્થ–મુંબાઇમાં રહેલો માણસ બીજા માણસને એમ કહે કે

જુવો ભાઇ ! તે જ આ દેવદત્ત નામનો માણસ કે જે આપણે કાશીમાં જોયો હતો. એમ બોલવાથી આ ઠેકાણે ભાગત્યાગ લક્ષણા થઈ, કેમ કે દેવદત્ત તો તેનો તે જ, પરંતુ કાશીમાં હતો ત્યારે કાશીવાસી કહેવાતો અને મુંબાઇમાં આવ્યો ત્યારે મુંબાઈવાસી કહેવાયો તેમાં કાશી અને મુંબાઈ એ ભાગનો ત્યાગ કરીએ તો તે દેવદત્ત એક જ કહેવાય તેવી જ રીતે ઈશ્વર અને જીવ એ ચૈતન્ય સ્વરૂપથી એક જ છે પરંતુ જ્યારે ઉપાધિના ભાગનો ત્યાગ કરીએ ત્યારે જ તે એક સંભવે અન્યથા સંભવે નહિ એમ જાણી ભાગત્યાગ લક્ષણા આ ઠેકાણે સ્વીકારી છે.” આ અનુભવથી સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી રહિત થયો સતો નર (મનુષ્ય) બ્રહ્મસ્વરૂપ જ થાય છે. ભાવાર્થ–જીવાત્માને સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ ઉપાધિઓ લાગવાથી ભિન્ન ભિન્ન માલમ પડે છે વસ્તુતઃ ઉપાધિનો ભાગ ત્યાગ કરીએ તો પછી ચૈતન્ય એક જ અવશિષ્ટ રહે. ૨૪

**पञ्चीकृतमहाभूतसंभूतः स्थूलदेहकः ॥**
**भोगालयो जराव्याधिसंयुतः सर्वकर्मणाम् ॥ २५ ॥**

“ઉપરના શ્લોકમાં કહ્યું કે સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહરહિત થયો સતો નર બ્રહ્મસ્વરૂપ જ થાય છે તે ત્રણે દેહનું વિવેચન હવે પછીના શ્લોકોમાં કરે છે.” આકાશ વાયુ અગ્નિ જલ પૃથ્વી એ પંચમહાભૂતોથી ઉત્પન્ન થએલો દેહ સ્થૂલ એવા નામથી કહેવાય છે. સુખ અથવા દુઃખ એ બેમાંથી કોઈનો પણ સાક્ષાત્કાર થવો એનું નામ ભોગ છે અને તેનું આલય એટલે સ્થાન તેથી તે સૂક્ષ્મ દેહ ભોગાલય કહેવાય છે. તેમ જ જરાવસ્થા અને નાના પ્રકારના વ્યાધિઓથી સંયુત છે. પુણ્યપાપરૂપ સર્વ કર્મવડે યુક્ત છે. ૨૫

**मिथ्याभूतोऽयमाभाति स्फुटं मायामयत्वतः ॥**
**सोऽयं स्थूल उपाधिः स्यादात्मनो मे नगेश्वर ॥ २६ ॥**

આ સ્થૂલ દેહ માયાનો વિકાર હોવાથી મિથ્યાભૂત છે. જેમ મદારીની માયાથી ઉત્પન્ન થએલી વસ્તુઓ મિથ્યા છે તેમજ માયાથી ઉત્પન્ન થએલાં જે પંચમહાભૂતો અને તેમનાથી ઉત્પન્ન થએલો આ સ્થૂલ દેહ સ્પષ્ટ રીતે મિથ્યા જ જાણવો. નગ એટલે

પર્વત તેનો ઈશ્વર હે હિમાલય! મારા ચૈતન્યસ્વરૂપ આત્માને આ સ્થૂલ પંચમહાભૂતનો ઉપાધિ વળગ્યો એમ જાણવું, અર્થાત્ ઉપાધિને લીધે સ્થૂલ દેહ એવું નામ પડ્યું છે. ૨૬

ज्ञानकर्मेन्द्रिययुतं प्राणपञ्चकसंयुतम् ॥
मनोबुद्धियुतं चैतत्सूक्ष्मं तत्कवयो विदुः ॥ २७ ॥

શ્રોત્ર (કાન), ત્વક્ (ચામડી), જીહ્વા (જીભ), ચક્ષુષ્, ઘ્રાણ (નાસિકા), એ પાંચ જ્ઞાનેંદ્રિયો અને વાક્, પાણિ (હસ્ત), પાદ, ઉપસ્થ, ગુદા, એ પાંચ કર્મેંદ્રિયસહિત, તેમજ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન, એ પંચ પ્રાણસહિત, મન અને બુદ્ધિ એ (૧૭) સત્તર તત્ત્વો મળીને સૂક્ષ્મ શરીર વિદ્વાનો કહે છે. કેટલાએકના મનમાં ચિત્ત અને અહંકાર એ બે તત્ત્વનો ઉમેરો કરવાથી (૧૯) ઓગણીસ તત્ત્વનું પણ સૂક્ષ્મ શરીર સાંભળવામાં આવ્યું છે. ૨૭

अपञ्चीकृतभूतोत्थं सूक्ष्मदेहोऽयमात्मनः ॥
द्वितीयोऽयमुपाधिः स्यात्सुखादेरवबोधकः ॥ २८ ॥

પંચ મહાભૂતથી નહિ થએલો તેથી અપંચીકૃત ભૂતોનો આ આત્માનો સૂક્ષ્મ દેહ બીજો અંતઃકરણની ઉપાધિવાળો જાણવો અને તેજ સૂક્ષ્મદેહ અંતઃકરણમાં સુખ દુઃખનો જણાવનાર છે એમ જાણવું. ૨૮

अनाद्यनिर्वाच्यमिदमज्ञानं तु तृतीयकः ॥
देहोऽयमात्मनो भाति कारणात्मा नगेश्वर ॥ २९ ॥

હે હિમાલય! અનાદિકાલનું અનિર્વાચ્ય એટલે જેનું વાણીથી વર્ણન ન કરી શકીએ એવું જે અજ્ઞાન (માયા) તેજ આ આત્માનો કારણ દેહ સમજવો. ભાવાર્થ—અવિદ્યાનું નામ જ કારણ દેહ છે. ૨૯

उपाधिविलये जाते केवलात्माऽवशिष्यते ॥
देहत्रये पञ्च कोशा अन्तस्थाः सन्ति सर्वदा ॥ ३० ॥

આત્માને સ્થૂલની ઉપાધિ લાગવાથી સ્થૂલદેહ કહેવાયો, સૂક્ષ્મની ઉપાધિ લાગવાથી સૂક્ષ્મદેહ કહેવાયો, કારણની ઉપાધિ લાગવાથી

કારણ દેહ કહેવાયો. સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણે ઉપાધિનો જ્યારે જ્ઞાનથી નાશ કરીએ ત્યારે કેવળ એક આત્મા જ શેષ રહે છે. સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણે દેહના મધ્યમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય, એ પંચકોશો અંતર્ભાવ પામે છે. (પંચકોશોનું વર્ણન પાછળ કરી આવ્યા છૈએ). ૩૦

**पञ्चकोशपरित्यागे ब्रह्मपुच्छं हि लभ्यते ॥**
**नेतिनेतीत्यादिवाक्यैर्मम रूपं यदुच्यते ॥ ३१ ॥**

દેહત્રયના ત્યાગવડે પંચકોશનો ત્યાગ કરે સતે બ્રહ્મનું પુંછડું મળે છે. એટલે બ્રહ્મનું સ્વરૂપ તેના ઓળખવામાં આવે છે. તે બ્રહ્મનું સ્વરૂપ વેદનાં "नेति नेति" ઇતિ ન ઇતિ ન એ પ્રકારનું બ્રહ્મનું સ્વરૂપ નથી. એમ નિષેધ જણાવતાં જણાવતાં સર્વનું શેષ બ્રહ્મ સ્વરૂપ માલમ પડી આવે છે. એથી નેતિ નેતિ એવાં વેદનાં વાક્યોથી બ્રહ્મનું સ્વરૂપ કહેવાય છે. ૩૧

**न जायते म्रियते तत्कदाचिन्नायं भूत्वा न बभूव कश्चित् ॥**
**अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ३२**

"તે બ્રહ્મનું સ્વરૂપ કેવું છે તે આ શ્લોકવડે પ્રતિપાદન કરે છે." (આ પ્રકરણમાં આત્મા અને બ્રહ્મ એ બે એક જાણવા) આ બ્રહ્મનું સ્વરૂપ ઉત્પન્ન થતું નથી, તેમ મરતું પણ નથી, આ બ્રહ્મનું સ્વરૂપ થઇ ફરીને અસ્તિમાન્ નથી. ભાવાર્થ–ઘટ આ સમયમાં છે અને ફુટ્યા પછી પણ પાછો ઉત્પન્ન થશે તેમ બ્રહ્મનું સ્વરૂપ નથી કિંતુ મૃત્તિકાસદશ ઉત્પત્તિની અપેક્ષા નહિ રાખી પ્રાક્તન સત્તાવાન્ જ છે. નિરવયવ હોવાથી તે બ્રહ્મ નિત્ય એકરૂપવડે નિરંતર છે તેથી શાશ્વત (જે હમેશાં એવું ને એવું જ રહે) અને નિરવયવ હોવાથી આ બ્રહ્મ પ્રથમ અને હમણાં સર્વદા એકરૂપ છે તેથી પુરાણ (પ્રાચીન જુનું) છે. ખડ્ગાદિવડે શરીર હણાએ સતે તે આત્મરૂપી બ્રહ્મસ્વરૂપ હણાતું નથી. વેદની શ્રુતિ પણ ઉપરના અર્થને બોધન કરે છે "**अविनाशी वा अरेऽयमात्मानुच्छित्तिधर्मा**" અરે આ આત્મસ્વરૂપ બ્રહ્મ અવિનાશી છે. શસ્ત્રાદિવડે છેદન ક્રિયાને યોગ્ય નથી. આ શ્લોકથી जायते (ઉત્પન્ન થાય છે), अस्ति (છે), वर्धते (વધે

છે), વિપરિણમતે (પરિણામને પામે છે), અપક્ષીયતે (ક્ષીણ થાય છે), અને વિનશ્યતિ (નાશ પામે છે) એ છ ભાવવિકાર રહિત આત્મા છે એવું પ્રતિપાદન કર્યું. ૩૨

हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् ॥
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ ३३ ॥

જે એમ માને છે કે હું આને મારું છું, એ અહંપ્રત્યય (અહં અહં એવા શબ્દથી જે ભાન થાય તે) જે પ્રકૃત આત્મા તેને હનન ક્રિયાનો કર્તા છે એમ માને છે જે હું આનાથી હણાયો અર્થાત્ બીજા વડે મરાયો એમ માને છે એ બંને પુરુષો આત્માના સ્વરૂપને જાણતા નથી. તે આત્મા કોઈને હણતો પણ નથી અને બીજાવડે હણાતો પણ નથી. ૩૩

अणोरणीयान्महतो महीयानात्माऽस्य जन्तोर्निहितो गुहायाम् ॥
तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमस्य ॥३४॥

તે આત્મા અણુ વસ્તુથી પણ અણુ છે અને મ્હોટામાં મ્હોટું જે આકાશ તેનાથી પણ મ્હોટો છે. અને આ પ્રાણિની બુદ્ધિરૂપી ગુહામાં બેઠો છે. અર્થાત્ તેમાં આત્માનો અનુભવ થાય છે. આ આત્માના મહિમાને ચિત્તની પ્રસન્નતાથી સંકલ્પવિકલ્પરહિત થયો સતો જ્યારે જોઈશ ત્યારે જ ભય અને શોકથી રહિત થઈશ. ૩૪

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ॥
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ ३५ ॥
इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् ॥
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥ ३६ ॥

આત્માને રથી એટલે રથનો સ્વામી એવાને જાણ્ય, અને શરીરને રથને ઠેકાણે જાણ્ય, મનને ઘોડાને ખીંચી રાખવાસારુ લગામને ઠેકાણે જાણ્ય, અને ઇંદ્રિયોને ઘોડાને ઠેકાણે વિદ્વાનો કહે છે અને ઇંદ્રિયોના જે વિષયો છે તે રથને ફરવાનો માર્ગ સમજવો, આત્મા એટલે ચિદાભાસ, ઇંદ્રિયો, મન, એ ત્રણવિશિષ્ટ જે કૂટસ્થ આત્મા તેજ ભોક્તા છે

એમ વિદ્વાનો કહે કે, ભાવાર્થ–શરીર રથ, આત્મા રથી (રથનો માલીક), બુદ્ધિ રથનો સારથિ, ઇંદ્રિયો રથના ઘોડાઓ, મન ઘોડાઓની લગામ અને ઇંદ્રિયોના વિષયો એ રથને ફરવાનો માર્ગ એવી રીતે યોજના કરવી. ૩૫–૩૬

**यस्त्वविद्वान्भवति स चामनस्कः सदाऽशुचिः ॥**
**न तत्पदमवाप्नोति संसारं चाधिगच्छति ॥ ३७ ॥**

જે અવિદ્વાન્ એટલે અવિવેકી છે, જેનું મન પોતાને સ્વાધીન નથી અને નિરંતર અશુચિ એટલે સત્કર્મથી રહિત છે તે પુરુષ તે પરમાત્માના પદને પામતો નથી અને સંસારના પ્રતિ જ જાય છે. અર્થાત્ વારંવાર સંસારચક્રમાં પડે છે. ૩૭

**यस्तु विद्वान्भवति स मनस्कः सदा शुचिः ॥**
**स तु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते ॥ ३८ ॥**

જે વિદ્વાન્ એટલે વિવેકી છે, જેનું મન પોતાને સ્વાધીન છે, નિરંતર શુચિ એટલે સત્કર્મ કરી પવિત્ર છે, તે પુરુષ પરમાત્માના પદને પામે છે. અને ફરીને સંસારમાં આવતો નથી. ૩૮

**विज्ञानसारथिर्यस्तु मनःप्रग्रहवान्नरः ॥**
**सोऽध्वनः पारमाप्नोति मदीयं यत्परं पदम् ॥ ३९ ॥**

વિજ્ઞાન એટલે બુદ્ધિ જેનો સારથિ છે અને ઇંદ્રિયોરૂપી ઘોડાની મનરૂપી જેને લગામ છે એવો પુરુષ (બુદ્ધિ જેની સારી છે અને મન જેનું નિયમમાં છે એવો પુરુષ) આ સંસારના માર્ગને ઓળંગીને પાર જાય છે અને મારા પરમ પદને પામે છે. ૩૯

**इत्थं श्रुत्या च मत्या च निश्चित्यात्मानमात्मना ॥**
**भावयेन्मामात्मरूपं निदिध्यासनतोपि च ॥ ४० ॥**

એ પ્રકારે વેદની શ્રુતિવડે અને પોતાના વારંવાર મનનવડે નિશ્ચય કરીને (શ્રુતિના અર્થનો વિચાર કરી સંશય અને વિપર્યાસ (ઉલટો અર્થ) ને છોડી પોતાની મેળે સાક્ષાત્કાર કરીને) આત્મ-રૂપિણી એવી જે હું તે મને પોતાના અંતઃકરણવડે એકાગ્ર ચિત્તની વૃત્તિથી ભાવના કરે અર્થાત્ પોતાના આત્મામાં જ મને જુવે. ૪૦

योगवृत्तेः पुरा स्वास्मिन्भावयेदक्षरत्रयम् ॥
देवीप्रणवसंज्ञस्य ध्यानार्थं मन्त्रवाच्ययोः ॥ ४१ ॥

"એ પ્રકારે નિદિધ્યાસન એટલે ચિત્તની એકાગ્રવૃત્તિવડે જ્યારે ચિત્તને સમાધિ કરવાની યોગ્યતા આવે છે ત્યારે સમાધિથી પ્રથમ આ પ્રકારનું ધ્યાન કરી સમાધિ કરવો, તે પ્રકાર આ શ્લોકમાં બતાવે છે" સમાધિ કરવાના આગળ પોતાને વિષે ત્રણ અક્ષરની ભાવના કરવી (એ ત્રણ અક્ષર કીયા કે) જે અક્ષરનું નામ દેવીનો પ્રણવ એવું છે. અર્થાત્ હ્રીં એ દેવીનો પ્રણવ છે. એ આગળના શ્લોકમાં બતાવશે. પોતાને વિષે દેવીના પ્રણવની શું કરવા ભાવના કરવી? કે તે મંત્ર અને તેનો અર્થ સમાધિ કરતી વખતે ધ્યાનમાં સ્ફુરી આવે એટલા સારુ ભાવના કરવી. ૪૧

हकारः स्थूलदेहः स्याद्रकारः सूक्ष्मदेहकः ॥
ईकारः कारणात्मासौ ह्रींकारोऽहं तुरीयकम् ॥ ४२ ॥

"દેવીના પ્રણવના ત્રણ અક્ષર કીયા અને તેનો અર્થ શો થાય છે તે આ શ્લોકમાં બતાવે છે." હકાર સ્થૂલદેહ છે, રકાર સૂક્ષ્મદેહ છે. ઈકાર કારણ દેહ છે એ ત્રણે અક્ષરો મળી દેવીનો પ્રણવ હ્રીં એ પ્રકારનો થાય છે અને ત્રણ અક્ષરથી વાચ્ય હું તુરીયક એટલે ચતુર્થરૂપે છું. અર્થાત્ હ્રીં એ શબ્દથી યાવત્ સૃષ્ટિની રમત આવી ગઈ કારણ કે સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણે દેહની સ્થિતિ હ્રીં એ શબ્દમાં છે અને આનો અર્થ સાક્ષાત્ જગદંબા છે એથી મંત્ર અને તેનો અર્થ એ બેનું ધ્યાન કરવા સારુ આ જગદંબાએ સાક્ષાત ઉપદેશ કર્યો છે. ૪૨

एवं समष्टिदेहेऽपि ज्ञात्वा बीजत्रयं क्रमात् ॥
समष्टिव्यष्टयोरेकत्वं भावयेन्मतिमान्नरः ॥ ४३ ॥

"સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ વ્યષ્ટિ દેહમાં જેવી રીતે અક્ષરત્રયની ભાવના કરી તેવીજ રીતે સમષ્ટિ દેહમાં પણ કરવી જોઇએ એ આ શ્લોકમાં બતાવે છે." એ પ્રકારે સમષ્ટિ દેહને વિષે પણ પાછળના શ્લોકમાં કહેલાં હકાર રકાર અને ઈકાર એ ત્રણ બીજને

ક્રમથી જાણીને બુદ્ધિમાન્ પુરુષ સમષ્ટિ અને વ્યષ્ટિ એ બેનું એકપણું કરે. અર્થાત્ વ્યષ્ટિ એટલે પિંડ અને સમષ્ટિ એટલે બ્રહ્માંડ એ પિંડબ્રહ્માંડનું એકપણું હ્રીં એ દેવીના પ્રણવથી જાણી લેવું. આનું રહુસ્ય પુસ્તકમાં લખાય એવું નથી તેથી કોઈ અનુભવી ગુરુની પાસેથી જાણી લેવું તે પણ મંત્રશાસ્ત્ર જાણનારો હોવો જોઇએ. ૪૩

समाधिकालात्पूर्वं तु भावयित्वैवमादृतः ॥
ततो ध्यायन्निलीनाक्षो देवीं मां जगदीश्वरीम् ॥ ४४ ॥

એ પ્રકારે સમાધિકાલના આગળ આદરભાવથી હ્રીં અને તેનો અર્થ સારી રીતે જાણી લેવો, પછી નાસિકાના અગ્રભાગ આગળ દૃષ્ટિ કરી જગદીશ્વરી દેવી જે હું તે મારું ધ્યાન કરવું એટલે ધ્યાનમાં હ્રીં એ શબ્દનો અર્થ અને તેનું સ્વરૂપ પોતાના ધ્યાનમાં લાવવું. ૪૪

प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥
निवृत्तविषयाकाङ्क्षो वीतदोषो विमत्सरः ॥ ४५ ॥
भक्त्या निर्व्याजया युक्तो गुहायां निःस्वने स्थले ॥
हकारं विश्वमात्मानं रकारे प्रविलापयेत् ॥ ४६ ॥
रकारं तैजसं देवमींकारे प्रविलापयेत् ॥
ईकारं प्राज्ञमात्मानं ह्रींकारे प्रविलापयेत् ॥ ४७ ॥
वाच्यवाचकताहीनं द्वैतभावविवर्जितम् ॥
अखण्डं सच्चिदानन्दं भावयेत्तच्छिखान्तरे ॥ ४८ ॥

પ્રાણાયામના અભ્યાસવડે નાસિકાની અંદર ગતિ કરવાવાળો જે પ્રાણવાયુ અને અપાનવાયુ એ બેને સમાન કરી ઇંદ્રિયોના વિષયમાં જેની આકાંક્ષા નિવૃત્ત પામી છે, કષાયાદિ દોષો જેના દૂર થયા છે, જેના અંતઃકરણમાં મત્સરનો લેશ નથી, કપટરહિત ભક્તિવડે યુક્ત યોગાભ્યાસી પુરુષ પોતાની હૃદયરૂપી ગુહામાં જે સ્થાનમાં બિલકુલ શબ્દ થતો નથી તે સ્થાનમાં વિશ્વ અથવા વૈશ્વાનર જેનો અભિમાની છે એવો જે હકાર એટલે સ્થૂલ દેહ તેનો, તૈજસ જેનો અભિમાની છે એવો જે રકાર એટલે સૂક્ષ્મ દેહ તેમાં લય કરવો

અર્થાત્ સ્થૂલ દેહનો સૂક્ષ્મ દેહમાં લય કરવો, હ્રીં એ દેવીના પ્રણવમાં હકાર સ્થૂલ દેહ છે અને રકાર સૂક્ષ્મ દેહ છે. અને તૈજસ જેનો અભિમાની છે એવો જે રકાર એટલે સૂક્ષ્મ દેહ તેનો ઈંકાર એટલે પ્રાજ્ઞ જેનો અભિમાની છે એવો કારણ દેહ તેમાં લય કરવો, અર્થાત્ સૂક્ષ્મનો કારણ દેહમાં લય કરવો. અને તે પ્રાજ્ઞ જેનો અભિમાની છે એવો ઈંકાર એટલે કારણ દેહ તેનો હ્રીંકાર શબ્દમાં અર્થાત્ હ્રીંકારવાચ્ય બ્રહ્મસ્વરૂપમાં લય કરવો. એટલે કારણ દેહનો બ્રહ્મમાં લય કરવો. વાચ્ય વાચક એ બેથી રહિત દ્વૈતભાવથી વર્જિત અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપની, ચૈતન્યથી દીપિત શિખાના મધ્યમાં ભાવના કરવી. ૪૫-૪૬-૪૭-૪૮

**इति ध्यानेन मां राजन्साक्षात्कृत्य नरोत्तमः ॥**
**मद्रूप एव भवति द्वयोरप्येकता यतः ॥ ४९ ॥**

હે રાજન્! એ પ્રકારના ધ્યાનવડે મારો સાક્ષાત્કાર કરીને મનુષ્યોમાં ઉત્તમ પુરુષ મત્સ્વરૂપજ થાય છે, કારણ કે મારો અને તેનો એકીભાવ થયો અર્થાત્ આ પ્રકારના સ્વરૂપનું ધ્યાન કરનાર સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ જ થાય છે. ૪૯

**योगयुक्त्याऽनया दृष्ट्वा मामात्मानं परात्परम् ॥**
**अज्ञानस्य सकार्यस्य तत्क्षणे नाशका भवेत् ॥ ५० ॥**

**इतिश्रीदेवीभागवते महापुराणे सप्तमस्कन्धे देवीगीतायां**
**चतुर्थोऽध्यायः ॥ ४ ॥**

સમાધિયુક્ત આ વૃત્તિવડે પરાત્પર મારા સ્વરૂપને જોઇને અર્થાત્ ધ્યાનવડે મારા સ્વરૂપનો અનુભવ કરીને કાર્યસહિત જે અજ્ઞાન અર્થાત્ કાર્ય જે જગત્ અને તેનું કારણ અજ્ઞાન એટલે માયા એ બેનો નાશ કરવાવાળો તે પુરુષ થાય છે. ૫૦

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां
चोथो अध्याय समाप्त ॥ ४ ॥

# अध्याય ५ मो.

"આ પાંચમા અધ્યાયના સાડી બાસટ શ્લોકોવડે યોગનાં સાધનો તેમ જ મંત્રસિદ્ધિનાં સાધનો વર્ણન કરવામાં આવશે."

॥ हिमालय उवाच ॥

योगं वद महेशानि साङ्गं संवित्प्रदायकम् ॥
कृतेन येन योग्योऽहं भवेयं तत्त्वदर्शने ॥ १ ॥

"ચોથા અધ્યાયની સમાપ્તિમાં એવું કહેવામાં આવ્યું કે યોગયુક્ત દૃષ્ટિવડે પરથી પણ પર મારા સ્વરૂપને જોઇને પરમપદને પામે છે એમ કહેવાથી આત્માના દર્શનમાં યોગનો અભ્યાસ કરવો એ પણ કારણ છે તે યોગનો પ્રકાર કેવો છે એવા હેતુથી હિમાલય પુછે છે હે મહેશાનિ ! (હે સર્વની નિયંત્રિ !) સંવિત્ એટલે જ્ઞાન તેને આપવાવાળો અને અંગસહિત યોગને કહો. જે યોગના અભ્યાસવડે હું તમારા દર્શન કરવાને યોગ્ય થઉં. ૧

॥ श्रीदेव्युवाच ॥

न योगो नभसः पृष्ठे न भूमौ न रसातले ॥
ऐक्यं जीवात्मनोराहुर्योगं योगविशारदाः ॥२ ॥

આ પ્રકારનું હિમાલયનું વચન સાંભળી ભગવતી કહે છે કે હે હિમાલય ! આકાશના પૃષ્ઠભાગમાં યોગ નથી, પૃથ્વી ઉપર યોગ નથી, રસાતલમાં યોગ નથી. (ત્યારે યોગ ક્યાં છે ?) યોગશાસ્ત્રને જાણનારા પંડિતો એમ કહે છે કે આત્મા અને પરમાત્માનું જે ઐક્ય (એકપણું) તે જ યોગ છે. અર્થાત્ જીવાત્મા અને પરમાત્માના અભેદ જ્ઞાનવાળી જે અંતઃકરણની વૃત્તિ તે જ યોગ છે બીજો યોગ નથી. ૨

तत्प्रत्यूहाः षडाख्याता योगविघ्नकराऽनघ ॥
कामक्रोधौ लोभमोहौ मदमात्सर्यसंज्ञकौ ॥ ३ ॥

હે પાપરહિત હિમાલય! તે જીવાત્મા અને પરત્માના અભેદ જ્ઞાનવાળી જે અંતઃકરણની વૃત્તિ તેજ યોગ અને તે યોગના છ શત્રુઓ છે. ૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મોહ, ૫ મદ, અને ૬ માત્સર્ય, આ છ શત્રુઓનો જેનામાં વાસ છે તે પુરુષને કદાપિ યોગ સિદ્ધ થતો નથી–ભાવાર્થ–જીવાત્મા અને પરમાત્માના અભેદ જ્ઞાનવાળી અંતઃકરણની વૃત્તિ થતી નથી. ૩

**योगाङ्गैरेव भित्त्वा तान्योगिनो योगमाप्नुयुः ॥**
**यमं नियममासनप्राणायामौ ततः परम् ॥ ४ ॥**
**प्रत्याहारं धारणाख्यं ध्यानं सार्धं समाधिना ॥**
**अष्टाङ्गान्याहुरेतानि योगिनां योगसाधने ॥ ५ ॥**

યોગીઓએ અર્થાત્ જીવાત્મા પરમાત્માનો અભેદ કરવાવાળા પુરુષોએ યોગના અંગોવડે ઉપરના છ શત્રુઓનો નાશ કરી યોગને કરવો જોઈએ. અર્થાત્ કામના આદિ લઈ છ શત્રુઓને જીતી પછી જીવાત્મા પરમાત્માના અભેદનો વિચાર કરવો જ્યાંસુધી તે શત્રુઓ શરીરની અંદર છે ત્યાં સુધી અભેદ કરવાવાળી અંતઃકરણની વૃત્તિ થતી જ નથી. યોગનાં અંગ કેટલાં છે તે દોઢ શ્લોકવડે વર્ણન કરી કહે છે. ૧ યમ, ૨ નિયમ, ૩ આસન, ૪ પ્રાણાયામ, ૫ પ્રત્યાહાર, ૬ ધારણા, ૭ ધ્યાન, ૮ સમાધિ, એ આઠ અંગ યોગીઓને યોગસાધનમાં કહ્યાં છે. અર્થાત્ જીવાત્મા પરમાત્માના અભેદજ્ઞાનવાળી જો અંતઃકરણની વૃત્તિ મેળવવી હોય તો ઉપરના આઠ અંગોનું અવશ્યમેવ સેવન કરવું જોઈએ, જેના વિના અભેદજ્ઞાનવાળી અંતઃકરણની વૃત્તિ બની શકતી જ નથી. ૪–૫

**अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं दयार्जवम् ॥**
**क्षमा धृतिर्मिताहारः शौचं चेति यमा दश ॥ ६ ॥**

"ઉપરના શ્લોકમાં યોગનાં આઠ અંગ વર્ણન કરીને કહ્યાં તેમાં પ્રથમ અંગ યમ છે તેનું શું લક્ષણ છે તે આ શ્લોકમાં જણાવે છે." ૧ અહિંસા (કોઈ પણ પ્રાણીને પીડા ન કરવી), ૨ સત્ય (ખરું બોલવું), ૩ અસ્તેય (ચોરી નહિ કરવી), ૪ બ્રહ્મ-

ર્ચય (*આઠ પ્રકારના મૈથુનનો અભાવ), ૫ દયા (સર્વભૂત પ્રાણીઓ ઉપર કરુણા), ૬ આર્જવ (સરલતા–બધાઓની અપેક્ષાથી પોતાનામાં અલ્પ જ્ઞાનપણું–એમ કે હું કાંઈજ જાણતો નથી એવી બુદ્ધિ કરવી), ૭ ક્ષમા (પૃથ્વીની માફક અપમાનના આદિ તિરસ્કાર વચનો સહન કરવાં), ૮ ધૃતિ (સર્વનો નાશ થાય તો પણ ધૈર્ય રાખવું), ૯ મિતાહાર (†પેટમાં બે ભાગ અન્નથી પૂરવા એક ભાગ પાણીથી અને એક ભાગ ખાલી રાખવો કે જેમાં વાયુનો સંચાર થાય એનું નામ મિતાહાર કહેવાય છે), ૧૦ શૌચ (બહાર અને અંદરની શુદ્ધિ. બહારની શુદ્ધિ જલ અને મૃત્તિકાદિકથી સમજવી અને અંદરની શુદ્ધિ મનની પવિત્રતાથી જાણવી), એ દશ પ્રકારના યમ સમજવા, યોગનું પ્રથમ અંગ જે યમ તે સમાપ્ત થયું. ૬

**तपः संतोष आस्तिक्यं दानं देवस्य पूजनम् ॥**
**सिद्धान्तश्रवणं चैव ह्रीर्मतिश्च जपो हुतम् ॥ ७ ॥**

"હવે આ શ્લોકમાં યોગના બીજા અંગનું વર્ણન કરવામાં આવે છે." બીજું અંગ નિયમ છે અને તે પણ દશ પ્રકારનું છે, ૧ તપ (વિધિપ્રમાણે અનુષ્ઠાન કરવું તેનું જ નામ તપ છે. આ ઠેકાણે તપ શબ્દથી ચાંદ્રાયણ કૃચ્છ્ર વગેરે તપ લેવાં નહિ કારણ કે તે તપો શરીરને કલેશ કરવાવાળાં હોવાથી યોગમાં ઉપકારક નથી. એવો નીલકંઠસ્વામીનો અભિપ્રાય છે.) ૨ સંતોષ (પ્રારબ્ધવશથી જે મળે તેનાથી પોતાના મનમાં તૃપ્તિ માનવી), ૩ આસ્તિકય (વેદ દેવ બ્રાહ્મણો ગુરુ તેમના ઉપર વિશ્વાસ), ૪ દાન (યથાશક્તિ સત્પાત્રને દ્રવ્ય આપવું), ૫ દેવપૂજન (પરમેશ્વરનું પૂજન), ૬ સિદ્ધાંત

---

* दर्शनं स्पर्शनं केलिः कीर्तनं गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥

અર્થ–સ્ત્રીઓનું દર્શન કરવું, સ્ત્રીઓનો સ્પર્શ કરવો, સ્ત્રીઓની સાથે ક્રીડા કરવી, મૈથુનની વાત કરવી, સ્ત્રીઓની સાથે એકાંતમાં ભાષણ કરવું, મૈથુનનો સંકલ્પ કરવો, મૈથુનનો નિશ્ચય કરવો અને પ્રત્યક્ષ મૈથુન કરવું, એ પ્રકારે આ શ્લોકમાં આઠ પ્રકારનું મૈથુન ગણાવ્યું છે.

† द्वौ भागौ पूरयेदन्नैस्तोयेनैकं प्रपूरयेत् ।
मारुतस्य प्रचारार्थं चतुर्थमवशेषयेत् ॥

શ્રવણ (વેદાંતશાસ્ત્રનું શ્રવણ કરવું), ૭ હ્રી ( ખરાબ કામ કરવામાં શરમ), ૮ મતિ (સારા કર્મમાં અને સારા શાસ્ત્રમાં જે ઉત્તમ જ્ઞાન તે), ૯ જપ (ગાયત્રીમંત્ર ઓંકારમંત્ર ભુવનેશ્વરીમંત્ર વગેરેનો જપ), ૧૦ હુત (નિત્ય હોમ), યોગનું બીજું અંગ જે નિયમ તે દશ પ્રકારનું છે એ વર્ણન કરીને કહ્યું. ૭

**दशैते नियमाः प्रोक्ता मया पर्वतनायक ॥**

**पद्मासनं स्वस्तिकं च भद्रं वज्रासनं तथा ॥ ८ ॥**

હે પર્વતના નાયક હિમાલય! મે તને દશ પ્રકારના નિયમો કહી બતાવ્યાં, હવે યોગનું ત્રીજું અંગ જે આસન છે તેને સાંભળ. તે આસન પાંચ પ્રકારનું છે. ૧ પદ્માસન, ૨ સ્વસ્તિકાસન, ૩ ભદ્રાસન, ૪ વજ્રાસન, ૮

**वीरासनमिति प्रोक्तं क्रमादासनपञ्चकम् ॥**

**ऊर्वोरुपरि विन्यस्य सम्यक्पादतले शुभे ॥ ९ ॥**

**अङ्गुष्ठौ च निबध्नीयाद्धस्ताभ्यां व्युत्क्रमात्ततः ॥**

**पद्मासनमिति प्रोक्तं योगिनां हृदयंगमम् ॥ १० ॥**

અને ૫ વીરાસન, એવી રીતે પાંચ પ્રકારનું આસન સમજવું. હવે પ્રથમ પદ્માસનનો પ્રકાર બતાવે છે. બે જાંઘો ઉપર સુંદર પાદનાં તલીયાં સારી રીતે સ્થાપન કરવાં અને પછી હસ્તને ફેરવીને બે હાથવડે અંગુષ્ઠને બાંધવા અર્થાત્ પાછળના ભાગથી બંને હસ્તને ફેરવીને જમણા હસ્તથી જમણા પગનો અંગુઠો અને ડાબા હસ્તથી ડાબા પગનો અંગુઠો બાંધવો, એનું નામ યોગીઓને પ્રિય એવું પદ્માસન છે એમ જાણવું. ૯-૧૦

**जानूर्वोरन्तरे सम्यक्कृत्वा पादतले शुभे ॥**

**ऋजुकायो विशेद्योगी स्वस्तिकं तत्प्रचक्षते ॥ ११ ॥**

બીજા સ્વસ્તિક નામના આસનનો પ્રકાર બતાવે છે કે બંને જંઘાઓના મધ્યમાં સુંદર પાદના તલને કરીને જે યોગી ઋજુકાય એટલે સીધી રીતે શરીરને રાખી બેસે છે તેનું નામ સ્વસ્તિક આસન કહેવાય છે. ૧૧

सीवन्याः पार्श्वयोर्न्यस्य गुल्फयुग्मं सुनिश्चितम् ॥
वृषणाधः पादपार्ष्णी पाणिभ्यां परिबन्धयेत् ॥ १२ ॥
भद्रासनमिति प्रोक्तं योगिभिः परिपूजितम् ॥
ऊर्वोः पादौ क्रमान्न्यस्य जान्वोः प्रत्यङ्मुखाङ्गुली ॥ १३ ॥
करौ विदध्यादाख्यातं वज्रासनमनुत्तमम् ॥
एकं पादमधः कृत्वा विन्यस्योरुं तथोत्तरे ॥ १४ ॥

સીવની એટલે અંડની નીચે ભાગની શિરા તેના પડખાના ભાગમાં પગની પાનીનાં બે ભાગો સ્થાપન કરવા અને અંડના નીચેના ભાગમાં જે પાદનાં તલીયાંનો પૃષ્ઠભાગ તેને પોતાના બે હાથવડે બંધવો એનું નામ યોગીઓ ભદ્રાસન કહે છે. આ ત્રીજું ભદ્રાસન સમજવું. હવે ચોથું વજાસન કહે છે કે ક્રમથી જંઘાના ઉપર પાદને સ્થાપન કરવા પછી પૂર્વ દિશા તરફ આંગલિઓ આવે એવી રીતે તેના ઉપર બે હાથ મુકવા એનું નામ ઉત્તમ વજાસન કહેવામાં આવે છે. હવે પાંચમું વીરાસન કહે છે કે એક પાદને નીચે નમાવવો અને બીજા પાદને તે પાદની સમીપ સ્થાપન કરવો પછી સીધી કાયા રાખી જે બેસવું તેનું નામ વીરાસન કહેવાય છે. ૧૨–૧૪

ऋजुकायो विशेद्योगी वीरासनमितीरितम् ॥
इडया कर्षयेद्वायुं वाह्यं षोडशमात्रया ॥ १५ ॥
धारयेत्पूरितं योगी चतुःषष्ट्या तु मात्रया ॥
सुषुम्नामध्यगं सम्यग्द्वात्रिंशन्मात्रया शनैः ॥ १६ ॥
नाड्या पिङ्गलया चैव रेचयेद्योगवित्तमः ॥
प्राणायाममिमं प्राहुर्योगशास्त्रविशारदाः ॥ १७ ॥

"એ પ્રકારે પાંચ પ્રકારનાં આસન હતાં તે કહી બતાવ્યાં, હવે ત્રણ શ્લોકવડે યોગનું ચોથું અંગ જે પ્રાણાયામ તેનો પ્રકાર કહે છે." ઈડા નામની નાડીથી નાસિકાદ્વારા સોળ વખત ઓંકારનું મનમાં ઉચ્ચારણ કરીએ તેટલા સમય સુધી બહારના વાયુને અંદર ખીંચવો આનું નામ પૂરક કહેવાય છે. અને તે ખીંચેલા વાયુને ચોસટ ઓંકાર મનમાં

બોલાય ત્યાં સુધી સુષુમ્ના નામની નાડીમાં તેને રોકવો એનું નામ કુંભક કહેવાય છે. પછી બત્રીશ ઓંકારનું મનમાં ઉચ્ચારણ કરીએ ત્યાં સુધી યોગને જાણનાર પુરુષે પિંગલ નામની નાડીવડે ધીરે ધીરે તે વાયુને ઉતારવો એનું નામ રેચક કહેવામાં આવે છે. યોગ-શાસ્ત્રને જાણનારા વિદ્વાનો આને જ પ્રાણાયામ કહે છે. ૧૫–૧૭

**भूयोभूयः क्रमात्तस्य बाह्यमेवं समाचरेत् ॥**
**मात्रावृद्धिः क्रमेणैव सम्यग्द्वादश षोडश ॥ १८ ॥**
**जपध्यानादिभिः सार्धं सगर्भं तं विदुर्बुधाः ॥**
**तदपेतं विगर्भं च प्राणायामं परे विदुः ॥ १९ ॥**

કેટલાએક યોગીઓ પ્રાણાયામનો બીજો પ્રકાર એવી રીતનો માને છે કે ફરી ફરીને ઇડા નાડીમાંથી પિંગલામાં વાયુને લઇ જવો અને પિંગલામાંથી ઈડામાં લઈ જવો એવી રીતે બહારના વાયુને અંદર લઈ જવો અને વળી પાછો તેનો ત્યાગ કરવો અને તે બહારનો વાયુ બાર વખત ઓંકારનું મનમાં ઉચ્ચારણ કરીએ ત્યાં સુધી અંદર પૂરવો પછી તેને તેટલા જ વખત સુધી અંદર રોકવો અને પછી તે જ પ્રમાણે બહાર કાઢવો. બાર વખત ઓંકારનું ઉચ્ચારણ કરીએ ત્યાં સુધી જ્યારે વાયુની ગતિ સિદ્ધ થાય ત્યારપછી થોડા દિવસમાં તેની શક્તિ સોળ વખત ઓંકારનું ઉચ્ચારણ કરીએ ત્યાં સુધી ચઢાવવી એમ ક્રમથી દિવસે દિવસે પ્રાણાયામની વૃદ્ધિ કરવી. તે પ્રાણાયામ બે પ્રકારનો છે એક સગર્ભ અને બીજો વિગર્ભ. પોતાના ઇષ્ટ દેવતાના મંત્રનો જપ અને તેનું ધ્યાન પૂજન વગેરે સહિત જે પ્રાણાયામ કરવો તેનું નામ સગર્ભ પ્રાણાયામ પંડિતો કહે છે. અને જેમાં ઇષ્ટ દેવતાના મંત્રનો જપ અને ધ્યાન ન હોય કેવલ ખાલી પ્રાણાયામ જ હોય તેનું નામ વિગર્ભ પ્રાણા-યામ કહે છે. એવી રીતે બે પ્રકારનો પ્રાણાયામ જાણવો. ૧૮–૧૯

**क्रमादभ्यस्यतः पुंसो देहे स्वेदोद्गमोऽधमः ॥**
**मध्यमः कम्पसंयुक्तो भूमित्यागः परो मतः ॥ २० ॥**

કનિષ્ઠ મધ્યમ અને ઉત્તમ એ ત્રણ પ્રકારનું પ્રાણાયામનું લક્ષણ વર્ણન કરીને કહે છે. ક્રમથી પ્રાણાયામનો અભ્યાસ કરનાર પુરુષને જો

પોતાના શરીરમાં પરસેવો આવી જાય તો તે કનિષ્ઠ (અધમ) પ્રાણાયામ જાણવો. અને જો પોતાના શરીરમાં કંપ છુટે તો મધ્યમ પ્રાણાયામ જાણવો. અને જે પ્રાણાયામમાં ભૂમિનો ત્યાગ થાય તે ઉત્તમ પ્રાણાયામ જાણવો અર્થાત્ જ્યારે ભૂમિને છોડીને આસન ઉપર જ પુરુષ રહે ત્યારે ભૂમિનો ત્યાગ કહેવાય તે પ્રાણાયામ ઉત્તમ કહેવાય છે. ૨૦

**उत्तमस्य गुणावाप्तिर्यावच्छीलनमिष्यते ॥**
**इन्द्रियाणां विचरतां विषयेषु निरर्गलम् ॥ २१ ॥**
**बलादाहरणं तेभ्यः प्रत्याहारोऽभिधीयते ॥**
**अङ्गुष्ठगुल्फजानूरुमूलाधारलिङ्गनाभिषु ॥ २२ ॥**
**हृद्ग्रीवाकण्ठदेशेषु लम्बिकायां ततो नसि ॥**
**भ्रूमध्ये मस्तके मूर्ध्नि द्वादशान्ते यथाविधि ॥ २३ ॥**
**धारणं प्राणमरुतो धारणेति निगद्यते ॥**
**समाहितेन मनसा चैतन्यान्तरवर्तिना ॥ २४ ॥**

"ઉત્તમ પ્રાણાયામની સિદ્ધિપર્યંત જ્યારે પ્રાણાયામ કર્યો ત્યારે તેનું શું ફલ થાય છે તે આ શ્લોકોમાં બતાવે છે." ઉત્તમ પ્રાણાયામ કરવાથી ગુણની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ "**वपुःप्रकाशो ज्वलनस्य दीप्तिरल्पाशता चैव तनोर्लघुत्वम्**" શરીરની અંદર એક જાતનો અપૂર્વ પ્રકાશ આવે છે, તેના મુખની કાંતિ ચોતરફ પડે છે, તેના ખાવાનો ખોરાક ઘણો જ થોડો થાય છે, શરીર હલકું થાય છે, ઇત્યાદિ ગુણો તેનામાં સ્વાભાવિક રીતે આવી જાય છે. જ્યાંસુધી પ્રાણાયામ ચાલે છે ત્યાંસુધી ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિ જ થાય છે. હવે યોગનું પાંચમું અંગ જે પ્રત્યાહાર તેનો પ્રકાર વર્ણન કરીને કહે છે. પોતપોતાના વિષય તરફ પ્રવૃત્ત થતી જે ઇંદ્રિયો તેનું તે તે વિષયોથી વિઘ્નરહિત જે સમેટી લેવું તેનું નામ પ્રત્યાહાર કહેવાય છે. અર્થાત્ ઇંદ્રિયોને નિયમમાં રાખવી એનું નામ જ પ્રત્યાહાર છે. યોગનું છઠ્ઠું અંગ જે ધારણા છે તેનું વર્ણન કરે છે. અંગુઠા, પગની પંડીઓ, જાનુ, ઉરુ, ગુદા, લિંગ, નાભિ, હૃદય, ગ્રીવા (ડોક), કંઠ,

તેમ જ નાસિકા, ભ્રુકુટિનો મધ્યભાગ, મસ્તક, મુખ અને તાળવું, વગેરે સ્થાનોમાં યથાવિધિ જે પ્રાણવાયુનો નિરોધ કરવો તેનું નામ ધારણા કહેવાય છે. યોગનું સાતમું અંગ જે ધ્યાન તેનું વર્ણન કરે છે. ચૈતન્યનું જેની અંદર રહેવાપણું છે એવા સમાધાન પામેલા મનવડે, ૨૧-૨૪

आत्मन्यभीष्टदेवानां ध्यानं ध्यानमिहोच्यते ॥
समत्वभावना नित्यं जीवात्मपरमात्मनोः ॥ २५ ॥
समाधिमाहुर्मुनयः प्रोक्तमष्टाङ्गलक्षणम् ॥
इदानीं कथये तेऽहं मन्त्रयोगमनुत्तमम् ॥ २६ ॥

પોતાના આત્મામાં જે પોતાના ઇષ્ટ દેવતા હોય તેનું ધ્યાન કરવું તેનું નામ જ ધ્યાન કહેવાય છે. હવે યોગનું આઠમું અંગ જે સમાધિ તેનું લક્ષણ કહે છે કે જીવાત્મા અને પરમાત્મા એ બેના સમપણાની જે ભાવના કરવી તેનું નામ જ મુનિઓ સમાધિ કહે છે. એ પ્રકારે યોગનાં આઠ અંગ કહી બતાવ્યાં, હવે જેનાથી બીજી કોઈ પણ વસ્તુ ઉત્તમ નથી એવો મંત્રયોગ એટલે મંત્રોની સિદ્ધિ આપનારો યોગ હે હિમાલય! તને કહું તે સાંભળ. ૨૫-૨૬

विश्वं शरीरमित्युक्तं पञ्चभूतात्मकं नग ॥
चन्द्रसूर्याग्नितेजोभिर्जीवब्रह्मैक्यरूपकम् ॥ २७ ॥

હે હિમાલય! પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ, એ પંચભૂતોનું બનેલું આ શરીર વિશ્વ એ પ્રકારે કહેવાય છે. અર્થાત્ પિંડ બ્રહ્માંડનું એકપણું હોવાથી આ શરીર વિશ્વ એટલે બ્રહ્માંડરૂપ જ કહેવાય છે. ચંદ્ર સૂર્ય અગ્નિ અને તેજ એવડે જીવ અને બ્રહ્મનું એકપણું સમજવું. ૨૭

तिस्रः कोट्यस्तदर्धेन शरीरे नाड्यो मताः ॥
तासु मुख्या दश प्रोक्तास्ताभ्यस्तिस्रो व्यवस्थिताः ॥ २८ ॥

આ શરીરની અંદર સાડા ત્રણ કોટિ નાડીઓ છે. અને તે નાડીઓના મધ્યમાં દશ નાડીઓ મુખ્ય છે. તેમાં પણ ત્રણ નાડીઓ પ્રધાન છે. ૨૮

**प्रधाना मेरुदण्डेऽत्र चन्द्रसूर्याग्निरूपिणी ॥**

**इडा वामे स्थिता नाडी शुभ्रा तु चन्द्ररूपिणी ॥ २९ ॥**

મેરુદંડ એટલે પાછળના વાંસામાં ચંદ્રસૂર્યઅગ્નિરૂપિણી પ્રધાના એટલે સુષુમ્ના નાડી રહી છે. અર્થાત્ મૂલાધારથી લઈને પાછળના ભાગથી બ્રહ્મરંધ્રપર્યંત સુષુમ્ના નાડી રહી છે અને તે સુષુમ્ના નાડીના વામ કહેતાં ડાબી બાજુએ શુભ્રા ચંદ્રરૂપિણી ઇડા નામની નાડી છે. ૨૯

**शक्तिरूपा तु सा नाडी साक्षादमृतविग्रहा ॥**

**दक्षिणे या पिङ्गलाख्या पुंरूपा सूर्यविग्रहा ॥ ३० ॥**

તે ઇડા નામની નાડી શક્તિરૂપા છે અને સાક્ષાત્ અમૃતને વર્ષનારી છે. અને તે સુષુમ્ના નામની નાડીના દક્ષિણ ભાગમાં પિંગલા નામની નાડી છે. તે પુરુષના જેવી આકૃતિવાળી નાડી સૂર્યરૂપિણી છે. ૩૦

**सर्वतेजोमयी सा तु सुषुम्ना वह्निरूपिणी ॥**

**तस्या मध्ये विचित्राख्ये इच्छाज्ञानक्रियात्मकम् ॥ ३१ ॥**

**मध्ये स्वयंभु लिङ्गं तु कोटिसूर्यसमप्रभम् ॥**

**तदूर्ध्वं मायाबीजं तु हरात्मा बिन्दुनादकम् ॥ ३२ ॥**

સર્વત્ર તેજરૂપિણી તે સુષુમ્ના નાડી વન્હિરૂપિણી છે. અને તે સુષુમ્ના નાડીના મધ્ય ભાગમાં વિચિત્રા નામની એક સૂક્ષ્મા નાડી છે. તેમાં ઇચ્છા જ્ઞાન અને ક્રિયારૂપ, કોટિ સૂર્યના જેવી જેની પ્રભા છે એવું સ્વયંભૂ લિંગ મધ્યમાં રહ્યું છે. અને તેના ઉપર હકાર રેફ ઈકાર અને બિંદુ જેમાં રહ્યાં છે એવું માયાશક્તિનું બીજ અર્થાત્ હ્રીં એ બીજ રહ્યું છે. ૩૧-૩૨

**तदूर्ध्वे तु शिखाकारा कुण्डली रक्तविग्रहा ॥**

**देव्यात्मिका तु सा प्रोक्ता मदभिन्ना नगाधिप ॥ ३३ ॥**

અને તે હ્રીં બીજના ઉપર દીપની શિખા જેવો જેનો આકાર છે રક્ત જેનું સ્વરૂપ છે એવી કુંડળી તે સાક્ષાત્ દેવીસ્વરૂપિણી છે. હે પર્વતના રાજા હિમાલય! તે દેવી મારાથી અભિન્ન કહેવાય છે. ૩૩

तद्बाह्ये हेमरूपाभं वादिसान्तचतुर्दलम् ॥
द्रुतहेमसमप्रख्यं पद्मं तत्र विचिन्तयेत् ॥ ३४ ॥

તે કુંડળીના બહારના ભાગમાં સુવર્ણના જેવી જેની કાંતિ છે એવું વકારના આદિ લઇ સકરાંત અર્થાત્ વ શ ષ સ એ ચાર વર્ણ જેમાં છે એવું ચતુર્દલ છે, તેમાં તપાવેલા સુર્વણ સમાન કાંતિવાળા કમળની ભાવના કરવી. ૩૪

तदूर्ध्वे त्वनलप्रख्यं षड्दलं हीरकप्रभम् ॥
वादिलान्तषड्वर्णेन स्वाधिष्ठानमनुत्तमम् ॥ ३५ ॥

તે કમળના ઉપરના ભાગમાં હીરાના જેવી જેની કાંતિ છે અનલ જેનું નામ છે એવું ષડ્દલ છે. અને બકારના આદિ લઇ લકારાંત છવર્ણવડે અર્થાત્ બ ભ મ ય ર લ એ વર્ણોવડે યુક્ત, જેનાથી બીજું ઉત્તમ નથી એવું પોતાનું અધિષ્ઠાન છે. ૩૫

मूलमाधारषट्कोणं मूलाधारं ततो विदुः ॥
स्वशब्देन परं लिङ्गं स्वाधिष्ठानं ततो विदुः ॥ ३६ ॥

સર્વનું આધાર ષટ્કોણ મૂલ છે તેથી વિદ્વાનો તેને મૂલાધાર કહે છે. અને સ્વશબ્દથી પર લિંગસ્વરૂપ લેવું, તેનું અધિષ્ઠાન (આધાર) તેથી સ્વાધિષ્ઠાન એ પ્રકારે કહે છે. ૩૬

तदूर्ध्वे नाभिदेशे तु मणिपूरं महाप्रभम् ॥
मेघाभं विद्युदाभं च बहुतेजोमयं ततः ॥ ३७ ॥
मणिवद्भिन्नं तत्पद्मं मणिपद्मं तथोच्यते ॥
दशभिश्च दलैर्युक्तं डादिफान्ताक्षरान्वितम् ॥ ३८ ॥

ત્યાર પછી નાભિપ્રદેશમાં મણિઓથી જાણે જડેલું હોયને શું? ઘણીજ જેની કાંતિ છે, મેઘ અને વિજળીના જેવી કાંતિવાળું તેથીજ ઘણું તેજોમય મણિઓની માફક ખિલેલું તે પદ્મ (કમલ) મણિપદ્મ એ પ્રકારે કહેવાય છે. તે મણિપદ્મ દશ દલવડે યુક્ત છે. અને ડકારના આદિ લઇ ફકાર સુધી જે વર્ણો–ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ આ દશ અક્ષરોવડે યુક્ત છે. ૩૭–૩૮

विष्णुनाऽधिष्ठितं पद्मं विष्ण्वालोकनकारणम् ॥
तदूर्ध्वेनाहतं पद्ममुद्यदादित्यसन्निभम् ॥ ३९ ॥
कादिठान्तदलैरर्कपत्रैश्च समधिष्ठितम् ॥
तन्मध्ये बाणलिङ्गं तु सूर्यायुतसमप्रभम् ॥ ४० ॥
शब्दब्रह्ममयं शब्दानाहतं तत्र दृश्यते ॥
अनाहताख्यं तत्पद्मं मुनिभिः परिकीर्तितम् ॥ ४१ ॥

તે મણિપદ્મ વિષ્ણુએ અધિષ્ઠિત છે. અર્થાત્ તે મણિપદ્મમાં સાક્ષાત્ વિષ્ણુ બિરાજમાન છે, અને તે મણિપદ્મ વિષ્ણુના પ્રકાશનું કારણ છે. ત્યાર પછી ઉગતા સૂર્યની કાંતિ જેવું લાલ અનાહુત નામનું પદ્મ છે, અને તે પદ્મનાં આકડાનાં પાંદડાં જેવા આકારવાળાં દલો છે. કકારના આદિ લઈ ઠકાર સુધી જે વર્ણો –ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ એ બાર વર્ણોવડે યુક્ત છે. અને તે અનાહુત નામના પદ્મના મધ્યમાં હજારો સૂર્યોના સમાન કાંતિવાળું બાણલિંગ છે. અર્થાત્ આ અનાહુત નામના પદ્મમાં મહાદેવજીનું બાણલિંગ છે. અને તેમાં સાક્ષાત્ શબ્દબ્રહ્મસ્વરૂપ શબ્દાનાહુત એટલે **शब्दानाहतं–अनाहतो नाम ताडनं विनापि जायमानः शब्दः सोऽनाहतः शब्दो यस्मिंस्तच्छब्दानाहतम् । वाहिताग्न्यादित्वात्साधुः ।** તાડન કર્યા વિના પણ પોતાની મેળે જ જે શબ્દ ઉત્પન્ન થાય તે અનાહુત શબ્દ કહેવાય અને વ્યાકરણના નિયમથી શબ્દ શબ્દને પ્રથમ મુકવો એટલે શબ્દાનાહુત થાય છે. ભાવાર્થ–તે પદ્મમાં રહેલું જે મહાદેવજીનું બાણલિંગ તેમાંથી પોતાની મેળે જ શબ્દો નિકળયા કરે છે. એથી મુનિઓ તે પદ્મને અનાહુત એ પ્રકારે કહે છે. ૩૯–૪૧

आनन्दसदनं तत्तु पुरुषाधिष्ठितं परम् ॥
तदूर्ध्वं तु विशुद्धाख्यं दलषोडशपङ्कजम् ॥ ४२ ॥

તેથી ઉપર સોળ દલનું વિશુદ્ધ નામનું ચક્ર છે અને તે આનંદનું સ્થાન છે. પુરુષ જે રુદ્ર તેણે અધિષ્ઠિત છે. અર્થાત્ તે વિશુદ્ધ ચક્રના અધિષ્ઠાતા રુદ્ર દેવતા છે. ૪૨

**स्वरैः षोडशभिर्युक्तं धूम्रवर्णं महाप्रभम् ॥**
**विशुद्धं तनुते यस्माज्जीवस्य हंसलोकनात् ॥ ४३ ॥**

તે વિશુદ્ધ નામના ચક્રનાં જે સોળ દલ છે તેના પ્રત્યેક દલમાં એક એક સ્વરવર્ણ રહેવાથી તે સોળ દલો સોળ સ્વરથી યુક્ત છે ધુમાડાના જેવો જેનો વર્ણ છે, મહાન્ જેની કાંતિ છે, જે જીવાત્મા છે તે હંસ એટલે પરમાત્માનું અવલોકન કરે છે અને અવલોકન કરવાથી જીવ પોતે શુદ્ધ સ્વરૂપ થાય છે; તેથી આ ચક્રનું નામ વિશુદ્ધ એવું આપવામાં આવ્યું છે. આ ઠેકાણે એટલું વિશેષ સમજવાનું છે કે ઉપરના શ્લોકોમાં જે અનાહત નામનું ચક્ર કહ્યું તે હૃદયદેશમાં જાણવું અને વિશુદ્ધ નામનું ચક્ર કંઠ દેશમાં જાણવું, અને આગળના શ્લોકમાં જે આજ્ઞાચક્ર વર્ણન કરવામાં આવશે તે ભ્રૂપ્રદેશમાં જાણવું. ૪૩

**विशुद्धं पद्ममाख्यातमाकाशाख्यं महाद्भुतम् ॥**
**आज्ञाचक्रं तदूर्ध्वे तु आत्मनाऽधिष्ठितं परम् ॥ ४४ ॥**

ઉપર જે વિશુદ્ધ નામનું ચક્ર વર્ણન કર્યું તેનું બીજું નામ મહાદ્ભુત આકાશચક્ર પણ કહેવામાં આવે છે અને તે વિશુદ્ધ ચક્રથી આગળ ભ્રૂપ્રદેશમાં આજ્ઞાચક્ર છે તે શ્રેષ્ઠ ચક્ર આત્માએ અધિષ્ઠિત છે, અર્થાત્ તેની દેવતા આત્મા છે. ૪૪

**आज्ञासंक्रमणं तत्र तेनाज्ञेति प्रकीर्तितम् ॥**
**द्विदलं हक्षसंयुक्तं पद्मं तत्सुमनोहरम् ॥ ४५ ॥**

તે આજ્ઞાચક્ર આજ્ઞાવડે સંક્રમણ છે, અર્થાત્ આજ્ઞાચક્રમાં જે પુરુષનું મન સ્થિર થાય છે તે પુરુષને સર્વ પદાર્થોનો સાક્ષાત્કાર થાય છે, અને તે એમ કહી શકે છે કે આવું ભૂત હતું, આ પ્રકારે વર્તમાન ચાલે છે અને હવે પછી ભવિષ્યમાં આ પ્રકારે થશે, એવા ત્રિકાલજ્ઞાનની આજ્ઞા કરવાથી આ ચક્રનું નામ આજ્ઞા એવું આપવામાં આવ્યું છે, તે ચક્રને ફક્ત બે જ દલ છે, **ह क्ष** એ બે અક્ષરોથી યુક્ત છે, અત્યંત મનોહર કમલના જેવો આકાર છે. ૪૫

कैलासाख्यं तदूर्ध्वं तु रोधिनी तु तदूर्ध्वतः ॥
एवं त्वाधारचक्राणि प्रोक्तानि तव सुव्रत ॥ ४६ ॥

તે આજ્ઞાચક્રના ઉપર કૈલાસ નામનું ચક્ર છે, અને તેના ઉપર રોધિની નામનું ચક્ર છે. હે હિમાલય! એ પ્રકારે આધાર ચક્રનું વર્ણન મેં તને કહી બતાવ્યું. ૪૬

सहस्रारयुतं बिन्दुस्थानं तदूर्ध्वमीरितम् ॥
इत्येतत्कथितं सर्वं योगमार्गमनुत्तमम् ॥ ४७ ॥

સર્વ ચક્રોની ઉપર રહેલું હજાર જેના આરાઓ છે એવું બિંદુ-સ્થાન ( પરમ આત્મસ્થાન ) કહ્યું છે. હે હિમાલય! જેનાથી બીજો કોઈ પણ માર્ગ ઉત્તમ નથી એવો યોગમાર્ગ સંપૂર્ણ મેં તને કહ્યો. ૪૭

आदौ पूरकयोगेनाप्याधारे योजयेन्मनः ॥
गुदमेढ्रान्तरे शक्तिस्तामाकुञ्च्य प्रबोधयेत् ॥ ४८ ॥

"ચક્રોનું જ્ઞાન મેળવી પછી શું કરવું એ આ શ્લોકમાં બતાવે છે" પ્રથમ પૂરકયોગવડે બહારના વાયુને ખીંચી કુંભકયોગ કરવો. પછી મનને વાયુ સાથે જોડી મૂલાધારમાં તેની યોજના કરવી, પછી ગુદા અને લિંગના મધ્યમાં અર્થાત્ મૂલાધારચક્રમાં રહેલી જે શક્તિ ( કુંડલિની ) તેનું આકુંચન કરી અર્થાત્ મૂલાધારમાં રહેલા વાયુવડે તેનું પીડન કરી ઉત્થાપન કરવું. ૪૮

लिङ्गभेदक्रमेणैव बिन्दुचक्रं च प्रापयेत् ॥
शम्भुना तां पराशक्तिमेकीभूतां विचिन्तयेत् ॥ ४९ ॥

તે શક્તિ એટલે કુંડલિની તેનું ઉત્થાપન કર્યા બાદ ઉપરના શ્લોકોમાં વર્ણન કરેલાં તે તે ચક્રોમાં સ્થિતિ તેજોમય સ્વયંભૂ આદિલિંગોનું ભેદન કરી અર્થાત્ ક્રમવડે તે માર્ગથી કુંડલિની શક્તિને હજાર આરાઓવાળા બિંદુચક્રની સાથે જોડવી, પછી હજાર આરા-વાળા પદ્મમાં સ્થિત શંભુની સાથે એકીભાવ કરી તે કુંડલિની પરાશક્તિ એવી ભાવના કરવી. ૪૯

**तत्रोत्थितामृतं यत्तु द्रुतलाक्षारसोपमम् ॥**

**पाययित्वा तु तां शक्तिं मायाख्यां योगसिद्धिदाम् ॥ ५० ॥**

તે બિંદુચક્રમાં શિવ અને શક્તિનો યોગ થયે સતે જે અમૃત ઉત્પન્ન થયું તે ટીઘલેલી લખના રસસમાન જાણવું, તે અમૃતનું યોગની સિદ્ધિ આપવાવાળી માયા જેવું બીજું નામ છે એવી કુંડલિની પરાશક્તિને પાન કરાવવું. ૫૦

**षट्चक्रदेवतास्तत्र संतर्प्यामृतधारया ॥**

**आनयेत्तेन मार्गेण मूलाधारं ततः सुधीः ॥ ५१ ॥**

આગળ જે ષટ્ચક્રોનું નિરૂપણ કર્યું તે ચક્રોમાં સ્થિતિ તે તે દેવતાઓને તે બિંદુચક્રમાં અમૃતની ધારાવડે તૃપ્તિ કરવા પછી જે માર્ગથી કુંડલિનીને મસ્તક પર્યંત યોગી લાવ્યો હતો તેજ માર્ગવડે પુનઃ મૂલાધારમાં પાછી લઈજવી. ૫૧

**एवमभ्यस्यमानस्याऽप्यहन्यहनि निश्चितम् ॥**

**पूर्वोक्तदूषिता मन्त्राः सर्वे सिद्ध्यन्ति नान्यथा ॥ ५२ ॥**

એ પ્રકારે પ્રતિદિન અભ્યાસ કરનાર યોગીના પ્રથમ કહેલા દૂષિત સર્વે મંત્રો નિશ્ચય સિદ્ધ થાય છે અન્યથા સિદ્ધ થતા નથી, અર્થાત્ છિન્નાદિ દોષથી દૂષિત મંત્રો આ યોગથી જ ( હઠયોગથીજ ) સિદ્ધ થાય છે. એવું શારદાતિલક નામના મંત્રશાસ્ત્રના ગ્રંથમાં કહ્યું પણ છે કે “ **इत्यादिदोषदुष्टांस्तान्मन्त्रानात्मनि योजयेत् । शोधये द्रुद्धपवनो बद्धया योनिमुद्रया** ” છિન્નાદિ દોષોથી દુષ્ટ થએલા મંત્રોને મનની સાથે જોડી દેવા, પછી જેણે પ્રાણવાયુને રોકયો છે એવો યોગી બદ્ધયોનિમુદ્રાવડે તે મંત્રોનું શોધન કરે. ૫૨

**जरामरणदुःखाद्यैर्मुच्यते भवबन्धनात् ॥**

**ये गुणाः सन्ति देव्या मे जगन्मातुर्यथातथा ॥ ५३ ॥**

**ते गुणाः साधकवरे भवन्त्येव न चान्यथा ॥**

**इत्येवं कथितं तात वायुधारणमुत्तमम् ॥ ५४ ॥**

આ પ્રકારે યોગાભ્યાસ કરનાર યોગી જરા મરણ આદિ દુઃખોથી તેમ સંસારના બંધનથી મુક્ત થઈ જાય છે, જગત્‌ની માતા દેવી

સ્વરૂપ જે હું ત મ્હારા જે પ્રકારના યથાર્થ ગુણો છે તેવાજ તે સર્વે યથાર્થ ગુણો યોગાભ્યાસ કરનાર યોગીમાં આવી જાય છે, અર્થાત્ મ્હારા જેવું તેનું પણ સામર્થ્ય થાય છે, બીજાના જેવું થતું નથી. હે તાત! હિમાલય! એ પ્રકારે મે તને વાયુનો ધારણાપ્રકાર કહ્યો, અર્થાત્ વાયુની ધારણા શરીરમાં કેવી રીતે કરવી, કીયે માર્ગે કરવી અને કરવાથી શું ફલ મળે છે, એ સર્વ મે તને વિસ્તારથી કહ્યું. ૫૩–૫૪

इदानीं धारणाख्यं तु शृणुष्वावहितो मम ॥
दिक्कालाद्यनवच्छिन्नदेव्यां चेतो विधाय च ॥ ५५ ॥

હે હિમાલય! હવે દિશા કાલથી અવચ્છિન્ન દેવીના સ્વરૂપમાં ચિત્તને ધારણ કરી, સાવધાન મનથી મ્હારું ધારણા સ્વરૂપ સાંભળ. જો કે પ્રસંગવશથી ધારણાનું સ્વરૂપ આગળ કહી ગયા છીએ તો પણ આ સ્થાનમાં પુનઃ ચિત્તની ધારણાનું સ્વરૂપ વર્ણન કરે છે. ૫૫

तन्मयो भवति क्षिप्रं जीवब्रह्मैक्ययोजनात् ॥
अथवा समलं चेतो यदि क्षिप्रं न सिद्ध्यति ॥ ५६ ॥
तदावयवयोगेन योगी योगान्समभ्यसेत् ॥
मदीयहस्तपादादावङ्गे तु मधुरे नग ॥ ५७ ॥
चित्तं संस्थापयेन्मन्त्री स्थानस्थानजयात्पुनः ॥
विशुद्धचित्तः सर्वस्मिन्रूपे संस्थापयेन्मनः ॥ ५८ ॥

દેવીને વિષે ચિત્તની એકાગ્રતા કરવાથી શીઘ્ર યોગી તન્મયજ થાય છે, જેમ કીટભૃંગન્યાયથી જીવાત્મા બ્રહ્મની સાથે અભેદભાવનાને પામે છે તેમ, અથવા જો મલ એટલે વિક્ષેપાદિ દોષ સહિત ચિત્ત દેવીના સ્વરૂપમાં એકાગ્રતાને જલદી ન પામે તો દેવીના અવયવોની સાથે ચિત્તને જોડી યોગી યોગનો અભ્યાસ કરે. હે હિમાલય! મ્હારા હસ્તપાદ વગેરે સુંદર અવયવોમાં પોતાના ચિત્તને સ્થાપન કરવું, અર્થાત્ ભગવતીના ચરણનું તેમજ હસ્તનું સ્વરૂપ પોતાના ચિત્તમાં સ્થિર કરવું, બાદ મંત્રની સિદ્ધિ મેળવનાર યોગી ધીરે ધીરે એક સ્થાનમાંથી બીજી જગાએ અને બીજેથી ત્રીજી જગાએ એમ

મનને સ્થિર કરતો સતો વિશુદ્ધચિત્ત થઇ મ્હારા સંપૂર્ણ સ્વરૂપમાં પોતાના મનને સ્થાપે. ૫૬–૫૮

**यावन्मनो लयं याति देव्यां संविदि पर्वत ॥**

**तावदिष्टमनुं मन्त्री जपहोमैः समभ्यसेत् ॥ ५९ ॥**

"જે પુરુષની ધ્યાનયોગ કરવામાં શક્તિ નથી તે પુરુષે શું કરવું જોઇએ તે આ શ્લોકમાં બતાવે છે." હે હિમાલય! જ્ઞાન સ્વરૂપિણી દેવીમાં જ્યાં સુધી પોતાના મનનો લય થાય નહિ ત્યાં સુધી મંત્રી (મંત્રનો જપ કરનાર યોગી) જપ હોમવડે પોતાના ઇષ્ટ મંત્રનો અભ્યાસ કરે અર્થાત્ તેનો જપ કરે અને દેવીનું યજન કરે. ૫૯

**मन्त्राभ्यासेन योगेन ज्ञेयज्ञानाय कल्पते ॥**

**न योगेन विना मन्त्रो न मन्त्रेण विना हि सः ॥ ६० ॥**

મંત્રનો જપ કરવાથી તેમજ યોગનો અભ્યાસ કરવાથી જાણ-વાને યોગ્ય વસ્તુનું જ્ઞાન અવશ્ય થાય છે, યોગ એટલે ચિત્તની વૃત્તિનો નિરોધ, તેના વિના મંત્રની સિદ્ધિ થતી નથી, અને મંત્ર વિના યોગ પણ સિદ્ધ થતો નથી, અર્થાત્ મંત્રનો અને યોગનો પરસ્પર સંબંધ છે. ૬૦

**द्वयोरभ्यासयोगो हि ब्रह्मसंसिद्धिकारणम् ॥**

**तमःपरिवृते गेहे घटो दीपेन दृश्यते ॥ ६१ ॥**

**एवं मायावृतो ह्यात्मा मनुना गोचरीकृतः ॥**

**इति योगविधिः कृत्स्नः साङ्गः प्रोक्तो मयाऽधुना ॥ ६२ ॥**

**गुरूपदेशतो ज्ञेयो नान्यथा शास्त्रकोटिभिः ॥**

**इतिश्रीदेवीभागवते महापुराणे सप्तमस्कन्धे पञ्चमोऽध्यायः ॥ ५ ॥**

મંત્રનો જપ અને યોગનો અભ્યાસ એ બેનો સંબંધ જ બ્રહ્મની સિદ્ધિમાં કારણ છે, અર્થાત્ બ્રહ્મજ્ઞાનમાં પણ એ બે જ કારણ છે, ગાઢ અંધકારથી છવાઇ ગએલા ઘરમાં પડેલો ઘટ દિવા વિના કદાપિ દેખાતો નથી, એ પ્રકારે માયાવડે આવૃત થએલો આત્મા મંત્ર વિના પ્રત્યક્ષ અનુભવમાં આવતો નથી, અર્થાત્ મંત્રના જપથી

અંતઃકરણની શુદ્ધિ થાય છે અને સ્વસ્વરૂપ પોતાની મેળે જ દેખાઈ આવે છે. હે હિમાલય! એ પ્રકારે સંપૂર્ણ અંગસહિત યોગનો વિધિ મે તને કહ્યો, અને તે યોગનો વિધિ ગુરુના ઉપદેશથી જ જાણવો જોઇએ કેવલ યોગશાસ્ત્રના ગ્રંથો વાચવાથી આવડે તેમ નથી, અર્થાત્ યોગનો અભ્યાસ કરવો તેમાં યોગાભ્યાસ કરનાર ગુરુની જરૂર છે, ગુરુ વિના તે માર્ગ યથાર્થ રીતે કોઈપણ બતાવી શકે તેમ નથી. ૬૧-૬૨

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां पांचमो अध्याय समाप्त ॥ ५ ॥

## अध्याय ६ ठ्ठो.

"છઠ્ઠા અધ્યાયના ત્રિશ શ્લોકોવડે મુખ્યત્વે કરી બ્રહ્મસ્વરૂપ વર્ણન કરવામાં આવશે, કારણ કે બ્રહ્મવિદ્યા અત્યંત દુર્લભ છે તેથી યથાવત્ આ અધ્યાયમાં કહેવાશે."

॥ श्रीदेव्युवाच ॥

**इत्यादियोगयुक्तात्मा ध्यायेन्मां ब्रह्मरूपिणीम् ॥**
**भक्त्या निर्व्याजया राजन्नासने समुपस्थितः ॥ १ ॥**

"પાંચમા અધ્યાયમાં કથન કરેલા યોગની સિદ્ધિ થયા બાદ જે વસ્તુનું ધ્યાન કરવાનું છે તે વસ્તુ હવે પ્રતિપાદન કરે છે." શ્રીદેવી હિમાલયને કહે છે કે નિષ્કામ ભક્તિવડે શોભતો અને આસન ઉપર બેઠેલો, પાંચમા અધ્યાયમાં કહેલા યોગ માર્ગમાં પ્રવૃત્ત યોગી, બ્રહ્મસ્વરૂપિણી એવી જે હું તે મ્હારું ધ્યાન કરે. ૧

**आविःसन्निहितं गुहाचरं नाम महत्पदम् ॥**
**अत्रैतत्सर्वमर्पितमेजत्प्राणन्निमिषच्च यत् ॥ २ ॥**

"જેવા સ્વરૂપનું ધ્યાન કરે તે સ્વરૂપ આ શ્લોકમાં બતાવે છે." સર્વત્ર પ્રકાશમાન પોતાની પાસે જ સ્થિત બુદ્ધિરૂપી ગુહામાં

વિચરતિ એટલે પ્રાપ્ત થાય છે અર્થાત્ બુદ્ધિરૂપી ગુહામાં જેનું યથાર્થ પ્રતિબિંબ પડવાથી તેમાં જ જેની ઉપલબ્ધિ છે. મુનિઓએ યોગાદિ સાધનો વડે પ્રાપ્ત તેથી મહત્પદ, આ બ્રહ્મસ્વરૂપમાં આકાશાદિ પંચભૂતો કલ્પિત છે વળી બીજી કઈ કઈ વસ્તુઓ કલ્પિત છે, તે કથન કરે છે, એજત્ એટલે ચલાયમાન પક્ષિ આદિ, પ્રાણત્ એટલે મનુષ્યાદિ, નિમિષત્ નિમિષાદિ ક્રિયાવત્, વગેરે સર્વ વસ્તુઓ બ્રહ્મને વિષે જ કલ્પિત છે. ૨

**एतज्जानथ सदसद्वरेण्यं परं विज्ञानाद्यद्वरिष्ठं प्रजानाम्॥**
**यदर्चिमद्यदणुभ्योऽणु च यस्मिँल्लोका निहिता लोकिनश्च ॥३॥**

હિમાલયના સમક્ષ દેવતાઓને ભગવતી કહે છે કે હે દેવો તે મ્હારું સ્વરૂપ જાણો કે જે સત્ એટલે કારણરૂપે માયા અને અસત્ એટલે કાર્યરૂપ જગત્ છે તે સત્ અને અસત્ એ બેથી પણ શ્રેષ્ઠ છે, લોકોના વિશેષ જ્ઞાનથી પણ પર છે, અર્થાત્ તેમના જ્ઞાનનો અવિષય છે, જે સ્વરૂપ સૂર્યાદિ પ્રકાશક પદાર્થોને પણ પ્રકાશ કરનારું છે, અણુથી પણ અણુ સ્વરૂપ છે, જે સ્વરૂપમાં ભૂરાદિ લોકો તથા તેમાં રહેવાવાળા જનો સર્વ કલ્પિત છે. ૩

**तदेतदक्षरं ब्रह्म सप्राणस्तदुवाङ्मनः ॥**
**तदेतत्सत्यममृतं तद्वेद्धव्यं सौम्य विद्धि ॥ ४ ॥**

ઉપરના શ્લોકમાં વર્ણન કરેલું બ્રહ્મસ્વરૂપ ચેતનશક્તિવાળું અને અક્ષર એટલે જેનો કોઈ પણ દિવસ નાશ ન થાય તેવું છે, તેજ સત્ય એટલે ત્રણ કાલવડે જેનો બાધ ન થાય તેવું અમૃત સ્વરૂપ છે. હે સૌમ્ય! તે જ વેધ કરવાને યોગ્ય છે એમ જાણ્ય, અર્થાત્ તે જ બ્રહ્મસ્વરૂપ મનરૂપી બાણવડે તાડન કરવા યોગ્ય છે મનનું તે સ્વરૂપમાંજ સમાધાન કરવું. ૪

**धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं शरं ह्युपासानिशितं संधयीत ॥**
**आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सौम्य विद्धि ५**

"તે બ્રહ્મ સ્વરૂપ મનવડે કેવી રીતે વીંધવું તે આ શ્લોકમાં પ્રતિપાદન કરે છે." ઉપનિષદોની અંદર પ્રતિપાદન કરેલું મહાસ્ત્રરૂપ

ધનુષ્‌ને ગ્રહણ કરી, તેમજ ઉપાસનાવડે તીક્ષ્ણ કરેલું અર્થાત્ નિરંતર ધ્યાનવડે તીક્ષ્ણ કરેલું બાણ તે ધનુષ્‌માં સંધાન કરવું. હે સૌમ્ય! હિમાલય! ધનુષ્‌માં બાણને સ્થાપન કર્યા પછી ખીંચીને અર્થાત્ ઇંદ્રિયોએ સહિત અંતઃકરણને પોતપોતાના વિષયોથી નિવૃત્તિ પામાડી લક્ષ્ય જે બ્રહ્મ તેમાં સ્થાપન કરીને તે અક્ષર સ્વરૂપમાં તદ્રૂપે સ્થિત ચિત્તવડે તે અક્ષર સ્વરૂપનો વેધ કરવો. ૫

**प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ॥**
**अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥ ६ ॥**

હવે ધનુષ્‌બાણ વગેરે કીયાં સમજવાં તે પ્રતિપાદન કરે છે, પ્રણવ એટલે ૐકાર અથવા દેવીનો પ્રણવ આ ઠેકાણે ધનુષ્ જાણવું, અર્થાત્ જેમ ધનુષ્ લક્ષ્યમાં બાણના પ્રવેશનું કારણ છે તેમ જ ચિત્તરૂપી બાણનું અક્ષરરૂપ લક્ષ્યમાં પ્રવેશ કારણ પ્રણવ એટલે ૐકાર છે, પ્રણવના જપનો અભ્યાસ કરનાર પુરુષ સંસ્કાર પામી તેનું આલંબન કરી પ્રતિબંધરહિત અક્ષર સ્વરૂપમાં રહે છે, બાણને ઠેકાણે અંતઃકરણ લેવું અને લક્ષ્ય બ્રહ્મ સમજવું, એકાગ્ર ચિત્તવડે લક્ષ્ય બ્રહ્મનો વેધ કરવો, વેધ કરતી વખતે બાણની માફક તન્મય થઈ જવું, અર્થાત્ જેમ બાણ લક્ષ્યની સાથે એકભાવ પામે છે તેમજ દેહાદિમાં આત્મભાવનો તિરસ્કાર કરી અક્ષર બ્રહ્મની સાથે એકભાવના કરવી. ૬

**यस्मिन्द्यौश्च पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः ॥**
**तमेवैकं जानथात्मानमन्या वाचो विमुञ्चथा अमृतस्यैष सेतुः७**

લક્ષ્ય અક્ષરસ્વરૂપ એક વખત ધ્યાનમાં આવે તેવું નથી તેથી પુનઃ તેનું સ્પષ્ટીકરણ કરે છે, જે અક્ષર સ્વરૂપમાં દ્યૌ (આકાશ) પૃથિવી અંતરિક્ષ સર્વ પ્રાણિઓએ સહિત મન રહેલું છે તે એક અદ્વિતીય આત્માને જાણો, દેવતાઓના સમક્ષ હિમાલયને કહે છે કે હે દેવો! જે આત્મસ્વરૂપને જાણી બીજી વાણીને અર્થાત્ પર-વિદ્યારૂપ વાણીને છોડી દો, કારણ કે મોક્ષની પ્રાપ્તિમાં એ સેતુ છે, અર્થાત્ સંસારરૂપી સમુદ્રમાંથી તરવાનું એ જ કારણ છે અન્ય કારણ નથી. ૭

**अरा इव रथनाभौ संहता यत्र नाड्यः ॥**
**स एषोन्तश्चरते बहुधा जायमानः ॥ ८ ॥**

જેમ રથની નાભિમાં સમર્પિત આરાઓ પ્રવિષ્ટ છે તેમ જ જે હૃદયને વિષે બધી નાડીઓ પ્રવિષ્ટ છે, તે હૃદયને વિષે બુદ્ધિ પ્રત્યયનો સાક્ષી તે જ આત્મા મધ્યમાં રહેલો છે, અને બુદ્ધિ આદિના પ્રત્યયથી ઉત્પન્ન હોય ને શું એમ અંતઃકરણની ઉપાધિથી જુદા જુદા રૂપે પ્રતીયમાન છે. ૮

**ओमित्येवं ध्यायथात्मानं स्वस्ति वः पाराय तमसः परस्तात् ॥**
**दिव्ये ब्रह्मपुरे व्योम्नि आत्मा संप्रतिष्ठितः ॥ ९ ॥**

હિમાલય પ્રભૃતિ દેવતાઓને ભગવતી કહે છે કે હે દેવો! ઓંકારનું આલંબન (ગ્રહણ) કરી તે આત્મસ્વરૂપનું તમે ધ્યાન કરો. ભગવતીએ આશીર્વચન આપ્યું કે પાર ઉતરવાને અને અવિદ્યારહિત બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે તમારું કલ્યાણ થાવ, તે આત્મા ક્યાં છે? જે સર્વજ્ઞ જેનો આટલો બધો મહિમા છે તે આત્મા, દિવ્ય એટલે પ્રકાશવાળું બ્રહ્મપુર એટલે હૃદયકમલ તેનો જે આકાશ ભાગ છે ત્યાં સ્થિત છે, અર્થાત્ આત્માનો બરોબર પ્રકાશ હૃદય કમલમાં થાય છે તેથી ત્યાં તેની સ્થિતિ બતાવી. ૯

**मनोमयः प्राणशरीरनेता प्रतिष्ठितोऽन्ने हृदयं सन्निधाय ॥**
**तद्विज्ञानेन परिपश्यन्ति धीरा आनन्दरूपममृतं यद्विभाति १०**

તે આત્મા મનની વૃત્તિઓ વડે જ નિશ્ચય કરાય છે તેથી મનોમય છે, અને તે મનોમય પ્રાણ અને શરીરનો નેતા છે, એક શરીરથી બીજા શરીર પ્રતિ અવસ્થિત છે. કેવી રીતે અવસ્થિત છે કે અન્નનું જેમ પરિણામ છે એવા હૃદયકમલમાં બુદ્ધિનું સંનિધાન કરી તે આત્મા અવસ્થિત છે, તે આત્માનો સાક્ષાત્કાર કરી વિવેકી પુરુષો સર્વત્ર પરિપૂર્ણ આત્માને જુવે છે, તે આત્માનું સ્વરૂપ આનંદરૂપ એટલે દુઃખથી અસંસ્પૃષ્ટ હોવાથી સર્વદા અમૃતરૂપ ભાસે છે. ૧૦

**भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ॥**
**क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥ ११ ॥**

"આત્મજ્ઞાનનું શું ફલ છે તે આ શ્લોકમાં પ્રતિપાદન કરે છે." હૃદયમાં રહેલી ગ્રંથિઓ ભેદાઈ જાય છે, અર્થાત્ ચિદહંકાર તાદાત્મ્યરૂપ નાશ પામે છે, સર્વ જાણવાને યોગ્ય વસ્તુમાં ઉત્પન્ન થતા સંશયો છેદાઈ જાય છે, તે પરમાત્માને સાક્ષાતકાર કરે સતે પ્રારબ્ધશિવાય સંચિત અને ક્રિયમાણ કર્મો ક્ષય પામે છે. ૧૧

**हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलम् ॥**
**तच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद्यदात्मविदो विदुः ॥ १२ ॥**

ઉપર કથન કરેલા અર્થને ટેકો આપનારા વેદના ત્રણ મંત્રોનો અનુવાદ કરે છે. હિરણ્મય એટલે જ્યોતિર્મય પર કોશમાં એટલે આનંદમય કોશમાં વિરજ એટલે ગુણત્રયરહિત અને નિષ્કલ એટલે માયારહિત બ્રહ્મ છે. ઉક્ત વિશેષણવાળું છે એથી જ અત્યંત શુભ્ર (સ્વચ્છ) છે, પ્રકાશ કરનારા સૂર્યાદિકને પણ પ્રકાશ કરનારું છે, જે બ્રહ્મસ્વરૂપ આત્માને જાણનારા વિવેકી પુરુષો મ્હોટા પ્રયાસથી જાણે છે તે આત્મસ્વરૂપ જ્યોતિર્મય આનંદમય કોશમાં રહ્યું છે, અર્થાત્ ત્યાં તેની ઉપલબ્ધિ થાય છે. ૧૨

**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः॥**
**तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ १३ ॥**

તે આત્મસ્વરૂપ બ્રહ્મમાં સૂર્ય પ્રકાશ કરી શકતો નથી, તેમજ ચંદ્ર અને તારાઓ પણ પ્રકાશ કરી શકતા નથી, વીજળી પણ પ્રકાશ કરી શકતી નથી, અગ્નિ તો ક્યાંથી જ પ્રકાશ કરી શકે. વિશેષ શું કહેવું જે કાંઈ આ જગત્ બધું પ્રકાશિત છે તે બ્રહ્મના પ્રકાશથી જ સર્વ પ્રકાશિત છે અને તે બ્રહ્મના પ્રકાશથી જ સૂર્યાદિ વગેરે પ્રકાશિત છે. ૧૩

**ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण ॥**
**अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वं वरिष्ठम् ॥ १४ ॥**

ભગવતી દેવતાઓના પ્રતિ કહે છે કે મે જે બ્રહ્મનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું તેજ સત્ય છે અને તે શિવાય અન્ય સર્વ રજ્જુમાં સર્પની માફક કલ્પિત છે તેથી તે બ્રહ્મસ્વરૂપનો જ આશ્રય કરવો

જોઈએ એ ઉપસંહારમાં બતાવે છે. આ અમૃતસ્વરૂપ બ્રહ્મ જ આગળ પાછળ દક્ષિણ ઉત્તર નીચે ઉંચે ચોતરફ ફેલાએલું આ વરિષ્ઠ વિશ્વ બ્રહ્મરૂપ જ છે, અર્થાત્ સર્વનું અધિષ્ઠાન બ્રહ્મ છે અને કલ્પિત વિશ્વની અધિષ્ઠાનને છોડી અન્યત્ર સત્તા નથી. ૧૪

**एतादृगनुभवो यस्य स कृतार्थो नरोत्तमः ॥**
**ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ॥ १५ ॥**

જેનો સર્વત્ર બ્રહ્મભાવનો અનુભવ છે તે જ કૃતાર્થ અને નરોમાં ઉત્તમ નર જાણવો. પ્રસન્ન જેનું મન છે એવો તે બ્રહ્મભૂત વિવેકી શોક કરતો નથી તેમ કોઈ પણ પદાર્થની અપેક્ષા કરતો નથી, અર્થાત બ્રહ્મ વ્યતિરિક્ત મિથ્યા હોવાથી તેનો શોક અથવા અપેક્ષા જ્ઞાનીને સંભવ જ નહિ. ૧૫

**द्वितीयाद्वै भयं राजंस्तदभावाद्बिभेति न ॥**
**न तद्वियोगो मेप्यस्ति मद्वियोगोऽपि तस्य न ॥ १६ ॥**

ભયમાં કારણ બીજી વસ્તુ છે પરંતુ જ્ઞાનીએ બ્રહ્મ શિવાય અન્ય વસ્તુ કલ્પિત માની છે તેથી હે હિમાલય! અન્યનો અભાવ હોવાથી તે જ્ઞાની ભય પામતો નથી, તેમ જ પોતાના મનમાં એમ માને છે કે તે વસ્તુનો મારી સાથે વિયોગ નથી તેમ મારો તેની સાથે વિયોગ નથી કારણ કે મિથ્યા વસ્તુનો સંયોગ વિયોગ બની શકે જ નહિ. ૧૬

**अहमेव स सोऽहं वै निश्चितं विद्धि पर्वत ॥**
**मद्दर्शनं तु तत्र स्याद्यत्र ज्ञानी स्थितो मम ॥ १७ ॥**

હે પર્વત! (હિમાલય!) ઉપરના શ્લોકોમાં પ્રતિપાદન કરેલા બ્રહ્મના સ્વરૂપને જાણનાર જ્ઞાની તે હું જ છું, અર્થાત્ હું તે જ છું અને તે જ્ઞાની હું જ છું, અને મ્હારા સચ્ચિદાનંદ સ્વરૂપને જાણનાર જ્ઞાની જે ઠેકાણે સ્થિત છે તે જ ઠેકાણે મ્હારું દર્શન થાય છે, અર્થાત્ તેવા જ્ઞાનીના હૃદયકમલમાં હમેશાં હું વાસ કરીને રહું છું. ૧૭

**नाहं तीर्थे न कैलासे वैकुण्ठे वा न कर्हिचित ॥**
**वसामि किंतु मज्ज्ञानिहृदयाम्भोजमध्यमे ॥ १८ ॥**

હે હિમાલય! હું તીર્થમાં કૈલાસમાં તેમ જ વૈકુંઠમાં કોઈ પણ જગામાં વસતી નથી, કિંતુ મ્હારા યથાર્થ સ્વરૂપને જાણનારા જ્ઞાની પુરુષોના હૃદયકમળમાં વસું છું. ૧૮

मत्पूजाकोटिफलदं सकृन्मज्ज्ञानिनोऽर्चनम् ॥
कुलं पवित्रं तस्यास्ति जननी कृतकृत्यका ॥ १९ ॥

મ્હારા યથાર્થ સ્વરૂપ જાણનાર જ્ઞાનીનું પૂજન જો એક વખત કર્યું હોય તો તે મ્હારી કોટિપૂજાનું જે ફલ તેને આપનારું છે, તેનું આખું કુલ પવિત્ર થાય છે, અને તેની જનની કૃતકૃત્ય થાય છે. ૧૯

विश्वंभरा पुण्यवती चिल्लयो यस्य चेतसः ॥
ब्रह्मज्ञानं तु यत्पृष्टं त्वया पर्वतसत्तम ॥ २० ॥

જે પુરુષનું ચિત્ત પરમાત્માના સ્વરૂપમાં લય પામ્યું છે તે પુરુષવડે પૃથ્વી પુણ્યવાળી ગણાય છે, અર્થાત્ જ્ઞાની પુરુષો જે પૃથ્વી ઉપર વિચરે છે તે પૃથ્વી પણ ધન્ય છે, હે પર્વતમાં શ્રેષ્ઠ હિમાલય! તેં જે બ્રહ્મજ્ઞાનનું સ્વરૂપ પૂછ્યું હતું તે કહ્યું. ૨૦

कथितं तन्मया सर्वं नाऽतो वक्तव्यमस्ति हि ॥
इदं ज्येष्ठाय पुत्राय भक्तियुक्ताय शीलिने ॥ २१ ॥
शिष्याय च यथोक्ताय वक्तव्यं नान्यथा क्वचित् ॥
यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ॥ २२ ॥
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥
येनोपदिष्टा विद्येयं स एव परमेश्वरः ॥ २३ ॥

મેં તને જે બ્રહ્મજ્ઞાનનું સ્વરૂપ સંપૂર્ણ કહ્યું એથી અન્ય બીજું કાંઈ પણ કહેવાનું નથી, આ બ્રહ્મજ્ઞાન ભક્તિયુક્ત પોતાના જ્યેષ્ઠ પુત્રને અને શાસ્ત્રમાં જે શિષ્યનાં લક્ષણ કહ્યાં છે તે લક્ષણયુક્ત સુંદર પોતાનાં શિષ્યને કહેવું જોઈએ, બીજાને આવા ઉત્તમ જ્ઞાનનો અધિકાર નથી. જેની દેવને વિષે પરા (શ્રેષ્ઠ) ભક્તિ છે, જેવી દેવને વિષે છે તેવી જ પોતાના ગુરુને વિષે છે તેવા અધિકારીને મહાત્મા પુરુષો જ્ઞાનનો ઉપદેશ કરે છે, અર્થાત્ અનધિકારીને ઉપદેશ કરતા

નથી, જેણે આ બ્રહ્મવિદ્યાનો અધિકારીને ઉપદેશ કર્યો તે તો સાક્ષાત્ પરમેશ્વર જેવા જ જાણવો. ૨૧–૨૩

**यस्यायं सुकृतं कर्तुमसमर्थस्ततो ऋणी ॥**
**पित्रोरप्यधिकः प्रोक्तो ब्रह्मजन्मप्रदायकः ॥ २४ ॥**

બ્રહ્મવિદ્યાનો ઉપદેશક ગુરુ, માતા પિતા કરતાં પણ અધિક છે એવું શાસ્ત્રમાં કહ્યું છે; કારણ કે માતા પિતાથી થએલો જન્મ મરણ પછી નાશ થાય છે અને ગુરુએ કરેલો બ્રહ્મવિદ્યાનો ઉપદેશ નાશ થતો નથી. જે ગુરુના કરેલા સદુપદેશનો બદલો વાળવાને શિષ્ય અસમર્થ છે, તેથી શિષ્ય ગુરુનો જન્મભર કરજદાર છે. ૨૪

**पितृजातं जन्म नष्टं नेत्थं जातं कदाचन ॥**
**तस्मै न द्रुह्येदित्यादिनिगमोप्यवदन्नग ॥ २५ ॥**

પિતાથી ઉત્પન્ન થએલું જન્મ જેવી રીતે નષ્ટ થાય છે તેવી રીતે ગુરુથી થએલો સદુપદેશ કદાપિ નષ્ટ થતો નથી, અર્થાત્ કાલાંતરમાં પણ તેનું ફલ મળ્યા વગર રહેતું નથી. હે હિમાલય! તેથી તે ઉપદેશક ગુરુનો કદાપિ દ્રોહ કરવો નહિ એવું વેદનું વચન છે. ૨૫

**तस्माच्छास्त्रस्य सिद्धान्तो ब्रह्मदाता गुरुः परः ॥**
**शिवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न शङ्करः ॥ २६ ॥**

તેથી શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે બ્રહ્મવિદ્યાનો ઉપદેશક ગુરુ શ્રેષ્ઠ છે. જ્યારે શંકર રુષ્ટ થાય છે ત્યારે ગુરુ તેનું રક્ષણ કરે છે, અને ગુરુ રુષ્ટ થયા તો પછી શંકર તેનું રક્ષણ કરી શકતા નથી, એમ જાણી શંકર કરતાં પોતાના ઉપદેશક ગુરુ ઉપર વધારે ભાવ રાખવો. ૨૬

**तस्मात्सर्वप्रयत्नेन श्रीगुरुं तोषयेन्नग ॥**
**कायेन मनसा वाचा सर्वदा तत्परो भवेत् ॥ २७ ॥**

હે હિમાલય! તેથી સર્વ પ્રયત્નવડે તે ગુરુને સંતોષવા, કાયવડે મનવડે વચનવડે જેમ બને તેમ તેમની સેવા કરવી, અર્થાત્ ઉપદેશક ગુરુનું જેવી રીતે મન સંપાદન થાય તેવી રીતે તેમનું હિત કરવું એ શિષ્યનો ધર્મ છે. ૨૭

**अन्यथा तु कृतघ्नः स्यात्कृतघ्ने नास्ति निष्कृतिः ॥**
**इन्द्रेणाथर्वणायोक्ता शिरश्छेदप्रतिज्ञया ॥ २८ ॥**

જો શિષ્ય ગુરુની મન વચન કાયવડે સેવા ન કરે તો કૃતઘ્ન કહેવાય છે અને કૃતઘ્નનો બદલો શાસ્ત્રમાં નથી. ઈંદ્રે આથર્વણ (દધ્યઙ્) નામના મુનિને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો અને એમ પણ કહ્યું કે જો તું કોઈને ઉપદેશ કરીશ તો તારું માથું કાપી નાખીશ. આ ઠેકાણે એવો ઇતિહાસ છે કે દધ્યઙ્ નામના અથર્વણ મુનિએ ઇંદ્રની પ્રાર્થના કરી કે મહારાજ! તમે મને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો. પછી ઈંદ્રે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરી કહ્યું કે જો આ બ્રહ્મવિદ્યાનો તું કોઈને ઉપદેશ કરીશ તો તારો શિરશ્છેદ કરવામાં આવશે. પછી કેટલોક સમય વ્યતીત થયા બાદ દેવતાઓના વૈદ્ય અશ્વિનીકુમારોએ તે દધ્યઙ્ નામના મુનિની પાસે આવી બ્રહ્મ-વિદ્યાની પ્રાર્થના કરી. પછી મુનિએ કહ્યું કે જો હું તમને બ્રહ્મ-વિદ્યાનો ઉપદેશ કરું તો ઇંદ્ર આવીને મારો શિરશ્છેદ કરે તેથી હું તમને ઉપદેશ નહિ કરું. મુનિનું વચન સાંભળી અશ્વિનીકુમા-રોએ ઉત્તર આપ્યું કે હે મુનિરાજ! આ તમારું માથું કાપી અમે બીજા સ્થાનમાં રાખીશું અને તેને ઠેકાણે અમે ઘોડાનું માથું બેસા-રીશું તે મુખથી તમે અમને ઉપદેશ કરો, જ્યારે ઇંદ્ર આવીને તમારા શિરનો છેદ કરશે ત્યારે અમે તમારું પૂર્વનું જે મસ્તક છે તે પાછું સ્થાપન કરીશું, પછી તમારા મુખ્ય મસ્તકથી પુનઃ અમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો, ત્યાર બાદ તેજ પ્રમાણે બધું વૃત્તાંત થયું અને મુનિએ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો, અર્થાત્ બ્રહ્મવિદ્યા અધિકારી શિવાયને આપવી નહિ. ૨૮

**अश्विभ्यां कथने तस्य शिरश्छिन्नं च वज्रिणा ॥**
**अश्वीयं तच्छिरो नष्टं दृष्ट्वा वैद्यौ सुरोत्तमौ ॥ २९ ॥**
**पुनः संयोजितं स्वीयं ताभ्यां मुनिशिरस्तदा ॥**
**इतिसंकटसंपाद्या ब्रह्मविद्या नगाधिप ॥ ३० ॥**
**लब्धा येन स धन्यः स्यात्कृतकृत्यश्च भूधर ॥**

**इतिश्रीदे० महापुराणे सप्तमस्कन्धे देवीगीतायां षष्ठोऽध्यायः ॥ ६ ॥**

અશ્વિનીકુમારોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવાથી ઇંદ્રે આવીને દધ્યઙ્નામના મુનિનું શિર છેદી નાખ્યું, પછી દેવતાઓના વૈદ્ય અશ્વિનીકુમારોએ તે લગાડેલું ઘોડાનું શિર નષ્ટ થએલું જોઈ પુનઃ ઋષીનું પોતાનું જે શિર હતું તે જોડી દીધું. હે હિમાલય! એ પ્રકારે અતિસંકટથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે સહેલાઈથી મળે તેમ નથી. હે ભૂધર! જેણે બ્રહ્મવિદ્યા મેળવી છે તે આ જગત્માં ધન્ય અને કૃતકૃત્ય છે. ૨૯–૩૦

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां

छठ्ठो अध्याय समाप्त ॥ ६ ॥

## अध्याय ७ मो.

"આ સાતમા અધ્યાયના પીસ્તાલીશ શ્લોકોવડે ભક્તિસ્વરૂપનો મહિમા વર્ણન કરવામાં આવશે."

॥ हिमालय उवाच ॥

**स्वीयां भक्तिं वद स्वाम्ब येन ज्ञानं सुखेन हि ॥**
**जायेत मनुजस्यास्य मध्यमस्याविरागिणः ॥ १ ॥**

હિમાલય ભક્તિનું સ્વરૂપ પુછે છે કે હે અંબ! તમારી ભક્તિનું સ્વરૂપ અમને કહો, જે ભક્તિ વિના જ્ઞાનમાં સુખ નથી, જેનામાં વૈરાગ્ય નથી એવા મધ્યમ અધિકારી મનુષ્યને જ્ઞાનમાં સુખ ઉત્પન્ન થાય એવું ભક્તિનું સ્વરૂપ વર્ણન કરીને કહો. ૧

॥ देव्युवाच ॥

**मार्गास्त्रयो मे विख्याता मोक्षप्राप्तौ नगाधिप ॥**
**कर्मयोगो ज्ञानयोगो भक्तियोगश्च सत्तम ॥ २ ॥**

આ પ્રકારે હિમાલયનો પ્રશ્ન સાંભળી ભગવતી બોલ્યાં કે હે પર્વતરાજ! મોક્ષની પ્રાપ્તિમાં ત્રણ માર્ગ પ્રસિદ્ધ છે. કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ. તેમાં જ્ઞાનયોગ સાક્ષાત્ મોક્ષમાં કારણ

છે, અને કર્મયોગ તથા ભક્તિયોગ ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષમાં કારણ છે. ભક્તિયોગશબ્દથી આ ઠેકાણે ઉપાસનામાર્ગ લેવો. ૨

त्रयाणामप्ययं योग्यः कर्तुं शक्योऽस्ति सर्वथा ॥
सुलभत्वान्मानसत्वात्कायाचित्ताद्यपीडनात् ॥ ३ ॥

ઉપરના શ્લોકમાં કથન કરેલા ત્રણે માર્ગમાં વર્તતા અધિકારીઓને આ ભક્તિયોગ સર્વથા કરવાને શક્ય છે, કારણ કે બીજા બે યોગ કરતાં આ ભક્તિયોગ સુલભ છે, અને શરીરને આયાસ નહિ આપતાં કેવલ મનની વૃત્તિથી સંપાદ્ય છે, જે ભક્તિયોગમાં શરીર ચિત્ત દ્રવ્ય વગેરેને કલેશ આપવાની પણ જરૂર નથી. ૩

गुणभेदान्मनुष्याणां सा भक्तिस्त्रिविधा मता ॥
परपीडां समुद्दिश्य दम्भं कृत्वा पुरःसरम् ॥ ४ ॥

મનુષ્યોના ત્રણ પ્રકારના ગુણભેદથી ભક્તિના પણ ત્રણ પ્રકારના ભેદ માનેલા છે, અર્થાત્ સત્ત્વગુણ રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણો મનુષ્યોમાં હોય છે તેથી સાત્વિકી ભક્તિ, રાજસી ભક્તિ અને તામસી ભક્તિ એ ત્રણ ભેદો ભક્તિના કહ્યા છે. પોતાના મનમાં દંભ રાખી તેમ જ બીજાઓને પીડાના ઉદ્દેશથી ભકિત કરનારો, આ શ્લોકનો આગળના શ્લોક સાથે સંબંધ છે. ૪

मात्सर्यक्रोधयुक्तो यस्तस्य भक्तिस्तु तामसी ॥
परपीडादिरहितः स्वकल्याणार्थमेव च ॥ ५ ॥

અને માત્સર્ય તથા ક્રોધવડે યુક્ત જે પુરુષ છે તેની ભક્તિ તામસી જાણવી. બીજાઓને પીડા નહિ કરી અને પોતાના કલ્યાણાર્થ જ ભકિત કરનારો આ શ્લોકનો આગળના શ્લોક સાથે સંબંધ છે. ૫

नित्यं सकामो हृदये यशोर्थी भोगलोलुपः ॥
तत्तत्फलसमावाप्त्यै मामुपास्तेऽतिभक्तितः ॥ ६ ॥

અને નિત્ય પોતાના હૃદયમાં કામનાવાળો, યશની ઇચ્છાવાળો, નાના પ્રકારના ભોગ ભોગવવામાં લોલુપ અને તે તે ફલની પ્રાપ્તિ માટે અત્યંત ભક્તિથી મારી ઉપાસના કરે છે. ૬

भेदबुद्ध्या तु मां स्वस्मादन्यां जानाति पामरः ॥
तस्य भक्तिः समाख्याता नगाधिप तु राजसी ॥ ७ ॥

તે પામર ભેદબુદ્ધિથી મને પોતાથી જુદી જાણે છે, અર્થાત્ ભેદભાવથી મારું યજન કરે છે. હે પર્વતરાજ! તે પુરુષની ભક્તિ રાજસી એ પ્રકારે વિદ્વાનોએ કહી છે. ૭

परमेशार्पणं कर्म पापसंक्षालनाय च ॥
वेदोक्तत्वादवश्यं तत्कर्तव्यं तु मयाऽनिशम् ॥ ८ ॥
इति निश्चितबुद्धिस्तु भेदबुद्धिमुपाश्रितः ॥
करोति प्रीतये कर्म भक्तिः सा नग सात्त्विकी ॥ ९ ॥

"હવે બે શ્લોકોવડે સાત્વિકી ભક્તિનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે." જે કાંઈ કર્મ કરવું તે પરમેશ્વરને અર્પણ કરવું અથવા તો પાપના નાશસારુ જે કર્મ કરવામાં આવે છે, અને વેદમાં કહ્યું છે માટે અવશ્ય મ્હારે રોજ કર્મ કરવું એ પ્રકારે જેની બુદ્ધિ નિશ્ચિત છે, જીવાત્મા અને ઈશ્વરનો પરસ્પર ભેદ છે એવી ભેદબુદ્ધિનો આશ્રય કરનાર પુરુષ મ્હારી પ્રીતિને માટે જે ભક્તિ કરે છે હે હિમાલય! તે સાત્વિકી ભક્તિ જાણવી. ૮-૯

परभक्तेः प्रापिकेयं भेदबुद्ध्यवलम्बनात् ॥
पूर्वप्रोक्ते ह्युभे भक्ती न परप्रापिके मते ॥ १० ॥

"ત્રણ પ્રકારનું ભક્તિનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું તેમાં તામસી ભક્તિ અને રાજસી ભક્તિ મુમુક્ષુએ ગ્રહણ કરવા લાયક નથી, અને સાત્વિકી ભક્તિ ગ્રહણ કરવા યોગ્ય છે એ આ શ્લોકમાં પ્રતિપાદન કરે છે." તે સાત્વિકી ભક્તિ, પરપ્રેમરૂપા પરભક્તિની પ્રાપ્તિ કરાવવાવાળી છે, તેથી સાત્વિકી ભક્તિ આશ્રય કરવા લાયક છે. સાત્વિકી ભક્તિ પરભક્તિ કહેવાતી નથી, કારણ કે તેમાં ભેદબુદ્ધિનો આશ્રય છે અને પરભક્તિમાં સર્વથા અભેદબુદ્ધિ જ થઇ જાય છે તેથી સાત્વિકી ભક્તિ પરભક્તિની પ્રાપિકા છે, અને તામસી ભક્તિ તથા રાજસી ભક્તિ પરભક્તિની પ્રાપિકા નથી એવું મારું માનવું છે. ૧૦

अधुना परभक्तिं तु प्रोच्यमानां निबोध मे ॥
मद्गुणश्रवणं नित्यं मम नामानुकीर्तनम् ॥ ११ ॥

હે હિમાલય! હવે હું તને પરાભક્તિનું સ્વરૂપ કહું તેને સાંભળ પુરાણોની અંદર કથન કરેલા મ્હારા ગુણોનું શ્રવણ કરવું અને નિરંતર મ્હારા નામોનું કીર્તન કરવું, અર્થાત્ એક ક્ષણ પણ ભગવતીના નામોચ્ચારણ વિના ગમાવવો નહિ. ૧૧

कल्याणगुणरत्नानामाकरायां मयि स्थिरम् ॥
चेतसो वर्तनं चैव तैलधारासमं सदा ॥ १२ ॥

શુભ ગુણરૂપી રત્નોની ખાણરૂપ જે હું તે મ્હારે વિષે નિરંતર તૈલની ધારામાફક વિચ્છેદરહિત પોતાના ચિત્તને સ્થિર કરવું, અર્થાત્ સંસારના નાશવાન્ પદાર્થોમાંથી પોતાના ચિત્તને હઠાવી મ્હારે વિષેજ નિરંતર સ્થાપન કરવું. ૧૨

हेतुस्तु तत्र को वापि न कदाचिद्भवेदपि ॥
सामीप्यसार्ष्टिसायुज्यसालोक्यानां न चेषणा ॥ १३ ॥

એ પ્રકારના ધ્યાનનું ફલ હોય અથવા ન હોય તો પણ કેવલ મારી પ્રીતિ સંપાદન કરવા અવશ્ય ધ્યાન કરવું જોઈએ, મારી પરાભક્તિનું સેવન કરનારને સામીપ્ય, સાર્ષ્ટિ, સાયુજ્ય અને સાલોક્ય એ ચાર પ્રકારની મુક્તિમાંથી કોઈની પણ ઇચ્છા રહેતી નથી. ૧૩

मत्सेवातोऽधिकं किंचिन्नैव जानाति कर्हिचित् ॥
सेव्यसेवकताभावात्तत्र मोक्षं न वाञ्छति ॥ १४ ॥

અને તે મારો પરમભક્ત મ્હારી સેવાથી કાંઈ પણ અધિક કોઈ કાલમાં જાણતો નથી, અર્થાત્ મારી સેવા જ પરમ પુરુષાર્થરૂપ માને છે, તેમાં સેવ્યસેવકભાવ હોવાથી મોક્ષની પણ ઇચ્છા કરતો નથી. ૧૪

परानुरक्त्या मामेव चिन्तयेद्यो ह्यतन्द्रितः ॥
स्वाभेदेनैव मां नित्यं जानाति न विभेदतः ॥ १५ ॥

પરમ પ્રેમવડે આલસ્યરહિત થઈ જે ભક્ત મ્હારું ચિંતન કરે છે તે મ્હારો પરમ ભક્ત પોતાથી અભિન્ન જ મને નિત્ય જાણે છે

ભેદભાવથી જાણતો નથી, અર્થાત્ પોતાના મનમાં એમ માને છે કે હું જ પોતે સચ્ચિદાનંદ ભગવતીસ્વરૂપ છું. ૧૫

**मद्रूपत्वेन जीवानां चिन्तनं कुरुते तु यः ॥**
**यथा स्वस्यात्मनि प्रीतिस्तथैव च परात्मनि ॥ १६ ॥**

જે મ્હારો ભક્ત જીવોનું મ્હારા રૂપથી જ ચિંતન કરે છે, અર્થાત્ આ બધા જીવો ભગવતીરૂપ જ છે ભગવતીની સત્તાથી ભિન્ન સત્તા જીવોની નથી એ પ્રકારે માને છે, તે મ્હારો ભક્ત જેવી રીતે પોતાના આત્મામાં પ્રીતિવાળો છે તેવી જ રીતે બીજાના આત્મામાં પણ પ્રીતિવાળો હોય છે, કારણ કે તેનામાં ભેદભાવ છે જ નહિ. ૧૬

**चैतन्यस्य समानत्वान्न भेदं कुरुते तु यः ॥**
**सर्वत्र वर्तमानां मां सर्वरूपां च सर्वदा ॥ १७ ॥**

જે મ્હારો ભક્ત કોઈ પણ જગાએ ભેદને કરતો નથી, અર્થાત્ ભેદબુદ્ધિ બિલકુલ કરતો નથી, કારણ કે ચૈતન્ય બધી જગાએ સમાન છે, સર્વત્ર અને સર્વ કાલમાં વર્તમાન એવી મને સર્વરૂપ જુવે છે. ૧૭

**नमते यजते चैवाप्याचाण्डालान्तमीश्वर ॥**
**न कुत्रापि द्रोहबुद्धिं कुरुते भेदवर्जनात् ॥ १८ ॥**

બ્રહ્મદેવથી આરંભી ચાંડાલપર્યંત સર્વત્ર એકરૂપે રહેલી મને નમે છે, તેમ જ મ્હારું યજન કરે છે. હે હિમાલય! ભેદ ભાવ દૂર થવાથી કોઇના ઉપર પણ દ્રોહબુદ્ધિ કરતો નથી. ૧૮

**मत्स्थानदर्शने श्रद्धा मद्भक्तदर्शने तथा ॥**
**मच्छास्त्रश्रवणे श्रद्धा मन्त्रतन्त्रादिषु प्रभो ॥ १९ ॥**

મ્હારાં જે સ્થાનો છે તેના દર્શનમાં શ્રદ્ધા રાખવી, તેમ જ મ્હારા જે અનન્યભક્તો છે તેના દર્શનમાં પણ શ્રદ્ધા રાખવી, જેમાં મ્હારા ચરિત્રનું વર્ણન છે એવાં મ્હારા શાસ્ત્રોના શ્રવણમાં શ્રદ્ધા રાખવી, હે હિમાલય! મંત્રતંત્રાદિમાં પણ શ્રદ્ધા રાખવી. ૧૯

मयि प्रेमाकुलमती रोमाञ्चिततनुः सदा ॥
प्रेमाश्रुजलपूर्णाक्षः कण्ठगद्गदनिस्वनः ॥ २० ॥
अनन्येनैव भावेन पूजयेद्यो नगाधिप ॥
मामीश्वरीं जगद्योनिं सर्वकारणकारणम् ॥ २१ ॥

મ્હારે વિષે પ્રેમવડે જેની બુદ્ધિ વ્યાકુલ છે, શરીરનાં રૂંવાડાં જેનાં ઉભાં થઈ ગયાં છે, પ્રેમવડે અશ્રુજલથી જેનાં નેત્રો પૂર્ણ થયાં છે, ગદ્‌ગદ કંઠ થવાથી જેના સ્વરનો ભંગ થયો છે, એવો મ્હારો ભક્ત, હે હિમાલય! સર્વ કારણનું પણ કારણરૂપ જગત્‌ની યોનિ (ઉત્પત્તિસ્થાન) એવી મને ઈશ્વરીને અનન્યભાવડે પૂજે છે. २०–२१

व्रतानि मम दिव्यानि नित्यनैमित्तिकान्यपि ॥
नित्यं यः कुरुते भक्त्या वित्तशाठ्यविवर्जितः ॥ २२ ॥

હે હિમાલય! જે મ્હારો ભક્ત દ્રવ્યનો વ્યય કરવામાં શઠતા રહિત થયો સતો નિરંતર ભક્તિવડે મ્હારાં દિવ્ય એવાં વ્રતો કરે છે, તેમજ નિત્ય નૈમિત્તિક કર્મોને પણ કરે છે. २२

मदुत्सवदिदृक्षा च मदुत्सवकृतिस्तथा ॥
जायते यस्य नियतं स्वभावादेव भूधर ॥ २३ ॥

હે હિમાલય! જે પરમ ભક્તને મ્હારા ઉત્સવ જોવાની ઇચ્છા થાય છે, તેમજ નવીન નવીન નિત્ય ઉત્સવો કરવાની પણ ઇચ્છા થાય છે, કારણ કે તે ભક્તની મ્હારે વિષે અત્યંત પ્રીતિ હોવાથી આવાં ઉત્તમ કાર્યો સ્વભાવથીજ થયા કરે છે. २३

उच्चैर्गायंश्च नामानि ममैव खलु नृत्यति ॥
अहंकारादिरहितो देहतादात्म्यवर्जितः ॥ २४ ॥

તે મ્હારો ભક્ત મ્હારા નામોનું ઉચ્ચસ્વરથી ગાન કરતો સતો નૃત્ય કરે છે, દેહને વિષે તાદાત્મ્ય છોડી અને અહંકાર કામ ક્રોધાદિથી રહિત થયો સતો આનંદમાં વર્તે છે. २४

प्रारब्धेन यथा यच्च क्रियते तत्तथा भवेत् ॥
न मे चिन्तास्ति तत्रापि देहसंरक्षणादिषु ॥ २५ ॥

હે હિમાલય! મ્હારો પરમ ભક્ત પોતાના મનમાં એમ જ માને છે કે જે પ્રારબ્ધ કર્મથી સુખદુઃખ વગેરે થાય છે તે અવશ્ય થયા જ કરે છે, તેમાં દેહાદિના સંરક્ષણમાં મ્હારે શું કરવા ચિંતા કરવી જોઇએ એમ જાણી નિરંતર ભગવતીના ધ્યાનમાં જ તત્પર રહે છે. ૨૫

**इतिभक्तिस्तु या प्रोक्ता परभक्तिस्तु सा स्मृता ॥**
**यस्यां देव्यतिरिक्तं तु न किंचिदपि भाव्यते॥ २६ ॥**

હે હિમાલય! એ પ્રકારની જે ભક્તિ મે તને કહી તે પરાભક્તિ જાણવી, જે પરાભક્તિમાં દેવી શિવાય દુનિયામાં કાંઈ છે જ નહિ એવી ભાવના કરવામાં આવે છે, અર્થાત્ આ સર્વ જગત્ દેવીમય જ છે એવી ભાવના પરાભક્તિમાં થઈ જાય છે. ૨૬

**इत्थं जाता परा भक्तिर्यस्य भूधर तत्त्वतः ॥**
**तदैव तस्य चिन्मात्रे मद्रूपे विलयो भवेत् ॥ २७ ॥**

હે હિમાલય! એ પ્રકારની યથાર્થ પરાભક્તિ જેને થઇ છે તેનો તે જ સમયમાં ચિન્માત્ર જે મ્હારું રૂપ છે તેમાં વિલય થાય છે, અર્થાત્ પરાભક્તિવડે સ્વસ્વરૂપમાં ચિત્તલયની યોગ્યતા આવે છે. ૨૭

**भक्तेस्तु या परा काष्ठा सैव ज्ञानं प्रकीर्तितम् ॥**
**वैराग्यस्य च सीमा सा ज्ञाने तदुभयं यतः ॥ २८ ॥**

જે ભક્તિની પરાકાષ્ઠા છે તેનું નામ જ જ્ઞાન કહ્યું છે, અને તે જ વૈરાગ્યની સીમા છે, જેથી જ્ઞાનમાં ભકિત અને વૈરાગ્ય એ બે પ્રધાન કહ્યાં છે, અર્થાત્ જ્ઞાન થયે સતે ભકિત અને વૈરાગ્ય એ બે સંપૂર્ણ રીતે સિદ્ધ થાય છે, તેથી ભકિત અને વૈરાગ્યની જે પરા કાષ્ઠા છે તે જ જ્ઞાન સમજવું. ૨૮

**भक्तौ कृतायां यस्यापि प्रारब्धवशतो नग ॥**
**न जायते मम ज्ञानं मणिद्वीपं स गच्छति ॥ २९ ॥**

હે હિમાલય! મ્હારી ભક્તિ કરે સતે પણ જે પુરુષને પ્રારબ્ધના યોગથી મ્હારું જ્ઞાન થતું નથી તે પુરુષ મ્હારા મણિદ્વીપ નામના સ્થાનમાં જાય છે, અર્થાત્ મ્હારી ભકિતના પ્રભાવથી આ મૃત્યુલોકને છોડી મણિદ્વીપમાં જે ઠેકાણે હું પ્રત્યક્ષ બિરાજું છું ત્યાં જાય છે. ૨૯

तत्र गत्वाऽखिलान्भोगाननिच्छन्नपि चर्च्छति ॥
तदन्ते मम चिद्रूपज्ञानं सम्यग्भवेन्नग ॥ ३० ॥

તે મણિદ્વીપમાં જઈને પોતાની ઇચ્છા ન હોય તો પણ તે સ્થાનના પ્રભાવથી સંપૂર્ણ એવા ભોગને મનુષ્ય ભોગવે છે. હે હિમાલય! ત્યાર બાદ મ્હારા ચિદ્રૂપનું સમ્યક્જ્ઞાન યથાર્થ રીતે થાય છે. ૩૦

तेन मुक्तः सदैव स्याज्ज्ञानान्मुक्तिर्न चान्यथा ॥
इहैव यस्य ज्ञानं स्याद्धृद्गतप्रत्यगात्मनः ॥ ३१ ॥

તે મણિદ્વીપમાં પ્રાપ્ત થએલા જ્ઞાનવડે સદા તે મુકત જ થાય છે, કારણ કે જ્ઞાન વિના મુકિત કદાપિ થતી નથી, અને જે પુરુષને આજ લોકમાં હૃદયની અંદર રહેલા પ્રત્યગ્ આત્માનું યથાર્થ જ્ઞાન થયું છે, આગળના શ્લોક સાથે સંબંધ છે. ૩૧

मम संवित्परतनोस्तस्य प्राणा व्रजन्ति न ॥
ब्रह्मैव संस्तदाप्नोति ब्रह्मैव ब्रह्म वेद यः ॥ ३२ ॥

તથા મારા જ્ઞાનસ્વરૂપ આત્માનું જેને યથાર્થ જ્ઞાન થયું છે તે પુરુષના પ્રાણોનું ઉત્ક્રમણ થતું નથી. એટલે મૃત્યુ થતું નથી કારણ કે તે બ્રહ્મસ્વરૂપ થઈને જ બ્રહ્મને પામેલો છે, અને વેદની શ્રુતિ પણ એ પ્રકારે બોધન કરે છે કે જે બ્રહ્મના સ્વરૂપને જાણે છે તે બ્રહ્મસ્વરૂપ થાય છે. ૩૨

कण्ठचामीकरसममज्ञानात्तु तिरोहितम् ॥
ज्ञानादज्ञाननाशेन लब्धमेव हि लभ्यते ॥ ३३ ॥

જેવી રીતે પોતાના ગલામાં રહેલું સોનાનું આભૂષણ પોતાના અજ્ઞાનથી માલમ પડતું નથી અને એમ બોલવા લાગે છે કે મ્હારું આભૂષણ ખોવાઇ ગયું. બાદ કોઈ જ્ઞાનીએ તેને બતાવ્યું કે તારું આભૂષણ તારી પાસે જ છે. ખોવાયું નથી, તેવી જ રીતે આત્મસ્વરૂપ પોતાની પાસે જ છે, પરંતુ અજ્ઞાનવડે તિરોભૂત છે તેથી માલમ પડતું નથી, પછી અજ્ઞાનનો નાશ થયે સતે તેજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે અન્યની થતી નથી. ૩૩

विदिताविदितादन्यन्नगोत्तम वपुर्मम ॥
यथादर्शे तथाऽऽत्मनि यथा जले तथा पितृलोके ॥ ३४ ॥

હે પર્વતોમાં શ્રેષ્ઠ હિમાલય! તે મ્હારું આત્મસ્વરૂપ, વિદિત એટલે કાર્ય જે ઘટાદિ તેથી અન્ય છે અને અવિદિત એટલે કારણ માયારૂપ તેથી પણ અન્ય છે. જેમ આરસામાં પ્રતિબિંબ પડે છે તેમ જ આત્મવિષયક આ દેહમાં અનુભવ થાય છે, જેવી રીતે જલમાં પડેલું પ્રતિબિંબ પૂર્વની અપેક્ષાથી ભિન્ન સ્પષ્ટ રીતે માલમ પડે છે તેવી જ રીતે પિતૃલોકમાં અનુભવ થાય છે. ૩૪

**छायातपौ यथास्वच्छौ विविक्तौ तद्वदेव हि ॥**
**मम लोके भवेज्ज्ञानं द्वैतभानविवर्जितम् ॥ ३५ ॥**

જેવી રીતે લોકમાં છાયા અને તાપ એ બંને પદાર્થો સ્વચ્છ અને સ્પષ્ટ રીતે માલમ પડે છે તેવી જ રીતે મ્હારા લોકમાં જેમાંથી દ્વૈતભાન દૂર થયું છે એવું અદ્વિતીયજ્ઞાન યથાર્થ રીતે થાય છે. ૩૫

**यस्तु वैराग्यवानेव ज्ञानहीनो म्रियेत चेत् ॥**
**ब्रह्मलोके वसेन्नित्यं यावत्कल्पं ततः परम् ॥ ३६ ॥**
**शुचीनां श्रीमतां गेहे भवेत्तस्य जनिः पुनः ॥**
**करोति साधनं पश्चात्ततो ज्ञानं हि जायते ॥ ३७ ॥**

જે પુરુષ સંપૂર્ણ વૈરાગ્યવાન્ તો છે અને સદ્ગુરુના અભાવને લીધે જ્ઞાન પ્રાપ્ત થયું નથી તે પુરુષ કદાચિત્ મરણ પામ્યો તો આ મૃત્યુલોકને છોડી બ્રહ્મલોકમાં જઈ વસે છે, ત્યાંઆગળ કલ્પની સમાપ્તિપર્યંત તેને રહેવું પડે છે, બાદ પવિત્ર શ્રીમાનના ઘરમાં પુનઃ તેનો જન્મ થાય છે, અને ત્યાં જન્મ થયા પછી જ્ઞાનનાં સાધનો પ્રથમ સંપાદન કરે છે, પછી તેને જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, કેટલાક ગ્રંથકારોનો એવો આશય છે કે બ્રહ્મલોકમાં ગએલા પુરુષનું પુનરાગમન થતું નથી, અને બ્રહ્માના ઉપદેશથી તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે પછી તે બ્રહ્મસ્વરૂપ જ થાય છે. ૩૬–૩૭

**अनेकजन्मभी राजञ्ज्ञानं स्यान्नैकजन्मना ॥**
**ततः सर्वप्रयत्नेन ज्ञानार्थं यत्नमाश्रयेत् ॥ ३८ ॥**

હે હિમાલય! મનુષ્યોને અનેક જન્મમાં જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એક જન્મમાં જ્ઞાન થતું નથી, તેથી જેમ બને તેમ સર્વ પ્રયત્નથી જ્ઞાનમાટે વિવેકીઓએ યત્ન કરવો જોઈએ. ૩૮

नोचेन्महाविनाशः स्याज्जन्मैतल्लर्दुभं पुनः ॥
तत्रापि प्रथमे वर्णे वेदे प्राप्तिश्च दुर्लभा ॥ ३९ ॥

આ ઉત્તમ મનુષ્યદેહ દુર્લભ છે અને તે મનુષ્યદેહને પામી જો જ્ઞાનને માટે મનુષ્ય પ્રયાસ ન કરે તો ખરેખર તેણે પોતાનો મ્હોટો નાશ કર્યો એમ સમજવું. મનુષ્યદેહમાં પણ બ્રાહ્મણના કુળમાં જન્મ થવો એ અત્યંત દુર્લભ છે, અને બ્રાહ્મણના કુળમાં જન્મ ધારણ કરીને પણ વેદની પ્રાપ્તિ થવી એ અત્યંત દુર્લભ છે. ૩૯

शमादिषट्कसंपत्तिर्योगसिद्धिस्तथैव च ॥
तथोत्तमगुरुप्राप्तिः सर्वमेवात्र दुर्लभम् ॥ ४० ॥

વેદની પ્રાપ્તિ થયા બાદ વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મોક્ષેચ્છા એ ચાર સાધનોમાં કહેલી શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ છ પ્રકારની સંપત્તિ મળવી એ દુર્લભ છે, અને સંપત્તિ મળ્યા બાદ યોગની સિદ્ધિ મળવી એ દુર્લભ છે, તેમ જ બધી વાતની અનુકૂલતા છતાં ઉત્તમ ગુરુની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે. તાત્પર્ય ઉત્તમ વસ્તુઓ સહેલાઈથી મળી શકતી નથી. ૪૦

तथेन्द्रियाणां पटुता संस्कृतत्वं तनोस्तथा ॥
अनेकजन्मपुण्यैस्तु मोक्षेच्छा जायते ततः ॥ ४१ ॥

પોતાના શરીરની સર્વ ઇંદ્રિયોમાં અપૂર્વ સામર્થ્યના બળથી તેમાં ક્રિયા કરવાની શક્તિ આવવી, તેમ જ પોતાનું શરીર પણ વેદના સંસ્કારોથી સંસ્કારવાળું થવું જોઇએ, પછી અનેક જન્મના શુભ પુણ્યથી મનુષ્યની મોક્ષમાં ઇચ્છા થાય છે. ૪૧

साधने सफलेऽप्येवं जायमानेऽपि यो नरः ॥
ज्ञानार्थं नैव यतते तस्य जन्म निरर्थकम् ॥ ४२ ॥

ઉપરના શ્લોકોમાં કથન કરેલાં સર્વે સાધનો અનુકૂળ હોવા છતાં જો પુરુષ જ્ઞાનને માટે સારી રીતે પ્રયાસ ન કરે તો પછી તેનો

જન્મ નિરર્થક સમજવો. તાત્પર્ય બધી વાતની અનુકૂલતા જ્યારે પરમાત્માએ આપી ત્યારે જ્ઞાનને માટે જ મનુષ્યે પ્રયાસ કરવો જોઇએ. ૪૨

तस्माद्राजन्यथाशक्त्या ज्ञानार्थे यत्नमाश्रयेत् ॥
पदेपदेऽश्वमेधस्य फलमाप्नोति निश्चितम् ॥ ४३ ॥

હે હિમાલય! તેથી તું પણ જ્ઞાનને માટે તારી શક્તિપ્રમાણે પ્રયાસ કર્ય, અને જ્ઞાનને માટે પ્રયાસ કરવાથી તને ક્ષણેક્ષણે અશ્વમેધ યજ્ઞ કરવા જેટલું ફલ પ્રાપ્ત થસે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી એમ તું જાણ્ય. ૪૩

घृतमिव पयसि निगूढं भूते भूते च वसति विज्ञानम् ॥
सततं मन्थयितव्यं मनसा मन्थानभूतेन ॥ ४४ ॥

"આ શ્લોકમાં ઉપદેશનો સાર બતાવે છે." જેમ દુધમાં ઘી રહ્યું છે તેમ જ સર્વભૂત પ્રાણિઓમાં વિજ્ઞાન (બ્રહ્મ) તિરોહિતરૂપે રહ્યું છે, પરંતુ જેવી રીતે દુધમાં રહેલું ઘી મંથનદંડથી જુદું પાડી શકીએ છીએ તેવી જ રીતે મનરૂપી મંથનદંડથી અર્થાત્ વિચારરૂપ મંથનદંડથી નિરંતર દેહાદિથી બ્રહ્મનું સ્વરૂપ પૃથક્ કરવું. ૪૪

ज्ञानं लब्ध्वा कृतार्थः स्यादिति वेदान्तडिण्डिमः ॥
सर्वमुक्तं समासेन किं भूयः श्रोतुमिच्छसि ॥ ४५ ॥

इतिश्रीदे० म० सप्तमस्कन्धे देवीगीतायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

જ્ઞાનને પામી મનુષ્ય કૃતાર્થ થાય છે એવું વેદાંતશાસ્ત્ર નગારું વગાડીને કહે છે. હે હિમાલય! મે તને સંક્ષેપથી જ્ઞાનનું સ્વરૂપ કહી બતાવ્યું, હવે પુનઃ શું શ્રવણ કરવાને ઇચ્છે છે. ૪૫

इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां
सातमो अध्याय समाप्त ॥ ७ ॥

# अध्याય ८ मो.

"આઠમા અધ્યાયના ઓગણપચાસ શ્લોકોવડે ભગવતીના મહોત્સવો તેમ જ વ્રતો અને તેમનાં રહેવાનાં સ્થાનો વગેરે કથન કરવામાં આવશે."

॥ हिमालय उवाच ॥

कति स्थानानि देवेशि द्रष्टव्यानि महीतले ॥
मुख्यानि च पवित्राणि देवीप्रियतमानि च ॥ १ ॥

"સાતમા અધ્યાયમાં એમ કહેવામાં આવ્યું કે મ્હારા પરમ ભક્તે પ્રથમ મ્હારા સ્થાનોના દર્શનમાં શ્રદ્ધા રાખવી, તેમ જ મ્હારાં દિવ્ય એવાં વ્રતો કરવાં, અને મ્હારા ઉત્સવોનું દર્શન કરવામાં ઇચ્છા રાખવી વગેરે પ્રતિપાદન કર્યું, હવે તે દેવીનાં સ્થાનો કીયાં? વ્રતો કીયાં? ઉત્સવો કીયા? એ સર્વ હિમાલય પૂછે છે" હે દેવોની ઈશ્વરિ! આ પૃથ્વીતલમાં આપનાં કેટલાં સ્થાનો જોવાને લાયક છે? અને ભગવતીને પ્રિય એવાં મુખ્ય પવિત્ર સ્થાનો કીયાં કીયાં છે? ૧

व्रतान्यपि तथा यानि तुष्टिदान्युत्सवा अपि ॥
तत्सर्वं वद मे मातः कृतकृत्यो यतो नरः ॥ २ ॥

તેમ જ સંતોષને આપનારાં વ્રતો કીયાં કીયાં છે? વળી ઉત્સવો પણ કીયા કીયા છે? હે માતઃ! એ સર્વે મને તમે કૃપા કરીને કહો. જે સાંભળવાથી મનુષ્ય કૃતકૃત્ય થાય, અર્થાત્ આપનાં પવિત્ર સ્થાનો તેમ જ પાપને નાશ કરનારાં આપનાં વ્રતો અને આપના ઉત્સવો વગેરેનું સ્વરૂપ વર્ણન કરીને કહો. ૨

॥ श्रीदेव्युवाच ॥

सर्वं दृश्यं मम स्थानं सर्वे काला व्रतात्मकाः ॥
उत्सवा सर्वकालेषु यतोऽहं सर्वरूपिणी ॥ ३ ॥

આ પ્રકારનું હિમાલયનું વચન સાંભળી ભગવતી બોલ્યાં કે હે હિમાલય! આ જગત્માં જેટલી નામરૂપવાળી વસ્તુઓ જોવામાં આવે છે તે બધાં મારાં જ સ્થાનો છે; કારણ કે આ બધું જગત્ મારે વિષે કલ્પિત છે અને બધા જગત્નું અધિષ્ઠાન હું પોતે જ છું, તેમ જ સર્વ કાળો પણ વ્રતરૂપ જ સમજવા, અર્થાત્ જે કાળમાં મારા પ્રીત્યર્થ જે કાંઇ શુભકર્મ કરવામાં આવે તે સર્વે મારાં વ્રતો સમજવાં, અને જ્યારે પોતાના મનમાં ઇચ્છા થાય ત્યારે સર્વ કાલમાં ઉત્સવો કરવા, કારણ કે હું સર્વરૂપિણી છું. ૩

**तथापि भक्तवात्सल्यात्किंचित्किंचिदथोच्यते ॥**
**शृणुष्वावहितो भूत्वा नगराज वचो मम ॥ ४ ॥**

હે પર્વતના રાજા હિમાલય! તો પણ ભક્તોના ઉપર અત્યંત વાત્સલ્યભાવ હોવાથી કિંચિત્ કિંચિત્ વ્રતો, સ્થાનો અને ઉત્સવો હું તને કહીશ તે મારું વચન સાવધાન મનથી સાંભળ. ૪

**कोलापुरं महास्थानं यत्र लक्ष्मीः सदा स्थिता ॥**
**मातुःपुरं द्वितीयं च रेणुकाधिष्ठितं परम् ॥ ५ ॥**

પ્રથમ મ્હારું ઉત્પત્તિસ્થાન કોલાપુર છે, અને તે સ્થાન દક્ષિણ દેશમાં આવ્યું છે, જે સ્થાનમાં નિરંતર લક્ષ્મીનો નિવાસ છે, બીજું સ્થાન માતુઃપુર કહેવાય છે, અને તે સ્થાન સહ્યાદ્રિપર્વતમાં આવ્યું છે, તે ઉત્તમ સ્થાનનાં અધિષ્ઠાત્રી રેણુકા (પરશુરામની માતા) છે. ૫

**तुलजापुरं तृतीयं स्यात्सप्तशृङ्गं तथैव च ॥**
**हिङ्गुलाया महास्थानं ज्वालामुख्यास्तथैव च ॥ ६ ॥**

ભગવતીનું ત્રીજું સ્થાન તુલજાપુર છે, અને ત્યાં તુલજાભવાની એવા નામથી પ્રસિદ્ધ છે, ચોથું જગદંબાનું સપ્તશૃંગ નામનું સ્થાન છે, અને તે સ્થાન નાસિકથી લગભગ પચીસ મૈલ ઉપર આવેલું છે, તે સ્થાનમાં અષ્ટાદશભુજા વિરાજમાન છે, પાંચમું હિંગુલા માતાનું સ્થાન જાણવું, તેમ જ છટ્ઠું જ્વાલામુખીનું મહાસ્થાન જાણવું. ૬

**शाकम्भर्याः परं स्थानं भ्रामर्यास्स्थानमुत्तमम् ॥**
**श्रीरक्तदन्तिकास्थानं दुर्गास्थानं तथैव च ॥ ७ ॥**

ત્યાર બાદ સાતમું શ્રેષ્ઠસ્થાન શાકંભરી માતાનું જાણવું, અને આઠમું ભ્રામરી માતાનું ઉત્તમ સ્થાન જાણવું, નવમું શ્રીરક્તદંતિકા માતાનું સ્થાન જાણવું, તેમ જ દશમું દુર્ગા માતાનું સ્થાન જાણવું. ૭

**विन्ध्याचलनिवासिन्याः स्थानं सर्वोत्तमोत्तमम् ॥**
**अन्नपूर्णामहास्थानं काञ्चीपुरमनुत्तमम् ॥ ८ ॥**

અગીયારમું સર્વોત્તમ સ્થાન વિંધ્યાચલનિવાસિની (વિંધ્ય-વાસિની) માતાનું જાણવું, બારમું અન્નપૂર્ણા દેવીનું સ્થાન જાણવું, તેરમું ઉત્તમ કાંચીપુરસ્થાન છે. ૮

**भीमादेव्याः परं स्थानं विमलास्थानमेव च ॥**
**श्रीचन्द्रलामहास्थानं कौशिकीस्थानमेव च ॥ ९ ॥**

ચૌદમું ભીમાદેવીનું ઉત્તમ સ્થાન છે, ત્યાર બાદ પંદરમું વિમલા દેવીનું સ્થાન સમજવું, સોળમું શ્રીચંદ્રલા માતાનું મહાસ્થાન જાણવું, (આ સ્થાન કર્ણાટક દેશમાં આવ્યું છે). સત્તરમું કૌશિકી માતાનું સ્થાન જાણવું. ૯

**नीलाम्बायाः परं स्थानं नीलपर्वतमस्तके ॥**
**जाम्बूनदेश्वरीस्थानं तथा श्रीनगरं शुभम् ॥ १० ॥**

નીલ પર્વતના મસ્તકઉપર અઢારમું શ્રીનીલાંબાનું ઉત્તમ સ્થાન જાણવું, ઓગણીસમું જાંબૂનદેશ્વરીનું સ્થાન છે. તેમ જ વીશમું સુંદર શ્રીનગર સ્થાન છે. ૧૦

**गुह्यकाल्या महास्थानं नेपाले यत्प्रतिष्ठितम् ॥**
**मीनाक्ष्याः परमं स्थानं यच्च प्रोक्तं चिदम्बरे ॥ ११ ॥**

એકવીશમું નેપાલદેશમાં ગુહ્યકાલીનું મહાસ્થાન રહેલું છે, બાવીસમું મીનાક્ષીનું પરમસ્થાન ચિદંબરમાં રહેલું છે. ૧૧

**वेदारण्यं महास्थानं सुन्दर्या समधिष्ठितम् ॥**
**एकाम्बरं महास्थानं परशक्त्या प्रतिष्ठितम् ॥ १२ ॥**

ત્રેવીશમું વેદારણ્ય નામનું મહાસ્થાન છે, અને ત્યાં શ્રી સુંદરી જગદંબા વિરાજિત છે, ચોવીશમું એકાંબર નામનું મહાસ્થાન છે, અને તે પરશક્તિથી અધિષ્ઠિત છે, અર્થાત્ એકાંબર સ્થાન ભુવનેશ્વર એવા નામથી ઓળખાય છે, અને તે સ્થાન પુરુષોત્તમ ક્ષેત્રના સમીપ છે, અને ત્યાં વિરાજિત ભગવતીનું નામ ભુવનેશ્વરી એવું આપવામાં આવ્યું છે. ૧૨

**महालसापरं स्थानं योगेश्वर्यास्तथैव च ॥**
**तथा नीलसरस्वत्याः स्थानं चीनेषु विश्रुतम् ॥ १३ ॥**

પચીસમું મહાલસા માતાનું ઉત્તમ સ્થાન છે, તેમ જ છવીશમું યોગેશ્વરીનું સ્થાન જાણવું, તેમ જ નીલસરસ્વતીનું સત્તાવીશમું સ્થાન જાણવું, અને તે સ્થાન ચીનદેશમાં આવ્યું છે. ચીનાઓ માતાજીનું રૂપાંતરથી પૂજન કરે છે. ૧૩

**वैद्यनाथे तु बगलास्थानं सर्वोत्तमं मतम् ॥**
**श्रीमच्छ्रीभुवनेश्वर्या मणिद्वीपं मम स्मृतम् ॥ १४ ॥**

અઠ્ઠાવીશમું બગલામુખીનું સ્થાન સર્વોત્તમ જાણવું, અને તે સ્થાન ઝાડખંડી વૈદ્યનાથમાં આવેલું છે, તેમ જ ઓગણત્રીશમું શ્રીમદ્ભુવનેશ્વરીનું સ્થાન મણિદ્વીપમાં સાંભળ્યું છે. ૧૪

**श्रीमत्रिपुरभैरव्याः कामाख्यायोनिमण्डलम् ॥**
**भूमण्डले क्षेत्ररत्नं महामायाधिवासितम् ॥ १५ ॥**

ત્રીશમું શ્રીમત્ત્રિપુરભૈરવીનું સ્થાન છે, જેનું બીજું નામ કામાખ્યાયોનિમંડળ છે, અર્થાત્ કામાખ્યા મહાદેવી દક્ષ પ્રજાપતિને ત્યાં સતીદેહે અવતર્યાં અને તેમનું યોનિમંડળ કામરૂદેશની અંદર પડ્યું છે, જેનું વર્ણન કાલિકાપુરાણની અંદર લંબાણથી આપવામાં આવ્યું છે, આ ભૂમંડળમાં મહામાયાએ સુશોભિત આ સર્વોત્તમ ક્ષેત્રરત્ન છે. ૧૫

**नातः परतरं स्थानं क्वचिदस्ति धरातले ॥**
**प्रतिमासं भवेद्देवी यत्र साक्षाद्रजस्वला ॥ १६ ॥**

આ પૃથ્વીના તલઉપર આ શિવાયનું જગદંબાનું બીજું કોઈ પણ સ્થાન સર્વોત્તમ નથી, જે ઉપર વર્ણન કરેલા કામાખ્યાના સ્થાનમાં ભગવતી સાક્ષાત્ પ્રતિમાસ રજસ્વલા થાય છે, અર્થાત્ તે સ્થાન એવું જાગૃત છે કે જ્યાં ભગવતી સાક્ષાત્ છે. ૧૬

**तत्रत्या देवताः सर्वाः पर्वतात्मकतां गताः ॥**
**पर्वतेषु वसन्त्येव महत्यो देवता अपि ॥ १७ ॥**

તે કામાખ્યા સ્થાનની અંદર રહેલા સંપૂર્ણ દેવતાઓ પર્વતરૂપે રહેલા છે, અને મ્હોટા મ્હોટા દેવતાઓ પણ પર્વતની અંદર જ નિવાસ કરીને રહેલા છે, દેવતાઓને પર્વતોમાં રહેવાનું કારણ શું છે તે કાલિકાપુરાણમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે. ૧૭

**तत्रत्या पृथिवी सर्वा देवीरूपा स्मृता बुधैः ॥**
**नातः परतरं स्थानं कामाख्यायोनिमण्डलात् ॥ १८ ॥**

તે કામાખ્યા સ્થાનમાં રહેલી સંપૂર્ણ પૃથ્વી દેવીસ્વરૂપ જ છે એમ વિદ્વાન્ પુરુષોનું માનવું છે, કામાખ્યાયોનિમંડલના શિવાય બીજું કોઈ પણ ઉત્તમ સ્થાન નથી. (યોનિમંડલ શબ્દનો અર્થ પંદરમા શ્લોકની અંદર જોઈ લેવો.) ૧૮

**गायत्र्याश्च परं स्थानं श्रीमत्पुष्करमीरितम् ॥**
**अमरेशे चण्डिका स्यात्प्रभासे पुष्करेक्षिणी ॥ १९ ॥**

એકત્રીશમું ગાયત્રી માતાનું ઉત્તમ સ્થાન પુષ્કર ક્ષેત્રમાં વિદ્વાનોએ કહ્યું છે, અમરેશ (અમરસર)માં ચંડિકા માતાનું સ્થાન છે, અને પ્રભાસક્ષેત્રમાં પુષ્કરેક્ષિણી માતાનું સ્થાન છે. ૧૯

**नैमिषे तु महास्थाने देवी सा लिङ्गधारिणी ॥**
**पुरुहूता पुष्कराक्षे अषाढौ चरतिस्तथा ॥ २० ॥**

નૈમિષારણ્ય નામના મહાક્ષેત્રમાં લિંગધારિણી (ચિહ્નધારિણી) માતાનું સ્થાન છે, અને પુષ્કરાક્ષસ્થાનમાં પુરુહૂતા માતાનું સ્થાન છે, તેમ જ અષાઢિ ક્ષેત્રમાં ચરતિ માતાનું સ્થાન આવેલું છે. ૨૦

चण्डमुण्डी महास्थाने दण्डिनी परमेश्वरी ॥
भारभूतौ भवेद्भूतिर्नाकुले नकुलेश्वरी ॥ २१ ॥

દંડ જેના હાથમાં છે એવી પરમેશ્વરી ચંડમુંડી માતાનું સ્થાન મહાસ્થાનમાં છે, અને ભારભૂતિ સ્થાનમાં ભૂતિ માતાનું સ્થાન છે અને નાકુલ નામના સ્થાન નકુલેશ્વરી માતાનું છે. ૨૧

चन्द्रिका तु हरिश्चन्द्रे श्रीगिरौ शाङ्करी स्मृता ॥
जप्येश्वरे त्रिशूला स्यात्सूक्ष्मा चाम्रातकेश्वरे ॥ २२ ॥

હરિશ્ચંદ્રક્ષેત્રમાં ચંદ્રિકા માતાનું સ્થાન છે, શ્રી ગિરિમાં શાંકરી માતાનું સ્થાન છે, અને જપ્યેશ્વર સ્થાનમાં ત્રિશૂલા માતાનું સ્થાન છે, અને આમ્રાતકેશ્વર નામના સ્થાનમાં સૂક્ષ્મા દેવીનું સ્થાન છે. ૨૨

शाङ्करी तु महाकाले शर्वाणी मध्यमाभिधे ॥
केदाराख्ये महाक्षेत्रे देवी सा मार्गदायिनी ॥ २३ ॥

મહાકાલસ્થાનમાં (ઉજ્જયિની)માં શાંકરી દેવીનું સ્થાન છે, મધ્યમેશ્વરસ્થાનમાં શર્વાણી માતાનું સ્થાન છે, કેદારેશ્વર મહાસ્થાનમાં માર્ગદાયિની દેવીનું સ્થાન છે. ૨૩

भैरवाख्ये भैरवी सा गयायां मङ्गला स्मृता ॥
स्थाणुप्रिया कुरुक्षेत्रे स्वायंभुव्यपि नाकुले ॥ २४ ॥

ભૈરવ નામના ક્ષેત્રમાં ભૈરવી માતાનું સ્થાન આવેલું છે, તેમ જ ગયાજીમાં મંગલા દેવીનું સ્થાન છે, કુરુક્ષેત્રમાં સ્થાણુપ્રિયા માતાનું સ્થાન છે, સ્થાણુ એટલે શિવજી અને તેની પ્રિયા—સ્ત્રી માટે સ્થાણુપ્રિયા એવું નામ આપવામાં આવ્યું છે, નાકુલક્ષેત્રમાં સ્વાયંભુવી માતાનું સ્થાન છે. ૨૪

कनखले भवेदुग्रा विश्वेशा विमलेश्वरे ॥
अट्टहासे महानन्दा महेन्द्रे तु महान्तका ॥ २५ ॥

કુરુક્ષેત્ર પાસે કનખલક્ષેત્રમાં ઉગ્રા દેવીનું સ્થાન છે, અને વિમલેશ્વર ક્ષેત્રમાં વિશ્વેશા માતાનું સ્થાન છે, અટ્ટહાસ નામના ક્ષેત્રમાં મહાનંદા માતાનું સ્થાન છે, મહેંદ્રમાં મહાંતકા માતાનું સ્થાન છે. ૨૫

भीमे भीमेश्वरी प्रोक्ता स्थाने वस्त्रापथे पुनः ॥
भवानी शाङ्करी प्रोक्ता रुद्राणी त्वर्धकोटिके ॥ २६ ॥

દક્ષિણમાં વસ્ત્રાપથ નામના દેશમાં ભીમનાથ મહાદેવનું સ્થાન છે અને ત્યાં ભીમેશ્વરી માતાનું સ્થાન છે, અને અર્ધકોટિક નામના સ્થાનમાં રુદ્રાણી માતાનું સ્થાન છે જેનું બીજું નામ ભવાની અથવા શાંકરી રાખવામાં આવ્યું છે. ૨૬

अविमुक्ते विशालाक्षी महाभागा महालये ॥
गोकर्णे भद्रकर्णी स्याद्भद्रा स्याद्भद्रकर्णके ॥ २७ ॥

અવિમુક્ત નામના ક્ષેત્રમાં વિશાલાક્ષી માતાનું સ્થાન આવ્યું છે, મહાલય નામના સ્થાનમાં મહાભાગા માતાનું સ્થાન છે, અને દક્ષિણમાં ગોકર્ણ ક્ષેત્રમાં ભદ્રકર્ણી માતાનું સ્થાન છે, ભદ્રકર્ણક નામના ક્ષેત્રમાં ભદ્રા દેવીનું સ્થાન છે. ૨૭

उत्पलाक्षी सुवर्णाक्षे स्थाण्वीशा स्थाणसंज्ञिके ॥
कमलालये तु कमला प्रचण्डा छगलण्डके ॥ २८ ॥

સુવર્ણાક્ષ નામના ક્ષેત્રમાં ઉત્પલાક્ષી (કમલના સરખાં જેનાં નેત્ર છે એવી) ભગવતીનું સ્થાન છે, અને સ્થાણુ નામના ક્ષેત્રમાં સ્થાણ્વીશા નામની દેવી છે, કમલાલય નામના સ્થાનમાં કમલા નામની દેવી છે, છગલંડક નામના સ્થાનમાં પ્રચંડા નામની દેવી છે, છગલંડક સ્થાન દક્ષિણ દેશમાં સમુદ્ર કિનારે આવેલું છે. ૨૮

कुरण्डले त्रिसंध्या स्यान्माकोटे मुकुटेश्वरी ॥
मण्डलेशे शाण्डकी स्यात्काली कालञ्जरे पुनः ॥ २९ ॥

કુરંડલ નામના ક્ષેત્રમાં ત્રિસંધ્યા નામની દેવી બીરાજે છે, માકોટ સ્થાનમાં મુકુટેશ્વરી માતાનું સ્થાન છે, મંડલેશ સ્થાનમાં શાંડકી માતાનું સ્થાન છે, અને કાલંજર નામના પર્વતમાં કાલી માતાનું સ્થાન છે. ૨૯

शङ्कुकर्णे ध्वनिः प्रोक्ता स्थूला स्यात्स्थूलकेश्वरे ॥
ज्ञानिनां हृदयाम्भोजे हृल्लेखा परमेश्वरी ॥ ३० ॥

શંકુકર્ણ નામના ક્ષેત્રમાં ધ્વનિ માતાનું સ્થાન છે, અને સ્થૂલકેશ્વર સ્થાનમાં સ્થૂલા દેવીનું સ્થાન છે, જ્ઞાની પુરુષોના હૃદયકમલમાં પરમેશ્વરી હૃલ્લેખા શક્તિનું સ્થાન છે, અર્થાત્ જે વિદ્વાન્ પુરુષો રાત દિવસ ભગવતીનું ધ્યાન પૂજન વગેરે કરે છે તે વિદ્વાનોના અંતઃકરણમાં ભગવતી હૃલ્લેખારૂપે હમેશાં રહે છે. હૃલ્લેખા શબ્દનો અર્થ એવો છે કે હૃદયમાં લેખા એટલે તેજોમય વીજળીના સમાન લેખા માલમ પડી આવે છે તેથી હૃલ્લેખા એવું નામ આપવામાં આવ્યું છે. ૩૦

प्रोक्तानीमानि स्थानानि देव्याः प्रियतमानि च ॥
तत्तत्क्षेत्रस्य माहात्म्यं श्रुत्वा पूर्वं नगोत्तम ॥ ३१ ॥
तदुक्तेन विधानेन पश्चाद्देवीं प्रपूजयेत् ॥
अथवा सर्वक्षेत्राणि काश्यां सन्ति नगोत्तम ॥ ३२ ॥

હે પર્વતના રાજા હિમાલય! દેવીનાં અત્યંત પ્રિય એવાં સ્થાનો મે તને કહ્યાં, પ્રથમ તે તે ક્ષેત્રોનાં માહાત્મ્ય સાંભળવાં, પછી તેમાં કથન કરેલા વિધિ પ્રમાણે દેવીનું પૂજન કરવું અર્થાત્ ભગવતીના ભકતોએ ભગવતીના ઉત્તમ સ્થાનોમાં જઇ તે તે સ્થાનનું માહાત્મ્ય સાંભળવું, પછી વિધિપૂર્વક ભગવતીનું પૂજન ધ્યાન કરવું. અથવા હે હિમાલય! સર્વ ક્ષેત્રો કાશીપુરીમાં રહેલાં છે. ૩૧–૩૨

तत्र नित्यं वसेन्नित्यं देवीभक्तिपरायणः ॥
तानि स्थानानि संपश्यञ्जपन्देवीं निरन्तरम् ॥ ३३ ॥

બધાં ક્ષેત્રો કાશીજીમાં રહ્યાં છે માટે દેવીની ભક્તિમાં તત્પર ભકત કાશીજીમાં જઈને વાસ કરે, અને તે બધાં સ્થાનોને જોઈને પછી નિરંતર દેવીનું સ્મરણ કરે. ૩૩

ध्यायंस्तच्चरणाम्भोजं मुक्तो भवति बन्धनात् ॥
इमानि देवीनामानि प्रातरुत्थाय यः पठेत् ॥ ३४ ॥
भस्मीभवन्ति पापानि तत्क्षणान्नग सत्वरम् ॥
श्राद्धकाले पठेदेतान्यमलानि द्विजाग्रतः ॥ ३५ ॥

એ પ્રકારે શ્રી ભગવતીનાં ચરણારવિંદનું ધ્યાન કરતો સતો ભક્ત મુક્ત થાય છે અને સંસારના બંધથી મુકાઇ જાય છે. ઉપ-રના શ્લોકોમાં વર્ણન કરેલાં દેવીનાં નામોનો પ્રાતઃકાલમાં ઉઠીને જે ભકત પુરુષ પાઠ કરે છે તેનાં સઘળાં પાપો તત્ક્ષણ બળીને ભસ્મ થઇ જાય છે. હે હિમાલય! શ્રાદ્ધકાલમાં બ્રાહ્મણોના સમીપ આ પવિત્ર દેવીના નામોની જે ભક્ત પાઠ કરે છે તેના સર્વ પિતૃઓ મુક્ત થાય છે અને પરમ ગતિને પામે છે એમાં કોઈ પ્રકારનો સંશય નથી. ૩૪–૩૫

मुक्तास्तत्पितरः सर्वे प्रयान्ति परमां गतिम् ॥
अधुना कथयिष्यामि व्रतानि तव सुव्रत ॥ ३६ ॥
नारीभिश्च नरैश्चैव कर्तव्यानि प्रयत्नतः ॥
व्रतमनन्ततृतीयाख्यं रसकल्याणिनीव्रतम् ॥ ३७ ॥
आर्द्रानन्दकरं नाम्ना तृतीयायां व्रतं च यत् ॥
शुक्रवारव्रतं चैव तथा कृष्णचतुर्दशी ॥ ३८ ॥

હે સુવ્રત હિમાલય! મે તને મ્હારાં સ્થાનોનું વર્ણન કરીને કહ્યું, હવે તને મ્હારાં વ્રતોનું વર્ણન કરીને કહું છું તે સાંભળ. તે મ્હારાં વ્રતો સ્ત્રીઓએ અને પુરુષોએ પ્રયત્નથી કરવા લાયક છે. અનંતતૃતીયાનું વ્રત તેમજ રસકલ્યાણિની નામનું વ્રત છે. જે તૃતીયાનું વ્રત છે તે આર્દ્ર આનંદને કરવાવાળું છે. વળી શુક્રવારનું વ્રત તેમ જ કૃષ્ણપક્ષની ચતુર્દશીનું વ્રત ભગવતીને અત્યંત પ્રિય છે. ૩૬–૩૮

भौमवारव्रतं चैव प्रदोषव्रतमेव च ॥
यत्र देवो महादेवो देवीं संस्थाप्य विष्टरे ॥ ३९ ॥
नृत्यं करोति पुरतः सार्धं देवैर्निशामुखे ॥
तत्रोपोष्य रजन्यादौ प्रदोषे पूजयेच्छिवाम् ॥ ४० ॥

મંગળવારનું વ્રત, વળી પ્રદોષનું વ્રત, જે પ્રદોષના વ્રતમાં સાક્ષાત્ મહાદેવજી ભગવાન દેવીને એક ઉત્તમ આસન ઉપર બેસાડી તેમનું પૂજન કરે છે અને રાત્રિમાં દેવતાઓએ સહિત ભગવતીના

આગળ નૃત્ય કરે છે, પ્રદોષનો ઉપવાસ કરી રાત્રિના પ્રથમ પ્રહરના આદિમાં પ્રદોષ સમયે જગદંબા શિવાનું પૂજન કરે છે. ૩૯—૪૦

**प्रतिपक्षं विशेषेण तद्देवीप्रीतिकारकम् ॥**
**सोमवारव्रतं चैव ममातिप्रियकृन्नग ॥ ४१ ॥**

તે પ્રદોષનું વ્રત પ્રત્યેક પક્ષમાં કરવું અને તે વ્રત ભગવતીને પ્રીતિ કરનારું છે. હે હિમાલય! સોમવારનું વ્રત પણ મને અત્યંત પ્રીતિ કરવાવાળું છે. ૪૧

**तत्रापि देवीं संपूज्य रात्रौ भोजनमाचरेत् ॥**
**नवरात्रद्वयं चैव व्रतं प्रीतिकरं मम ॥ ४२ ॥**

તે સોમવારના વ્રતમાં પણ ભગવતીનું પૂજન કરી રાત્રિમાં ભોજન કરવું, તેમ જ બે પ્રકારનાં નવરાત્ર એટલે શરદઋતુમાં અને વસંતઋતુમાં જે આવે છે તેમાં મ્હારું વ્રત કરવું. આ શ્લોકમાં ચકાર ભણેલો છે તેથી માઘ માસનાં અને આષાઢ માસનાં પણ નવરાત્ર લઈ લેવાં એ ચાર પ્રકારનાં નવરાત્ર ભગવતીને અત્યંત પ્રિય છે. ૪૨

**एवमन्यान्यपि विभो नित्यनैमित्तिकानि च ॥**
**व्रतानि कुरुते यो वै मत्प्रीत्यर्थं विमत्सरः ॥ ४३ ॥**

હે હિમાલય! એ શિવાયના બીજાં પણ કેટલાંક નિત્ય નૈમિત્તિક વ્રતો છે. જે મત્સરરહિત મ્હારો ભક્ત ઉપર વર્ણન કરેલાં મ્હારાં વ્રતોને મ્હારી પ્રીતિ માટે અર્થાત્ નિષ્કામ કરે છે તે મ્હારો ભક્ત મને અત્યંત પ્રિય છે અને મ્હારાં સાયુજ્યને પામે છે. ૪૩

**प्राप्नोति मम सायुज्यं स मे भक्तः स मे प्रियः ॥**
**उत्सवानपि कुर्वीत दोलोत्सवमुखान्विभो ॥ ४४ ॥**
**शयनोत्सवं यथा कुर्यात्तथा जागरणोत्सवम् ॥**
**रथोत्सवं च मे कुर्याद्दमनोत्सवमेव च ॥ ४५ ॥**

હે સમર્થ હિમાલય! દોલોત્સવ આદિ ઉત્સવોને જે મ્હારો ભક્ત સારી રીતે કરે છે, દોલોત્સવનો વિધિ દેવીપુરાણમાં નીચે મુજબ

આપ્યો છે, **चैत्रशुक्लतृतीयायां कुर्याद्दोलोत्सवं बुधः। तृतीयायां यजेद्देवीं शंकरेण समन्विताम्॥ कुंकुमागुरुकर्पूरमणिवस्त्रसुगन्धकैः। स्रग्गन्धधूपदीपैश्च दमनेन विशेषतः॥ आन्दोलयेत्ततो वत्स शिवोमातुष्टये सदा**"॥ ચૈત્ર શુદિ તૃતીયાને દિવસે વિદ્વાન્ પુરુષે ભગવતીનો દોલોત્સવ કરવો, અને તૃતીયામાં શંકરસહિત ભગવતીનું પૂજન કરવું, પૂજન કરતી વખતે નીચે મુજબ સામગ્રી લાવવી કુંકુમ અગુરુ કર્પૂર મણી વસ્ત્ર સુગંધી પદાર્થો પુષ્પની માળાઓ ગંધ ધૂપ દીપ દમન વગેરે ઉત્તમ પદાર્થોથી ભગવતીનું પૂજન કરવું. બાદ શિવજી અને ઉમાના સંતોષ માટે તેમને ઝુલામાં બેસારી આંદોલન કરવું. તેમ જ ભગવતીનો શયનોત્સવ કરવો. શયનોત્સવનો કાલ વામન પુરાણમાં એવો કહ્યો છે કે આષાઢ માસની પુનમથી આરંભ કરી તૃતીયા સુધી રાખવામાં આવ્યો છે, તેમ જ જાગરણોત્સવ પણ કરવો, તેનો સમય કાર્તિક માસની પુનમથી આરંભ કરી તૃતીયા સુધી રાખવામાં આવ્યો છે. તેમ જ ભગવતીનો રથોત્સવ કરવો. રથોત્સવનો કાલ આષાઢ માસની તૃતીયાનો રાખવામાં આવ્યો છે અને ભગવતીનો દમનોત્સવ કરવો, દમનોત્સવનો કાલ ચૈત્ર માસની પુનમનો છે. ૪૪–૪૫

**पवित्रोत्सवमेवापि श्रावणे प्रीतिकारकम्॥**
**मम भक्तः सदा कुर्यादेवमन्यान्महोत्सवान्॥ ४६॥**

શ્રાવણ માસની પુનમને દિવસે ભગવતીનો પવિત્રા ધારણનો ઉત્સવ કરવો, જે ઉત્સવ અત્યંત પ્રીતિ કરવાવાળો છે. આ શિવાયના બીજા પણ કેટલાક ઉત્સવો મ્હારા ભક્તે કરવા જોઇએ. ૪૬

**मद्भक्तान्भोजयेत्प्रीत्या तथा चैव सुवासिनीः॥**
**कुमारीर्बटुकांश्चापि मद्बुद्ध्या तद्गतान्तरः॥ ४७॥**

ઉત્સવના દિવસોમાં મ્હારા ભક્તોને ભોજન કરાવવું તેમ જ સુવાસિની કુમારી બટુક તેમને પણ જમાડવાં અને જમાડતી વખતે તેમને વિષે મ્હારી બુદ્ધિ રાખવી અર્થાત્ આ ભોજન કરવાવાળાં સ્ત્રી પુરુષ બટુક નથી પરંતુ સાક્ષાત્ ભગવતીસ્વરૂપ જ છે એવી પોતાના મનમાં ધારણા રાખવી. ૪૭

वित्तशाठ्येन रहितो यजेदेतान्सुमादिभिः ॥
य एवं कुरुते भक्त्या प्रतिवर्षमतन्द्रितः ॥ ४८ ॥
स धन्यः कृतकृत्योऽसौ मत्प्रीतेः पात्रमञ्जसा ॥
सर्वमुक्तं समासेन मम प्रीतिप्रदायकम् ॥ ४९ ॥
नाशिष्याय प्रदातव्यं नाभक्ताय कदाचन ॥

इतिश्रीदेवीभागवतेमहापुराणेस०देवीगीतायां अष्टमोऽध्यायः ॥ ८ ॥

સુવાસિની કુમારી બટુક બ્રાહ્મણ વગેરેને ભોજન કરાવતી વખતે કૃપણતા વાપરવી નહી, પરંતુ જેવો પોતાનો વૈભવ હોય તે પ્રમાણે તેમના મનનો સંતોષ ઉપજાવવો, એટલું જ નહીં પરંતુ તેમની પુષ્પની માલાઓથી પૂજા કરવી. જે મ્હારો પરમ ભક્ત એ પ્રકારે આળસરહિત થઈ પ્રતિવર્ષ મ્હારું યજન કરે છે તે ધન્ય છે, કૃતકૃત્ય છે અને મ્હારું અત્યંત પ્રીતિનું પાત્ર છે. હે હિમાલય ! મ્હારી પ્રીતિને આપવાવાળું આખ્યાન સંક્ષેપથી મે તને કહી બતાવ્યું, તે આખ્યાન અશિષ્યને તેમ જ અભક્તને કદાપિ તારે આપવું નહી અર્થાત્ ભગવતીના ચરણારવિંદમાં જેની ભક્તિ ન હોય એવા પુરુષને કદાપિ આપવું નહી. ૪૮–૪૯

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां
आठमो अध्याय समाप्त ॥ ८ ॥

## अध्याय ९ मो.

"આ નવમા અધ્યાયના સુડતાળીસ શ્લોકોવડે ભગવતીની પૂજાનું વર્ણન કરવામાં આવશે, જે પૂજા કરવાથી સાક્ષાત્ ભગવતી પ્રસન્ન થાય છે."

॥ हिमालयउवाच ॥

देवदेवि महेशानि करुणासागरेऽम्बिके ॥
ब्रूहि पूजाविधिं सम्यग्यथावदधुना निजम् ॥ १ ॥

હિમાલય ભગવતીના પ્રતિ પ્રશ્ન પૂછે છે કે હે અંબિકે! હે કરુણાસાગર! હે સર્વની નિયંત્રિ! હે દેવોની અધિષ્ઠાત્રિ! હે ભગવતિ! હવે તમે મને પોતાનો પૂજાવિધિ સારી રીતે કહો, અર્થાત્ તમારી પૂજા કેવી રીતે કરવી? કીયા વિધિથી કરવી? વગેરે પ્રકાર મને કૃપાવડે કહો. ૧

॥ श्रीदेव्युवाच ॥

**वक्ष्ये पूजाविधिं राजन्नम्बिकाया यथा प्रियम् ॥**
**अत्यन्तश्रद्धया सार्धं शृणु पर्वतपुङ्गव ॥ २ ॥**

આ પ્રકારનું હિમાલયનું વચન સાંભળી ભગવતી બોલ્યાં કે હે પર્વતના રાજા હિમાલય! જગદંબાની પૂજાનો વિધિ કે જે વિધિ ભગવતીને અત્યંત પ્રિય છે તે હું તને કહીશ. હે પર્વતમાં શ્રેષ્ઠ હિમાલય! તે વિધિને તું શ્રદ્ધાથી સાંભળ. ૨

**द्विविधा मम पूजा स्याद्बाह्या चाभ्यन्तराऽपि च ॥**
**बाह्याऽपि द्विविधा प्रोक्ता वैदिकी तान्त्रिकी तथा ॥ ३ ॥**

હે હિમાલય! મ્હારી પૂજા બે પ્રકારની છે. એક આભ્યંતરા (અંદરની) અને બીજી બાહ્યા (બહારની) છે. તેમાં પણ બાહ્યા (બહારની) પૂજા બે પ્રકારની છે, એક વૈદિકી (વેદના મંત્રોથી જે પૂજા કરવામાં આવે તે) અને બીજી તાંત્રિકી (તંત્રથી જે પૂજા કરવામાં આવે તે) એવા બે પ્રકારના બાહ્ય પૂજાના ભેદો છે. ૩

**वैदिक्यर्चाऽपि द्विविधा मूर्तिभेदेन भूधर ॥**
**वैदिकी वैदिकैः कार्या वेददीक्षासमन्वितैः ॥ ४ ॥**

હે હિમાલય! વૈદિકી પૂજા પણ મૂર્તિના ભેદથી બે પ્રકારની છે. (મૂર્તિનો ભેદ આગળ વર્ણન કરવામાં આવશે) વેદની જેમણે દીક્ષા લીધેલી છે એટલે જેનો ઉપનયન સંસ્કાર થયેલો છે એવા વૈદિક પુરુષોએ ભગવતીની વૈદિકી પૂજા કરવી. વૈદિકી પૂજા પણ બે પ્રકારની એક આભ્યંતરા અને બીજી બાહ્યા. આભ્યંતરા પૂજાનો પ્રકાર એવો છે કે પાછળના અધ્યાયમાં જે ભગવતીએ

પોતાનું વિરાટ્ સ્વરૂપ વર્ણન કરીને કહ્યું છે તેનું ધ્યાન કરવું તેનું નામ આભ્યંતરા. ભગવતીની મૂર્તિનું ધ્યાન કરી વેદના મંત્રોવડે આવાહનાદિ વિસર્જન પર્યંત જે પૂજા કરવી તેનું નામ બાહ્યા પૂજા જાણવી. ૪

**तन्त्रोक्तदीक्षावद्भिस्तु तान्त्रिकी संश्रिता भवेत् ॥**
**इत्थं पूजारहस्यं च न ज्ञात्वा विपरीतकम् ॥ ५ ॥**

"તાંત્રિકી પૂજાનો અધિકાર કીયા પુરુષને છે તે આ શ્લોકમાં પ્રતિપાદન કરે છે." જે પુરુષોને વૈદિકી દીક્ષાનો એટલે ઉપનયન સંસ્કારનો અધિકાર નથી તે પુરુષોએ તંત્રોક્ત દીક્ષા લેવી જોઇએ અને જેમણે તંત્રોક્ત દીક્ષા લીધી છે તેવા પુરુષોએ ભગવતીની તંત્રોક્ત વિધિથી પૂજા કરવી. એ પ્રકારે વૈદિકી પૂજાનો વિધિ અને તાંત્રિકી પૂજાનો વિધિ સારી રીતે જાણી, તેનું રહસ્ય જાણી, ભગવતીની પૂજા કરવી. પૂજાનું રહસ્ય જાણ્યા શિવાય પૂજા કરવી નહી કારણ કે વિપરીત પૂજા કરવાથી પૂજાનું ફલ મળતું નથી. વેદની શ્રુતિ પણ ઉપરના અર્થને ટેકો આપે છે, "**यो वै स्वां देवतामति यजते न स्वायै देवतायै च्यवते न परां प्राप्नोति पापीयान् भवति**" જે પુરુષ પોતાની ઇષ્ટ દેવતાનું વિધિથી યજન કરતો નથી તે પોતાની દેવતાને પ્રસન્ન કરી શકતો નથી અને પોતાના મનોરથથી ભ્રષ્ટ થાય છે તેમ જ પર દેવતાને પણ પામતો નથી અને અત્યંત પાપી થાય છે. માટે કોઇ પણ દેવતાનું યજન કરતી વખતે પ્રથમ પૂજાનો વિધિ યથાર્થ જાણવો જોઈએ. ૫

**करोति यो नरो मूढः स पतत्येव सर्वथा ॥**
**तत्र या वैदिकी प्रोक्ता प्रथमा तां वदाम्यहम् ॥ ६ ॥**

પૂજાનો વિધિ નહી જાણી જે મૂઢ પુરુષ ભગવતીની પૂજા કરે છે તે સર્વથા પોતાના મનોરથથી ભ્રષ્ટ થાય છે. હે હિમાલય ! તે પૂજાઓના પ્રકારમાં પ્રથમ જે વૈદિકી પૂજા કહી તેનો પ્રકાર કહું છું તે સાંભળ. ૬

**यन्मे साक्षात्परं रूपं दृष्टवानसि भूधर ॥**
**अनन्तशीर्षनयनमनन्तचरणं महत् ॥ ७ ॥**

सर्वशक्तिसमायुक्तं प्रेरकं यत्परात्परम् ॥
तदेव पूजयेन्नित्यं न मे द्ध्यायेत्स्मरेदपि ॥ ८ ॥

હે હિમાલય! તેં જે મ્હારા પર રૂપને સાક્ષાત્ જોયું, તે રૂપ કેવું હતું કે અનંત તો મસ્તક હતાં, અનંત નેત્ર અને ચરણુવાળુ તે મહાન્ રૂપ હતું. જે મ્હારું રૂપ સર્વ શક્તિથી યુક્ત અને સર્વનું અંતર્યામી રૂપે પ્રેરક હતું, તે પરથી પણ પર મ્હારા રૂપની નિરંતર પૂજા કરવી તેને નમસ્કાર કરવો અને તે રૂપનું સ્મરણ કરવું. ૭–૮

इत्येतत्प्रथमार्चायाः स्वरूपं कथितं नग ॥
शान्तः समाहितमना दम्भाहंकारवर्जितः ॥ ९ ॥

હે હિમાલય! તે જે વિરાટ્સ્વરૂપની પૂજા કરવી તેનું જ નામ પ્રથમ પૂજા કહેવાય છે. અને તેનું સ્વરૂપ મે તને વર્ણન કરીને કહ્યું. તે પૂજા કરતી વખતે શાંત રહેવું અને પોતાના મનનું સમાધાન કરવું, પોતાના મનમાંથી દંભ અને અહંકાર કાઢી નાખવો. ૯

तत्परो भव तद्याजी तदेव शरणं व्रज ॥
तदेव चेतसा पश्य जप ध्यायस्व सर्वदा ॥ १० ॥

તે ભગવતીના વિરાટ્સ્વરૂપપરાયણ થવું, તે વિરાટ્સ્વરૂપનું જ યજન કરવું અને તેના જ શરણ થવું, અને નિરંતર તે વિરાટ્સ્વરૂપનું જ મનવડે મનન કરવું તેનું ધ્યાન કરવું અને જપ પણ તેનો જ કરવો. ૧૦

अनन्यया प्रेमयुक्तभक्त्या मद्भावमाश्रितः ॥
यज्ञैर्यज तपोदानैर्मामेव परितोषय ॥ ११ ॥

અનન્ય એવી પ્રેમયુક્ત ભક્તિવડે મ્હારા વિરાટ્સ્વરૂપને આશ્રય કરી રહેલા પુરુષે યજ્ઞોવડે મ્હારું જ યજન કરવું, અને તપશ્ચર્યા તથા દાનવડે જ મ્હારી પ્રીતિ સંપાદન કરવી. ૧૧

इत्थं ममानुग्रहतो मोक्ष्यसे भवबन्धनात् ॥
मत्परा ये मदासक्तचित्ता भक्तवरा मताः ॥ १२ ॥

હે હિમાલય! એ પ્રકારે મ્હારી પ્રીતિ સંપાદન કરવાવાળો તું સંસારના બંધનથી છુટી જઇશ, મારે વિષે આસક્તિવાળું જેમનું ચિત્ત છે અને મારા પરાયણ થયેલા પુરુષો ભક્તોમાં શ્રેષ્ઠ માનેલા છે. ૧૨

प्रतिजाने भवादस्मादुद्धराम्यचिरेण तु ॥
ध्यानेन कर्मयुक्तेन भक्तिज्ञानेन वा पुनः ॥ १३ ॥
प्राप्याऽहं सर्वथा राजन्नतु केवलकर्मभिः ॥
धर्मात्संजायते भक्तिर्भक्त्या संजायते परम् ॥ १४ ॥

હે હિમાલય! મે નિશ્ચય કર્યો છે કે મારા ભક્તોનો જલદી સંસારસાગરથી ઉદ્ધાર કરવો. કીયા સાધનોથી મારો ભક્ત સંસારસાગરથી તરી જાય છે? ભગવતીના સ્વરૂપનું ધ્યાન કરવાથી તેમ જ કર્મસહિત ભક્તિયોગ અથવા કર્મસહિત જ્ઞાનયોગ કરવાથી મારો ભક્ત આ સંસારસાગરમાંથી તરી જાય છે. હે પર્વતના રાજા હિમાલય! કેવલ કર્મ કરવાથી મારા સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી પણ કર્મ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને પછી તે પવિત્ર અંતઃકરણમાં મારી ભક્તિ ઉત્પન્ન થાય છે અને તે ભક્તિવડે મારા પરમ પદની પ્રાપ્તિ થાય છે એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી. ૧૩–૧૪

श्रुतिस्मृतिभ्यामुदितं यत्स धर्मः प्रकीर्तितः ॥
अन्यशास्त्रेण यः प्रोक्तो धर्माभासः स उच्यते ॥ १५ ॥

શ્રુતિ એટલે વેદ અને સ્મૃતિ એટલે મનુના આદિ લઇ ધર્મશાસ્ત્ર, એ બેથી જે કહેલું હોય તે ધર્મરૂપ કહેલું છે, અર્થાત્ ધર્મનું સ્વરૂપ વેદોમાં અને ધર્મશાસ્ત્રોમાં વર્ણન કરેલું છે, એ શિવાયનાં બીજાં શાસ્ત્રોવડે જે ધર્મ કહેવામાં આવ્યો હોય તે સાચો ધર્મ નહી સમજવો પરંતુ ધર્માભાસ જાણવો. ૧૫

सर्वज्ञात्सर्वशक्तेश्च मत्तो वेदः समुत्थितः ॥
अज्ञानस्य ममाभावादप्रमाणा न च श्रुतिः ॥ १६ ॥

"વેદમાં કહેલો હોય તે જ ધર્મ જાણવો અને બીજા શાસ્ત્રોમાં કહેલો હોય તે ધર્મ નહી જાણવો એમાં શું પ્રમાણ છે એનું સમાધાન આ શ્લોકમાં કરે છે." હે હિમાલય! સર્વજ્ઞ (સર્વને જાણનાર) સર્વ શક્તિમતી જે હું તે મારાથી વેદોની ઉત્પત્તિ થઇ છે, મારે વિષે અજ્ઞાનનો સંભવ જ નથી માટે વેદનું વચન સર્વથા પ્રમાણ છે. તાત્પર્ય વેદોની ઉત્પત્તિ મારાથી થઇ છે તેમાં જે યથાર્થ ધર્મનું સ્વરૂપ છે તે જ વર્ણન કરવામાં આવ્યું છે અને બીજાં જે શાસ્ત્રો છે તે મનુષ્યોનાં બનાવેલાં છે તેથી તેમાં યથાર્થ ધર્મનું સ્વરૂપ નથી માટે વેદ શિવાયનાં બીજાં શાસ્ત્રોમાં જે ધર્મ છે તે ધર્મ નથી પરંતુ ધર્માભાસ છે એમ કહેવાનો આશય છે. ૧૬

**स्मृतयश्च श्रुतेरर्थं गृहीत्वैव च निर्गताः ॥**
**मन्वादीनां स्मृतीनां च ततः प्रामाण्यमिष्यते ॥ १७ ॥**

"કદાચિત્ કોઇ એવી શંકા કરે કે મનુસ્મૃતિ યાજ્ઞવલ્કય-સ્મૃતિ પરાશરસ્મૃતિ વગેરે ધર્મના ગ્રંથોના કર્તા તે તે મુનિઓ થયા છે અને તેમાં વર્ણન કરેલો ધર્મ પણ ધર્માભાસ ઠરસે, તેનું સમાધાન આ શ્લોકમાં કરે છે." સ્મૃતિ એટલે જે ધર્મશાસ્ત્રો છે તે શ્રુતિના અર્થને ગ્રહણ કરી વિસ્તારરૂપે વેદમાંથી જ જુદાં કાઢેલાં છે, વેદના માર્ગને છોડી સ્વતંત્ર રચવામાં આવ્યાં નથી, તેથી મનુના આદિ સ્મૃતિ ગ્રંથો તેમ જ વેદો એ બે જ ધર્મના નિર્ણયમાં પ્રમાણ છે. શ્રુતિ અને સ્મૃતિ એ બેના અનુકૂળ પુરાણનું વચન હોય તો પણ પ્રમાણ માનવું અને એ બેથી વિરોધી વચન ગમે તેનું હોય તો પણ પ્રમાણ માનવું નહીં. અર્થાત્ સત્ય ધર્મના સ્વરૂ-પનો નિર્ણય વેદ અને ધર્મશાસ્ત્રથી જ કરવા જોઈએ. અમુક ધર્મનો આચાર્ય અથવા અમુક વિદ્વાન્ ધર્મનો નિર્ણય કરી શકશે એમ નહી માનવું. માત્ર જો આચાર્ય ભણેલો હોય તો વ્યવસ્થા કરી શકે, પણ ગાદીપતિ બની, ભેટ પૂજાવનાર તો કેવલ દર્શનના જ લાયક જાણવો અને ધર્મનો નિર્ણય કરવો તેમાં તો અક્ષરશત્રુ જ જાણવો. ૧૭

**क्वचित्कदाचित्तन्त्रार्थकटाक्षेण परोदितम् ॥**
**धर्मं वदन्ति सोंशस्तु नैव ग्राह्योऽस्ति वैदिकैः ॥ १८ ॥**

કોઈ કોઈ સ્મૃતિઓમાં તેમ જ કોઈ કોઈ પુરાણોમાં એવો આચાર જોવામાં આવે છે, જેમ કે તપ્તમુદ્રાધારણ વામમાર્ગ વગેરે તંત્રશાસ્ત્રના બાનાથી શાસ્ત્રીય માર્ગ પણ ધર્મરૂપ છે એમ કેટલા-કોનું માનવું છે અને તેને પણ ધર્મ કહે છે પરંતુ વૈદિક એટલે વેદની જેમણે દીક્ષા લીધી છે એવા પુરુષોએ તેટલો ભાગ ત્યાગ કરવાલાયક છે કારણ કે તે માર્ગ વેદ અને ધર્મશાસ્ત્રથી ઉલટો છે. ધર્મશાસ્ત્રોની અંદર તેમ જ પુરાણોની અંદર કેટલોક ક્ષેપક ભાગ જોવામાં આવે છે જેમાં તપ્તમુદ્રાધારણ વામમાર્ગ હિંસા વગેરેનું વર્ણન છે તેથી તે ભાગ છોડી દેવા જેવો છે. ૧૮

**अन्येषां शास्त्रकर्तृणामज्ञानप्रभवत्वतः ॥**
**अज्ञानदोषदुष्टत्वात्तदुक्तेर्न प्रमाणता ॥ १९ ॥**

વેદ અને ધર્મશાસ્ત્ર એ શિવાયનાં બીજાં જે શાસ્ત્રો છે તેમના કર્તા મનુષ્યો હોવાથી તેમની ઉત્પત્તિ અજ્ઞાની પુરુષોથી જાણવી અને તે અજ્ઞાનરૂપી દોષથી દૂષિતશાસ્ત્રો પ્રમાણીભૂત ગણાતાં નથી, અર્થાત્ મનુષ્યોમાં ભ્રમપ્રમાદાદિ દોષોનો સંભવ હોય છે તેથી બીજાં શાસ્ત્રો ધર્મના પ્રમાણમાં નિશ્ચાયક ગણાતાં નથી. ૧૯

**तस्मान्मुमुक्षुर्धर्मार्थं सर्वथा वेदमाश्रयेत् ॥**
**राजाज्ञा च यथा लोके हन्यते न कदाचन ॥ २० ॥**
**सर्वेशान्या ममाज्ञा सा श्रुतिस्त्याज्या कथं नृभिः ॥**
**मदाज्ञारक्षणार्थं तु ब्रह्मक्षत्रियजातयः ॥ २१ ॥**

હે હિમાલય! સર્વની અધિષ્ઠાત્રી એવી જે હું તે મારી આજ્ઞા સાક્ષાત્ વેદ છે અને તેનો ત્યાગ મનુષ્યોએ કદાપિ કરવો નહી, તેથી મુમુક્ષુ પુરુષે ધર્મના રક્ષણાર્થ સર્વથા વેદનો જ આશ્રય કરવો જોઈએ, કારણ કે વેદ છે એ રાજાજ્ઞા છે. જેમ લોકમાં રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શિક્ષાપાત્ર થાય છે તેમ જ વેદની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શિક્ષાપાત્ર ગણાય છે, માટે વેદની આજ્ઞા શિરસા

વંદનીય ગણી તેનું પાલન કરવું. હે હિમાલય! તે વેદરૂપી મારી આજ્ઞાનું પાલન કરવા જ બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બે જાતિઓ ઉત્પન્ન કરવામાં આવી છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી. ૨૦-૨૧

**मया सृष्टास्ततो ज्ञेयं रहस्यं मे श्रुतेर्वचः ॥**
**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भूधर ॥ २२ ॥**
**अभ्युत्थानमधर्मस्य तदा वेषान्बिभर्म्यहम् ॥**
**देवदैत्यविभागश्चाप्यतएवाभवन्नृप ॥ २३ ॥**

હે હિમાલય! વેદો મે પોતે જ ઉત્પન્ન કર્યા છે તેથી વેદનું વચન મારું પરમ રહસ્ય છે એમ જાણવું. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મનો ઉદય થાય છે ત્યારે ત્યારે વેષાન્ એટલે શાકંભરી આદિ અવતારોને તેમ જ રામકૃષ્ણાદિ અવતારોને હું ધારણ કરું છું. વેદનું રક્ષણ કરનારા દેવતાઓ અને વેદની મર્યાદાનો ભંગ કરનારા અસુરોનો વિભાગ પણ વેદોના સદ્‌ભાવથી જ જાણવો અર્થાત્ વેદની મર્યાદાનું રક્ષણ કરનારા દેવતાઓનું રક્ષણ કરું છું અને વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરનારા અસુરોનો સંહાર કરું છું. ૨૨-૨૩

**ये न कुर्वन्ति तद्धर्मं तच्छिक्षार्थं मया सदा ॥**
**संपादितास्तु नरकास्त्रासो यच्छ्रवणाद्भवेत् ॥ २४ ॥**

હે હિમાલય! જે પુરુષો વેદમાં કથન કરેલા ધર્મને કરતા નથી. અર્થાત્ વેદમાં કહેલા ધર્મનું પાલન કરતા નથી તે પુરુષોને શિક્ષા કરવા મે નરકોની ઉત્પત્તિ કરી છે, જે નરકોનું વર્ણન સાંભળી મનુષ્યના મનમાં એક જાતનો ભયંકર ત્રાસ ઉત્પન્ન થાય છે. ૨૪

**यो वेदधर्ममुज्झित्य धर्ममन्यं समाश्रयेत् ॥**
**राजा प्रवासयेद्देशान्निजादेतानधर्मिणः ॥ २५ ॥**

જે પુરુષ પવિત્ર સનાતન વેદધર્મને છોડી બીજા કલ્પિત પાખંડ ધર્મનો આશ્રય કરે છે તે અધર્મી પુરુષોને રાજાએ પોતાના દેશમાંથી કાઢી મુકવા જોઇએ; કારણ કે અધર્મીઓની વૃદ્ધિ થવાથી તે લોકો પોતાના ટોળામાં બીજાઓને પણ અસદુપદેશ કરી લઈ જાય છે માટે તેમને દેશવટો આપવો. ૨૫

ब्राह्मणैर्न च संभाष्याः पङ्क्तिग्राह्या न च द्विजैः ॥
अन्यानि यानि शास्त्राणि लोकेऽस्मिन्विविधानि च ॥२६॥

વેદધર્મને છોડી અન્યધર્મનું પાલન કરનારની સાથે પવિત્ર બ્રાહ્મણોએ ભાષણ કરવું નહીં અને દ્વિજોએ તેમની સાથે ભોજનપંક્તિ પણ આપવી નહી. શ્રુતિ (વેદ), સ્મૃતિ (ધર્મશાસ્ત્ર), એ બેથી વિરુદ્ધ લોકોમાં ઘણાં શાસ્ત્રો રચવામાં આવ્યાં છે, પરંતુ તે સર્વે તામસ એટલે તમોગુણપ્રધાન જાણવાં. તાત્પર્ય દ્વિજવર્ણને ગ્રહણ કરવા લાયક તે શાસ્ત્રો નથી. ૨૬

श्रुतिस्मृतिविरुद्धानि तामसान्येव सर्वशः ॥
वामं कापालकं चैव कौलकं भैरवागमः ॥ २७ ॥
शिवेन मोहनार्थाय प्रणीतो नान्यहेतुकः ॥
दक्षशापाद्भृगोः शापाद्दधीचस्य च शापतः ॥ २८ ॥
दग्धा ये ब्राह्मणवरा वेदमार्गबहिष्कृताः ॥
तेषामुद्धरणार्थाय सोपानक्रमतः सदा ॥ २९ ॥

"હવે વેદવિરુદ્ધ કીયાં કીયાં શાસ્ત્રો છે તે બતાવે છે" વામાગમ (વામમાર્ગનું જેમાં વિવેચન છે એવું શાસ્ત્ર), કાપાલક, કૌલક, ભૈરવ વગેરે શાસ્ત્રો શિવજીએ લોકોને મોહ ઉત્પન્ન કરવા બનાવ્યાં છે, બીજો તેમાં હેતુ સમાયો નથી. કોઇ એવી શંકા કરે કે શિવજીને એવાં શાસ્ત્રો બનાવવાનું પ્રયોજન શું? તેનું સમાધાન કરે છે કે દક્ષ પ્રજાપતિના શાપથી, ભૃગુઋષિના શાપથી અને દધીચિ ઋષિના શાપથી જે બ્રાહ્મણો ભ્રષ્ટ થયા છે અને વેદમાર્ગથી બહિષ્કૃત થયા છે, તેમના ઉદ્ધાર માટે ક્રમથી આ સીડી બનાવી છે, અર્થાત્ પતિત થયેલા બ્રાહ્મણો પણ ધીરે ધીરે સત્ કર્મ કરી અનેક જન્મમાં પાછા વેદધર્મના અધિકારી થાય એટલા માટે શિવજીએ આવાં મોહક શાસ્ત્રો બનાવ્યાં છે. કારણ કે મોહથી કર્મ કરવામાં પ્રવૃત્તિ થાય છે અને પછી ધીરે ધીરે ઉત્તમ ઉત્તમ વસ્તુ મેળવવામાં ઉત્કંઠા વધતી જાય છે એટલે પોતાની મેળે જ નિંદિત વસ્તુ છોડી દે છે એ તો લોકસ્થિતિ પ્રસિદ્ધ છે. ૨૭-૨૯

शैवाश्च वैष्णवाश्चैव सौराः शाक्तास्तथैव च ॥
गाणपत्या आगमाश्च प्रणीताः शङ्करेण तु ॥ ३० ॥

"શિવજીએ કીયા કીયા આગમો (શાસ્ત્રો) બનાવ્યાં તેનું વિવેચન આ શ્લોકમાં કરે છે." શૈવાગમ, વૈષ્ણવાગમ, સૌરાગમ (સૂર્ય સંબંધી શાસ્ત્ર), શાક્તાગમ (શક્તિ સંબંધી શાસ્ત્ર) અને ગાણપત્યાગમ (ગણપતિ સંબંધી શાસ્ત્ર) વગેરે આગમો (શાસ્ત્રો) શંકરે બનાવ્યાં છે. ૩૦

तत्र वेदाविरुद्धोंऽशोऽप्युक्त एव क्वचित्क्वचित् ॥
वैदिकैस्तद्गृहे दोषो न भवत्येव कर्हिचित् ॥ ३१ ॥

તે આગમોની અંદર પણ વેદથી અવિરુદ્ધ અર્થાત્ વેદોના અનુકૂળ પણ કોઈ કોઈ જગાએ વર્ણન કરવામાં આવ્યું છે, તેટલો ભાગ વેદને માનનારા વૈદિકોએ ગ્રહણ કરવો, કારણ કે વેદાનુકૂલ ભાગને ગ્રહણ કરવામાં કોઈ પણ જાતનો દોષ આવતો નથી અને વેદથી વિરુદ્ધ ભાગનું ગ્રહણ કરવાથી દોષ લાગે છે માટે તે ભાગનો ત્યાગ કરવો. ૩૧

सर्वथा वेदभिन्नार्थे नाधिकारी द्विजो भवेत् ॥
वेदाधिकारहीनस्तु भवेत्तत्राधिकारवान् ॥ ३२ ॥

હે હિમાલય! સર્વથા વેદથી ભિન્ન માર્ગમાં દ્વિજને અધિકાર નથી અર્થાત્ દ્વિજોએ વેદમાર્ગ જ માનવો જોઇએ. જે ધર્મમાં વેદનું નામ સુદ્ધાં પણ ન લેવાતું હોય અથવા વેદના જાણનારા પણ ન હોય અથવા વેદના સિદ્ધાંતથી વિરુદ્ધ આચરણ જેમાં જોવામાં આવે તે ખરો ધર્મ સમજવો નહી પરંતુ ધર્માભાસ જાણવો, જેઓને વેદધર્મનો અધિકાર નથી તેવા પુરુષોએ શૈવ વૈષ્ણવ સૌર શાક્ત ગાણપત્ય વગેરે જે શાસ્ત્રો પાછળ વર્ણન કરી આવ્યા તેમાં પોતાનો અધિકાર જાણવો એ સ્પષ્ટ રીતે માલમ પડી આવે છે. ૩૨

तस्मात्सर्वप्रयत्नेन वैदिको वेदमाश्रयेत् ॥
धर्मेण सहितं ज्ञानं परं ब्रह्म प्रकाशयेत् ॥ ३३ ॥

તેથી સર્વ પ્રયત્નવડે વેદધર્મને માનનાર વૈદિક પુરુષે વેદનો જ આશ્રય કરવો; કારણ કે વેદ પરમાત્માની સાક્ષાત્ વાણી છે, તે વેદમાં પ્રતિપાદન કરેલા ધર્મસહિત જ્ઞાન પરબ્રહ્મનું પ્રકાશક થાય છે અર્થાત્ કેવલ "અહં બ્રહ્માસ્મિ" હું બ્રહ્મ છું એવું શુષ્કજ્ઞાન પરબ્રહ્મનું પ્રકાશક નથી પરંતુ વેદમાં પ્રતિપાદન કરેલા ધર્મસહિત જે જ્ઞાન છે તે પરબ્રહ્મનું પ્રકાશક છે. ૩૩

**सर्वैषणाः परित्यज्य मामेव शरणं गताः ॥**
**सर्वभूतदयावन्तो मानाहंकारवर्जिताः ॥ ३४ ॥**
**मच्चित्ता मद्गतप्राणा मत्स्थानकथने रताः ॥**
**संन्यासिनो वनस्थाश्च गृहस्था ब्रह्मचारिणः ॥ ३५ ॥**

સર્વ એષણાઓ (ઈચ્છાઓ)નો જેમણે ત્યાગ કર્યો છે અર્થાત્ પુત્રૈષણા દારૈષણા ધનૈષણા વગેરેનો જેમણે ત્યાગ કર્યો છે અને કેવલ મારેજ શરણ આવેલા, સર્વ પ્રાણિઓના ઉપર દયાવાળા, માન અને અહંકારથી રહિત, મારે વિષે જેમનું ચિત્ત છે, મારે વિષે જેમણે પોતાના પ્રાણ સમર્પણ કર્યા છે અને જીભથી મારાં પીઠસ્થાનોનું કથન કરવામાં પ્રીતિવાળા એવા સંન્યાસીઓ, વાનપ્રસ્થાશ્રમીઓ, ગૃહસ્થો અને બ્રહ્મચારીઓ, આ શ્લોકનો આગળના શ્લોક સાથે સંબંધ છે. ૩૪–૩૫

**उपासन्ते सदा भक्त्या योगमैश्वरसंहितम् ॥**
**तेषां नित्याभियुक्तानामहमज्ञानजं तमः ॥ ३६ ॥**
**ज्ञानसूर्यप्रकाशेन नाशयामि न संशयः ॥**
**इत्थं वैदिकपूजायाः प्रथमाया नगाधिप ॥ ३७ ॥**

તે સર્વે નિરંતર વિરાટ્સ્વરૂપની જેમાં ઉપાસના છે એવા મારા ભક્તિયોગની ઉપાસના કરે છે, નિરંતર મારા ભક્તિયોગનું સેવન કરવાવાળા પુરુષોનો અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી હું નાશ કરું છું એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી. હે પર્વતના રાજા હિમાલય! એ પ્રકારે વૈદિકપૂજાનો પ્રકાર મે તને કહી બતાવ્યો. જે પૂજા સર્વથી પ્રથમ વર્ણન કરવામાં આવી છે, હવે મારી બીજી પૂજાનો પ્રકાર સંક્ષેપથી કહું છું તેને સાંભળ. ૩૬–૩૭

स्वरूपमुक्तं संक्षेपाद्द्वितीयाया अथो ब्रुवे ॥
मूर्तौ वा स्थण्डिले वापि तथा सूर्येन्दुमण्डले ॥ ३८ ॥
जलेऽथवा बाणलिङ्गे यन्त्रे वापि महापटे ॥
तथा श्रीहृदयाम्भोजे ध्यात्वा देवीं परात्पराम् ॥ ३९ ॥

"હવે પછી ભગવતીની પ્રતિમાપૂજનનો પ્રકાર વર્ણન કરવામાં આવશે" પાષાણની મૂર્તિમાં અથવા સ્થંડિલમાં (અષ્ટદલવાળી વેદીમાં) તેમ જ સૂર્ય અથવા ચંદ્રના મંડલમાં, જલમાં, સ્ફટિકના બાણ-લિંગમાં, યંત્રમાં, પટ્ટવસ્ત્રમાં તેમ જ શોભાયુક્ત હૃદયકમલમાં પરથી પણ પર એવી ભગવતીનું ધ્યાન કરવું અર્થાત્ ઉપર વર્ણન કરેલા સ્થાનમાં ભગવતીની મૂર્તિની ભાવના કરવી અને પછી ધ્યાન કરવું. ૩૮-૩૯

सगुणां करुणापूर्णां तरुणीमरुणारुणाम् ॥
सौन्दर्यसारसीमां तां सर्वावयवसुन्दराम् ॥ ४० ॥
शृङ्गाररससंपूर्णां सदा भक्तार्तिकातराम् ॥
प्रसादसुमुखीमम्बां चन्द्रखण्डशिखण्डिनीम् ॥ ४१ ॥

ધ્યાન કરતી વખતે નીચે મુજબ ગુણોની કલ્પના કરવી. સગુણ જેની મૂર્તિ છે, દયાવડે પરિપૂર્ણ અરુણસમાન લાલ જેની કાંતિ છે, હદ વગર સૌંદર્યરૂપી સાર જેમાં છે, જેના સર્વ શરીરના અવયવો સુંદર છે, શૃંગારરસથી પરિપૂર્ણ અને નિરંતર ભક્ત પુરુષોની પીડાને દૂર કરવામાં આતુર, પ્રસન્નતાથી સુંદર જેનું મુખારવિંદ છે, અર્દ્ધચંદ્ર જેના લલાટને વિષે વિરાજિત છે, એવી જગદંબાની મૂર્તિનું ધ્યાન કરવું. ૪૦-૪૧

पाशाङ्कुशवराभीतिधरामानन्दरूपिणीम् ॥
पूजयेदुपचारैश्च यथावित्तानुसारतः ॥ ४२ ॥

એક હસ્તમાં પાશ, બીજા હસ્તમાં અંકુશ, ત્રીજો હસ્ત વરદમુદ્રા અને ચોથો અભયમુદ્રા એવી રીતે ચતુર્ભુજાઓને ધારણ કરનારી સર્વથા આનંદ જેનું રૂપ છે એવી ભગવતીની મૂર્તિનું પોતાના વૈભવ પ્રમાણે ઉપચારથી પૂજન કરવું. ૪૨

**यावदान्तरपूजायामधिकारो भवेन्नहि ॥**
**तावद्बाह्यामिमां पूजां श्रयेज्जाते तु तां त्यजेत् ॥ ४३ ॥**

જ્યાં સુધી મનુષ્યનો અંતરપૂજામાં અધિકાર પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી આ બાહ્ય પૂજાનો આશ્રય કરવો અને જ્યારે આભ્યંતર પૂજાનો અધિકાર પ્રાપ્ત થયો ત્યારે બાહ્ય પૂજાનો ત્યાગ કરવો અર્થાત્ સ્થૂલ દૃષ્ટિવાળા પુરુષોને માટે બાહ્ય પૂજા છે અને પરમ યોગીઓને માટે આભ્યંતર પૂજા છે એમ જાણવું. ૪૩

**आभ्यन्तरा तु या पूजा सा तु संविल्लयः स्मृतः ॥**
**संविदेव परं रूपमुपाधिरहितं मम ॥ ४४ ॥**

"આ શ્લોકમાં આંતર પૂજાનો પ્રકાર બતાવે છે." આભ્યંતરા પૂજા તેનું નામ છે કે જેમાં સંવિત્‌નો લય થાય અર્થાત્ સંવિત્ એટલે જ્ઞાનરૂપ બ્રહ્મનું સ્વરૂપ જે હું તે મારે વિષે પોતાના ચિત્તનો લય કરવો. સંવિત્ એટલે જ્ઞાનસ્વરૂપ તેજ મારું ઉપાધિથી રહિત પરમ સ્વરૂપ છે એમ જાણ્ય. ૪૪

**अतः संविदि मद्रूपे चेतः स्थाप्यं निराश्रयम् ॥**
**संविद्रूपातिरिक्तं तु मिथ्यामायामयं जगत् ॥ ४५ ॥**

હે હિમાલય! કોઈ પણ વસ્તુનું આલંબન નહિ કરી પોતાના ચિત્તને જ્ઞાનસ્વરૂપિણી જે હું તે મારે વિષે સ્થાપન કરવું. જ્ઞાનસ્વરૂપને છોડી આ બધું જગત્ માયામય મિથ્યા છે અર્થાત્ જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ જ સત્ય છે અને એ શિવાય આ બધું જગત્ દોરડીમાં સર્પની માફક કલ્પિત મિથ્યા છે. ૪૫

**अतः संसारनाशाय साक्षिणीमात्मरूपिणीम् ॥**
**भावयेन्निर्मनस्केन योगयुक्तेन चेतसा ॥ ४६ ॥**

સંસારના નાશ માટે સાક્ષાત્ આત્મરૂપિણી અને સર્વની સાક્ષિણી એવી જે ભગવતી તેની, સંકલ્પવિકલ્પવાળું જે મન તેને શાંત કરી ભક્તિયુક્ત અંતઃકરણવડે ભાવના કરવી અર્થાત્ વ્યાપક ભગવતીના સ્વરૂપનું ધ્યાન કરવું એજ સંસારના નાશનો ઉપાય છે. ૪૬

अतः परं बाह्यपूजाविस्तारः कथ्यते मया ॥
सावधानेन मनसा शृणु पर्वतसत्तम ॥ ४७ ॥

इति श्री देवीभागवते महापुराणे सप्तमस्कन्धे देवीगीतायां
नवमोऽध्यायः ॥ ९ ॥

હે પર્વતના રાજા હિમાલય! હવે પછી બાહ્યપૂજાનો વિસ્તાર હું તને કહીશ તેને સાવધાન મનથી શ્રવણ કર્ય અર્થાત્ નવમા અધ્યાયમાં આભ્યંતર પૂજાનો વિધિ યથાર્થ રીતે કહી બતાવ્યો હવે દશમા અધ્યાયમાં બાહ્યપૂજાનો વિધિ કહેવામાં આવશે. ૪૭

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां
नवमो अध्याय समाप्त ॥ ९ ॥

## अध्याय १० मो.

“ આ દશમા અધ્યાયના ૪૪ શ્લોકોવડે ભગવતીની બાહ્યપૂજાનો વિધિ યથાવત્ કહેવામાં આવશે.”

॥ श्रीदेव्युवाच ॥

प्रातरुत्थाय शिरसि संस्मरेत्पद्ममुज्ज्वलम् ॥
कर्पूराभं स्मरेत्तत्र श्रीगुरुं निजरूपिणम् ॥ १ ॥
सुप्रसन्नं लसद्भूषाभूषितं शक्तिसंयुतम् ॥
नमस्कृत्य ततो देवीं कुण्डलीं संस्मरेद्बुधः ॥ २ ॥

ભગવતી હિમાલયના પ્રતિ કહે છે કે હે હિમાલય! મારી બાહ્યપૂજાની ઇચ્છા ધરાવનાર પુરુષે પ્રાતઃકાલમાં ઉઠવું અર્થાત્ “**अष्टपञ्च भवेत्प्रातः**” અઠ્ઠાવન ઘડી ગયા બાદ બે ઘડી રાત્રિ પ્રાતઃકાલની ગણાય છે તે સમયમાં ઉઠવું અને બ્રહ્મરંધ્રમાં હજાર દલવાળા શ્વેત કમલની ધારણા કરવી, તે કમલમાં કર્પૂરના સમાન જેમની આકૃતિ છે અને પોતાના ગુરુ સમાન જેની આકૃતિ છે, એવા શ્રીગુરુનું (અર્થાત્ શંકરનું ) સ્મરણ કરવું. જે શંકરનું પ્રસન્ન

મુખકમળ છે અને મ્હોટી લાંબી માલા પહેરેલી છે, શાક્ત (પાર્વતી) જેમની પાસે બેઠેલાં છે એવા શંકરનું સ્મરણ કર્યા બાદ કુંડલી દેવીનું સ્મરણ કરવું. જેનું વર્ણન પાછળના અધ્યાયોમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. ૧-૨

**प्रकाशमानां प्रथमे प्रयाणे प्रतिप्रयाणेऽप्यमृतायमानाम् ॥**
**अन्तःपदव्यामनुसंचरन्तीमानन्दरूपामबलां प्रपद्ये ॥ ३ ॥**

તે કુંડલી દેવી કેવી છે કે પ્રથમ પ્રયાણમાં એટલે બ્રહ્મરંધ્રમાં પ્રવેશ કરતી વખતે પ્રકાશવાળી અર્થાત્ ચિદ્રૂપથી પ્રકાશવાળી એવી અને પ્રતિપ્રયાણમાં એટલે બ્રહ્મરંધ્રથી મૂલાધાર પ્રતિપુનઃ આગમન સમયે આનંદરૂપી અમૃતથી ભરપૂર અને ત્યાર બાદ સુષુમ્ના નામની નાડીમાં સંચાર કરવાવાળી એવી, અબલા એટલે પરાશક્તિના શરણ હું છું, એ પ્રકારે યોગીએ કુંડલી સાક્ષાત્ કરવી જોઇએ અને જો યોગાભ્યાસ કરવાની પોતાની શક્તિ ન હોય તો પોતાના મનમાં જ ભાવના કરવી જોઇએ. ૩

**ध्यात्वैवं तच्छिखामध्ये सच्चिदानन्दरूपिणीम् ॥**
**मां ध्यायेदथ शौचादिक्रियाः सर्वाः समापयेत् ॥ ४ ॥**

અને શિખાના મધ્યમાં સચ્ચિદાનંદરૂપિણી એવી જે હું તે મારું ધ્યાન કરવું એ પ્રકારે સારી રીતે ધ્યાન કરીને બાદ શૌચાદિ સમગ્ર ક્રિયાઓ સમાપ્ત કરવી અર્થાત્ પ્રાતઃકાલમાં પથારીમાં ભગવતીનું સ્મરણ કરી ધ્યાન કરી પછી નીચે પગ મુકવો અને બાદ સંધ્યાવંદનાદિ સર્વ ક્રિયાઓ કરવી. ૪

**अग्निहोत्रं ततो हुत्वा मत्प्रीत्यर्थं द्विजोत्तमः ॥**
**होमान्ते स्वासने स्थित्वा पूजासंकल्पमाचरेत् ॥ ५ ॥**

પ્રથમ દ્વિજને ઉચિત છે કે સંધ્યાવંદનાદિ ક્રિયાઓ કરવી કારણ કે "**देवो भूत्वा देवं यजेत्**" દેવસ્વરૂપ થઇને દેવનું યજન કરવું. એ શાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રથમ શરીરશુદ્ધિ કરવી બાદ દ્વિજોમાં ઉત્તમ બ્રાહ્મણે મારી પ્રીતિને માટે અગ્નિહોત્રના કુંડમાં હોમ કરવો અને હોમ થઈ રહ્યા બાદ પોતાના આસન ઉપર બેસી મારી પૂજાનો સંકલ્પ કરવો. ૫

**भूतशुद्धिं पुरा कृत्वा मातृकान्यासमेव च ॥**
**हृल्लेखामातृकान्यासं नित्यमेव समाचरेत् ॥ ६ ॥**

સંકલ્પ કર્યા બાદ પ્રથમ ભૂતશુદ્ધિ કરવી અને પછી માતૃકાન્યાસ કરવા. માતૃકાન્યાસ કરતી વખતે પ્રથમ માયા બીજનું ઉચ્ચારણ કરી પછી માતૃકાન્યાસ કરવા. તેનું નામ હુલ્લેખામાતૃકાન્યાસ કહેવાય છે કારણ કે હુલ્લેખા માયાબીજનું નામ છે. આ શ્લોકનો ખુલાસો મંત્રશાસ્ત્રના શારદાતિલક નામના ગ્રંથમાં દશવિધ માતૃકાન્યાસના પ્રકરણમાંથી જોઇ લેવો; કારણ કે તેનો વિસ્તાર ઘણોજ છે અને તે પણ ગુરુગમ્ય છે માટે અનુભવી ગુરુ પાસેથી એ ક્રિયા જાણી લેવી. ૬

**मूलाधारे हकारं च हृदये च रकारकम् ॥**
**भ्रूमध्ये तद्वदीकारं ह्रींकारं मस्तके न्यसेत् ॥ ७ ॥**

ન્યાસ કરતી વખતે મૂલાધારમાં હકારને સ્થાપન કરવો, હૃદયમાં રકારને સ્થાપન કરવો, ભ્રુકુટીના મધ્યમાં ઈકારને સ્થાપન કરવો અને મસ્તકમાં હ્રીંકાર બીજનું સ્થાપન કરી બધા ન્યાસો કરવા. ૭

**तत्तन्मन्त्रोदितानन्यान्न्यासान्सर्वान्समाचरेत् ॥**
**कल्पयेत्स्वात्मनो देहे पीठं धर्मादिभिः पुनः ॥ ८ ॥**

વળી તે તે મંત્રોમાં કથન કરેલા બીજા અંગન્યાસ, કરન્યાસ વગેરે સારી રીતે આચરવા, ન્યાસ કર્યા બાદ પોતાના શરીરમાં ભગવતીના પીઠની કલ્પના કરવી અને તે પીઠના ચાર પાદને સ્થાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એઓની કલ્પના કરવી. આ શ્લોકનો વિશેષ ખુલાસો મંત્રશાસ્ત્રના શારદાતિલક નામના ગ્રંથમાંથી જોઇ લેવો. ૮

**ततो ध्यायेन्महादेवीं प्राणायामैर्विजृम्भिते ॥**
**हृदम्भोजे मम स्थाने पञ्चप्रेतासने बुधः ॥ ९ ॥**

અંગન્યાસ કરન્યાસ પીઠ વગેરેની કલ્પના કર્યા બાદ પ્રાણાયામ કરવાથી ખિલેલા હૃદયરૂપી કમલમાં વિદ્વાન્ પુરુષે મ્હારું ધ્યાન કરવું તે હૃદયરૂપી કમલ મ્હારું પરમ રહેવાનું સ્થાન છે અને પાંચ પ્રેતો તે સ્થાનરૂપે આવીને રહ્યાં છે. ૯

**ब्रह्मा विष्णुश्च रुद्रश्च ईश्वरश्च सदाशिवः ॥**
**एते पञ्च महाप्रेताः पादमूले मम स्थिताः ॥ १० ॥**

જે પાંચ પ્રેતો ભગવતીના આસનરૂપે રહ્યાં છે તે કીયાં તેનાં નામો બતાવે છે. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ એ પાંચ મહા પ્રેતો હમેશાં મારા પાદમૂલમાં રહેલાં છે. ૧૦

**पञ्च भूतात्मका ह्येते पञ्चावस्थात्मका अपि ॥**
**अहं त्वव्यक्तचिद्रूपा तदतीताऽस्मि सर्वथा ॥ ११ ॥**

"કોઈ એવી શંકા કરે કે ઉપરના મહાનુભાવ દેવતાઓ શા માટે ભગવતીના પાદમૂલમાં રહ્યા છે? તેનું સમાધાન ભગવતી પોતે જ આ શ્લોકમાં કરે છે." બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ એ પાંચે આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, એ પાંચ ભૂતોના અધિપતિઓ છે અને હું ભગવતી તેમનું ઉપાદાન કારણ અવ્યક્ત માયાવિશિષ્ટ બ્રહ્મ તદ્રૂપિણી છું માટે તે પાંચ મહાનુભાવ દેવતાઓ મારા આસનરૂપે આવીને રહેલા છે. ૧૧

**ततो विष्टरतां याता शक्तितन्त्रेषु सर्वदा ॥**
**ध्यात्वैवं मानसैर्भोगैः पूजयेन्मां जपेदपि ॥ १२ ॥**
**जपं समर्प्य श्रीदेव्यै ततोऽर्घ्यस्थापनं चरेत् ॥**
**पात्रासादनकं कृत्वा पूजाद्रव्याणि शोधयेत् ॥ १३ ॥**

બાદ તે દેવતાઓમાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર એ ચારે શક્તિતંત્રમાં નિરંતર ભગવતીના પલંગના પાયા થઈને રહ્યા છે અને પાંચમા સદાશિવ પલંગ ઉપર ચડતી વખતે પગથિયારૂપ થઈને રહ્યા છે, એ પ્રકારે હૃદયકમલમાં પ્રથમ માનસોપચારથી ભગવતીનું પૂજન કરવું; બાદ યથાશક્તિ મૂલમંત્રનો જપ કરવો અને તે ભગવતીને અર્પણ કરવો, પછી ભગવતીની પાસે અર્ઘ્ય સ્થાપન કરવો અને પૂજાનાં પાત્રો આસનો પૂજાની યાવત્ ચીજો એ સર્વેનું જલથી માર્જન કરવું અને પૂજા કરતી વખતે કોઈ પણ ચીજ માગવી પડે નહી માટે બધી ચીજો સંભાળી લેવી. ૧૨-૧૩

जलेन तेन मनुना चास्त्रमन्त्रेण देशिकः ॥
दिग्बन्धं च पुरा कृत्वा गुरून्नत्वा ततः परम् ॥ १४ ॥

વરુણના મંત્રથી માર્જન કર્યા બાદ ભગવતીના ઉપાસકે પ્રથમ અસ્ત્રમંત્રવડે (ફટ્ એ મંત્રવડે) દિગ્બંધન કરવું અર્થાત્ ફટ્ એ મંત્રવડે પોતાના આસપાસ અગ્નિના કિલ્લાની સંભાવના કરવી, બાદ પોતાના ગુરુને નમસ્કાર કરવો. ૧૪

तदनुज्ञां समादाय बाह्यपीठे ततः परम् ॥
हृदिस्थां भावितां मूर्तिं मम दिव्यां मनोहराम् ॥ १५ ॥
आवाहयेत्ततः पीठे प्राणस्थापनविद्यया ॥
आसनावाहने चार्घ्यं पाद्याद्याचमनं तथा ॥ १६ ॥

ગુરુની આજ્ઞા લઇને પછી બહાર જે યંત્રનું પીઠ સ્થાપન કર્યું હોય તેના ઉપર પોતાના હૃદયમાં ભાવના કરેલી દિવ્ય મનોહર મારી મૂર્તિનું આવાહન કરવું, પછી પ્રાણપ્રતિષ્ઠા મંત્રથી પ્રાણનો પ્રવેશ કરાવવો, આસન આવાહન અર્ઘ્યપાદ્યાદિ આચમન વગેરે કરાવવાં. ૧૫-૧૬

स्नानं वासोद्वयं चैव भूषणानि च सर्वशः ॥
गन्धपुष्पं यथायोग्यं दत्त्वा देव्यै स्वभक्तितः ॥ १७ ॥

ત્યાર બાદ સ્નાન કરાવવું અને એક જોડી વસ્ત્ર ધરાવવાં, પછી નાના પ્રકારના અલંકારો પહેરાવવા. ગંધ, પુષ્પ જેવાં ઘટે તેવાં પોતાની ભક્તિથી ભગવતીને અર્પણ કરવાં. ૧૭

यन्त्रस्थानामावृतीनां पूजनं सम्यगाचरेत् ॥
प्रतिवारमशक्तानां शुक्रवारो नियम्यते ॥ १८ ॥

ભગવતીનું પૂજન કર્યા બાદ પીઠસ્થ યંત્રમાં રહેલા આવરણ દેવતાઓની સારી રીતે પૂજા કરવી. જો કે આવરણ દેવતાઓની પૂજા પ્રતિદિન કરવાનો વિધિ છે પરંતુ જો અશક્ત હોય તો શુક્રવારે અવશ્ય આવરણ દેવતાઓની પૂજા કરવી જોઇએ એવો શાસ્ત્રનો નિયમ છે. ૧૮

**मूलदेवीप्रभारूपाः स्मर्तव्या अङ्गदेवताः ॥**
**तत्प्रभापटलव्याप्तं त्रैलोक्यं च विचिन्तयेत् ॥ १९ ॥**

"આવરણ દેવતાઓમાં કેવી રીતે ભાવના કરવી તે આ શ્લોકમાં બતાવે છે." પીઠ ઉપર સ્થાપિત મૂલદેવીના પ્રભારૂપ આવરણ દેવતાઓનું સ્મરણ કરવું અને તે આવરણ દેવતાઓની પ્રભાના પટલથી આ ત્રૈલોકય વ્યાપ્ત છે એવી પોતાના મનમાં ભાવના કરવી. ૧૯

**पुनरावृत्तिसहितां मूलदेवीं च पूजयेत् ॥**
**गन्धादिभिः सुगन्धैस्तु तथा पुष्पैः सुवासितैः ॥ २० ॥**

આવરણ દેવતાઓની પૂજા કર્યા બાદ આવરણ દેવતાઓ સહિત, આયુધ સહિત અને શક્તિ સહિત માતા શ્રી ભુવનેશ્વરી દેવીની ગંધાદિવડે, સુગંધ દ્રવ્યવડે અને સુંદર જેમાંથી વાસ આવે છે એવા પુષ્પોવડે પૂજા કરવી. ૨૦

**नैवेद्यैस्तर्पणैश्चैव ताम्बूलैर्दक्षिणादिभिः ॥**
**तोषयेन्मां त्वत्कृतेन नाम्नां साहस्रकेण च ॥ २१ ॥**

ભગવતીના સન્મુખ નાના પ્રકારનાં નૈવેદ્ય ધરવાં, મુખવાસાર્થે તાંબૂલ અને છેવટમાં દક્ષિણા મુકવી, બાદ તર્પણ કરી. હે હિમાલય! મને સંતુષ્ટ કરવી, છેવટમાં તારા બનાવેલા સહસ્રનામનો પાઠ કરવો. જો કે દેવીભાગવતમાં હિમાલયનું બનાવેલું દેવીસહસ્ર નામનું સ્તોત્ર નથી પરંતુ કૂર્મપુરાણના બારમા અધ્યાયમાં છે ત્યાંથી જાણી લેવું. ૨૧

**कवचेन च सूक्तेनाहं रुद्रेभिरिति प्रभो ॥**
**देव्यथर्वशिरोमन्त्रैर्हृल्लेखोपनिषद्भवैः ॥ २२ ॥**
**महाविद्यामहामन्त्रैस्तोषयेन्मां मुहुर्मुहुः ॥**
**क्षमापयेज्जगद्धात्रीं प्रेमार्द्रहृदयो नरः ॥ २३ ॥**

તંત્ર ગ્રંથોમાં કહેલા દેવીના કવચથી "अहंरुद्रेभिः" દેવીના સૂક્તથી તેમજ દેવીઅથર્વશિરસ્‌ના મંત્રોથી, હૃલ્લેખોપનિષદ્ એટલે ભુવનેશ્વરીના ઉપનિષદ્‌માં રહેલા મહાવિદ્યાના મહામંત્રોથી

વારંવાર મારી પ્રાર્થના કરવી અને પ્રેમના ઉભરાથી જેનું હૃદય ભરાઇ આવ્યું છે એવા ભક્તે જગત્‌ની ધારણ કરનારી જે હું તે મારી ક્ષમા માગવી અર્થાત્ માતાજીના સન્મુખ દીન વાણી બોલી ક્ષમા એટલે માફ માગવી. ૨૨–૨૩

पुलकाङ्कितसर्वाङ्गैर्बाष्परुद्धाक्षिनिःस्वनः ॥
नृत्यगीतादिघोषेण तोषयेन्मां मुहुर्मुहुः ॥ २४ ॥

ભગવતીની સ્તુતિ કરતી વખતે પ્રેમના ઉભરાથી પોતાના શરીરનાં રુવાટાં ઉભાં થઇ જવાં જોઇએ અને પ્રેમના આંસુથી નેત્રની દૃષ્ટિ બંધ થવી જોઇએ તેમ જ કંઠ પણ રોકાઇ જવો જોઇએ, પૂજા થઇ રહ્યા બાદ નૃત્ય ગીત વાજીંત્રના મહાન્ શબ્દોથી વારંવાર મને સંતોષ પમાડવો. ૨૪

वेदपारायणैश्चैव पुराणैः सकलैरपि ॥
प्रतिपाद्या यतोऽहं वै तस्मात्तैस्तोषयेत्तु माम् ॥ २५ ॥

ભગવતી હિમાલયને કહે છે કે હે હિમાલય! વેદના પારાયણોવડે તેમ જ સંપૂર્ણ પુરાણોના પાઠવડે મને સંતોષ પમાડવો કારણ કે વેદો અને પુરાણો એ બેથી જ મારું સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે માટે તેમનું પારાયણ મારી પાસે અવશ્ય કરવું જોઇએ. ૨૫

निजं सर्वस्वमपि मे सदेहं नित्यशोऽर्पयेत् ॥
नित्यहोमं ततः कुर्याद्ब्राह्मणांश्च सुवासिनीः ॥ २६ ॥
बटुकान्पामरानन्यान्देवीबुद्ध्या तु भोजयेत् ॥
नत्वा पुनः स्वहृदये व्युत्क्रमेण विसर्जयेत् ॥ २७ ॥

હે હિમાલય! મારા અનન્ય ભક્તે પોતાના દેહસહિત પોતાનું સંપૂર્ણ ધન મને નિત્ય અર્પણ કરવું અને નિત્ય હોમ પણ કરવો. બ્રાહ્મણ સુવાસિની બટુક પામર વગેરેને દેવીબુદ્ધિથી ભોજન કરાવવું અર્થાત્ આ ભોજન કરનારાં સાક્ષાત્ દેવી સ્વરૂપ જ છે એવી પોતાના મનમાં ભાવના કરવી. બાદ પોતાના મનમાં નમસ્કાર કરી વ્યુતક્રમ એટલે સંહાર મુદ્રાથી ભગવતીનું વિસર્જન કરવું. ૨૬–૨૭

सर्वं हृल्लेखया कुर्यात्पूजनं मम सुव्रत ॥
हृल्लेखा सर्वमन्त्राणां नायिका परमा स्मृता ॥ २८ ॥

હે સુવ્રત! (હિમાલય!) મારું સંપૂર્ણ પૂજન હૃલ્લેખા એટલે માયાબીજમંત્રથી કરવું અર્થાત્ ભગવતીને ઉપચારો ચઢાવતી વખતે માયાબીજનું ઉચ્ચારણ કરીને ચઢાવવા, કારણ કે શાસ્ત્રકારોએ હૃલ્લેખા (માયાબીજ) સર્વ મંત્રોમાં ઉત્તમ વર્ણવેલી છે. ૨૮

हृल्लेखादर्पणे नित्यमहं तु प्रतिबिम्बिता ॥
तस्माद्धृल्लेखया दत्तं सर्वमन्त्रैः समर्पितम् ॥ २९ ॥

હે હિમાલય! હૃલ્લેખા (માયાબીજ) રૂપી દર્પણમાં નિત્ય મારું પ્રતિબિંબ પડે છે, અર્થાત્ માયાબીજ મને અત્યંત પ્રિય છે અને તે માયાબીજથી અર્પણ કરેલા ઉપચારો સર્વ મંત્રોથી અર્પણ કરેલા સમજવા. ૨૯

गुरुं संपूज्य भूषाद्यैः कृतकृत्यत्वमावहेत् ॥
य एवं पूजयेद्देवीं श्रीमद्भुवनसुन्दरीम् ॥ ३० ॥
न तस्य दुर्लभं किंचित्कदाचित्क्वचिदस्ति हि ॥
देहान्ते तु मणिद्वीपं मम यात्येव सर्वथा ॥ ३१ ॥

ભગવતીની પૂજા વગેરે સમાપ્ત કર્યા બાદ પોતાના ગુરુની વસ્ત્રાલંકાર વગેરે ઉપચારોથી યથાવિધિ પૂજા કરવી અને પોતાના મનમાં કૃતકૃત્ય માનવું. જે ભગવતીનો ભક્ત શ્રીમદ્ ભુવનસુંદરી દેવીનું આ પ્રકારનું પૂજન કરે છે તેને કોઇ પણ સમયમાં કોઇ પણ વસ્તુ દુર્લભ નથી અર્થાત્ પોતાના મનમાં વાંછિત સર્વ પદાર્થો તેને પ્રાપ્ત થાય છે. હે હિમાલય! આ લોકમાં સર્વ પદાર્થો પ્રાપ્ત થાય છે એટલું જ નહી પરંતુ આ દેહના નાશ થયા પછી મારું રહેવાનું સ્થાન જે મણિદ્વીપ તે પ્રતિ સર્વથા આવે છે, મારો અનન્ય ભક્ત બીજા સ્થાનમાં જતો નથી. ૩૦-૩૧

**ज्ञेयो देवीस्वरूपोऽसौ देवा नित्यं नमन्ति तम् ॥**
**इति ते कथितं राजन्महादेव्याः प्रपूजनम् ॥ ३२ ॥**

ઉપરના શ્લોકોમાં વર્ણન કરેલા વિધિથી પૂજન કરનાર મારો ભક્ત સાક્ષાત્ દેવીસ્વરૂપ જ જાણવો અને તેવા ભક્તને દેવતાઓ હમેશાં નમસ્કાર કરે છે. હે હિમાલય! એ પ્રકારે મે તને ભગવતીની પૂજાનો પ્રકાર હતો તે કહી બતાવ્યો. ૩૨

**विमृश्यैतदशेषेणाप्यधिकारानुरूपतः ॥**
**कुरु मे पूजनं तेन कृतार्थस्त्वं भविष्यसि ॥ ३३ ॥**

હે હિમાલય! પોતાના અધિકાર પ્રમાણે મારા પૂજનવિધિનો સંપૂર્ણ રીતે વિચાર કરીને પછી મારું તું પૂજન કર, તેથી તું કૃતાર્થ થઈસ, અર્થાત્ પોતપોતાના અધિકાર પ્રમાણે ભગવતીનું પૂજન કરવું અને તેમ કરવાથી યથાર્થ ફલની પ્રાપ્તિ થાય છે, અધિકારને છોડીને કરવાથી વિપરીત ફલ મળે છે. ૩૩

**इदं तु गीताशास्त्रं मे नाऽशिष्याय वदेत्कचित् ॥**
**नाभक्ताय प्रदातव्यं न धूर्ताय च दुर्हृदे ॥ ३४ ॥**

હે હિમાલય! આ મારું ગીતાશાસ્ત્ર અશિષ્યને કદાપિ કહેવું નહી, તેમ જ ભગવતીનો જે ભક્ત નથી તેને પણ કહેવું નહી, ધૂર્ત અને જેનું અંતઃકરણ ખરાબ છે એવા અનધિકારીને પણ આ ગીતાશાસ્ત્ર કહેવું નહી; કારણ કે અનધિકારીને આપેલી વસ્તુ નિરર્થક થાય છે. ૩૪

**एतत्प्रकाशनं मातुरुद्घाटनमुरोजयोः ॥**
**तस्मादवश्यं यत्नेन गोपनीयमिदं सदा ॥ ३५ ॥**

આ પૂજાનો પ્રકાર અનધિકારીને બતાવવો એ માતાના સ્તન બતાવવા જેવું છે માટે જેમ બને તેમ પ્રયત્નથી આ ગીતાશાસ્ત્ર ગુપ્ત રાખવાને યોગ્ય છે. તાત્પર્ય. અધિકારી વિના યહ શાસ્ત્ર કહેવું નહી કારણ કે અનધિકારીને કહેવાથી તેનો ગેર ઉપયોગ થાય છે. ૩૫

**देयं भक्ताय शिष्याय ज्येष्ठपुत्राय चैव हि ॥**
**सुशीलाय सुवेषाय देवीभक्तियुताय च ॥ ३६ ॥**

આ ગીતાશાસ્ત્રનું રહસ્ય ભગવતીનો અનન્ય ભક્ત જો પોતાનો શિષ્ય હોય તો અવશ્ય બતાવવું અથવા સુશીલ સદાચરણવાળો દેવીની ભક્તિમાં તત્પર પોતાનો જ્યેષ્ઠ પુત્ર હોય તો તેને પણ આ રહસ્ય બતાવવું. ૩૬

**श्राद्धकाले पठेदेतद्ब्राह्मणानां समीपतः ॥**
**तृप्तास्तत्पितरः सर्वे प्रयान्ति परमं पदम् ॥ ३७ ॥**

આ દેવીગીતાનું રહસ્ય શ્રાદ્ધકાલમાં બ્રાહ્મણોના સમીપ જો ભણે તો તેના પિતૃઓ તૃપ્ત થાય છે અને તે સર્વે પરમપદને પામે છે. ૩૭

**॥ व्यास उवाच ॥**

**इत्युक्त्वा सा भगवती तत्रैवान्तरधीयत ॥**
**देवाश्च मुदिताः सर्वे देवीदर्शनतोऽभवन् ॥ ३८ ॥**

વેદવ્યાસ રાજા જન્મેજયના પ્રતિ કહે છે કે હે રાજન્! એ પ્રકારે દેવતાઓના સમક્ષ હિમાલયને કહીને ભગવતી ત્યાં જ અંતરધાન થઇ ગયાં અને ભગવતીના દર્શનથી સંપૂર્ણ દેવતાઓ આનંદ યુક્ત થયા. ૩૮

**॥ व्यास उवाच ॥**

**ततो हिमालये जज्ञे देवी हैमवती तु सा ॥**
**या गौरीति प्रसिद्धाऽसीद्दत्ता सा शङ्कराय च ॥ ३९ ॥**

વ્યાસજી જન્મેજયના પ્રતિ કહે છે કે ત્યાર બાદ હૈમવતી તે દેવી હિમાલયને ત્યાં ઉત્પન્ન થયાં જેનું બીજું નામ ગૌરી એ પ્રકારે પ્રસિદ્ધ હતું અને તે ગૌરી શંકરને આપવામાં આવ્યાં છે. ૩૯

ततः स्कन्दः समुद्भूतस्तारकस्तेन पातितः ॥
समुद्रमन्थने पूर्वं रत्नान्यासुर्नराधिप ॥ ४० ॥
तत्र देवैः स्तुता देवी लक्ष्मीप्राप्त्यर्थमादरात् ॥
तेषामनुग्रहार्थाय निर्गता तु रमा ततः ॥ ॥ ४१ ॥

તે ગૌરીથી સ્કંદની ઉત્પત્તિ થઇ છે જે સ્કંદે તારક નામના અસુરનો નાશ કર્યો છે. હે રાજન્! આગળ જ્યારે દેવો અને દાનવો મળીને સમુદ્રમંથન કરવા લાગ્યા ત્યારે દેવતાઓએ લક્ષ્મીની પ્રાપ્તિ માટે આદરભાવથી દેવીની સ્તુતિ કરી હતી તે દેવતાઓના ઉપર અનુગ્રહ કરવા સમુદ્રમાંથી લક્ષ્મીરૂપે ઉત્પન્ન થયાં. ૪૦-૪૧

वैकुंठाय सुरैर्दत्ता तेन तस्य शमाभवत् ॥
इति ते कथितं राजन्देवीमाहात्म्यमुत्तमम् ॥ ४२ ॥

દેવતાઓએ સમુદ્રમાંથી નિકળેલાં લક્ષ્મીને વૈકુંઠનાથ વિષ્ણુને આપ્યાં અને તેથી તેમને ઘણો જ આનંદ થયો. હે રાજન્! એ પ્રકારે મેં તને ઉત્તમ એવું દેવીનું માહાત્મ્ય હતું તે કહી બતાવ્યું. ૪૨

गौरीलक्ष्म्योः समुद्भूतिविषयं सर्वकामदम् ॥
न वाच्यं त्वेतदन्यस्मै रहस्यं कथितं यतः ॥ ४३ ॥

હિમાલયને ત્યાં ઉત્પન્ન થયેલાં ગૌરી અને સમુદ્રમંથન કરતી વખતે ઉત્પન્ન થયેલાં લક્ષ્મી એ બેની ઉત્પત્તિનું વર્ણન સર્વ મનોરથને પરિપૂર્ણ કરનારું છે. મેં તને જે રહસ્ય કહ્યું છે તે અન્યને કહેવું નહી પરંતુ અધિકારીને અવશ્ય કહેવું. ૪૩

गीता रहस्यभूतेयं गोपनीया प्रयत्नतः ॥
सर्वमुक्तं समासेन यत्पृष्टं तत्त्वयानघ ॥ ४४ ॥

पवित्रं पावनं दिव्यं किं भूयः श्रोतुमिच्छसि ॥ ४५ ॥

इतिश्रीदेवीभागवते महापुराणेऽष्टादशसाहस्र्यां संहितायां सप्तमस्कन्धे देवीगीतायां दशमोऽध्यायः ॥ १० ॥

હે પાપરહિત રાજા જનમેજય! આ દેવીગીતા પરમ ભગવતીનું રહસ્ય છે માટે પ્રયત્નથી તેને ગુપ્ત રાખવી. હે રાજન્! તેં જે મને પૂછ્યું હતું તે સંક્ષેપથી સર્વ કહી બતાવ્યું. પોતે પવિત્ર અને બીજાને પાવન કરનારું દિવ્ય આ ભગવતીનું ચરિત્ર છે હવે પુનઃ તું શું શ્રવણ કરવાની ઇચ્છા રાખે છે. ૪૪–૪૫

॥ इति श्रीदेवीभागवतमां महापुराणमां सप्तमस्कन्धमां देवीगीतामां दशमो अध्याय समाप्त ॥ १० ॥

समाप्त.